બરજો નામું.

દફતર ૮ મું—ભાગ ૨ જો.

અસલ હાતના લખેલાં પુસતક ઊપરથી વાકયઓના
રચણા સુધારીઆમાં આવી છે, અને તેની
અસલી લંબાન શાહરાગાત કાયમ
રાખી છે.

મુંબઈ,
મુંબઈ સમાચાર છાપખાનામાં.
માણેકજી બરજોરજી મીનોચેહરહોમજીનાએ છાપીઓ છે.

સને ૧૨૪૪ યજદેજરદી—સને ૧૮૭૫ ઇસવી.

કીંમત રૂ ૩॥.

ખોલાસો.

બરજો નામાના સઘલાં મલીને અઢાર દફતરો છે, તેમાંથી સાત દફતરો આગલ છપઇ ગયાં હતાં. આઠમાં દફતરનો અરધો ભાગ થોડુંક ઉપર છપાયો હતો. તે પછીના અરધા ભાગથી બરજો નામાં છાપવાને હમોએ ચાલુ કરીઉછે, અને તે ૩૨ સફાના ચોપાનીઆંના આકારમાં હમો પરગટ કરીએછે. આઠમાં દફતરનો બાકીનો ભાગ એ મુજબ પાંચ અંકમાં પુરો થયોછે. તેને હમોએ જુદો પાંડીને આ આકારમાં વાંચનારાઓની હજુર મેલીઓછે, અને જેમ જેમ બીજાં દફતરોના અંકો પુરા થતા જશે, તેમ તેમ હમો તેમને આખાં દફતરમાં બાહેર મેલતા જઇશું. આખાં દફતરનો હમો જે ભાવ રાખીએછે, તે કરતાં ઓછો ભાવ ચોપાનીઆંના આકારમાં બરજો નામું ખરીદ કરનારા સાહેબો પાસે હમો લઇએ છઇએ, અને તેમ ચોપાનીઆં ખરીદનારાઓને ઉતેજન આપવાને ખાતર હમો કરીએછે.

જાનેવારી, ૧૮૭૫.

મુંબઇ સમાચારનો

માલિક.

સાંકલીણ.

સફે.

સફે

સફે.

બરજો નામું

દફતર ૮મું—ભાગ ૨ જો.

હેકાયત લખીછે કે, નામદાર બરજોને હાથથી આજેજ આવી બાહેર નીકલી ગયો સરફરાજ ફ્રામરજ લડાઇનાં મેદાનમાંથી, અને આગલ જતાં એક હરણ જોઈ તેનો દુમબાલો પકડીઓ તે નામદારે.

આ નામાનો બનાવનાર શાએર એમ કરી કહેછે કે, "અય અકલ તથા હોશ ભરેલા દાના મરદ, તું પોતાના કાન મારી વાત ઊપર ધર, ને જેહાનપેહલવાન રૂસતમના બેટા નામદાર ફ્રામરજની હકીકત કહું તે સાંભલ. એ વાતમાં હું મોતી મીસાલના સખુનો કહુંછું અને સખુનના બાગમાં તુને લઇ જાઇ તેના ફુલે કરી તારાં મગજને તર કરૂંછું, અને તારાં તનને એ લડાએક ફ્રામરજની વાતથી શુરમાં લાવી જોશ ભરેલું કરૂંછું, અને એક દફતર નવી વાતે કરી સમારી તેના સખુનનુ તાજ તારાં સર ઊપર મેલુંછું, અને એ મારા સખુનની જામે કરી તુને મસત કરૂંછું. પણ અગર તારૂં દેલ સાંભલવાની ખાહેશ રાખતું હોય, તો તુને એ મારા સખુનનો શરાબ પાઊં."

હવે સાંભલ કે, જેવારે નામદાર ફ્રામરજે કીરવાન હબસીને પોતા ઊપર ગાલેબ આવેલો દીઠો, તેવારે ઘણો હેરાન રહયો; અને વલી પોતાના બેટા સામને તે સરકશ હબસીના હાથમાં પકડાયલો દીઠો, તે-

વારે પોતાનું દેલ દરદ ભરેલું કરી મેદાનમાંથી પાદશાહ કેખોસરો તથા પોતાના બાપ જેહાનપેહેલવાનની નજદીક ગયો નહી, અને લગામ ફેરવી તે ઘોડાને હવાલે કરી પોતાનું મોહ જંગલની તરફ ધરીઊં, ને પોતાની જીનદેગાનીથી હાથ ઊઠાવી મોતની આશનાઈ પકડી, ઇઆને જીવ એખતીઆર કરી રાહ માપવા લાગો, અને રાહમાં જતાં એમ કરી કેહતો કે, "અય પાક પરવરદેગાર, તું શકતો, દાના તથા બખશેશનો ધણી છે. મારા બાપદાદાઓ તારી મેહરબાનીથી બુજોરગી પામીઆછે. અવલ તો તેં મારા વડા બુજોરગ બાપ કેરશાસપને એટલો બધો જોર આપીઓ કે, તેણે મુનહેરાસ જેવા દેવને લડાઈમાં બાંધીઓ, તથા બહુ હીંદી જેવા પેહલવાનને તેણે ગેરદાપેચ કરી નાખીઓ, અને ફગફુર ચીની જેવા પાદશાહને પકડી લીધો. તે પછી નામદાર નરીમાન પેહલવાને પોતાની તેજ તલવારે કરી તગીતાસને ખાકમાં નાખીઓ હતો તેભી તારી મેહરબાનીથી તે નામદારે કીધું હતું. તેમજ સામેસવારને તો તેં એવી કઊવત આપી હતી કે, તેણે હરમોહી ઊપર પોતાની મોરાદ મોઆફેક કામ કીધું હતું. તે સાથે નામવર જાલેજર તું થકી સરફરાજી પામીઓ હતો; તેણે સમાસાસના જીવની ગોહદ કાહડી નાખી હતી. વલી મારો બાપ જેહાનપેહલવાન રૂસતમ તુંથી આ જેહાનમાં નામદારી પામીઓ હતો, અને તેણે સફેદદેવનું પેટું ફાડી નાખીઊં હતું. છેલે મેં પોતે તારાં ફજલના જહલકાટથી હીંદુસતાન, કે જીઆં ઘણા જાદુગર લોકો રેહેછે, તે મોલકને બરહમ મારીઓ હતો, અને હેરાસ દેવ વગેરે બીજા ઘણાએક હેરેમન જાતના લોકો ઊપર હું ગાલેબ થયો હતો. પણ હમણા રેનાં મેદાનમાં છ લશકર જુદા જુદા મુલકના પાદશાહોનાં, કીનાની કમર બાંધી લડાઈને વાસતે હાથમાં ગોરજ તથા શમશેર પકડી ઊભાંછે, તે તમામ લશકરની હજુર એક હબસીએ મને બોહાર કરી મારી આબરૂ લીધી, જેથી હું તે લશકર હજુર બેઆબરૂ થયો. વલી મારી નજર હજુર મારા બેટા સામને આજાર પોંહોંચાડી પકડવામાં આવીઓ, અને તે હબસી સાથ મારો જોર કંઇ ફાવીઓ નહી, તેથી મને જબુન લાગું, અને તેની શરમથી મેં જંગલની તરફ મોંહો ધરીઊં. અગર એ જંગલમાં

કોઇ મને જમીન ઊપર નાખી જબેહ કરે, તો તે મને બેહતર છે, પણ પેલા સીહા મોહોના હબસીની નજદીક મારેથી મીનત થવાય નહી. કઊવતમાં એક નાપાકજાદો મારી ઊપર ગાલેબ આવે, તે કરતાં મને મોત આવે તે બેહેતર છે."

એ રવેશ નામદાર ફરામરજ કેહેતો જતો, અને પાહાડ તથા જંગલમાં ઊગટ રાહ ઊપર ઘોડો ચલાવતો હતો, અને પોતાનું દેલ પોતાના બાપ તથા ફરજંદથી ઊઠાવી પોતાનાં તનને તેણે મોત ઉપર ધરીઊં હતું. એમ કરતાં તમામ રાત તકાવર ગોરાબને હાંકીઓ, ને એક દમ પણ ખોઆબ કીધો નહી, બલકે એક જરા તેને ઊભોભી રાખીઓ નહી. એમ કરતાં બીજે દાહડે એક ચશમા ઊપર જાઇ પોહોંચીઓ, અને દુર દરાજ રાહ માપીઆથી થાકી ગયો હતો તેથી ઘોડા ઊપરથી નીચે ઊતરી ઘોડાની પીઠ ઊપરથી ઘાસીઓ ઊતારી જમીન ઊપર બીછાવીઓ, અને સેરનાં નીચે ઢાલ મેલી જરા કરાર પકડીઓ, અને ઘોડાને પણ લગામ ઊતારી ચરતો મેલીઓ. તેથી તકાવર ગોરાબ બીચારો ચરીને આસુદો થયો. પણ પેહેલવાન ફરામરજનો જીવ આજુરદે હુતો, તેથી તેને ખોઆબ આવીઓ નહી. તેથી પાછો ઊઠી ઘોડા ઊપર સવાર થઇ આગલ રાહ માપવા લાગો, અને પોતાનાં દેલમાં એવો ખેઆલ કરતો હતો કે, હરેક જગે જઇ પોતાનો જાન એખતીઆર કરે, ઇઆને જીવથી મરે. એમ કરતાં ગમ તથા રંજથી તરણ દાહડા લગી ખાણું કે પાણી કંઇ ઇઆદ કીધું નહી, તો જોકે જે કોઇ દોલતમાં તથા બાપના લાડમાં ઉધરેલો હોય, તેને તો બરવખત નાશતો તથા ખાણું જોઇએ. જો એવા નાજુક તબીએતના તાલેવર લોકોને પોતાની તલબ ઊપર ખાણું મલી નહી આવે, તો તેને કાંઈ બીજું સુઝ નહી પડે. પણ એ વાતનો અહંકાર કરવો ખુબ નથી કે, ફલાના શખસથી ખાણું ખાધા વગર ચલાતું નથી. એ મીસાલનોજ તથા નેઆમતમાં પરવરેશ થયલો ફરામરજ હરરોજ એક દાહાડામાં તરણ મરતબે ખાણાનો ખાનારો હતો; તેણે જેવારે એ રવેશ સખતીથી તરણ દાહડા ગુજારીઆ, તેવારે તેની આંખમાં તમર આવવા લાગાં. તેથી તે જંગલમાં એક તરફ ગયો, અને એક

હરણ મારી તેના કબાબ કરી તેણે જરા નાશતો કીધો, અને તેટલીવાર ઘોડાને ભી ચરતો મેલીઓ. જેવારે પેહલવાન પોતે તથા ઘોડો એ બેહુ જરા ખાધાથી તનદરોસત થયા તેવારે ફ્રામરજે ઘોડાને પાછી લગામ દીધી, અને શેરની મીસાલ તે ઊપર સવાર થાઈ જંગલની તરફ એકલો આગલ ચાલીઓ. એમ સાત દાહડા લગી દરદ તથા રંજ સાથ આગલ ચાલતો હતો, અને જેવારે આઠમા દાહડાની બામદાદનો વખત થયો, તેવારે એક હરણ ઘણી નેક સુરતનું તેની આગલ થઈ નીકલી ગયું. તે હરણ નહી હતું, મગર ગોયા એક ખુબસુરત મેહબુબ, તમામ ખુબી સાથેની હતી. તે હરણ કબીતો તડાપ મારી નાહસતું, ને કબી ઊભું રહી ફ્રામરજ ઉપર નેગાહ કરી જોતું; પણ તેની આસપાસથી દુર નહી જતું, અને તીરને ટપેથી દુર રહી ફ્રામરજની આગલ તથા પછવાડે અને જમણી તથા ડાબી બાજુએ દોડીઆ કરતું. એ તમાશો જોઈ નામદાર ફ્રામરજ દીલમાં અંદેશો કરવા લાગો કે, એ હરણ મારી આસપાસ ફ્રીઆ કરેછે તેથી લાગેછે કે, એ મારો શેકાર થવા ચાહેછે. એવો અંદેશો કરી તે હરણની પછવાડે ઘોડો નખાવીઓ. પણ તેજ વખત તે હરણ ગોયા જેહાનમાં હતુંજ નહી તે મીસાલ એક તડાપમાં કુદીને નાપેદા થઈવાની મીસાલ ફ્રામરજની નજદીકથી આગલ નીકલી ગયું. તે હરણ એવું તો ચાલમાં તેજ હતું કે, તેની દોડ બરાબર એોકાબ તથા બાજ જાનવરભી ઊડી શકતાં નહી—બલકે તેની ચાલની તેજી જોઈ સીમોરગ શરમાઈને પાહડની કઢણમાં છુપાઈ બેસતું. એ રવેશ તે હરણ નાહસીને ફ્રામરજની નજદીકથી ગુમ થઈ ગયું, તે જોઈ ફ્રામરજ અજબ રહયો. પણ તેના ગયાને આસરે ઘડી ૩—૪ થઈ કે ફ્રીથી જંગલનાં દરમેઆનમાં ફ્રામરજને તે હરણ પાછું નજર આવીઊં, અને એક તીરને ટપે ફ્રામરજની સામે ઊભું રહી નાજ નખરાંથી કુદવા લાગું. આ તરફ ફ્રામરજ જે પોતાનાં દરદથી શોરમાં પડેલો હતો, તે તેના એશકથી વધારે દરદમાં પડીઓ. પણ તે હરણ ફ્રામરજથી હુશીઆર રહી શોખીથી પુરીની મીસાલ નખરાં કરતું હતું. જીઆરે ફ્રામરજ પોતાનાં તીર કમાન ઊપર હાથ નાખતો તીઆરે તે જંગલમાં નાહસી જઈ ગુમ થઈ જતું હતું, અ જીઆરે

ફરામરજ હાથમાંથી તીર કમાન મેલી દેતો, તીઆરે અચબુચ આવી તેને દેખાવ દઇને તેની આસપાસ દોડતું હતું. તેથી ફરામરજે એક હોનર કીધો, કે તીર કમાન ઠેકાણે રેહવા દઇ ઘોડાને ઉગટ રાહે ચલાવીને એકાએક વાની મીસાલ તે હરણ ઊપર ડપટાવીઓ અને ચાહીઊં કે, શેતાબ તે ઊપર જઈ કમંદ નાખી તેને પકડી લીએ; પણ તું કેહ ગોયા તે હરણને કોઇએ અગાઊથી ચેતાવીઊં હોય તેમ તે નાહઠું, અને તે એવે અંદાજે નાહઠું કે, ફરામરજની નજરમાંથી ગુમ નહી થયું. વલી જેવારે ફરામરજે કમંદ પાછી શેકારબંદ ઊપર મુકી, તેવારે તે પાછું ફરામરજની આસપાસ આવી લાડ કરી રામશાગરની મીસાલ નખરાં કરવા લાગું. આ તમાશો જોઈ ફરામરજે અજબ રહી દેલમાં અંદેશો કીધો કે, એ હરણ મને એકલો જોઈ મારી તરફ આવણ જાવણ કરેછે, વાસતે એમાં કાંઈ ભેદ છે, તેથી જોઊં તો ખરો કે, એ તમાશો શું છે. એટલું કહી જુબાન ઊપર દાદારનું નામ લઈ તે હરણની પછવાડે ઘોડો નખાવીઓ. તેમાં તે હરણ આગલ દોડતું અને તેની પછવાડે ફરામરજનો ઘોડો શેરની મીસાલ જોરાથી દોડતો. એમ સાત સાત દાહડા ને રાત લગી તેની પછવાડે ડરામણાં જંગલમાં તે નામદાર પેહેલવાન ચાલીઓ, અને જેવારે આઠમા દાહાડાની બામદાદ થઇ તેવારે તે હરણ એવું ગુમ થઇ ગયું કે, તેની નીશાન ભી તે જગે રહી નહી. આથી નામદાર ફરામરજ તેની પછવાડે ચાલવામાં આજેજ આવીઓ, અને ઘોડાને અટકાવી આસપાસ જોયછે તો તે જંગલમાં એક બુલંદ પાહડ દીઠો.

આ પાહાડ ઉપર પેહલવાન ફરામરજ ઘણીએક સખતીથી ચહડીઓ, અને આગલ ચાલતાં લાલા તથા સબજાથી ભરેલું એક જંગલ દીઠું. તે જંગલ નહી હતું, ગોયા પાકીજે બેહેશતનો બાગ હતો. તેની તારીફ હજાર મોહોડે કરવા ચાહીએ તોભી થાય નહી. તેના સબજાનું જેવર તે જંગલે પેહેરેલું હતું. પછે તે બુજોરગ ખાનદાનના પેહેલવાને આગલ ચાલી જોયું, તો તીઆં તેને એક શેહેર નજર આવીઊં. તેમાં ભાંતભાંતનાં એવાન તથા અગાસીઓ અને બાગ તથા બંગલા નજર આવીઆ. વલી તે સબજાની એક બાજુ ઊપર એક બુલંદ કીલો

પથરનો બાંધેલો હતો, જેને જોવાથી આંખની કીકી આનેજ આવતી હતી. એવી અગવડી બાંધણીનો તે હતો કે, તે ઊપર હેરેમનનેભી ગુજર હતી નહી. તે કીલા ઊપર એક મરદ ઊભો રહી પોકાર મારી-આ કરતો, ને રાત દીન તે જગે ઊભેલો રેહેતો. તે કીલાની પછવાડે એક પાહાડ દીઠો, અને તે જગેથી ઘણુંએક ધુમાડું નીકલતું દીઠું. વલી તેની એક તરફ નેગાહ કીધી તો એક એવાન દીઠું. તે એવાનના દરવાજા ઉપર ઝાડની કેટલીએક ડાહલ આવી પડેલી, પણ તે ડાહલો બે એકઠી મલેલી હતી. તે એવાનના દરવાજાથી તે દરગાહ લગી કેટલાએક જણા ઝાડુ કરતા હતાં. તે કીલો તથા શેહર અને તે એવાન તથા પેલી ઝાડની બેવડી ડાહલો જોઈ ફરામરજ અજાબ રહયો. તેનો ગોરાબ ઘોડો ઘણીએક રાહ એક હફતા લગી રાત દીન દોડેલો હતો, તેથી તેનાં પાઉંની ખરી ફાટી ગઈ હતી. તેથી ફરામરજ તે ઊપરથી નીચે ઉતરીઓ, અને એક જગે ઘોડાને બાંધીઓ. પછે તે નામદાર પેહેલવાને ચાહીઉં કે, અવલ એ કીલામાં જઈ પેલો મરદ જે પોકાર કરેછે તેની ખબર કાહાડે, અને તજવીજ કરે કે એ શેહર કીઊં છે—તે ચીનને તાબે છે ઈઆ રૂમને તાબે છે. એવો કસદ કરી ગોરાબ ઘોડા ઊપર સવાર થાઈ આહેસતેગીથી આગલ ચાલીઓ, પણ એકદમ શેતાબી કીધી નહી. જેવારે આગલ જતાં પેલો કીલો એક તીરવાર દુર રહયો, તેવારે તે કીલા ઊપરથી પેલા મરદે આવાજ મારી ફરામરજને કહયું કે, “ અય બેહોશ તથા બેઅકલ દીવાના મરદ, તેં દુનીઆનાં દરમેઆનમાં નેક બદ કાંઈ જોયું પીછાણીઉં નથી. મગર તું શું પોતાના જીવથી ધરાયોછે, કે એ કીલાની નજદીક• દેલેરીથી ચાલીઓ આવેછે ? જા, પાછો ફર, અને પોતાનો રસતો પકડ. એવડો જવાનીનો તોર એ જગે-મા કર, અને શેતાબ પાછો ફરી તારે મારગે જા. તું શું જાણતો નથી, કે શેર તથા અજદહાથીભી એ રાહમાં આવી શકાતું નથી, અને એ કીલાના સર ઊપર રહી સીમોરગથીભી ઊડી શકાતું નથી ? પેલો પાહડ જે ધુંઈ ભરેલો તું જોયછે, તીઆં એક જુનો દહરો છે તે દરાહની નજદીકથી મોરગથીભી ઉડી શકાતું નથી, અને જે કોઇ એ દહરામાં પોતાની મગરૂરીથી ગયાછે, તેઓ ફરીને બાહેર આવીઆ નથી.”

હેકાયત લખીછે કે, જાઈ પોંહુચીઓ નામદાર ફ્રામરજ પાહડની નીચે, અને તીઆં દીઠો એક બુઢા મરદને, તથા ગોફતેગો કીધી તેની સાથે.

પેલો મરદ એટલુંજ બોલી ખામોશ રહયો નહી, પણ આગલ બોલવા લાગો કે, "અય નોજવાન, એ દહરા તથા પાહડથી કોઈને ખબર નથી, બલકે આદમી જાતનો અંદેશોભી એ જગે દાખેલ થઈ શકતો નથી. ઘણાએક પાદશાહો તથા શાહજાદાઓ એ દરાહમાં ગયાછે, પણ ફરીથી કોઇએ તેઓની નીશાન દીઠી નથી. વાસતે, અય માહતાબ મીસાલના ચેહરાના મરદ, તું કમબખતીનો મારીઓ એ જગો ઊપર કીઆંથી આવી પોંહચીઓ? મગર કોઈ દેવ તારો ભોમીઓ હતો, કે તેણે તુને એ જગો લાવી મરવા મેલીઓ? પણ, અય ખુબ સુરત મરદ, તું શેતાબ પોતાનાં વતન તરફ જા; એ જગોએ એકદમ ઉભો પણ ના રેહ. અગર તારો ઘોડો ઠાકો હશે તોભી તે એકાએક જોશમાં આવી દોડતો એ પાહાડ તથા દરાહની તરફ ચાલી જાશે; એવો એ તલેસમ છે. તેથી તું એ દરાહમાં ગરક થશે, ને તારૂં સર કાપી એ પાહડ ઉપર લાવી મેલશે. તું જાણતો નથી, પણ એ પાહડ ઊપર ઘણાંએક આદમીઓનાં સર, નેજાઓનાં સર ઉપર ઊઠાવેલાં છે. તું કોઈ પરદેશી મરદ અંજાણીઓ દેખું; તેથીજ એ જગે આવી લાગોછે. પણ તું શેતાબ પાછો ફર, નહીતો નાહક તું પોતાની જવાની બરબાદ કરશે. એ પાહડનું નામ માતમ કોહ કરી કેહછે. તુને એ જગાની રાહ કોણ ઊંધાં માણસે બતાવી? તે નાપાકનાં દેલમાં કદી ખુશી હોતીજ મા, કે તુ જેવા ખુબસુરત શાહજાદાને એ માતમ કોહની તરફ ફરેબ દઈ મોકલીઓ. અય જવાન મરદ, હું એકસો હેંસી વરસ થયાં એ પાહડ ઉપર પાસબાની કરૂંછું, ને એ કીલા ઊપરથી એકદમ નીચે ઉતરતો નથી. પણ, અય નામદાર, મને એક નેઆસ નામના નાજુમીએ કહયું હતું કે, આ પાહડ તથા દરાહનો છુપો ભેદ એકસો હેંસી વરસ પછી તુને માલુમ થશે, કે જીઆરે એક સવાર જે પાદશાહ જમશેદની

અઓલાદનો હશે, તેના હાથથી એ તલેસમ, જે માતમભરેલો છે, તે બરહમ મલી જશે. તે સવાર જમાનાની ઊલટી ચાલથી ગોસા ભરેલો થઈ પોતાનું દેલ મોત. ઉપર ધરી ગમનો ભરેલો થઈ અહીં આવશે. પણ તે સવારની મોરાદ એ પાહાડથી બર આવશે, ને તેના ગમની કુંચી એ પાહડથી તેને હાથ આવશે. એ રવેશ મને તે સેતારેહશનાસે કહયુંછે. તે વાતને હમણાં ૧૮૦ વરસ તમામ થયાંછે; તેથી હું અંદેશો કરૂંછું કે, પાક દાદારના હોકમથી તું તે જમશેદને તોખમનો સવાર એ જગો આવીઓ હશે, અને તારા આવીઆથી મારોભી છુટકો થશે."

એ સાંભલી નામદાર ફરામરજે તેને કહયું કે, " મેં એક શેહર દુરથી દીઠું; તે શેહરમાંથી આદમીઓના શોરસારના ગોલબાંગ આવતા હતા; તેથી તે શેહર કીઉં છે, ને તેનું નામ શું છે, અને તે શેહરમાં પાદશાહ કોણ છે, તે જાણવાના એરાદાથી અહીં આવીઓ છુ." તેવારે તે બુઢા મરદે જવાબ દીધો કે, "એ મુલક તથા શેહર તુરાન જમીનને તાબે છે; પણ એ શેહરનો પાદશાહ પોતાની ગરૂરીથી આફરાસીઆબને ખાતરમાં લાવતો નથી, શાવાસતે કે જમાનામાં બીજા પાદશાહો કરતાં એ પાદશાહ મોટો કેહવાયછે. એ પાદશાહનું નામ સોગાદશાહ કરી કેહેછે, ને એને તાબે બીજાં ઘણાંએક શેહર છે, ને એનુ લશકરભી ઘણું જબરદસત છે, ને કીનાને વખત એની ફોજ જમે થાયછે તીઆરે કોઈથી તેનો શુમાર કાહડી શકાતો નથી, ને જે વખત અફરાસીઆબ ઊપર ઈરાની પાદશાહની ધાડ આવી પડેછે તે વખત તેની મદદભી કરતો નથી, બલકે તુરાનના પાદશાહને તો કસા હીસાબમાંજ ગણતો નથી; તેથી આફરાસીઆબ બબે મરતબે એની ઉપર ફોજ લઈ ચહડી આવીઓ, પણ અંતે શેકસત ખાઈ પાછો ગયો. એ શેહરનું નામ ફારીઆબ કરીને કહેછે. એ શેહરમાં ઘણાંએક અજાયબ એવાનો તથા હમામખાનાં છે." એ સાંભલી નામદાર ફરામરજે તેને કહયું કે, "એ શેહર તો ઘણું દુર છે, ને મારૂ તન રાહના રંજથી નાસબર થઈ ગયુંછે, ઈઆને હું ઘણો ઠાકોછું; વાસતે કોઈ જગો આરામ કરવાની હોય તે મને બતાવવી જોઇએ. અય નેકબ-

ખત મરદ, મને એવી એક જગા દેખાડ, કે હું તે જગો જઈ જરા કરાર પકડું." તેવારે તે બુઢા મરદે જવાબ દીધો કે, "તારા જમણા હાથની તરફે આગલ જતાં એક ફકીરનો તકીઓ ઘણીએક હવા તથા બાગના ચશમાં સાથે સમારેલો આવશે. તે તકીઆમાં એક ફકીર મજીદ નામનો રહેછે. તેની ખેદમતમાં એકસો ચેલા હાજર છે. તે સરવ કોઈ હકતાલા સેવાએ કોઈ બીજાને જાણતા નથી; તેથી તેની મેહરબાનીએ રાત દીન ખુશીથી એશ અશરત કરેછે. પણ તે તમામ ફકીરોને ખોરાકી સોગાદશાહ પોંહચાડે છે. એ રવેશ તે ફકીર લોકો બેપરવાહીથી પોતાના દાહડા ગુજારેછે. કબી તો તેઓ શબજી પીએછે, ને કબી તો અફીમ ખાઈ પોતાના જીવને ખુશ રાખેછે. એ સીવાય કોઇ બીજો કારકસબ તે લોકો કરતા નથી. સોગાદશાહને પેટે એક બેટી છે. ઘણાએક શાહજાદા સોગાદશાહની તે બેટી ઊપર આશક થઈ તેના દીદા જોવાને વાસતે આવીઆ, અને જેવારે તે શાહજાદાઓનું તે બેટી સાથે મલવું થયું નહી, તેવારે તે લોકો ફકીર થાઈ મજીદ ફકીરના તકીઆમાં જઈ તેના ચેલા થઈ રહયા. એમ કરતાં ૪૦ શાહજાદા એ જગે આવી ફકીર થઇ બેઠાછે. વાસતે, અય સવાર, તું ભી તે તકીઆમાં જઈ આજની રાત શબજી પીને ગુજાર, ને બામદાદને વખત ઉઠી ફારીઆબ શેહરની તરફ મોહ કરી તે શેહરમાં જઇ તે જગોનાં એવાનો તથા બાજારનો તમાશો જોઈ પોતાનાં દેલને ખુશી ભરેલું કર. એ શેહરની ઓરતો માહતાબ મીસાલ ઘણી ખુબસુરત છે; તે ઉપર એકાએક લોભાઈ માં જતો. અગર જો તુને એ એશમાં ગંજ જોઇએ તો પછવાડેથી તારી મોરાદ મોઆફેક કામ થશે. પણ હમણાં તો હું તુને કહુંછું તેમ તું પોતાને સંભાલી રાખજે. આગલ રંજ પામીએ તેવારે પછવાડે ગંજ પામીએ. આદમીજાતના હાથમાં જર ખજાનો ખાવા પીવાને તથા બીજા ગરીબ લોકો ઊપર બખશેશ કરી નામ ઊઠાવવાને વાસતે હકતાલાએ આપીઓછે. જે કોઇએ પઇસો એકઠો કરીને ખાધો નહી, તે શખસ આકેબત મરે તેવારે પોતાની સાથે દરદ તથા ગંમ સીવાએ કાંઈ બીજું લઇ જાય નહી. વાસતે, અય નામદાર, તારી પાસે જર ખજાનો હોય તો ખાઇ પીને પોતાની

ઊમર ખુશીમાં ગુજારજે, પણ ખજાનો એકઠો કરી જમીનમાં ગાડતો માં, કાંકે જે કોઇએ જર ખજાનો ખાકમાં દાટીઓ, તેના મોહ ઊપર આખરે ખાકજ પડેછે. અય નેકબખત, અગર તારી પાસે ખરચ કરવાનો પઇસો નહી હોય, તો એ ફારીઆબના પાદશાહ પાસે જઈ પોતાની મોરાદ તેનેથી માગજે. જેવારે તે પાદશાહ તુને દેખશે, તેવારે તુને પોતાની ચાકરીમાં રાખશે, ને તારી ચાકરી જોઇ તુને ગંજ તથા ખજાનો આપશે, તથા તખતો તાજનો સાહેબ કરશે; ને જે મેહેબુબ ઉપર તારી ખાહેશ હોય તે પાદશાહ પાસે માગજે, જે પણ તુને તેજ વખતે હવાલે કરાવશે. તું એવી ફકીરીથી ને મુફલેસીથી આવીઓછે, તેથી તારા હાલ ઊપર મેહરબાન થઇ તારાં સરને તે બુજોરગી ભરેલું કરશે. ઇઆ અગર તુને એ જેહાનની લાલચ ઉપર નેગાહ નહી હોય ને સરદારી કરવાથી તું બેજાર હોય, તો એ મજીદ ફકીરની ખેદમતમાં રહી શબજી પીને ખોદાએતાલાની ઇઆદ કરતો રેહ. એ બેઉ રસતા મે તુને બતાવીઆ, તેમાંથી તુને જે મારગ ખુશ લાગે તે ઉપર તું અમલ કર."

હેકાયત લખીછે કે, નામદાર ફરામરજે ફકીર લોકોનો લેબાસ પેહરીઓ, ને તે તકીઆના ફકીરો સાથે સોહબત પકડી બેઠો, તે વગેરે.

એ રવેશ નામનો ઊઠાવનાર ફરાંમરજ પેલા કીલા ઊપરના બુઢા મરદની જુબાનથી હકીકત સાંભલીને તે માતમ કોહથી અજબ રહી હસીને આગલ ચાલીઓ, અને જેવારે પેલા તકીઆની નજદીક ગયો તેવારે ગોશબ ઘોડા ઊપરથી નીચે ઊતરી લડાઇનો તમામ અસબાબ તન ઊપરથી ઊતારી તે ઘોડાનાં જીન ઉપર બાંધીઓ, અને પછી તે ઘોડાની લગામ ઊતારી તેને જંગલમાં ચરતો મેલીઓ, અને પોતે પેલા તકીઆના દરવાજા ઉપર જઈ એક અવાજ મારીઓ. નામદાર ફરામરજ રાત

દીન સરફરાજ જાલની સોહોબતમાં ઘણો રેહેતો હતો, તેથી તેમાં જાલ ની મીસાલના હુનર ઘણા હતા. તે હુનરે કરી, જેમકે ફકીર લોકો બોલે તેમ આવાજ મારીઓ અને કહ્યું કે, "અય બાપુ, હું એક ફકીર, દીલનો બલેલો દુરદરાજ રાહથી આવી આ નુર ભરેલી દરગાહમાં આવવા-ની રજા માગુછું, તેથી અગર તમો હોકમ.કરો તો અંદર આવું; નહી તો એ જગોથી પાછો ફરી બીજી જગો કોઈ સાંઈનો તકીઓ શોધી કાહડું." જેવારે મજીદ ફકીરે એવો આવાજ ફરામરજનો ફકીરની મીસાલનો સાંભલીઓ, તેવારે જાણીઊં કે, કોઈ ફકીર ખોદાની રાહનો આવી આ વાજ મારેછે. તેથી આવાજ આપીને કહ્યું કે, "જે કોઈ ફકીર દરવાજા ઊપર ઉભો રહી બોલેછે તે અંદર આવે. જેવારે તું ફકીર લોકોની સો હબતનો બેસનાર છે, તેવારે રજા શાવાસતે માગેછે? એ મકાન હકતા-લાનો છે; તેથી જે કોઈ તેની પાક રાહનો ચાલનારો મરદ હોય તે બેએ બતીઆર ચાલીઓ અહીં આવે. એમાં હમો લોકોની રજા કેવી માગ વી?" તેનું એટલું કેહવું કે, નામવર ફરામરજ હોશ તથા અદબથી તે ફકીરોની નજદીક આવી ઊભો. તેની દાનાઇ તથા અદબ જોઈ મજી દ ફકીર ઘણો અજબ રહી દેલ સાથે કેહવા લાગો કે, આ તમામ જે-હાન તરક કીધેલો કોઇ પુરો ફકીર છે. એવો અંદેશો કરી મજીદે એ-ક ચામડુ બીછાવીઊં, અને તે ઊપર ફરામરજને બેસાડીઓ. સરફરાજ ફરામરજે તે ચામડાં ઊપર બેસી અવલ ખોદાને સેજદો કીધો, ઇઆને નમા જ કીધી. તે તકીઆમાં ઘણાએક ચામડાં, શેર તથા ચીતાઓનાં, બી છાવેલાં હતાં, ને તમામ અસબાબ ફકીરી હતો. તેમાં કુતકાં તથા કુડાં ગુટવાના તથા ભીખ માગવાનાં કાલાં, જેને ફારસીમાં કજકુલ કેહછે, તે વગેરે તમામ ફકીરી અસબાબ તે તકીઆમાં મેલેલો હતો. તું કહે ગોયા તે તકીઓ નહી હતો, મગર ફકીરના અસબાબનો એક ગંજ હતો. તે તમામ અસબાબ તથા ફકીરોની ચાલચલણ નામના ઊઠાવ-નાર ફરામરજને ઘણાં પસંદ આવીઆં, અને તે દેલ સાથે કેહેવા લાગો કે, "સરદારીની દલદેસરી કરતાં આ રવેશો બેપરવાહીથી ફકીરી કરવી બેહેતર છે; વાસતે હવે પછે પેહલવાનગીરી પડતી મેલીને હું ફકીરીજ કરૂં, ને પેહલવાનગીરીથી પોતાનાં સરને ઉઠાઊં નહી. જેવારે

મારે ઉપર ફીરવાન હબસીએ જાસતી કીધી, તેવારે હવે હું પેહલવાનગીરીનો પેશો મેલી એવી આસાએશ ભરેલી ફકીરી પકડું." એવો અંદેશો કરતો હતો, તેવામાં મજીદ ફકીરે તેને બુલંદ આવાજે પોતાના બીજા ચેલાઓની હજુર પુછીઉં કે, "અય ફકીર, તું એવો નરમીવાલો તથા ફકીરી હાલતનો અને શરમસાથનો તથા હકતાલાની રાહનો ચાલનારો,—એ જગો કીઆંથી આવી પોંહચીઓ, ને તારૂ નામ શું છે, તે મને કેહ. જે કાંઈ તારાં દેલમાં છુપો ભેદ હોય તે હમો ફકીરોથી છુપાવતો મા. તું બોલવામાં તો પુરો ફકીર છે, પણ તારાં તનમાં આ રવેશનો પાહદશાહી પોશાક શાવાસતે પેહેરીઓ છે? મગર શું તારૂં દેલ ફકીરી કરવા ચાહતું નથી! તું એવાં કપડાં શાવાસતે પેહરી આવીઓછે તે મને કેહ. તું કીઆં શેહરનો રેહનાર છે, ને તું કીઆ ફકીરનો ચેલો છે, કે એવી ફકીરીની જુબાન સાફ બોલેછે? એ તમામ વાત રાસતી મારી નજદીક કેહ-" એવા સખુન મજીદની જુબાનથી સાંભલીને ફરામરજે જમીનને બોસા દઈ તેને કહયું કે, "અય દાનાઈ ભરેલા અને તમામ જેહાનના ફકીરોના પાદશાહ, અગર તું મારાં વતનને વાસતે પુછેછે, તો હું રાસતીથી કહુંછું કે, મારા બાપદાદાનું મકાન સીસતાનમાં છે, કે જેને જાબુલસતાન કરી કેહછે. જેવારે મારા બાપે જોયું કે, મારા બેટાને ફકીર થવાની ખાહેશ થઈ છે, તેવારે તેણે પોતાના ખેશ કબીલાનાં લોકોને કહયું કે, 'ભલું, જો મારા બેટાને ફકીર થવાની તથા ખોદાની શાહ પકડવાની ખાહેશ થઈ છે તો તે કામ ઘણું બેહતર છે, પણ મહને એ વાતની શરમ લાગેછે; કેમકે મને જેવી સીસતાનના મુલકમાં આબરૂ છે, તેવી કોઈ બીજાને નથી.' એ રવેશ અંદેશો મારા બાપે કરી મને પોતાની નજદીક બોલાવીઓ, અને એમ કરી કહયું કે, 'અય બેટા, અગર તારી મરજી એવી થઈછે કે, તું પોતે ખોદાની શાહ ઊપર ફકીર થાય, પણ અવલ તુંને કેટલોએક માલ ખજાનો આપું તે લઈને એક સફર કરી આવ, તેવાર પછે હું તુને ફકીર થવાની રજા આપશ.' એવો એતેફાક મારી સાથે કીધો, ને કેટલોએક માલમતા આપી એક કાફલાની સાથે મને જાબુલથી વેદા કીધો, કે બાજે મુલકોની તરફ જાઈ વેપાર કરી નફો લઇ આવે. એમ કરતાં આ-

ગલ જાતાં આ મહીનાની તીસમી તારીખને દાહાડે હમો ખુશીથી બલખ શેહરમાં જાઈ પોંહચીઆ. તે શેહરમાં મેં કેટલોએક માલ વેચીઓ, ને કેટલોએક લીધો. તે જગોનો મારો વેપાર જોઈ ચોર લોકોની આંખમાં ધુલ પડી. એમ કરતાં મેં જે કાંઈ બલખ શેહેરમાં ફાએદો ને નફો દીઠો તેની ખબર મે મારા ગોલામ પાસે મારા બાપ ઊપર મોકલી અને કેહવાડીઊં કે, ફલાની તરેહેનો માલ હોય તે શેતાબ મોકલે, કેમકે એ જગે તે માલનો ઊઠાવ સારો છે, ને નફો ઘણો આવેછે. એટલું કહી તે ગોલામને વેદા કીધો, અને પછે જે કાંઇ માલ લેવો હતો તે લઇ મારા કાફલા સાથે બલખમાંથી નીકલી ફારીઆબના મુલકની તરફ જવાનો મેં કસદ કીધો, ને ચાહયું કે એ હદીઓ છે તે એ શેહરના પાદશાહને નજર કરીશ. તે હદીઆમાંની જનસો જોઇ મારૂં દેલ ઘણુ ખુશી હતું. એમ કરતાં કાફલા સાથે આગલ ચાલીઓ, અને રસતાંને દરમેઆન એક દીન મકાન કરી પડીઓ. તીઆં જેવારે અરધી રાતનો વખત થયો ને માહાતાબ ગુરબ થયો, તેવારે જંગલની તરફથી સીહા મોહનાં ૪૦ ચોર, હાથમાં તેજ તલવારો પકડી મારા કાફલા ઊપર તુટી પડીઆ, ને તલવારે કરી ઘણાએક આદમીઓને મારીઆં, ને જે કાંઇ માલમતા હતી તે તમામ લઈ ગયા. પણ હકતાલાને રાખવું હશે તેથી મને હીંમત આવી, તેણે કરી હું આ સીહા ઘોડા ઊપર સવાર થયો અને લગામ ઘોડાને હવાલે કરી ચાહયું કે, જે જગે નીકલી જવાય તીઆં જાઊં. પણ મારી ઊપર ખોદા મેહેરબાન થયો, તેથી એ ઘોડાએ ડપટ કરી મને એ જગે લાવી મેલીઓ. અવલ બાજે દાના લોકોની જુબાનથી મેં તારી તારીફ સાંભલી હતી, કે ફારીઆબ શેહેરને પાદરે એક ફકીરનો તકીઓ છે, તેમાં મજીદ નામનો એક ફકીર ઘણો નેકદીલ છે. તેની ખીદમતમાં ૧૦૦ શાહજાદા પોતાનાં દેલની ખુશીથી પાદશાહી તરક કરી ફકીર થઇ રહયાછે. તે તમામ શાહજાદાઓએ તખત તથા તાજની પાદશાહી મેલીને કજકુલ તથા કુતકાંની પાદશાહી પકડીછે, ઈઆને ફકીર થયાછે. એવી ખબર મેં ઘણા લોકોને મોંહડે સાંભલી હતી તેથી મારાં દેલમાં એરાદો એજ હતો કે, એક મરતબે ફારીઆબની તરફ જાઊં ને તે પાક દીલના મજીદનાં કદમ ઊપર બોસા દેઊં. ખોદાનું કરવું કે, પે

લા ૪૦ ચોરોએ મારો કાફલો મારીઓ, ને મારી મોરાદ મોઆફૂક મારૂં તારી નજદીક આવવું થયું. અય સાહેબ, મારૂં નામ તું પુછેછે, તો મારૂં નામ હાલી કરીને છે. તેથી હવે મારૂં નામ હાલી ફકીર કરી થયું-છે. મારા બપાવાનો બપાવો કોઈ નાલી નામનો ફકીર થઈ ગયોછે, અને તેથી મારી અઓલાદભી ફકીરથી છે. વાસતે હું ભી પોતાનાં દીલની ખુશી. થી એ જગે ફકીર થવા આવીઓ છું. પણ મારો બાપ ઘણો તવંગર છે, અને તેનું ઘણુંએક કરજ માગણું સીસતાનનાં લોકો ઊપર છે."

જેવારે મજીદ ફકીરે નામદાર ફરામરજના બોલવામાં ઘણીએક લતાફત ને ખુબી દીઠી, તેવારે તે ઊપર મેહરબાન થઈ તેને પોતાના બીજા ચેલાઓ કરતાં મરતબો વધતો આપીઓ, ને તેનાં તનમાથી પેલો પોશાક કાહડી નખાવીને તેને બદલે ફકીર લોકોનો લેબાસ પેહરાવીઓ. તેવાર પછે મજીદે એક ચેલાને મોકલી ફરામરજના ઘોડાને તકીઆમાં મંગાવી એક ઝાડ સાથે ઊસતવાર બંધાવીઓ, કે મબાદા તે રાતને વખત ચરતો ચરતો પેલા દરાહની નજદીક જાઇ પોંહચે તો તેથી આ નોજવાન નવા ફકીરનો જીવ રંજીદે થાય, અને તેથી હીઆંનાં સરવ કોઇનાં દેલને ગમ પોંહચે. જેવારે પેલો ચેલો ઘોડાને તકીઆમાં ઘેઈ આવીઓ, ને તેની જીન ઊપર લડાઈના જબરદસત હથીઆરો બાંધેલાં અને ખુદ તે ઘોડો દેખાવમાં એક પાહાડની મીસાલે દીઠાં, તેવારે મજીદે અંદેશો કરી ફરામરજને કહયું કે, "અય હાલી ફકીર, એ હથીઆર શું તારાં છે? અગર જો એ હથીઆર તારાં હશે તો અમો ફકીર લોકોને એવાં ભારે હથીઆર તથા પાહડની મીસાલનો ઘોડો રાખવો સજાવાર નથી. વાસતે તું પોતાનો રસતો પકડ." તેવારે ફરામરજે મજીદને જવાબ દીધો કે, "જીઆરે પેલા ચોર લોકોના હાથમાંથી હું છુટીને આ તરફ આવતો હતો, તીઆરે રાહમાં મને એક જવાન સવાર મલીઓ, તેણે એ સામાન મારે હવાલે કરીઓ, ને મને એમ કરી કહયું કે, હું તારી પછવાડે ફારીઆબ શેહરમાં આવુંછું, અને તીહાં હું મારાં તમામ હથીઆરો તારી પાસેથી લેવશ; કાંકે તું હાલી ફકીર ખોદાની રાહનો ચાલનારો છે; અગર તારામાં દુનીઆની લાલચ તથા લોભ હતે તો એ મારો સામાન હું તુને સોંપતે નહી.

પણ તું એ તો ખોદાની રાહ ઊપર ફકીર થઈને પોતાના બાપના ખજાનાથી હાથ ઊઠાવી બેવારેસ થઇ ફકીરી પકડીછે; વાસતે એ મારી અનામત તારી પાસેથી હું ફારીઆબમાં લેવશ. એટલું કહી તે નોજવાન એકાએક ગુમ થઇ ગયો. પણ જોવામાં એવું આવેછે કે, તે નોજવાન મારી પછવાડે આ તકીઆમાં આવશે; બાકી એવાં પેહેલવાની હથીઆર મારા હાથમા કીઆંથી હોય? વાસતે, અય મજીદ તું કસી વાતે દેલમાં કસો ખતરો મા લાવ."

આ સાંભલી બુજોરગ મજીદે પોતાના ચેલાઓને ફરમાવીઊં કે, "એ નવો ફકીર રાહનો મારીઓ આપણા તકીઆમાં મેહમાન આવીઓ છે, તેથી એને શરબજી પાઓ; ઇઆ એને ખુશ આવે તો ગાંજો પાઓ; અગર એની બાહેશ હોય તો અફીમ ખવડાવો; સબબ, એ દુરદરાજ રાહથી આવીઓ છે, તે રાહનો તમામ રંજ એનાં દીલમાંથી દફે થઇ જાય. શું થયું અગર આપણે શરાબ નથી પીતા તો? પણ એ તો સીસતાનનો રેહેનાર છે, ઇઆને જાબુલનો ફકીર છે, તેથી એને શરાબની બાહેશ હોય તો તે પણ લાવી હાજર કરો." એવો હુકમ મજીદનો સાંભલીને પેલા ચેલાઓ તમામ જાતની કેફ લાવીઆ અને એક કામલ પાંથરી તે ઊપર મજલેસ કરી બેઠા. પણ ફરામરજે શરાબ સીવાય કોઇ બીજી કેફ પીધી નહી, ને શરાબ પીધાથી તેનું ફીલ ઘણું ખુશામાં આવીઊં. જેવારે મજીદના સો ચેલાઓએ પોતાના તકીઆમાં નવો ફકીર થયલો દીઠો, તેવારે તેની ખુશીમાં બેઅંદાજેહ ભાંગ તથા ગાંજો પીવા લાગા, ને હરેક શેહર તથા મુલકોની વસતીની અને બીજી હરેક વાતો કરવા લાગા. વલી તેઓ પોતાનો એહવાલ ફરામરજને કેહવા લાગા કે, "તું સાંભલ, કે હમો ઊપર શી મુસીબત પડીછે." તેઓમાંથી એકે પરથમ આંખમાં આંસુ લાવી કહયું કે, "અય હાલી ફકીર, જેવારે મારો બાપ ગુજરીઓ તેવારે મારો પીતરાઈ ભાઈ લશકર ચહડાવી લાવીઓ, ને સખતીએ કરી મારો મુલક લઈ મેલીઓ. જેવારે મારા હાથમાંથી તખત તથા તાજ રંજથી ગયું, તેવારે હું અંદેશો કરી એ જગે આવી ફકીર થઈ બેઠો." તે પછી બીજો બોલીઓ કે, "મને મારા બાપ

સાથે સેહજ વાતનો મીનાકેસો પડીઓ તેથી મેં દુનીઆદારી તરક કરી પાદશાહી તાજ તથા તખતથી મોહ ફેરવી ફકીરી પકડીછે." તીજાએ કહયું કે, હું તો આ ફારીઆબ શેહરના પાદશાહ સોગાદશાહની બેટી ઊપર આશક થયો, અને તે મારી મોરાદ જીઆરે હાસેલ થઈ નહી તીઆરે તેના ગમથી મારી પાદશાહી મારા વજીરને હવાલે કરી એ તકીઆમાં આવી ફકીર થઈ બેઠો." એવામાં ચોથા ફકીરે કહયું કે, હુંભી સોગાદશાહની બેટી ઊપર આશક થઈ પોતાનાં પાદશાહી તખત ઊપરથી ઊઠી ઘણીએક દુરદરાજ રાહથી હેરાન તથા સરગરદાન થતો આવીઓ હતો, કે હરેક તદબીરથી પોતાની મોરાદને પોંહચુ; પણ જે વખતે હું એ જગે આવી પોંહચીઓ, તે વખતે સોગાદશાહની બેટી શેકારગાહથી આવતી હશે, અને તેને કાંઇ ગવેશ નહી તેથી તેણીએ પોતાનો ઘોડો પેલા માતમ કોહના દહરાની તરફ હાંકીઓ અને તેથી તેજ વખત તે બેટી તે માતમ ભરેલા કોહના દહરામાં ગુમ થઈ ગઈ. હવે સોગાદશાહનો એક બેટો, જે સીહાલ નામનો હતો, તેની બાનુ જાતે પરી હતી. તે પરીને સોગાદશાહની બેટી સાથે ઘણો એખલાસ હતો. જેવારે તેણીએ પોતાના મરદની બેહેનને ઈઆને પોતાની નણંદને માતમ કોહના દરાહમાં ગુમ થયલી દીઠી, તેવારે તેનાં દરદથી તે પરીભી પોતાના પાઊંએ ચાલી જઈને તે દરાહમાં પડી. જેવારે શાહજાદા સીહાલને એ ખબર થઈ, તેવારે તેણે બે મોતની માતમમાં કપડાં ચાક કરી સર ઊપરથી જરી તાજ ખાકમાં નાખી પોતાની બેહનને તથા બાનુને વાસતે તેભી તે દરાહમાં જઇ પડીઓ. એ નાખુશ ખબર સોગાદશાહને થઈ તેવારે તેણે ધુવડ જાનવરની મીસાલ માતમ ભરેલો આવાજ કાહાડી દીવાના આદમી મીસાલ દોડતો જઈને ચાહીઊં કે, પોતેભી તે દરાહમાં પડે, પણ તેજ વખત તેના અમીરો તેને આડા પડીઆ, ને પાદશાહને સો મીનતથી પાછો ફેરવી ફારીઆબ શેહેરમાં લાવીઆ. પણ તેનુ દીલ જખમી તથા દીદા પાણી ભરેલા હતાં."

એવી વાતોથી નામદાર ફરામરજ વાકેફ થયો, અને પછે તેની ખાહેશ થઈ કે તે દરાહ વગેરેના તમામ ભેદથી વાકેફ થાય. જેવારે પેલા તમામ ચેલાઓ પોત પોતાની વાતથી ફારેગ થયા, તેવાર ફરામરજે

તેઓથી તે ભેદ પુછીઓ કે, "એ માતમ કોહ એવો તે શું છે, કે તેના દરાહમાં જે કોઈ જાયછે તે પાછો આવતો નથી? એ ભેદ ખોલીને મને કેહો." તે વારે તમામ ચેલાઓએ તે સરફરાજને જવાબ દીધો કે, એ શોરસાર ભરેલા માતમકોહ વીશે હમોને પુરી ખબર નથી, પણ થોડીએક ખબર જે હમો જાણીએ છઇએ તે તુંને કહીએ છઇએ, કે એક ઘોડો એ દરાહનાં માથાં ઊપર ઉભો છે, જે બીજા ઘોડાઓ કરતાં ઘણો અજબ છે. જેવારે તે ઘોડાની નજર બીજા સવારોના ઘોડા ઊપર પડેછે, તેવારે તે ઘોડો એક સખત પોકાર મારી પાછો ફરીને પાહાડની તરફ નાહાસેછે; અને જેવારે તેનો અવાજ પેલા સવારનો ઘોડો સાંભલેછે તેવારે તે તેજીથી તેની પછવાડે દોડતો જાય છે. તે વખત તે ઘોડો એવોતો જોસમાં આવેછે કે, પોતાના સવારને બદતો નથી, ને તેને ખેંચીને તે પેલા પાહાડની તરફ લઈ જાયછે. જેવારે તે ઘોડો પોતાના સવાર સાથે તે દરાહનાં સર ઉપર જાઈ પોંહચેછે, તેવારે પેલો તલેસમાતી ઘોડો એકાએક તે પાહાડમાં ગુમ થઈ જાયછે. એ વેલા તે પાહાડમાંથી એક ગરદ ઊઠેછે, જે બુલંદીમાં આસમાન લગી જાઈ પોંહચેછે. તે દરાહમાંથી કેટલીએક પરી બાહાર નીકલી હવા ઉપર ઊડીને નાજ નખરાં કરેછે. પછી એક પરી તલવાર ખેંચી પેલા સવારનું સર કાપી નેજાના સર ઉપર ચહડાવીને માતમ કોહ ઊભું કરેછે. એવામાં એક આવાજ તે કોહે માતમમાંથી એવો ડરામણો નીકલે છે કે, તે શાંભલીઆથી હેરેમનનો હોશભી ખતા થઈ જાય. તે અવાજને વાસતે એમ કરી સાંભલીઆમાં આવે છે કે, જે કોઈએ માતમના દરાહની તરફ મોહ ધરે તે શખસ અજલની ચુંગાલમા આવી પડે. અય હાલી ફકીર, એ સીવાએ બીજો ભેદ તે કોહનો હમોને માલુમ નથી. જે કોઇએ એ દરાહની તરફ જવાની ખાહેશ કીધી તે શખસે ગોયા જાણીજોઈ પોતાને પાઊંએ ચાલી મોત માગીઊં." જેવારે ફરામરજે તે લોકોથી એવા તમામ સખુન સાંભલીઆ, તેવારે પોતે દેલમાં અંદેશો કરી કેહવા લાગો કે, એ મકાન કોઈનો તલેસમ હતે, ઇઆ કોઈ જાદુની જગો હતે, તો એ જગોની ખબર સરવ કોઈને માલમ હતે; પણ એ જગો તો અજબ તરેહની સાંભલવામાં આવેછે.

પછી આહેસતે રહી મજ્દ તકીઆદારને તે દરાહની ખબર પુછી; તેવારે તે ફકીરે ફરામરજને જવાબ દીધો કે, "અય હાલી ફકીર, મને હું નાધલો હતો તે વેલા મારા બાપે એનો ભેદ કહયો હતો, કે એ દરાહમાં એક ગાર ઘણો અંધારો છે. એવો ગાર દુનીઆમાં હરગેજ નહી, બલકે દોજખમાં ભી તેનાં જેવી સીહાઈ હોય નહી. પતાલમાં ગાઓ તથા માહી રેહછે, તીઆં લગી તે ગાર ઊંડો છે. તેમા એક અજદહા ઘણો ડરામણો રેહછે; પણ તેનું તન તે દરાહમા ભી સમાઈ શકતું નથી, ને એવો અજદહા હફ્તે કેશવર જમીનમા હોય નહી. મને બુઢા લોકોએ તે અજદહાના બાબમા એમ કરી કહયુ છે કે, જેવારે નુહુ પેગમબરના વખતમાં તોફાન થયું, તેવારે એક જોડું અજદહાનું દરીઆમાથી બાહેર નીકલીઊં; તેણે ખુશકીમા મકાન કીધો હતો. તે અજદહામાંથી એક અજદહા જોહાકના વખતમાં કેરશાસપ પેહેલવાને તીરે કરી તથા તલવારે કરી મારીઓ હતો, ને બીજા અજદહાએ એ દહરામાં આવી મકાન કીધો હતો. તે અજદહાનું તમામ તોફાન એ દરાહમાં છે, ને એ તમામ ધુઇ જેઆસમાન લગી ઉઠેછે, તે તે અજદહાની ધુઇની બોખાર છે. એ અજદહા એકસો વરસે એક મરતબે એ દરહામાંથી બાહેર નીસરેછે. તેના ચાલવાથી એ પાહડના પથર સોરમાંની મીસાલ ચુરાઈ જાયછે, ને તે દરીઆવની તરફ જાયછે તેવારે દરીઆનાં તમામ પાણી એકદમ સોસી લેછે. એ રવેશ કેટલોએક વાર ફરીને એક પોકાર મારી પાહડની મીસાલ પોતાનુ સર નીચું કરી પાછો તે દરાહમાં જાયછે. એ સીવાય હું બીજી ખબર તે અજદહા માટેની જાણતો નથી. વાસતે, અય હાલી ફકીર, તું કેફ પીને તે દરાહનુ તથા તે અજદહાનું નામ મા લે, સબબ, તેનાં નામ લીધાથીભી આદમીનાં દીલમાં દેહશત પેદા થાયછે." એ રવેશ તે તકીઆમાં નામદાર ફરામરજે તમામ રાત તે ફકીર લોકો સાથે વાત કીધી; અને જેવારે આફતાબે પોતાનો ચેહરો રોશન કીધો તથા તમામ જેહાન તેથી નુર ભરેલી થઈ, તેવારે મજ્દ તકીઆદાર તથા તેના ચેલા સરવે પોતાની રસમ મુઆફેક કેફ પીને ફકીરી દાવો પકડી તકીઆમાં બેઠા.

હેકાયત લખીછે કે, ખાઆબ દીઠો સોગાદશાહે તથા તેની તાબીર પુછવા ગયો મજીદ ફકીરની નજદીક.

હવે મજીદે પોતાના ચેલાઓને એમ કરી કહયું કે, “ આ રોશન દીલના હાલી ફકીરે ફારીઆબ શેહરના બાગો તથા એવાનો અને ગલીઓ જોઈ નથી, ને આપણને એ શેહરમાં જવાનો વરસમાં એક મરતબે પાદશાહનો હોકમ છે, વાસતે એ હાલી ફકીરને આજ રોજે લઈ જાઇ તમામ શેહરનો તમાશો દેખાડી લાવો.” જેવારે તે ચેલાઓએ મજીદનો એવો હોકમ સાંભલીઓ, તેવારે તેના હોકમ મુઆફેક ફારીઆબ શેહરમાં જવાનો એરાદો કીધો. પણ એવામાં ખબર આવી કે નામદાર સોગાદશાહ પાદશાહ શેહરમાંથી બાહેર નીકલીઓછે; તેવારે મજીદે અંદેશો કીધો કે મબાદા આપણા તકીઆની તરફ તે પાદશાહ આવશે. એવો અંદેશો કરી તમામ અસબાબ, ભાંગનાં કુડાં તથા અફીમના દાબડા વગેરે જે કાંઈ ફકીરી સામન હતો તે, સઘલો એકઠો કરાવી એક મેર મેલાવીઓ, કે જેવારે સોગાદશાહ આપણા તકીઆમાં એવો સામાન દેખે, તેવારે આપણ ઊપરથી તે એતેકાદ ઊતારી મેલે, ને એમ કરી કહે કે, “તમો ફકીર લોકોને એ કેફની આશનાઇ જોઈએ નહી; તમો ફકીરોને તો સુકી રોટી સીવાય કસી વાતે એશ અશરત કીધી જોઇએ નહી. તેથી એવો અસબાબ જોઇને આપણો ખોરાક બંધ કરશે.” એ રવેશે મજીદે અંદેશો કરી તે જગે જે કાંઈ અસબાબ પરાગંદે પડેલો હતો તે ઊંચકાવી જગો સાફ કરાવી પોતાનાં સર ઊપર ફકીરી ટોપ મેલી તથા હાથમાં તશબી પકડી બેઠો. એવામા તે જખમી દેલનો પાદશાહ મજીદના તકીઆમાં આવીઓ, પણ તેણે પોતાનુ મોહ દલગીર કીધેલું, ને જીવથી બેજાર થઇ પોતાનાં તનમાં ખાકી રંગનો લેબાસ પેહરેલો હતો, ને બેઅંદાજેહ ગમથી તેનું મોહ જરદ થયલું તથા હરદમ પોતાંના ફરજંદોના ગમથી હાય મારતો ને એમ કરી કેહતો કે, “અય મારાં ફરજંદો, મારો જીવ જવાનો વખત હતો અને એકાએક એ હાદેશો તમો ઊપર કીઆંથી પડીઓ, કે તમો તરણે ફરજંદ

એકાએક ગુમ થઇ ગયાં. મારોભી જીવ જાય તો બેહતર છે. હવે મને આ પાદશાહી, બેટા વગર શું કામ આવશે?" એ રવેશે માતમ ભરેલો સોગાદશાહ આવી મજીદની નજદીક ચામડાં ઉપર બેઠો. તેવારે મજીદે વાતો કરવા માડી, ને દોઆથી કહયું કે, "અય પાદશાહ, તારૂં મોંહ હરગેજ જરદ હોતુંજ મા. તું દાનવ છે, તેથી સબર એખતીઆર કરી હકતાલાથી ઊમેદ માગ, કે તે સાહેબ પોતાની કુદરતથી એ તારા ગમને બરતરફ કરી નાખશે. સબરે કરી પાક યજદાન તુને એ ગમથી છોડવશે, ને તારી મદદ કરી ફતેહનો દરવાજો તારા ઊપર ખોલશે." એ પછે સોગાદશાહે મજીદ ફકીરને કહયું કે, "એ સરવે વાત જગા ઊપર રેહવા દે, ને મેં ગઇ રાતે એક ખોઆબ દીઠોછે તેની વાત સાંભલ. તે ખોઆબમાં આ ફારીઆબ શેહરની અંદર એક બાગ રોશન બેહશતની મીસાલનો દીઠોછે. તે બાગમાં હું ફરવા ગયો, અને તોઆં મેં એક દેહરૂં દીઠું. તે દેહરાંની મીસાલની એમારત કોઇએ દુનીઆમાં નહી દીઠી હશે. અય મજીદ દરવેશ, પછે હું અંદેશો કરી તે દેહરાંમાં ગયો. એવામાં એક નવજવાન મરદ ખુશી થતો મારી સામો આવીઓ અને તેણે મને એમ કરી કહયું કે, અય સોગાદશાહ, હવે તારો તમામ ગમ બરતરફ થયો, વાસતે કસી વાતે દીલને આજુરદે મા રાખ. જે કાંઇ તારી મોરાદ છે તે બર આવશે. એટલું કહી તે નવજવાને મારા હાથમાં તરણ લાલ આપીઆં; તેવાં લાલ જેહાનનાં દરમેઆનમાં કોઇ પાદશાહ પાસે હોય નહી. તેવાં તરણ લાલ મને આપી એમ કરી કહયુ કે, એમાંનુ એક લાલ તારાં સર પેચમાં મઢાવીને માથા ઊપર રાખજે, ને બીજાં બે લાલ રહયાં તેને તારી બેહુ બાજુએ તાવીજની જગો રાખજે, કે એણે કરી તું ગમથી છુટશે, ને ઘણી ખુશી દેખશે. એ રવેશે તે રોશન આફતાબની મીસાલના નવજવાને લાલ આપીઆં, તેની ખુશીમાં હું ખોઆબમાંથી જાગીઓ, અને તેવાર પછે મારાં દીલે જરા કરાર પકડીઓછે. તે ખોઆબની તાબીર તુને પુછવાને વાસતે હું આ જગો આવીઓછું, કે એનું ફલ શું દેખશ. વાસતે, અય ખુદા ફકીર, એની તાબીર મને કેહ." મજીદ ફકીરે અંદેશો કરી કહયું કે, એ ખોઆબ તુને મોબારક હોજો. એનું ફલ એ છે કે થોડા

દાહડામાં તું પોતાના દીલની મોરાદને પોંહચશે. તુંને એવી તો ખુશી પોંહચી જોઇએ કે, તેવી ખુશી જેહાનમાં કોઇએ દીઠી નહી હોય. વલી તારા જે કોઈ નેકખ્વાહ લોકો હોય તેભી ઘણા ખુશી થશે. તું પાદશાહના તરણ ફરજંદ, જેઓ માતમ કોહના દરાહમાં ગુમ થયાં છે, તેના દીદાર જોશે, ને તેને પોતાની ગોદમાં પકડશે." પછે ફરીને કહયું કે, "અય પાદશાહોના પાદશાહ શોગાદશાહ, એ ખોઆબમાં તુને જે નવજવાન મરદે તરણ લાલ આપીઆં, તે મરદ કોઇ પેગમબરોમાનો માલુમ પડે છે; વાસતે એમ કરી જાણ કે તારી મોરાદ શેતાબ બર આવશે, ને તારા દીલમાં જે કંઈ ગમ હશે તે એકાએક બરતરફ થઈ જશે."

જેવારે પાદશાહે મજીદથી એવી તાબીર સાંભલી તેવારે ખુશીથી ઊઠી તે તકીઆના બાગમાં ફરવા લાગો. તીઆં ફરતાં એક જગે ઘોડો બાંધેલો દીઠો, કે જે એક પાહડની મીસાલનો અને તોબરામાં જવના દાણા ખાતો હતો. તેનો રંગ કાગડાના કરતાંભી ઘણો સીહા હતો, પણ તેનું તન આરસીની મીસાલ ચલકતું હતું. તેવો ઘોડો ફારીઆબના પાદશાહે જોયો હતો નહી, બલકે ખોઆબમાંભી દીઠો હતો નહી. તેથી સોગાદશાહ ઘણો અજબ રહયો, કે ભીખ માગનાર ફકીરના તકીઆમાં એવો ઘોડો કીઆંથી! પછે ફરીથી મજીદની નજદીક આવી પુછવા લાગો કે, " મેં તારા તકીઆના બાગમાં એક ઘોડો બાંધેલો દીઠો, કે જેવો ઘોડો કોઈએ હરગેજ દીઠો નહી હશે. તું કહે ગોયા એક સીહા પાહડ એ જગો ઉપર ઉભોછે. અય મજીદ, એ ઘોડો તેં ખરીદી લીધોછે, ઇઆ અગર કોઇએ પોતાના સવાબને વાસતે તુને બખશીઓછે ? મને રાસત કેહ કે એ ઘોડાનો સાહેબ કોણછે, ને એ તારા તકીઆમાં કીઆંથી આવી પોંહચીઓછે. એ ઘોડો તો કોઈ જેહાનનાં દરમેઆનમાં પેહલવાનોના પેહલવાન લડાએક સવારને લાયકનો છે." તેવારે મજીદે પાદશાહને કહયું કે, " અય સોગાદશાહ પાદશાહ, હું તારી નજદીક હરગેજ જુઠું બોલું નહી. એ ઘોડો એક હાલી નામનો ફકીર, જે બલખ શેહરથી આજ બે દાહડા થયા આ તકીઆમાં આવીઓછે, તેનો છે." પછે જે કાંઇ ફરામરજની જુબા-

નથી હકીકત સાંભલી હતી તે તમામ પાદશાહને જાહેર કરી કહી; અને હોકમ કરી પેલાં હથીઆર મંગાવી સોગાદશાહ પાદશાહને દેખાડીઆં. તે હથીઆર જોઈ પાદશાહ ઘણો અજબ રહયો, અને અંદેશો કીધો કે, તે હાલી ફકીરને બોલાવી બીજી ખબર પુછે. એવો વીચાર કરી મજીદને કહયું કે, "શેતાબ તે હાલી ફકીરને એ જગો બોલાવ, કે તેની નીશાન હું એ તકીઆમાં જોઊં." તેવારે બીજા ચેલાઓએ જવાબ દીધો કે, "તે હાલી ફકીર તો બાહાર ગયોછે; હમણાં આવશે." ધછી ફરામરજને બીજા ચેલાઓએ ખબર કીધી કે, "તુને નામદાર પાદશાહ બોલાવેછે, તેથી તુને તેની નજદીક જવું જોઈએ. તારો ઘોડો પાદશાહે નજરે દીઠોછે, તેથી તુને જોવાની તથા બીજી વાતો પુછવાની તે ખાહેશ રાખેછે. અગર એ ફારીઆબનો પાદશાહ તારો ઘોડો તથા તારાં હથીઆર વેચાતાં માગે, તો શેતાબ આપજે. પણ એ નેકબખત પાદશાહાથી તું એકાએક પોતાનું સર ફેરવતો માં." એવા સખુન બાજે ફકીરોની જુબાનથી સાંભલી ફરામરજ હસીઓ, ને શેતાબ અદબથી સોગાદશાહની નજદીક આવીઓ.

જેવારે તેની નજર પાદશાહ ઊપર પડી, તેવારે ફકીર લોકોની મીસાલ આવાજ કાહડી પાદશાહ ઉપર દોઆ કીધી, ને કહયું કે "તારાં દીલમાં હમેશાં ખુશી રેહજો, ને તુને બુજોરગી તથા દબદબા સીવાએ બીજું કાંઈ હોતું માં, ને આ પાદશાહી તાજ તુથી જેણ જીનત ભરેલું રેહજો." જેવારે સોગાદશાહે તેને એ રવેશ સાન શોકત ભરેલો દીઠો, તેવારે પોતાની જગોથી ઊઠી ફરમાનબરદારની મીસાલ હાથબકશ કરી ઉભો, અને આગલ જાઈ તેના હાથ પકડીને પોતાની જગો આગલ લાવીઓ. તે તમારો જોઈ મજીદ તથા તેના ચેલા અજબ રહયા. પછે તેને બેસાડીને પોતેભી તેની પાસે બેઠો, ને વાતવગત કીધાથી તેને પોતાની આંખની કીકીની મીસાલનો જાણીઓ. પછે કહયું કે, "અય જવાન ફકીર, તું બલખ શેહરથી ખુશી સાથે આવીઓછે. તારી ફકીરી ઊપર આફરીન હોજો!" તેવારે મજીદે પાદશાહને પુછીઊં કે, "તુને એ હાલી ફકીર સાથે એવડી મોહબત શા વાસતે થઈ છે, કે તું એ નવજવાન ફકીરને એવડી આબરૂ આપેછે. વાસતે એનો સબબ મને

માલુમ પડતો નથી." તેવારે સોગાદશાહએ મજીદને જવાબ દીધો કે, "જે નોજવાન મારા ખે આબમાં આવીઓ હતો ને મને તરણ લાલ આપીઆં હતાં, તે નેકબખત મરદ એજ છે. મે એ નવજવાનને ખોઆબમાં દીઠો હતો; તેથી મારી ખાતર નીશાન છે કે, એથી મારી મોરાદ બર આવશે." પછે સોગાદશાહે નામદાર ફરામરજને પુછીઊં કે, "તું કીઆં શેહરનો રેહનાર છે, ને તારા બાપદાદા કોણ નામદાર થઈ ગયાછે?" તેવારે તે નામદારે, જે મીસાલ મજીદને પોતાનાં વતનની તથા અઓલાદની હકીકત કહી હતી, તેજ મુઆફૂક સોગાદશાહનેભી કહી, ને કહયું કે, "મારૂં નામ હાલી ફકીર છે, ને હું સીસતાનના રેહનારા નાલી ફકીરની અઓલાદનો છું. પણ મારા જેવી ફકીરી જેહાનમાં કોઈથી પકડાઈ શકે નહી." એ વાત સાંભલીઆથી સોગાદસાહને હશવુ આવીઉં, તેથી મોહડે રૂમાલ દઈ હસીઓ, ને કહયું કે, "કોણની તાકાત છે કે, રોશન આફતાબને મુઠી ખાકે કરી ઢાંકી શકે? આવી બાજુ તથા ગરદન અને મરદીનો દબદબો તથા પાહડની મીસાલનો ઘોડો, અને આવાં ભારી હથીઆર તથા બખતર અને પાદશાહી ગોહરના જડાવનો કમરબંધ, એ તમામ પાદશાહી સામન તારી પાસે છે; અને એવો અસબાબ આજ લગી કોઈ ફકીર પાસે સાંભલીઓ નથી. તારી પેશાની કોઈ બુજોરગ ખાનદાનના પાદશાહની મીસાલ ચલકાટ ભરેલી નજર આવેછે, ને તારૂં કદ તથા સીનો લડાયક પેહલવાનની મીસાલનો જોવામાં આવે છે. વાસતે રાસતીથી સખુન બોલ, કે તું કીઆંથી એ જગે આવી પોંહચીઓછે. તું તો ગોયા હમો લોકોનાં સર ઊપર હોમા જાનવરની મીસાલ સાયો નાખી પાદશાહી બખશવા આવીઓછે." તેવારે નામદાર ફરામરજે તેને જવાબ દીધો કે, "તું પાદશાહ જે કાંઈ ફરમાવેછે તે દરૂસત છે. પણ એ ઘોડો તથા હથીઆર મારાં નથી. તું પાદશાહ મારી મસકરી શાવાસ્તે કરેછે? એ સામાન તથા ઘોડો તો ખાવર જમીનના રેહનાર એક નોજવાન મરદનો છે; તેણે મને એ ઘોડો તથા હથીઆર સોંફી આપીઆં છે, ને પોતે એ શકનો મારીઓ ખાવરની તરફ ગયોછે." જેવારે સોગાદશાહ પાદશાહે ફરામરજની જુબાનથી એવા સખુન સાંભલીઆ, તેવારે તેને કહીઉં કે,

"અય ફકીર, તું એવડું જુઠું શાવાસતે બોલેછે? હું હમણાં તારા ભેદની ખબર કાહડુંછું. હું હમણાં મારી પરીને બોલાવશ, જેણીની નજદીક તારો કસો પરદો રેહેશે નહી. તે પરી મારા સીહાલ બેટાની ઓરતની બેહન છે. તેમા એજમત તથા ખુબી ઘણીછે. તે પરી તારો તમામ ભેદ મને કેહશે. તે પરીને હમણાં તારી મોકાબેલ ભાવી ઊભી રાખુછુ. વાસતે હવે ઊઠ, ને તારા ઘોડા ઉપર સવાર થઇને તું આ તકીઆમાંથી મારી સાથે ફારીઆબ શેહરમાં આવ, કે તું તો ફકીર તથા મુફલેસીથી ઘણો દુર છે, તેથી તું જે હાનનાં દરમેઆનમાં કોઈ શાહાજાદો નજર આવે છે. તેવારે ફરામરજે પાદશાહને જવાબ દીધો કે, "અય સરદાર, તું મને પોતાની સાથે ફારીઆબ શેહરમાં લઈ જવા ચાહેછે, પણ પાદશાહી મેહલને લાયક ફકીર લોકોનો મકાન હોય નહી. તારાંમાં એમ કરી ગુમાન આવેછે કે, હું કોઈ શાહજાદો પેહલવાન છું, પણ એવા ખેઆલથી તું પોતાનું સર ખાલી કરજે."

હેકાયત લખીછે કે, ફારીઆબના પાદશાહ સોગાદશાહે પેહલવાન ફરામરજને પીછાનીઓ અને તે સાથે ગોફતેગો કીધી.

નામના ઊઠાવનાર ફરામરજે પાદશાહ સોગાદશાહને વલી વધારે એમ કરી કહયું કે, "અય પાદશાહ, મને ફકીરીની તમામ હકીકત માલુમ છે, પણ એ સીવાએ હું કાંઈ બીજો ભેદ રાખતો નથી. અગર તારાં દી દીલમાં એમજ આવતું હોય કે, મુજ બીચારા ફકીરને આજાર દેવો, તો તું પાદશાહ છે, ને હું ફકીર છું, તેથી જે કાંઇ તારાં દીલમાં આવે તે મારા ઉપર કરી લે. તે કરતાં આ ઘોડો તથા તમામ હથીઆરભી તું લઈ લેવા ચાહતો હોય તો તેપણ લઈ જા. એનો સાહેબ આવશે, તે તારી ખાતેર નીશાન કરી મારી ખબરથી તુને વાકેફ કરશે." એવા સખુન સાંભલીને સોગાદશાહ હસીઓ, અને

નામવર ફરામરજનો હાથ પકડીને બીજી મરતબે તે તકીઆના બાગની તરફ ચાલીઓ, ને તેને એક જગો એકલો લઇ જાઇને તમામ વાત ભેદની પુછવા લાગો. પણ ફરામરજે પોતાનો છુપો ભેદ તેની નજદીક ખોલીને કહયો નહી, ને પોતાનું નામભી જાહેર કીધું નહી. જે કાંઈ અવલ મજીદ ફકીરની નજદીક સખુન કહયા હતા તેજ સખુન સોગાદશાહનેભી કેહતો હતો. તેવારે સોગાદશાહ પાદશાહ ગોસામાં આવીઓ, અને આતશ મંગાવીને કહયું કે, "હમણાં તારો ભેદ જાહેર કરૂંછું. જે કોઈ નામદાર મરદ હોય, ને પોતાનું તથા પોતાના બાપદાદાનુ નામ છુપાવી રાખે, તેને તેમ કરવું સજાવાર નથી. પણ જોકે હમણા તું પોતાની મેલ્લે છતો પડશે." એટલું કહી સોગાદશાહે પોતાની જમણી બગલમાંથી એક બાલ તોડીને આતશ ઊપર મેલીઓ, અને તે મેલતાંવારજ એકાએક એક નવજવાન પરી આવી હાજર થઈ ઊભી. તેણીના મોહના રંગે તે બાગનાં ફુલની આબરૂ લીધી હતી. તેણી સરથી તે પાઊં લગી તમામ ખુબી તથા નાજનખરાં ભરેલી હતી, તથા તેણીનાં સીધાં કદને જોઈ સરવનાં જાડ શરમમાં પડીઆં હતાં. તેણીના જોલફ નાગની મીસાલ તેણીના રૂખસારા ઊપર પેચ ખાતા હતા. તેણીના હાથ તથા પાઊં રૂપાના લાહાઠાની મીસાલ સાફ હતા, ને તેણીનાં ભવાં ચાંદરાતના ચાંદની મીસાલ વાંકાં હતાં. તેણીનાં સફેદ મોહ ઊપર બેહુ હોઠ તે ગોયા રૂપાના દાબડાને પરવાલાંનું કોલફ (તાલુ) દીધેલું હતું, અને તેણીનાં મોહમાં બેકીમત મોતીની ખાણ હતી, ઇઆને તેણીના દાંત મોતીની મીસાલના હતા. અગર તેણીની ખુબસુરતીની તારીફ કરૂં, તો આ બરજોનામાં જેવું એક બીજું દફતર થાય; એટલી તેણીમાં ખુબી હતી. જેવારે તે પરીએ તકીઆમાં આવી પોતાનુ મોહ પાદશાહને દેખાડીઊં, તેવારે તે તકીઆમાં પાણીનો કારંજો હતે તેની નજદીક ફરામરજ પોતાનું સર નીચે નાખી બેશુમાર ગમથી પાદશાહની તરફ નજર નહી કરતો. તેને તમામ દલગીરી કીરવાન હબસીની દેલેરીની હતી. તેથી હરદમ પોતાનાં દેલ સાથે તે એમ કેહતો કે, "હું પોતાની જવાનીમાં એ આસમાનની ગેરદેશાથી બદી સીવાએ કાંઈ બીજું દેખતો નથી; વાસતે નાનપણનો વખત સારો કે કાંઈ ગમ જાણી-

એજ નહી. જો કે હું પેહલવાનગીરી તથા દુનીઆદારીથી હાથ ઊઠાવી ફકીરી પકડી બેઠો છું, તોભી એ વાંકી ચાલનો આસમાન મારાં સર ઉપર નવી નવી આફત નાખી મારૂં દેલ ગમ તથા સોગ ભરેલું કરેછે, કે એ ફારીઆબનો પાદશાહ એકાએક એ તકીઆમાં આવી સો ફકીરમાંથી મને પકડી કાહડીને મારી સાથે દલદેસરી લઈ બેઠો છે. એ રવેશે ફરામરજ પોતાનાં દીલ સાથે ગોફતેગો કરતો હતો ને સર નીચે નાખી પાણીની તરફ નેગાહ કરી અફસોસ ખાતો હતો. એવામાં પેલી પરીનો સાયો પાણીમાં પડીઓ, તે જોઇ ફરામરજ પછવાડે જોય શું કે, એક પરી બેશુમાર ખુબી સાથેની પોતાની પછવાડે ઉભેલીછે. પણ તે પરીભી ફરામરજની ફકીરી તથા શેલી જોઇ અજબ રહી અફસોસ ખાતી હતી. જેવી ફરામરજે સર ઊંચે ઊઠાવીને તે માહતાબને મોહની પરીને દીઠી, તેજ વખતે તે પરીએ તેને સેજદો કરી બાંગે બુલંદ સોગાદશાહની હજુર ફરામરજને કહયું કે, "અય નામદાર સામે સવારની ઓલાદના અને દેવના પકડનાર પેહલવાનોના સરદાર ફરામરજ, તારૂં કદમ એ મુલકમાં મુબારક થાજો, ને સોગાદશાહ તારી નજદીક કમીના બંદાની મીસાલ ફરમાનબરદાર રેહજો! તું સાંભલ, અય નામદાર, કે તુને જે હરણ રેનાં જંગલમાંથી રાહ બતાવતું આ ફારીઆબ શેહરની નજદીક લાવીઉં, તે હરણ હું છું. તું પોતાનું નામ સોગાદશાહથી શા વાસતે છુપાવી રખેછે? એ તો તારો નેકખાહ દોસત છે; એથી તારૂં કામ ઘણું સમરશે. અગરચે તારૂં દીલ કીરવાન હબસીથી આજુરદેછે તો તે તારા તમામ ગમને હું તારાં દીલ ઊપરથી ઊઠાવી નાખું. અય દેલાવર પેહલવાન ફરામરજ, મેં એ ભેદ અઉવલ બેદાર ગોશએલમાસને કહયો હતો, પણ તે નકામાએ તુને એ ભેદ કહયો નહી." જેવારે ફરામરજે તે પરીની જુબાનથી એવા સખુન સાંભલીઆ, તેવારે તેને કહયુ કે, "અય મેહબુબ લોકોનાં અનજુમનની સરદાર, દુનીઆનાં દરમેઆનમાં મે પોતાની ઊપર ફકીરી એખતીઆર કીધી હતી; પણ જેવારે તેં એકાએક મારા ભેદનો પરદો ફાડીઓ, ને મારૂં નામ લીધું, તેવારે તો હવે તે સીહા મોહના હબસીથી ખબર આપ. તેણે મને ખાણાં તથા ખોઆબથી દુર નાખીઓછે. મે પોતાનું નામ દેલેરીથી તથા મરદીથી

જેહાનમાં ઉઠાવીઉં હતું, પણ તે કીરવાન હબસીએ મારાં નામને ગેર-મમાં નાખીઊં. તે હબસીએ મેદાનમાં પોતાની મરદીએ કરી મારા બેટાના હાથ બાંધીઆ, ને અનજુમનમાં મને ખોહાર કીધો, ને મારી તમામ નામદારી પાયમાલ કરી નાખી." જેવારે તે પરીએ ફરામરજથી એવો જવાબ શાંભલીઓ, તેવારે તે હસવા લાગી. તે તમાશો જોઇ ફરીઆબનો પાદશાહ અજબ રહી કીરવાન હબસીને વાસતે પુછવા લાગો, કે તે હબસી એવો કોણ છે.

તેવારે તે પરીએ તેની હકીકત એમ કરી કહી કે, "અય પાદશાહ, મારી વાત ઊપર કાન ધરી હું કહું તે સાંભલ,—કે બરજો નામનો નામદાર સોહરાબનો એક બેટો હતો, કે જે સોહરાબે લડાઇનાં મેદાનમા જાલના રૂસતમને ઉઠાવી પાહાડની મીસાલ જમીન ઊપર મારી તેના સીના ઊપર શેરની મીસાલ ચહડી બેહો હતો, અને તે વેલા રૂસતમે ફરેબ દઇ મકર કરી તેને વાહયો, ને તેની ચુંગાલથી છુટી દગાએ કરી તે નામદારને જીવથી મારીઓ હતો. તે નામદારનો એ બેટો શેરની ચુંગાલનો બરજો પેદા થયો, જેને તુરાનના પાદશાહે હરેક તદબીરથી પોતાના હાથમાં લીધો. તેથી તે બરજોએ મેદાનમાં પીલતન રૂસતમની બાજુ તોડી નાખીને તેને શેકસત દીધી. એ બનાવથી તમામ ઇરાનીઓએ નામોરાદીએ કરી પોતાના જીવથી હાથ ધોયા, કે કાલ રોજે બરજોને હાથે મેદાનમાં આપણ સરવ કોઇ મારીઆ જઇશું. એ રવેશ પાદશાહ તથા પેહલવાનો સરવ કોઇ પોત-પોતાની માતમમાં પડીઆ હતા, તેવામાં એકાએક આ નામદાર ફરા-મરજ હીંદુસતાનથી આવી પોંહચીઓ, અને બામદાદને વખત રખશ ઊપર સવાર થઇ બરજોની લડાઇમાં ગયો, અને તે લડાઇમાં બરજોને બાંધીઓ. પણ જેવારે રૂસતમે તે બરજોને પીછાનીઓ કે, એતો તેના સરફરાજ બેટાનો બેટો દેખું, તેવારે તેને પોતાની સાથે લઇ જાઇ પાદ-શાહ કએખોસરોની ખેદમતમાં રાખીઓ. એમ કરતાં એક દાહડે મજલેસમાં ફરામરજની મસખરી બરજોએ કીધી, તેથી ફરામરજે ગુસામાં આવી બરજોને તમાચા મારીઆ, તેથી બરજોને ગોસો લાગો અને તે શેતાબ ઘોડા ઊપર સવાર થઈ ઇરાની લશકરમાંથી બાહેર

નીકલી ગયો, અને બબજા ઘણીએક મરદીથી નામદારી કીધી. એમ કરતાં કોઈ યુનાની હકીમ તેને મલીઓ, અને તે હકીમે તેને એક અજાયબ માજુમ આપીને કહયું કે, જે કોઈ એ માજુમ ખાય તેને બેશુમાર જોર આવે, ને તે માજુમમાં એગી જડી બુટી નાખેલી છે કે, જેથી તે ખાનારનો રંગ અગર સફેદ બીલોરની મીસાલનો હોય તો તે તુરત સોહા કીરની મીસાલનો થઈ જાય. અગર તે વખત તેના સામે સીંહ જાનવર આવે, તો તેભી તે માજુમની કઊવતે કરીને તેના હાથથી ખલાસી પામે નહી. તે માજુમ ખાઈને બરજો મસત હાથીની મીસાલ જોર કરતો રેનાં મેદાનમાં લડાઈને વાસતે આવીઓ, અને કેહવા લાગો કે, હું કીરવાન હબસી છું. તેના એવા છુપા ભેદની ફરામરજને ખબર હતી નહી, તેથી બરજોને કોઈ હબસી જાણી તેની સાથે લડવા ગયો, અને જેવારે સામે પોતાના બાપ ફરામરજ કરતાં બરજોમાં કઊવત વધતી દીઠી તેવારે તેજ વખત તે ઊપર એક ગોરજ મારીને પોતાનુ નામ તેને કહયું. એમ કરતાં સામે પોતાના બાપને બરજોના હાથમાંથી છોડવીઓ, પણ તે સામ પોતે બરજોના હાથમાં પકડાયો ગયો. જેવારે ફરામરજે પોતા ઊપર તથા પોતાના બેટા ઊપર હબસીને હાથથી એવો હાદસો દીઠો, તેવારે તે ગમગીન થઈ પોતના બાપ રૂસતમની ભી રજા લેવા ગયો નહી, ને ગોસાનો મારીઓ પોતાના ગોરાબ ઘોડાની લગામ ફેરવી જંગલની તરફ નીકલી ચાલીઓ, કે કોઈ જગો જાઈ પોતાના જાન ઊપર કરે. જેવારે મેં એ નામદારને એ રવેશ રંજીદે દીઠો, તેવારે એને શાહ બતાવીને રેનાં જંગલમાંથી ફારીઆબ શેહરની નજદીક લાવી મેલીઓ. પણ હમણાં હું જોઊછું કે, એનો ચેહરો સોનાની મીસાલ જરદ થયોછે, ને એ કીરવાન હબસીનાં દરદથી પોતાની સરદારી તરક કરી ફકીર થઈ બેઠોછે; પણ અગરજો એ પેહલવાન મારી કારસાજી કરે તો એનુ તમામ દરદ તથા ગમ બરતરફ થઈ જાય, અને, અય સોગાદશાહ, તું બી તેથી સરફરાજ થાય. એ પેહલવાનને હું એક હોનર એવો બતાઊં, કે તેથી કીરવાનનુ નામ ગુમ થઈ જાય ને એભી પોતાની મોરાદ મોઆફૂક જેહાનમાં કામ લે. જેવારે એ નામદાર પેહલવાન તારા સીહાલ બેટાને તથા તારી બેટીને તથા

મારી બેહનને માતમ કોહના દરાહમાથી લાવી તારી નજદીક હાજર કરે, તેવાર પછે હું એને બે કામની રાહ બતાવીશ;—અઉવલ તો જે માજુમનો દાબડો પેલા હકીમે બરજોને આપીઓછે, ને જે માજુમ ખાધાથી બરજો સીહા રંગનો થાયછે, તે દાબડો એની નજદીકથી ચોરી લાવીશ, કે ફરીથી બરજો તે માજુમે કરી કોરવાન હબસી થાય નહી. એ કામ એવી રીતે કરૂં કે પહેલે એક દાબડો તેના દાબડાની મીસાલનો બનાવી પછે તે માજુમને રંગની તથા ખુશબોની બીજી માજુમ તઈઆર કરીને તેમાં મેલું, ને જેવારે બરજો મગરૂરીથી મસ-તીના બોઆબમાં સુએ, તેવારે તેની આંગલીએ મોહરની જે વીંટી છે તે કાહડી લેવીશ, ને તેની માજુમનો દાબડો છે તે લઈ તેની જગા ઊપર મારી બનાવેલી માજુમનો દાબડો, તેની ઊપર તેની મોહર કરીને મેલું. એ રવેશ તેની પાસેની અજમતી માજુમ ચોરી લાવી તેને બીચારો કરી નાખું. વલી બીજું એ કે, માતમ પાહડના દરાહમાંથી એક જરી તખતી ગોહરના જડાવની નામદાર ફ્રરામરજના હાથમાં આવે, તો તે તખતીની અજમતથી તે સુલેમાનની (ઇઆને જમશેદ પાદશાહની) અંગોઠીના કરતાં ઘણું કામ બજાવે. જેવારે તે તખતી લડાઇએ કરી એ પેહલવાન પોતાના હાથમાં લાવે તેવારે હફતે કેશવર જમીનના તમામ દેલેરોને તે શેકસત દીએ. તે તખતીની અજમત આગલ મંતર તથા માજુમ કાંઇ જોઇએ નહી."

જેવારે નામદાર ફ્રરામરજે એવા સખુન તે પરીની જુબાનથી સાંભલીઆ, તેવારે સોગાદશાહની તરફ નેગાહ કરી તેને કહયું કે, "અય ફ્રારીઆબના મુલકના પાદશાહ, હું તુને હાલમાં ગમગીન તથા આંખમાં આંસુ ભરેલો દેખુંછું. અગર એ કોહે માતમથી કાંઈ તારી ઉપર જુલમ હોય તથા બીજો કંઇ ગમ હોય, તો તે મને જાહેર કરી કેહ, કેમકે જોવા મેલે એ વાત ઘણી મુશકલ નજર આવેછે."

હેકાયત લખીછે કે, ગોફ્તેગો કીધી પરીએ તલેસમની તારીફ્માં નામદાર ફ્રામરજ સાથે.

એ સખુન સાંભલી શોગાદ શાહે ફ્રામરજને જવાબ દીધો કે, "અય સામે સવારના જલકાટના દેવબંદ પેહેલવાન, એ પાહાડના ભેદની કોઈને ખબર નથી; પણ મને એટલું માલુમ છે કે, એ જગે એક દરોહ છે. તે દરોહ કોઈએ નજરે જોયો નથી, કે તે ફ્લાની જગો ઉપર છે. જે કોઈ ઘોડા ઊપર સવાર થઈ એ પાહડ ઉપર જાયછે તે શખ્સ પાછો ફરી આવતો નથી. હમેં ઘણાએક આદમીને એ પાહડ ઊપર ખબર લેવા મોકલીઆં, કે તે જગોની ખબર લાવીને મને કેહે. પણ તેમાંનો કોઇ શખ્સ પાછો ફરી આવીઓ નહી. અય શેરને દમના પેહલવાન, મને એવું માલુમ છે કે, એ માતમ કોહની ખબર તુંથી નીકલશે." એ સાંભલી પેલી પરીએ ગોદમાં હાથ બકશ કરીને સોગાદશાહને કહ્યું કે, "અય પાદશાહ, એ કામ ઘણું સખ્ત છે; વાસતે જોઈ તપાસીને કરવું. અગર નહી તો તારૂં તખ્ત તથા તાજ ધુલ મલી જશે. વલી આ પેહલવાનને ભી તીઆં મોકલેતો અંદેશો કરી તપાસીને મોકલજે. તું જાણતો નથી, પણ એક ઘોડો ઘણો અજાયબ એક પાહડની મીસાલનો એ કોહના દરાહનાં સર ઉપર ઉભેલો છે. તે પેશાનીમાં ઘોડાની મીસાલનો છે, પણ તેતો એક તલેસમ ઘોડાની સુરતે ઉભો રખેલો છે. કોઈના બીજા ઘોડા ઊપર તે ઘેડાની નજર પડે, તેજ વખત તે ઘોડો હરણેછે, ઇઆને ખંખારીને આવાજ મારેછે, તેથી શેતાબ પેલો ઘોડો પોતાના સવારને લઈ વાની મીસાલ તે દરાહની તરફ દોડીઓ જાયછે. જેવારે ડપટ કરીને તે ઘોડો દરાહના ઘોડાની નજદીક જાઈ પોહોંચે તેવારે બીજો ઘોડો ઊંડા દરાહમાં શેતાબ ઊતરી જાય છે, અને તેની પછવાડે પેહેલો ઘોડોભી પોતાના સવાર સાથે જાયછે. જેવો તે ઘોડો સવાર સાથે દરાહમાં જાયછે તેવોજ પેલો ઘોડો પાછો દરાહનાં સર ઊપર આવી ઊભો રહેછે. તેની અજાયબી કોઈને માલુમ થતી નથી. વલી જેવો પેલો ઘોડો પોતાના સવાર

સાથે દરાહમાં જાયછે તેજ વખત એક ટોલું પરીઓનું હાથમાં ચંગ તથા પખાજ વજાડતું ને પોતાના હાથ તથા હલક તથા પેટમાં તલવારના જખમો મારતું ખુશી સાથે પાહડનાં સર ઊપરથી આવેછે. પછે તે દરાહમાંથી એકાએક લડાઈનાં નગારાંના આવાજ નીકલેછે. તેનો શોરસાર આ લાજવરદી આસમાનના કાન બેહરા કરી નાખેછે, તથા તેજ રવેશે કરરેનાએ તથા નફીરીના ભી આવાજ નીકલેછે. એવામાં પેલી પરીઓમાંથી એક પરી આવીને પેલા સવારનું તન સરથી કાપીને એક નેજા ઊપર ઊભું કરી એ કોહે માતમના પાહડ ઉપર લઈ જાઈ ઊંચું કરી મેલેછે. એ સીવાએ મને બીજી ખબર નથી. પણ તું દાનાવ ને દુરબીન છે, વાસતે એ ઊપર દાનાઇથી અંદેશો કરી કામ લેજે. એ સીવાએ કોઈ બીજો તલેસમ તથા જાદુઈ મકાન નથી. મેં એ ભેદના પછવાડે ઘણી દોડ કીધી, તેવારે એટલી ખબર મને પડીછે. પણ હમણી તો આપણને તરણ આદમીઓનો ગમ લાગોછે. તે તરણમાં એક તો મારી બેહન છે, અને બે તો આ સોગાદશાહનાં ફરજંદો છે. તેથી એ પાદશાહનું સર ગમે કરી ઘુવડ જાનવરની મીસાલ નીચું પડીઊં છે. સોગાદશાહની બેટી એક દીને અંજાણપણે શેકારગાહથી આવતાં તે દરાહની તરફ જાઇ પોંહચી, ને તેમાં ગુમ થઇ ગઈ હતી. મારી બેહન, જે સીહાલશાહની ઓરત થાય તે, તે બેટી સાથે એકદીલીથી આશના હતી, તેથી તેનું દીલ બલીઊં, તેણે કરી તેભી તે દરાહમાં જાઇ પડી. જે વારે એ ખબર સીહાલશાહને થઇ, કે તેની બેહન તથા બાનુ બંને માતમકોહના દરાહમાં ગુમ થયાં, તેવારે તેના ગમથી તે શાહજાદોભી તેની પછવાડે તે કોહમાં ગયો. તે ખબર સોગાદશાહને થઇ, તેજ વખત તે પાદશાહેભી તે કોહના દરાહમાં જવાનો કસદ કીધો. પણ એ ખબર પાદશાહના અમીરોને થઈ, તેથી તમામ અમીરો તેની પછવાડે જાઈ સો મીનતથી તેને પાછો ફેરવી લાવીઆ. અય નામદાર ફરામરજ, એટલી હકીકત મને માલુમ છે, તે મેં તુને કહી; હવે તો તુ દાના છે, વાસતે જે કાંઈ તુને નેક સુજે તે કર, ને તું હમો ઊપર મેહરબાન થઈ હમોને એ ગમથી છોડવ. પણ એવું નહી થાય કે, હમોને તરણ જણનો ગમ છે, તેમાં બીજો તારો ગમ વધે. તેવું કરતો માં, નહી તો

હમારાં જખમી દીલ ઊપર બીજું નશતર લાગશે. હમોને તે તરણના ગમ કરતાં તારો ગમ ઘણો લાગેછે, કે મબાદા તું બી તે દરાહમાં ગરક થાય. વાસતે, અઊવલ પોતાનાં દીલ સાથે અંદેશો કરી પછે તે જગો જવાનું કદમ તું ઊઠાવજે."

એ હકીકત સાંભલી પેહલવાન ફરામરજનો જીવ અંદેશા ભરેલો થયો, અને તેણે દેલ સાથે વીચારી કહ્યું કે, "વલી આ આસમાને મારાં સર ઊપર નવો જુલમ કીઆથી ઊઠાવીઓ? અઉવલ તો એ આસમાને મારી ફકીરીથી બાજે લોકોને અદેખા કીધા, ને હવે તો તે મારો જીવ લેવા ઊપર તઈઆર થઇ બેઠોછે. પરથમ રેનાં મેદાનમાંથી મારૂં દીલ મોતનું ઊમેદવાર હતું, પણ હજુ તે મોત આવતું નથી; વાસતે હવે તો પોતાના જીવ ઊપર આવી એ દહરાની તરફ જાઊં. મગર પાક યજદાન મારે ઊપર મેહરબાન થઇ મારી મોરાદ બર લાવશે, તો બરજોનાં મકરથી હું છુટો થાશ, ઈઆ નહીતો બીજા પેહલવાનોની મીસાલ પોતાનો જીવ નામને વાસ્તે આપશ, જેથી બીજા લોકોના તાનાથી હું છુટી જાઊં." પછી પેલી પરીએ તેને કહ્યું, કે "અય નામદાર, એ દરાહની ઊપર એક ગુંબજ જરી દરવાજાનો છે. તે દરવાજા ઊપર રૂપાંનું તાલું દીધેલું છે, ને તે ગુંબજ સંગેમરમરના પથરનો બાંધેલો છે. તે ગુંબજમાં એક રોશન ચશમો છે. એ તમામ વાત મને બુઢા લોકોએ કહી છે. અગર જો કોઈ ચાહે કે, પોતાની સુરત બીજી તરેહની બદલ કરે, તો તે શખસ પોતે પોતાનાં તન ઊપરથી તમામ કપડાં ઊતારી બરહને તન થઈ તે ચશમાની અંદર ઉતરી પોતે જેવી સુરતનો થવા ચાહતો હોય તેની નઇએત મનમાં ધારી તે પાણીમાં ગોસલ કરે, અને જેવારે તે ચશમામાંથી બાહેર નીકલે તે વારે જે નઇએત ધારી હોય તેવી સુરતનો તે થાય. અગર તે ધારે કે ખુબસુરત થાઊં અથવા બદસુરત થાઊં,–દીવાનો થાઊં ઈઆ કોઇ જાનવરની સુરતનો થાઊં,–એવું જે કાંઈ તેની મરજીમા આવે, તેવો તે થાય; અને જોરાવર એવો થાય કે, એક મરતબે અલબુરજ પાહડને જમીન ઉપરથી ઉખાડી નાખે. વલી તે ચાહે કે પાછો પોતાની અસલ સુરત પકડે, તો પાછો તે ચશમામાં ગોસલ કરી પોતે એમ કરી કહે

કે, હું જેવો હતો તેવો થાઉં, તો તે તેજ વખત પોતાની અસલ સુરત પકડે. પણ એ સરવે તલેસમ તે ગુંબજમાં છે."

એ વાત સાંભલીઆથી નામદાર ફરામરજ ઘણો ખુશીમાં આવીઓ, ને તેનાં દીલમાંથી તમામ ગમ બરતરફ થઈ ગયા. પછે દીલ સાથે કહયું કે, "જો એ માતમ પાહડ ઊપર હું ફતેહ પામું, તો તે ચશમાની અંદર ઊતરી મારી આ સુરતને બદલી, જેમ બરજો માજુમ બાઈને કીરવાન હબસી થયો તેમ, હું કલંદર ફકીર થાઊં, અને પછે લડાઈનાં મેદાનમાં જાઈ બરજો સાથે લડું; તથા આ ફારીઆબના પાદશાહ પાસેથી ફોજ માગી લઈ રેનાં મેદાનમાં અફરાસીઆબની મીસાલ કીનાથી લડવા જાઊં, ને મારાં લશકરને ભી ફકીરીનો પોશાક પેહરાવી હાથમા લડાઈનાં હથીઆરની જગે કુતકાં આપી તઈઆર કરૂં, ને કેટલું-એક લશકર તમામ લડાઈનાં હથીઆર બંધાવીને સમારૂં."

હેકાયત લખીછે કે, ગયો નામદાર ફરામરજ માતમ કોહના તલેસમની દીવાર નજદીક પાદશાહ સોગાદશાહ તથા પેલી પરી સાથે.

નામદાર ફરામરજ વલી પોતાનાં મન સાથ વધારે બોલવા લાગો કે, "તેવાર પછે સોગાદશાહની સવારીના હાથીની પીઠ ઊપર જે જરી તખત છે તે કરતાં બેકીમત ગોહરના જડાવ સાથેનાં તખત ઊપર સવારી કરાવી ઘણી બુજોરગીને વાસતે બેશુમાર લશકર સાથે રેનાં મેદાનમાં એ પાદશાહને વેદાય કરૂં, ને તેની પછવાડે અજદહાપેકર જુંડો ઊભો કરી, જેમ બરજો રૂમના પાદશાહ કેસરને પોતાની સાથે લઇ રેનાં મેદાનમાં આવીઓ તે મીસાલ હુંભી એ ફારીઆબના બાદશાહ સોગાદશાહને હરોલ કરી તેની સાથે જાઊં, કે રેનાં મેદાનમાં છ લશકર મલીઆંછે તે સરવ જાણે કે, એ ફારીઆબના પાદશાહની સાથે પેહલવાન છે તે બરજો

કરતાં જોરમાં તથા હોનરમાં બરતર દેખું, કે એવા દબદબાથી આવીઓ છે. એ રવેશ સાથે અંદેશો કરી ફ્રામરજે બંદગીને વાસતે પોતાનું મોહ ખાક ઉપર મસલીઉં, ને મીનતથી કેહવા લાગો કે, "અય રાસત સખુનના પસંદ કરનાર પાક યજદાન, આદમીજાદને પેદા કરી તેને કઊવત તથા જોર તું બખશેછે. એક ઘણું સખત કામ મારી નજદીક આવી પોંચીઉં છે, તેથી મનેભી જોશ તથા કઊવત તું બખશ, કે એ કામ કીધાથી હું મારા બાપની નજદીક સુરખરૂ થઈ એ નાઉમેદીમાંથી છુટું ને મારી ઊમેદને પોંહચુ." એટલું કહી પોતાનું સર ખાકમાંથી ઊઠાવી ફ્રીઆબના પાદશાહને એમ કરી કહયું કે," મે એ કામમાં કમર બાંધી છે, અગરચે આપણે જાણીએ છઇએ કે, ચાલીચલાવીને લોહીના દરીઆમાં જઇએ છઇએ. પણ તું હીમત પકડજે, આપણે ઘોડેસવાર થઈ તે દરાહની તરફ જાઇએ. પણ અઊવલ તું એક કામ કર, કે જે કોઈ સવાર તારો તકસીરવાર થાયલો હોય અને જેને તેં કેદ કીધો હોય તેને એ જગે મંગાવ, ને તેને એક ઘોડા ઊપર સવાર કરી એ દરાહની તરફ અઊવલ મોકલ, કે તેનો તમાશો જોય, પછે હું તેની પછવાડે જાઉં." ફ્રામરજનું એટલું કેહવું કે, પાદશાહે જસોલને એવો હોકમ કીધો કે, શેતાબ શેહરમાં જાઈ બંદાવાનોમાથી એક બંદીવાનને લાવે. તેવારે એક જસોલ પાદશાહના હોકમથી જલાદને સાથે લઈ ફ્રીઆબ શેહરમાં ગયો.

હવે આ નામાનો બનાવનાર શાએર કેહછે કે, "અય દાનાઈ ભરેલા મરદ, એક દાસતાન ઘણી અજાયબ રીતની કહુંછું તે પોતાના હોશના કાન ખોલીને સાંભલ. અગર હકતાલા મેહરબાન થાય તો એ દાસતાનને તમામ કરૂ, ને એક બીજી ભારી દાસતાન લખાઊં, કે એવી દાસતાન કોઇએ હરગેજ સાંભલી હોય નહી. તે સખુન કહયાથી તુને શરાબની જામ પીધાની કેફ્ની મીસાલ મસત કરી તારા દીલમાંથી ગમ તથા અંદેશાને નેહસત નાબુદ કરી નાખું. મારો ખાહેશ એ દાસતાન કહયા વગર બીજી નથી. દુનીઆનાં દરમેઆનમાં સખુન છે, ને સખુનના કેહનારભી છે, પણ તે સખુનના કોઈ ખરીદદાર નથી. મારા સખુનનો ખરીદદાર મારા સખુન સાંભલીને મારી પછવાડે મને નેકીથી

ઇમ્આદ કરે, તે મને બસ છે; જેમ કે એક ઘરનાં દરમેઆનમાં કોઈ દાના આદમી હોય, તેને એક નુકતો કેહવો બસ છે, તે મીસાલ મારા ગુજરીઆ પછે મને કોઇ એકદમ નેકીથી ઇમ્આદ કરે, તે મને ઘણું છે."

હવે નામદાર ફરામરજ પોતે તથા સોગાદશાહ અને પેલી પરી તથા મજીદ ફકીર, એ ચેહારે, દીલ ઊમેદ ભરેલાં કરી ઘોડાઓ ઊપર સવાર થયાં, ને આગલ ચાલીઆં. એમ કરતાં પેલા કીલાની સફીલની નીચે જાઈ પોંહચીઆં. તે સફીલ ઊપર પેલો બુઢો મરદ બેઠેલો હતો. તેણે જેવારે સોગાદશાહને બીજા તરણ જણા સાથે તે તલેસમના કીલાની તરફ આવતો દીઠો, તેવારે તુરત તે સફીલ ઊપરથી નીચે આવીઓ. અંદેશાએ કરી તેના રૂખસારા જરદ હરતાલની મીસાલ થયા હતા. તે બુઢાને એવું ગુમાન આવીઊં હતું કે, પાદશાહ પોતાના બેઊ ફરજંદ તથા પરીને વાસતે પોતાના જીવથી દીલ ઊઠાવી પાદશાહી તાજ બાકમાં નાખી ગમનો મારીઓ આ માતમ પાહડના દરાહમાં ગરક થવા ચાહે છે. એવા અંદેશાથી તેણે કહયું કે, "અય નામદાર પાદશાહ, તેં એ માતમ દરાહમાં જવાનો કસદ શાવાસતે કીધો છે? તું મારૂં કહયું માન, એક વરસ સબર કર ને નાહક પોતાની દોલતનું તાજ ઊંધું મા નાખ. મને એક નેઆસ નામના નજુમીએ બાતર નીશાનથી કહયું છે કે, મારા ગુજરીઆ પછે, નવસો વરસ તમામ થશે તે વેલા એક સવાર એ સર જમીનમાં આવી પોંહચશે. તે સવાર જમાનાના ગમથી નચીંત થઈ એ પાહડની તરફ આવશે. પણ તે સવાર જેહાનના પાદશાહ જમશેદની ઓલાદનો જોઇએ, ને તે પોતાના બેશ કબીલાના લોકથી સેતમ દીઠેલો એ જગે આવશે. તે નામદાર એ માતમ દરાહમાં માતમ પેદા કરશે, ઇઆને એ માતમ દરોહ તેથી પાયમાલ થશે, ને એ પાહડ ઊપરથી તેની મોરાદ હાંસેલ થશે. એ રવેશ તે નેઆસ નજુમીએ મહને કહયુ છે, અને તેની નવસોની મુદત તમામ થઇ છે, ને મેં જેવારે તારી સાથે આ ફકીરને જોયો તેવારે મારૂં દીલ અજુરદે થયું કે, તે નેઆસ નજુમીએ તો કોઈ નવજવાન પાદશાહી બુનીઆદના સવારને વાસતે કહયું હતું, ને એતો કોઈ ફકીર છે, ને તે નવસો વરસ તો તમામ થઈ ચુકાં, ને પેલો નોજવાન સવાર તો હજુ એ

જગો આવી પોંહચીઓ નહી. તેથી મારો જીવ રંજીદે થાયછે; પણ મને હમણાં યાદ આવેછે કે, તે નજુમીએ મને એમ ભી કહયું હતું કે, તે સવાર ફકીરી લેબાસે એ જગો આવશે. અય પાદશાહ, મે તુંને એક વરસ સબર કરવા કહયુંછે, તે કરતાં તુ એક હફતોજ સબર કર, સબબ, તે નજુમીના કહયા મુજબ નવસો વરસ તમામ થયાંછે તેથી તે સવાર આવી પોંહચશે. જોઈએ, અગર એક હફતામાં તે સવાર એ જગો નહી આવી પોંહચે, તો પછે જે કાંઈ તુંને પસંદ આવે તે કરજે, પણ હમણાંતો મારે વાસતે એક હફતો સબર પકડ, ને થોડા દાહડા સારૂ તું પોતાના તન ઊપર સેતમ મા કર. એ હફતામાં તે સવાર આવી પોંહચશે, ને હકતાલાનું ચાહવું છે તો તે નામદારથી તું પોતાની મોરાદને પોહચશે."

તેવારે સોગાદશાહે તે બુઢા મરદને કહયું કે, "તે નજુમીએ તુને તે સવારની કાંઈ નીશાની કહી છે? અગરજો તુંને કંઇ નીશાની દીધી હોય, તો હમો ચેઆર સવારમાંથી તે નીશાન જોઈ લે." તેવારે તે બુઢા મરદે કહયું કે, "હા, મને તે નજુમીએ બે નીશાન તે નોજવાન સવારની કહીછે. અગરજો હું તે નીશાન જોઊં તો તેથી પોતાની ખાતરનીશાન કરૂં." તેવારે સોગાદશાહે ફરામરજને એશારતથી આગલ કરી તે બુઢાને દેખાડીઓ. જેવો તે બુઢાએ ફરામરજને સારી રવેશાથી જોઇઓ તેજ વખત વાંકો વલીને તેને સલામ કરી અને પોતાના હાથબકશ કરી તે ઊપર દોઆ કીધી, ને એટલો તો ખુશીમાં આવીઓ કે, ગોયા એક મરતબે બેહોશ થયો. પછે પાદશાહને કહયું કે, "તે નોજવાન આવીઓ, ને મને તેની એક નીશાન તો મલી, પણ બીજી નીશાન એમાં જોઊં તીઆરે મારી ખાતર જમે પુરી થાય." એ સાંભલી પાદશાહે પુછીઊં કે, "અય પીરમરદ, તે બે નીશાન શું છે, તે મને જાહેર કરી કેહ." એના જવાબમાં તે બુઢાએ કહીઊં કે, "અય તાજના રાખનાર પાદશાહ, પેહલી નીશાની તો તે સવારની ફકીરીના લેબાસની કહી હતી અને તે મલી. જેવારે મેં એને ફકીર દીઠો, તેવારે એક વાતે મારી ખાતેર જમે થઈ. હવે એની બીજી નીશાની હું તુને કહું, અને તે માટે તું તજવીજ કર, કે એની જમણી બગલ નીચે ચેઆર તલ છે, અને તે ચેહારે તલ એક જગો ઉપર એકઠા છે. જેવારે

નેઆસ નજુમીએ એ ભેદ કહયો હતો, તેવારે એ નીશાની દીધી હતી, કે એ ચેઆર તલ તેની જમણી બાજુની નીચે જોઇએ, અને તેમાં એક તલ લાલ રંગનો અને બીજા તરણ તલ આસમાની રંગના હોવા જોઇએ. તે એક એક તલને માથે સીહા નકીર ખેંચેલીછે. તે નજુમીએ કહયું હતું કે, જે કોઇને એ રવેશે જમણી બગલમાં એવી રીતના તલ હોય, તેને સર પાદશાહી હોય. એ નીશાની પાદશાહ જમશેદનાં તોખમની યાદગારીની તથા દોલતની વરધીની છે."

એવા સખુન સાંભલી પાદશાહ સોગાદશાહે ફરામરજને પુછીઊં કે, "અય સરદારોના સરદાર, આ મરદ કેહછે તે નીશાન તારી બગલ માં છે, અને તે તું જાણેછે? જે કાંઈ વાજબી હોય તે મારી નજદીક રાસત કેહ." તેવારે ફરામરજે જવાબ દીધો કે, "અય તાજના તથા તખતના સાહેબ, એ પીરમરદ કહેછે તે નીશાન મેં મારી બગલમાં દીઠી નથી, બલકે કોઇથી સાંભલી પણ નથી. પણ જેવારે એ પીરમરદ ની જુબાનથી મેં મારાં તન ઊપર એવી નીશાન સાંભલી, તેવારે હું હમણાં નજર કરીને જોઊં, અને અગરજો તે નીશાન ખરી હોય તો હું મારી મતલબને પોંહચું." એટલું કહી પોતાનો જમણો હાથ ફકીરની ચોલણીમાંથી બાહેર કાહાડી તે પીર મરદને કહયું કે "અય પીર મરદ, તું નજર કરી જો." એવા સખુન સાંભલી તેજ વખત તે પીરમરદે તેની બગલમાં નજર કીધી, અને તીઆં જોય શું કે અમબરની મીસાલના ચાર તલ હતા, ને તે એક એક તલ ઉપર અલેફની મીસાલની નકીર ખેંચેલી હતી. એવી નીશાન જોઈ તે પીરમરદ હસીઓ, ને ફારીઆબના પાદશાહની તરફ મોહ કરી તેને કહયું કે, "અય સોગાદશાહ, તું ખાતર જમેથી જાણ, કે એ નવજવાનથી તારાં દીલમાંનો ગમ બરતરફ થયો, ને એ માતમ પાહડ જે લોકોને માતમમાં બેસાડતો હતો તે માતમ પાહડ એ નામદારના હાથથી પોતે માતમમાં બેસશે. વાસતે હવે તું પોતાનાં બખતની મદદથી ખુશી કર. કે તારી મોરાદના ઘોડા ઊપર ખુશીનું જીન મંડાયું, ઇઆને તારી મોરાદ બર આવી."

એ રવેશ તે પીરમરદ સોગાદશાહ સાથે ગેફતેગો કરતો હતો, તે વામાં પાદશાહના જસોલ તથા જલાદ લોકો ફારીઆબ શેહરમાંથી એક

બંદીવાનને લાવીઆ. એ બંદીવાને શરાબની મસતીમાં આવી બે તરણ ખુન કીધાં હતાં, અને તે તકસીરથી પાદશાહનાં બંદીખાનાંમાં પડેલો હતો, ને પોતાના જાનથી ઉમેદ કાપી એમ કરી કેહતો હતો કે, "એક દીન પાદશાહ મારૂંભી માથું કાપી નખાવશે." તેને લાવી પાદશાહની નજદીક હાજેર કીધો, તેવારે સોગાદશાહે તેને કહયું કે, "અય કમબખ્ત, તેં તકસીર ઘણી ભારી કીધીછે, પણ અગરજો તું ઘોડા ઉપર સવાર થઇ આ માતમકોહના દરાહની તરફ જાય ને તે દરાહનાં માથાં ઉપર ઘોડો ઊભોછે તે ઘોડાને પકડી મારી નજદીક લાવે, તો તારી તમામ તકસીર માફ કરૂં, ને તારો મરતબો વધારૂં."

હેકાયત લખીછે કે, પાછો ફરીઓ પેહલવાન ફરામરજ કોહની દીવારની નજદીકથી અને હકતાલાની મોનાજાત કરી આજેજીથી જારી કીધી, અને એક ખોઆબ દીઠો.

જેવારે પેલા બંદીવાને સોગાદશાહની જુબાનથી એવી મોરાદ તથા ઊમેદ ભરેલા સખુન સાંભલીઓ, તેવારે એક ઘોડા ઊપર સવાર થઈ પેલા દરાહની તરફ તેણે મોહ કીધું. જેવો તેને આગલ જતાં પેલા ઘોડાએ દીઠો, તેવોજ ખંખારીને આવાજ મારીઓ. તે આવાજ પેલા સવારના ઘોડાના કાનમાં આવીઓ. તેજ વખત તે ચ'લાક પાણી થઇ તે સવારને ખેંચી લઈ દરાહની તરફ ગયો. જેવારે તે પાહડ ઊપરના ઘોડાએ તે સવારને આવતો જોયો તેવારે તે નાહસવા લાગો, અને તેની પછવાડે ફારીઆબના સવારનો ઘોડો દોડીઓ. જેવારે તે ઘોડો સવાર સાથે તે દરાહની નજદીક જાઇ પોંહચીઓ તેવારે તમામ પાહડ સીહા થઇ ગયો, અને તે સીહાઇમાંથી કેટલીએક પરી જાહેર પડી, અને તે દરાહમાંથી લડાઈનાં નગારાંના આવાજ ઊઠીઆ, જે

ચોથા આસમાન લગી ગયા. એવામાં એકાએક તે બંદીવાન સવારનુ માથું, નેજા ઉપર ઊભું કીધેલું, પેલા પાહડના કીલાના કંગુરા ઉપર સોગાદશાહે તથા ફરામરજે તથા બીજા જે કોઇ તીઆં હાજેર હતા, તેઓએ દીઠું. એ રવેશે નામદાર ફરામરજે અજાયબ તમાશો દીઠો, તેથી કેટલોએકવાર તે ધુજીઓ, ને તેનો ચેહરો જરદ થઈ ગયો. જેવારે નામદાર ફરામરજનો ચેહરો પેલી પરીએ એ રવેશે દીઠો, તેવારે તેણીએ કહયું કે, "અય નામદાર પેહલવાન, તેં નજરે જોયું કે, એ સવાર શી રવેશે એકાએક મારીઓ ગયો. વાસતે તું અઊવલ અંદેશો કર. અગરજો યજદાન તારો રાહનો બતાવનાર થાય, તો તુંથી એ જગે જઇ શકાય. બાકી એ જગે જાવું ઘણું કામ રાખેછે."

એવા સખુન તે પરીની જુબાનથી સાંભલીને પેહલવાન ફરામરજ પુરો અંદેશા ભરેલો થયો, અને પછે પાદશાહ સાથે ઘોડાની લગામ ફેરવીને મજીદના તકીઆમાં આવીઓ—પણ ફારીઆબ શેહરની તરફ ગયો નહી. પછે હોકમ કરીને તકીઆના બાગમાં એક તરફ દેહરો મરાવીઓ, ને સોગાદશાહને ફારીઆબ શેહરની તરફ રવાના કીધો, ને પોતે તે દેહરામાં આવી પાક યજદાનની બંદગીને વાસતે બેઠો અને તે દાદના લેનાર સાહેબની નેઆએશ કરી જારીથી કેહવા લાગો કે, "અય પરવરદેગાર સાહેબ! તું તવાના તથા દાના અને દુરબીન તથા બંદાઓને ગુનાહનો બખશનાર છે, અને હું તારો ગુનેહેગાર બંદો છું. તુ મારો હેવાલ જાણે છે, કે મેં બરજોથી દરદ ને ગમ દીઠોછે. હું એકલા ઊપર એ દરદ તથા આફત નથી પડીઊ, પણ મારો બાપ રૂસતમ પણ બરજોથી શેકસત થયોછે. તે બરજો મજલેસમાં બેસી બેઅદબીથી મને નહી બોલવા ઘટે તેવા સખુન બોલીઓ, જેથી મેં ગમખોરગીની રાહથી એક તમાચો આહસતે તેને મારીઓ, જેનો દેલમાં કીનો પકડી તેજ વખત ઘોડા ઉપર સવાર થાઈ તે બાહેર નીકલી ગયો, ને કેટલાંએક વરસ લગી હમોને આજાર દેવાના અંદેશામાં ફરીઓ. એમ કરતાં યુનાન જમીન જાઇ એક હકીમ સાથે મલીઓ, ને તે હકીમના ચારાથાં એક માજુમ ખાઇ પોતાને બદસુરત કરી પોતાનું નામ કીરવાન હબસી કરી રાખીઊં, ને રૂમના પાદશાહ સાથે સાજેશ કરી ઘણાએક

લશકર સાથે આવી રેનાં મેદાનમાં મને તમામ લશકરની હજુર રેસ્વા કીધો. તે વખત તેણે મારી તથા મારા બાપની તથા પાદશાહ કએખોસરોની કસી શરમ કીધી નહી. એવો બેમરૂઅત થયો. હવે તું સાહેબ બંદાની દાદનો લેનાર છે, તેથી આ વખત તું મારી ફરીઆદને પોંહચ, ને એવી નામોરાદીમાંથી છોડવી મને મોરાદ ભરેલો કર, અને એવી એક મેહરબાની વરસાવ, કે હું બીજી મરતબે તેની સાથે લડી તેને આજેજ કરૂં, કે તેથી મારી દેલેરીનું નામ જે તેણે ધુલધાણી કરી નાખીઉં છે, તે પાછું રોશન થાય."

એ રવેશે આજેજીથી કેહતો જતો ને દીદામાંથી પાણી વરસાવતો હતો, ને તે દરાહની તથા માતમ પાહડની જીકર કરતો હતો. એમ કરતાં તેણે તરણ દાહડા ને તરણ રાત લગી ખોઆબ નહી કીધો, અને તેના ઉજાગરાના સબબથી તેનું સર ચોથે દહાડે ખોઆબના જોશમાં આવીઉં, જેથી તેણે ખોઆબ કીધો. તે ખોઆબની હાલતમાં તેણે એક જંગલ ઘણું પાકીજેહ દીઠું. તેમાં લાલાના ચમન તથા ભાંત ભાતના ફુલ, તથા પાણીની નેહરો જારી હતી, તથા હર તરફ સરવનાં તથા ચીનારનાં આડો ઊગેલાં હતાં. તે આડોની ડાહલો ઉપર બુલબુલ તથા તુતી બેસી ખુશ આવાજથી સરોદ કરતાં હતાં. તેનાં ખુશ આવાજના શોકથી ફુલોએ પોતાનાં મોહ પેઆલાંની મીસાલ ખીલવેલાં હતાં. તે જંગલમાં એક ઘણું એવાન બુલંદ દીઠું. તે એવાનમાં ફરામરજ પોતે દાખલ થઈ અંદર ફરવા લાગો અને એમ કરતાં તે એવાનની એક અગાસી ઉપર જઈ પોંહચીઓ. તે અગાસી ઉપર બે તખત, પરવાલાંનાં હતાં. તે બેઊ તખત ઉપર બે પાદશાહ, પોતાના સર ઉપર તાજ મેલી બેઠેલા હતા. તે પાદશાહોની ખીદમતમાં ઘણાએક ખીદમતગારો હાથબકશ કરી અદબથી ઉભેલા હતા. તે બેહુ પાદશાહો હાથમાં શરાબની જામ પકડી પેદરપે પીતા હતા. તે શરાબની કેફથી તેમના રૂખ સારા લાલ અને તેમનું મગજ મસત થયલાં હતાં. તેમને ફરામરજે સેજદો કરી કેટલોએક વખત દોઆ કીધી, અને તેવાર પછે પુછીઉં કે, "અય તખતો તાજને જેબ દેનાર સરદારો, મેં તમારી મીસાલના પાદશાહો જેહાનના દરમેઆનમા કોઈ દીઠા નથી, બલકે બુઢા જાલની

જુબાનથીભી સાંભલીઆ નથી. વાસતે તમારાં નામ તથા નસલ મને કહો, કે તે સાંભલીઆથી મારો જીવ તથા દીલ ખુશી થાય."

એ સાંભલીને તેમાંના એક પાદશાહે. કહીઉં કે, "હું ઇરાન સરજમીનનો પાદશાહ મીનોચેહેર છું." પછી બીજો પાદશાહ બોલીઓ કે, "અય ફરામરજ, તું મને પીછાનતો નથી? હું કએખોસરોનો બાપ સીઆવખશ છું. હમો બેહુ પાદશાહો એ એવાનમાં જોકથી બેસી રાત દીન શરાબ પી એશઅશરતમાં દાહડા ગુજારીએ છઇએ." તેવારે ફરામરજે તેમને કહયું કે, "અય પાકજાદ સરદારો, મને પેલા માતમ કોહના દરાહમાં જવાની રાહ બતાવો. હુંભી જાણું કે, એ દરાહમાં કોણની જગો છે; કોઇ દેવની જગો છે, કોઈ જીન પરીની છે; ઇઆ કોઈ આદમીજાદની છે, અથવા એ જગો કોઇનો તલેસમ છે. એ ભેદ કોઇને માલુમ પડતો નથી." તેવારે અશો રૂહ પાદશાહ સીઆવખશે કહયું કે, "તું એવુ મા બોલ. હમો લોકોથી કોઇની ચુગલી થાય નહી; એવો એ મકાન છે. પણ પાક યજદાનના હોકમથી તું એ પાહડને બરહમ મારશે, ને ઘણા દાહડાનો જે રંજ ગમ તેં દીઠો છે તે તમામ તું વીસરી જશે. યજદાન કારસાજ તુને એ ગમથી છોડવી બેનયાજ કરશે, ને તારો હમનબરદ જે કોઇ હશે તેને તું શેકસત દેશે. વાસતે, જેવારે તું પોતાનું સર ખોઆબમાથી ઉઠાવે, તેવારે એક સવારને ફરીઆબ શેહરમાં મોકલજે, કે સોગાદશાહને તારી નજદીક તે બોલાવી લાવે. એ પાદશાહ તારા બેશ કબીલાની મીસાલ તારી ઉપર દીલથી મેહરબાન છે. જેવારે તે પાદશાહ આવે તેવારે તું પોતાના ગોરાબ ઘોડા ઊપર સવાર થઈ તેને સાથે લઈ એ પાહાડની તરફ જજે. પણ સોગાદશાહને આગલ રાખી તું તેની પછવાડે ચાલજે. તેવાર પછે આગલ જાતાં તે પાદશાહની હરોલ થાજે. તે પાહાડ તથા દરાહની નજદીક તું ઘણીએક દેહેશત જોય, તોભી પોતાનાં દેલમાં ડરતો મા. અગર તે જગોનાં લોકો તારી ઉપર સો મરતબે ચહડીઆં આવે, બલકે શેરની સુરતે તારાં તન ઉપર ચુંગાલ મારવા આવે, તોભી હીંમત પકડીને તેઓ સાથે લડજે; પણ હરગેજ આજેજ થઈ પોતાનું મોહ ફેરવતો મા. એમ થયાથી આખેરશ તુને એક રસતો પાહાડ ઉપર જવાનો નજર આ-

વશે, ને કેટલીએક પરી આવીને તારી જે મુશકેલ હશે તે આસાન કરી નાખશે."

એ રવેશ તે પાક રવાન પાદશાહનું કેહવું, કે નામદાર ફરામરજ ખોઆબમાંથી જાગીઓ. તેજ વખત જેહાનના પેદા કરનાર યજદાનને યાદ કરી એક શખસને ફારીઆબ શેહરમાં મોકલી સોગાદશાહને પેગામ કરાવીઓ, કે તું શેતાબ એ જગો આવી પોહચ. એટલું કેહવાડીને પછે પોતે પોતાના ખોઆબની હકીકત પેલા મજીદ ફકીરને કહી, અને તેટલામાં તો પેલી પરીભી આવી પોંહચી.

હેકાયત લખીછે કે, તલેસમ તરફ ગયાં પેહલવાન ફરામરજ તથા પાદશાહ સોગાદશાહ અને પેલી પરી.

એવામાં સોગાદશાહભી ફારીઆબ શેહરમાંથી તે જગો આવી પોંહચીઓ. તેને નામદાર ફરામરજે કહયું કે, "અય અકલમંદ પાદ-શાહ, મને ખોઆબ દીઠાથી એવો હોકમ છે કે, તું પાદશાહભી મારી સાથે એ તલેસમની તરફ આવે, ને તે જગોનાં કામથી તું વાકેફ થાય, ને હું તુંથી વાકેફ થાઊં, ને તું મારાં કામથી ખબર પામે. વાસતે મને કોઈ બીજાને સાથે લેવાને પસંદ આવતું નથી." એ રવેશે ફરામર-જના કહયાથી સોગાદશાહે પોતાનું સર ફેરવીઊં નહી. પછે એતેફાકથી તે તરફ જવાનો કસદ કીધો, ને સોગાદશાહ પોતે આગલ ચાલીઓ. તેની પછવાડે નામદાર ફરામરજ ચાલતો હતો, અને તેની સાથે ઘોડા સીવાએ કોઈ બીજુ હતું નહી. પણ તેનાં સર ઊપર પેલી પરી હવામાં ઊડતી હતી. એ રવેશ જાણીજોઈને આફતમાં ચાલી જવું કોઈએ હરગેજ સાંભલીઊં હતું નહી.

જેવારે શાહનાં દરમેઆનથી પેલા દરાહની નજદીક જાઈ પોંહ-ચીઆ, તેવારે તે દરાહનાં સર ઉપરના ઘોડાએ એકાએક સોગાદશાહના

ઘોડાને દીઠો; તેથી તે ખંખારીઓ, અને તેજ વખત સોગાદશાહનો ઘોડો ચાલાક પાણી થઈ લગામને બદીઓ નહી, ને દારાહના ઘોડાની તરફ દોડવા લાગો. જેવારે સોગાદશાહનો ઘોડો પેલા ઘોડાની નજદીક ગયો, તેવારે તે ઘોડાએ આગલ રસતો પકડીઓ, અને તેની પછવાડે સોગાદશાહ તથા ફરામરજના ઘોડા દોડવા લાગા. જેવો પેલો ઘોડો દરાહને દરમેઆન જાઈ પોંહચીઓ, તેવો બુલંદ આવાજે હરણીઓ. એવામાં પાહાડની ઊપરના ઘોડાએભી આવાજ કાહડીઓ, તેથી પાદશાહ તથા પેહલવાનના ઘોડા અને જમીન તથા જમાંનો હાલવા લાગાં. તે ઘોડાના આવાજની પછવાડે પાદશાહનો ઘોડો ચાલીઓ, તેથી તથા તે દહરાના ઘોડાના શોરથી અને તેની પછવાડે બીજા ઘોડાઓ ચાલાક પાણી થાઈ દોડતા જતા હતા તેથી, ફરામરજ અજબ રહયો. જેવારે તે સોગદશાહનો ઘોડો તેની પછવાડે ગયો તેવારે પેલા દહરાનો ઘોડો પાછો ફરી આવીઓ, અને તે વેલા એક પોકાર ફરામરજનાં કાનમાં આવીઓ કે, "જો આ ઘોડો પાછો ફરીને દહરાનાં સર ઉપર આવી ઊભો રેહશે, તો તારી આપ્પર આવશે. અવલ તો તું બેહુ આંખે માજુર થઇ જાશે; વાસતે એ ઘોડો પાછો ફરી આવેછે તેને શેતાબ છુવથી માર, કે તે દહરાનાં સર ઉપર જાઈ ઊભો રહે નહી." જેવો ફરામરજના કાનમાં એવો આવાજ આવીઓ, તેજ વખત એક પોકાર બાહરનાં વાદલની મીસાલ મારીને ગોરાબ ઘોડાને તેણે છોડીઓ, ને પેલા તલેસમના ઘોડાની સામે દોડાવતો લઈજાઈ એક ગોરજ એવોતો જોરથી પેલા ઘોડાનાં સર ઊપર મારીઓ કે, તેનું સર ફાટીને મગજ બાહેર નીકલી પડીઊ. એથી તે ઘોડો પછાડખાઇને ખાકમાં પડીઓ. જેવું થે ઘોડાનું જમીન ઉપર પડવું, કે એક ભારી ગરદ ઊઠી, ને તે પાહડ ઉપર એક જલજલો પેદા થયો, ઇઆને જેમકે ધરતીકંપ થાય તે મીસાલ તે પાહડ હાલવા લાગો, ને તે પાહડ ઉપરના પથરો એક એક સાથે અઠડાવા લાગા. એવામાં અજદહા તથા બીજાં જાનવરોનો શોરસાર ઉઠીઓ. તું કહે ગોયા તે વખ્ત હવા તમામ માતમ ભરેલી થાઈ હતી. તે જાનવરોના પોકારથી તથા ડરામણી હવાથી ફરામરજ ઘણો અજબ રહયો, ને પોતાની આંખ વીચી. પછી કેટલેએક વારે તે શોરસાર

બંધ થયો, તીઆરે ફરામરજે આંખ ખોલીને નેગાહ કરી જોયું, તો જોય શું કે, સોગાદશાહ પાદશાહ તથા તેનો ઘોડો ગુમ થયલો હતો. આથી ફરામરજ બીચારો થઈ ગભરાઈ ગયો. એવામાં તેના કાનમાં પેલા આગલા ઘોડાનો આવાજ ફરીથી આવીઓ. એમ કરતાં એક સવાર મોહડાં ઊપર પરદો નાખેલો તેને નજર આવીઓ. તે સવાર એક મસત પાહડની મીસાલના ઘોડા ઊપર સવાર થયો હતો. તેનો ઘોડો તેજીમાં આદમીઓના અંદેશા કરતાં ઘણો ચાલનાર હતો, અને બામદાદનો વા તો તેની આગલ શરમાતો હતો. જોવામાં તે પાહડ કરતાં સરસ અને ચાલવામાં વા કરતાં તેજ—તેજીમાં વીજલી કરતાં વધુ ને તુંદીમાં આતશ કરતાં જીઆદે—તથા નરમીમાં પાણી કરતાં નરમ હતો. તું કહે ગોયા તે ઘોડાના માબાપ વા તથા વીજલી હતાં. એવો તેજી ભરેલો ઘોડો તે હતો. તે ઊપર એક સવાર બુલંદ કદનો શેરની મીસાલ બેહેલો હતો. તેણે જીનના હરણા સાથે એક કમંદ લપેટી મેલેલી હતી. તે સવારની શીકલ તથા બાજુ ઘણાં કદાવર હતાં, ને તે સીનામાં ઘણો ફરાખ ને કમરમાં નાજુક હતો, ઇઆને તને પેહલવાન હતો. પણ તે સવારે સરથી તે પાઊં લગી તમામ લાલ પોશાક પેહરેલો ને પોતાનાં તનને તમામ લડાઇનાં હથીઆરે સમારેલું ને ભારી ગોરજ હાથમાં પકડેલો તું કહે ગોયા તે સવાર નહી હતો, મગર બીજા સવારોના જીવ લીધાની એક બલા હતી. તે સવારે ઘોડો દોડાવતો આવી ફરામરજ ઊપર એક પોકાર મારી કહયું કે, "અય સવાર, તુને એ માતમ કોહ ઊપર શેરની મીસાલ ચાલી આવીઆનો રસતો કોણે દેખાડીઓ? હમણાં તારા શરને સોગાદશાહનાં સરની મીસાલ તનથી ઊખાડી નાખું છું, ને તારાં સરનેભી સોગાદશાહ પાદશાહનાં સરની મીસાલ શેકારબંદ સાથે બાંધીને તારાં તનને સીહા ખાકમાં નાખુછું." તેનું એટલું કેહવું અને ફરામરજ જોય શું કે, સોગાદશાહનું સર તે સવારના શેકારબંદ સાથે બાંધેલું હતું! તેવારે દલગીર થઇ પોતાના દીદામાંથી આંસુ વરસાવવા લાગો કે, "અય ફારીઆબ શેહરના પાદશાહ, સો અફસોસ ને સેતમ છે કે, તું જેવો નેકબખત પાદશાહ મારી મરજીને વાસતે ને મારા સખુનને વાસતે મારીઓ ગયો! જોકે મેં એક ખો-

આબ દીઠો તેથી મેં એ જગે આવીઆનો એરાદો કીધો, પણ તે ખોઆબમાં મને પાદશાહ સીઆવખશે નહી કહયું, બલકે કોઇ દેવે ફરેબ દઈ એ જગો આવીઆનો રસતો બતાવીઓ, જેથી હું ઊમેદ ભરેલો રહી ગયો ને પોતાના જીવથી નાઊમેદ થઇ બેઠો. હવે તો એવું માલમ પડેછે કે, આ દલેર સવારના હાથથી હુંભી પોતાનું સર બરબાદ કરશ."

એ રવેશ નામદાર ફરામરજ પોતાનાં દીલ સાથે અંદેશો કરવા લાગો, પણ જેવારે તે સવારને પોતાનો હમનબરદ થઇ લડાઇ કરવા આવેલો દીઠો, તેવારે નાચાર થઇ તેની સાથે લડવાનો કસદ કીધો, ને જેહેરી પાણી પાયલી તલવાર ઊઠાવી, કે તે સવારનાં સર ઊપર મારે. તેજ વખત તે દેલાવર સવારે પોતાની ચુંગાલ લાંબી કરી ફરામરજના હાથમાંથી તલવાર છીનવી લઇ એક તરફ ફૂંકી નાખી, ને ફરામરજને એક તમાચો એવો તો મારીઓ કે, તેથી તે નામદાર બેહોશ થઇ ગયો, ને તેના બેહુ પાઊં રેકાબમાંથી નીકલી ગયાં, જેથી તે આદમીના સાયાની મીસાલ ખોહારીથી જમીન ઊપર પડીઓ. તેવારે પેલા સવારે ઘોડો દોડાવતો આવી ફરામરજના સીના ઊપર નેજો મેલીને કહયું કે, "હવે પછે મારી સાથે લડાઇ કરશે?" એવું કહયું, પણ ફરામરજ તો બરજોના હાદેસાથી મોત ઊપર બેઠેલો હતો તેથી તે સવારને કહયું કે, "તું મને મારવાથી કસી વાતે અંદેશો મા કર, કેમકે જીંદગાની ઉપર હવે મને ઊમેદ રહી નથી. વાસતે, અય દેલાવર મરદ, મારાં મોતથી મને વધાઇ પોંહચાડ, ઇઆને મને શેતાબ જીવથી માર!" એટલું ફરામરજનું કેહવું કે, શેતાબ તે સવારે ફરામરજના સીના ઊપરથી નેજો ઊઠાવી લઈ કહયું કે, "મેં તુને એ રવેશ પોતાના મોત ઊપર રાજી દીઠો, તેથી તારૂં ખુન માફ કીધું. હું તો ચાહતો હતો કે, તારી પાસેથી એ ઘોડો લેઊં, શા વાસતે કે તેં મારા ઘોડાને અઉવલ શેતાબીથી મારીઓ, તેનો મને ઘણો દાગ લાગે છે. પણ મારી પાસે ઘણાએક ઘોડા છે, તેથી હું કસો અંદેશો કરતો નથી. વાસતે, અય મરદ, તું શેતાબ એ જગોથી ઉઠ, ને એ પાહડ તથા એ દરહાની નજદીકથી શેતાબ વાની મીસાલ નીકલી જા, ને એ જગોની લડાઇ યાદભી મા કર, કેમકે કોઈ શખસ મુંજ "બલાજોય" નામના સવાર સાથે હરગેજ

લડતો નથી. એ જગો તું જેવા ઘણાએક સેપેહસાલારો પોતાની હટે કરી મારા હાથ ઉપર મારીઆ ગયા છે."

એટલું કહી તે સવાર માતમ દરાહની તરફ જતો રહયો. બાદ ફરામરજ તે ખોહારીની ખાક ઉપરથી ઊઠીઓ. ગમ તથા દરદથી તે દીદામાંથી આસું વરસાવતો હતો. પછે દલગીર થઈને પોતાના ઘોડા ઉપર સવારી કીધી, ને કબી સોગાદશાહ મારીઓ ગયો તેનાં મોતથી જારી કરતો, ને કબી પોતાની લડાઇ કીધાથી હસતો; પણ પેલો સવાર જે મસત હાથીની મીસાલ પાહડની તરફ ગયો તેની પછવાડે નજર તેજ કરી જોતો હતો. પછે અંદેશાથી આસપાસ નજર કરી, તો તાંહાં ફરામરજે પોતે સેવાએ કોઇ બીજાને દીઠો નહી. તેથી હકતાલાના શુકરાનાં કરી કહયું કે, "અય સાહેબ! હું એક વાતે ઘણો ખુશી છું, કે એ જગે કોઇ બીજો શખસ નથી, કે મને એક સવારે એક તમાચાએ કરી ખાકમાં નાખીઓ તે મારી ખોહારીની વાત હુંજ મારા પોતાનાજ મનમા સમજી રહીશ. અગર કોઇ બીજો શખસ મારી સાથે એ જગે હતે તો એ મારી રેસવાઈની વાત બાહેર કરતે, ને એ વાતની ખબર બરજોને થાતે તો તે ઘણો ખુશી થઇ મારા બાપની નજદીક જાઈ મારી મસખરી કરી હસીને એમ કરી કેહતે કે, આપણો ફરમરજ માતમ કોહ ઊપર એક સવારના હાથથી છકડ ખાઇ ખોહારીથી ખાકમાં પડીઓ દેખું. એમ થયાથી મારી તમામ મેહનત તથા મરદી બરબાદ જતે. પણ એટલું સારૂં છે કે એ જગો હું સેવાએ કોઈ બીજો છે નહી." એવો અંદેશો કરતો ને કેહેતો કે, "એ બલાજોય પેહલવાન સાથે કોઈ બર આવીશ નથી, વાસતે બેહતર એ છે કે, હું એ દરાહથી પાછો ફરી બાહેર નીકલી જાશ." એવો કસદ કરી પોતાના ઘોડાની લગામ ફેરવી; પણ તે દારાહમાંથી બાહેર નીકલી જવાનો મારગ તેને નજર આવીઓ નહી. એમ કરતાં તે જગે રાત લગી ફરીઓ, ને હર તરફ દાંહેબાંહે ઘોડો ચલાવી આસપાસ નજર કરી, પણ કસો રસતો દીઠો નહી, ને પેલી દીવાર તથા બુઢો મરદ કોઇ નજર આવીઆં નહી.

જેવારે આફતાબ ગોરબ થયો, ને રાતની પુરી સીહાઇ થઈ, તેવારે તે પાહડ તથા દરાહમાંથી એક ડરામણો આવાજ આવીઓ

કે, "સવાર, તું હોશીઆર રેહે." એમ કરતાં તે પાહડ ઊપર તમામ જગો આતશ રેશન થયો. તે દરાહમાંથી ઘણા નાખુશ આવાજ નીકલવા લાગા. એવામાં તે પાહડ ઊપર એક મસત અજદહા નીકલી આવીઓ. તેણે પોતાનું મોહ વકાસેલું હતું, અને તેમાથી આતશના શોલા બાહેર નીકલી પડતા હતા. પછે હર તરફથી હેરેમન લોકોનો પોકાર નીકલવા લગો, ને તે પાહડમાંથી કેટલીએક પરી નજર આવી. તે પરીઓ દમેદમ પોતાની સુરત બદલીને તેણીઓ કબી છુપાઇ જતી ને કબી તો જાહેર નજર આવતી. એ રવેશ એક હજાર સુરતે નજર આવવા લાગી. ફરામરજ બીચારો ભુખતી તથા ગમથી આજેજ થઈ બેચારા આદમીની મોસાલ એક પથર ઉપર બેઠો, પણ હોશીઆરીથી તેણે પોતાના હાથમાં તીરકમાન પકડેલાં હતાં, ને પોતાના જાન ઉપર આવીઓ હતો, ને દેલ સાથે કેહતો હતો કે, "એ જગોનું નામ માતમકોહ કરી રાખીઉંછે તે રાસત છે, સબબ, એ માતમ પાહડે મારે ઉપર માતમ નાખીછે. એ માતમમાથી કોઈ બાહેર નીકલીઓ નથી, ને હુંભી નીકલવાનો નહી. હું કમબખતીનો મારીઓ પોતાને પાઊંએ ચાલીને ધોરમાં આવીઓ." એ રવેશ પોતે દીલમાં અંદેશો કરતો હતો. એવામાં એક આવાજ તેના કાનમાં આવીઓ. તે આવાજથી તેનું લોહી બદનમાં જોશ કરવા લાગું. તે આવાજ એવો હતો કે, "અય ઘોડાઓના દરોગા, સરાએજીનીની વડી બેહન મુનીરાય નામની છે, તેનો ઘોડો શેતાબ લાવ, સબબ હુરાએજીની તે ઊપર ખુશીથી બેસે." તેવારે ઘોડાના દરોગાએ જવાબ દીધો કે, "તે બેમુલા થોડાને તો તેહમતન રૂસતમનો બેટો જેવારે દરાહનાં માથા ઊપર આવીઓ, તેવારે તેણે ભારી ગોરજના જખમે કરી મરીઓ." તેવારે મુનીરાયજીનીએ કહયું કે, "મગર શું તે ફરામરજ પોતાનાં મોતને વાસતે ચાલીને એ માતમ કોહ ઉપર આવીઓછે? જેવારે આફતાબ નીકલે તેવારે ફરામરજને એ જંગલ તથા પાહડમાં તજવીજ કરી પકડી કાહડો, ને તે નાપાકને હાથ બાંધી અમારી નજદીક લાવો, ને તેની પીઆરી ઊમરને કડવી કરી નાખો. મગર શું આપણો બલાજોય સપેહસાલાર જે હાનનાં દરમેઆનથી મરી ગયોછે, કે તે

જાબુલી એકાએક એ જગો આવી ફેસાદ કરેછે?" તેવારે એક પરી એ જવાબ દીધો કે, "અય તમામ પરીઓની પાદશાહ, આપણા બલાજોય પેહેલવાનેતો એ ફરામરજને એક તમાચાએ ખોહાર કરી નાખીઓછે. અને તેની સાથે એક શરત કરીછે કે તું એ જગોથી પાછો ફરી જાઇ મજીદ ફકીરના તકીઆ મા કરાર પકડી બેસે. એવો કરાર કરી તેણે ફરામરજને જીવથી મારીઓ નહી. વાસતે, જો બલાજોય કાલરોજે ફરામરજને એ જગો દેખશે, તો ચકવાની મીસાલ તેનુ તન મસલી નાખશે." તેવારે મુનીરાયજીનીએ કહયું કે, "અગરજો કાલરોજે બલાજોય ફરામરજને જીવથી મારશે નહી, તો હું મારે હાથે બલાજોયને જીવથી મારશ."

એ તમામ સવાલ જવાબો નામદાર ફરામરજ પેલા પથર ઉપર બેસીને સાંભલતો હતો; તેથી ગમગીન થાઇ દીલ સાથ કેહવા લાગો કે, "આજની રાત મારે વાસતે એવડી ગોફતેગો જીન લોકો કરેછે, તો કાલરોજે મારે ઊપર કેઆમત થશે. હવે એલાજ શું કરૂં ? બીજા કમબખતોની વાતથી હું એ ચકરાવામાં પડીઓછું. મજીદ તકીઆદાર હરગેજ ખુશી દેખતો મા, કે તેણે જાણીજોઇને પોતાના ચેલાને એવી બલામાં નાખીઓ, તથા પેલી પરી, કે જેણીએ મને એ દહરાની તરફ આવીઆની રાહ દેખાડી, તેણીભી આતશ તથા સીહા ધુંઈ સેવાએ બીજું કાંઇ દેખતી મા, સબબ, તે કમબખતની મસલેહતે ફારીઆબને પાદશાહ મારીઓ ગયો, ને હું આ આસમાનના ચરખમાં નાવારેસ પડીઓછું." એ રવેશ તમામ રાત ફરામરજ એકલો વાએવેલા કરતો હતો.

હેકાયત લખીછે કે, તલેસમમાંથી એક સવાર પોતાનાં મોહ ઊપર પરદો નાખી બાહેર નીકલીઓ અને તેણે પેહલવાન ફરામરજને નેજાના જખમે કરી જમીન ઊપર નાખીઓ.

જેવારે સેતારાઓના પાદશાહે પોતાનાં સર ઊપર જરીન તાજ પેહડીઊં, અને બુરી શીકલની રાત ગુમ થઈ, ને આફતાબે કરી જેહાન જેબદાર થઈ, યાને બામદાદનો વખત થયો, તેવારે ફરામરજ પાછો પોતાના ગોરાબ ઘોડા ઉપર સવાર થયો, કે તે દરાહમાંથી બાહેર નીકલી જાય; પણ આગલ જતાં તે લદાયક સવારથી ઘણો આજેજ થયો. એવામાં તે પાહાડની પછવાડે એક કીલો નજર આવીઓ અને તેથી તેનું દીલ ખુશીમાં આવીઊં. પછે તે પાહડમાંથી આગલ ચાલી જોય શું કે, તીઆં એક કીલો ઘણો સારો ને ઘણાએક કંગુરાદાર છે. તે કીલાનું સર આસમાન લગી જાઈ પોંહચેલું હતું; પણ તેનો દરવાજો બંધ કરીને તેને ફરતી ખાહી ખણી લીધેલી હતી. તે ખાહી ઊંડી પાણીએ ભરેલી હતી. તે કીલાની સફીલ ઉપર ભારી પથરો મતવાલાની મીસાલ ગોઠવેલા હતા, ને તેના દરવાજાની નજદીક ખાહી ઉપર ઉસતવાર પાવડો બાંધેલો હતો. તે કીલાની અંદરથી ઢોલનો આવાજ નીકલતો હતો, ને તેના હરેક કંગુરાઓ ઊપર આદમીઓનાં સર એલાહેદાં કરી મેલેલાં હતાં. પછે તે નામદાર ફરામરજે તે કીલામાંના વજનતર ઊપર પોતાના કાન ધરીઆ, અને એક ચશમાનાં સર ઊપર ઊભો રહી તે વજનતરનો સરોદ સાંભલી અજબ રહયો. પણ તેનું પેટ ભુખની તથા હોટ પાણીની પીઆસથી સુકાઇ ગયા હતા, તેથી અંદેશો કરી પોતાના ઘોડાને તે ચશમાનાં સર ઊપર ચરતો મલીઓ. પછે પોતાની ઢાલને અસીસાંની જગે માથાં નીચે મેલીને જરા સુતો. પણ તે પાહડની તરફ હેરાનીઅતથી નજર કરી જોતો હતો, કે તે કીલાના બુરજ ઊપર કોઇને દેખે, તો તે પાસે કાંઈ ખાવાનુ માગે.

એવામાં એક મુરગ તે કીલાની દીવાર ઉપર આવી બેઠું, ને પોતાનાં પર હલાવી એક પોકાર મારી આદમીની જુબાને બોલી મસખરીથી સખુન કેહાડવા લાગું કે, "ગઇ રાતે બલાજોય સેપેહેસાલારે પોતાના પાદશાહને એમ કરી કહયું કે, 'આ પાહાડ ઊપરથી ફરામરજ જતો રહયો છે.' પણ તે ફરામરજ તો રાહનો થાકેલો આ કીલાની નીચે આવી પાણીના ચશમાનાં સર ઊપર ખુશ ખોઆબમાં સુતો દેખુ" એટલું કહી તે મુરગે પોતાનું સર હલાવીઊં, તેજ વખત તે કીલામાંથી કીનાન' નગારાંના આવાજ નીકલીઆ. આથી તે મુરગ ઊડીને તે બાહીના પાવડા ઊપર આવી બેઠું. એવામાં એકાએક શેતાબીથી તે કીલાનો દરવાજો ખોલાયો ને કરરેનાએ તથા નગારાંના આવાજ આસમાન લગી જાવા લાગા, ને બલાજોય પેહલવાન પોતાના ઊપર પરદો નાખી તે દરવાજામાંથી બાહેર નીકલીઓ. તેને જોઇને શેતાબ ફરામરજ પોતાના ગોરાબ ઘોડા ઉપર સવાર થયો.

તે બલાજોએ આવાજ મારીઓ કે, "અય ઊધાં બખતના મરદ, તેં પોતાનો અસબાબ હાથે કરીને ગમ તથા રંજમાં નાખીઓ છે. મે તુને કાલરોજે નામરદ તથા આજેજ દીઠો, તેથી મારીઓ નહી, ને જીવતદાન બખશીઊં, ને તારી સાથે કરાર કીધો કે, એ પાહડ ઊપરથી તું શેતાબ બાહેર નીકલી જાય, અગર નહીંતો તારાં સરને કબુતરનાં સરનાં મીસાલ તન ઊપરથી ઊખાડી નાખશ; પણ તું તો હજુ મારી સાથે લડવાની ખાહેશ રાખતો દેખું. અય સવાર, હમણાં તારાં સરને તનથી દુર કરી પેલાં બીજા સર, જે આ કીલાનાં સર ઊપર કંગુરાઓની બરાબર ઊભાં કરી મેલીઆં છે, તેની સાથે મેલું છું." તેવારે નામદાર ફરામરજે તેને કહયું કે, "અય બલાજોય સવાર, તું મારી નજદીકથી જા, ને લડાઈને દુર કર. તું મારા હાદેસાથી ને ગમથી વાકેફ નથી. હું બે દાહડાનો ભુખો તથા પેઆસો છું. વલી એક તરફથી મને કીરવાન હબસીએ ખોહાર કીધો છે તેનો ગમ લાગો છે, તથા બીજી તરફથી પાદશાહ શોગાદશાહ મારેઓ ગયો તેનો ગમ લાગો છે. વલી હુ આ પાહડના તલેસમનાં વમલમાં આવી નાવારેસ થઈ પડીઓ છું તે તો જુદું. એવા હાદેસામાં હું પડેલો છું. તે તમામ ગમ એક તરફ ને

તારી લડાઈનો મને જે મોટો અંદેશો રેહેછે તે એક તરફ લાગેછે. વાસ્તે તું મને કેહે કે, એ કીલો કોણથી છે, ને એમાં સરદાર કોણ છે. મગર કાંઇ ખાણું એ કીલામાં હાજેર રેહ તું હોયતો તે મને કેહે." એ સાંભલી બલાજોય પેહલવાને ફરામરજને કહયું કે, "એ કીલામાં ખાણાંની જગો લાકડીનો માર તથા શરાબની જગે તમાચા સેવાએ કાંઈ બીજું છે નહી." આથી લડાએક ફરામરજ ગોસામાં આવીઓ, અને તેને કહીઊ કે, "મગર શું તારા હાથમાંની તલવારનો તું આશના થવા ચાહેછે? તું કાલ રોજે મારાં ભુખ્યાં તન ઉપર જાસતી કરી ગયો છે, પણ તે દાહડો તો ગુજરી ગયો; હવે તો તારાં સરને એક લેહજામાં ખાકમાં નાખશ."

એટલું કહી હાથમાં નેજો પકડી તેની તરફ આવીઓ, કે તે બલાજોયને ઘેડાનાં જીન ઊપરથી નીચે નાખે; પણ બલાજોએ પોતાની ચુંગાલ લાંબી કરી શેતાબ ફરામરજના નેજાનું નોક પકડી લીધું, ને જોર કરી તે નેજો ફરામરજના હાથમાંથી છીનવી લઈ લાકડીની મીસાલ એક જપેટો તેજ નેજાનો એવોતો તેને મારીઓ કે, તેથી ફરામરજ બેહોશ આદમીની મીસાલ જરી જીન ઊપરથી સીહા ખાક ઉપર પડીઓ. જેવારે તે નામદાર ઘોડા ઊપરથી ખાકમાં પડીઓ, તેવારે તે કીલામાથી નગારાંનો આવાજ નીકલીઓ, ને કેટલીએક બાંદીઓએ તે કીલાના બુરજો ઊપરથી સર ઊઠાવીઆં, ને તમામ કોટના કંગુરા ઊપર પરીઓ સફ મારી બેઠી, ને તે પરીઓ તથા બાંદીઓ ફરામરજની મસખરીઓ કરી સો તાના મારી હસી હસીને કેહતી હતી કે, "એ જાબુલી સવાર ઘણો લડાયક તથા નામીચો થાઇ આવીઓ હતો, પણ હવડાં એક લાકડીના જપેટાએ કરી આ રવેશ બેહોશ થાઇ ઘોડા ઊપરથી જમીન ઉપર પડીઓ છે." પછે બલાજોએ ફરામરજને કહયું કે, "હવે તારા બેહુ હાથ બાંધું છું." એટલું કહી શેકારબંદ ઊપર નજર કીધી, પણ તીઆં પોતાની કમંદ દીઠી નહી. પછે ફરાસરજને કહયું કે, હું મારી કમંદ વીસરી આવીઓ છું, તેથી હું જાણૌં છું કે, તે લાવી તારા બેહુ હાથ ઊસતવારીથી બાંધું. એટલું કહી પોતાના ઘોડાની લગામ ફેરવીને તે પેલા કીલાની તરફ જતો રહયો.

જેવારે તે સવાર ગયો તેવારે ફરામરજ જગોથી ઉઠી પોતાના ઘોડા ઊપર સવાર થઈ વરૂની મીસાલ નાહાસવા લાગો, અને એવોતો ગાભરો પડી નાહસતો હતો કે, તેનાં તન ઊપર હથીઆર બાંધેલા હતાં તેબી બાહાર નીકલી પડીઆં. તોભી તેણે પાછું ફરી જોયું નહી; પણ રાહમાં જતાં દીલ સાથે એમ કરી કેહતો હતો કે, હવે તીજી મરતબે જેવારે એ સવારના હાથમાં પડશ, તેવારે એની ચુંગાલથી ખલાસી પામવાનો નથી. વાસતે બેહતર એજ છે કે, એનાં મોહ ઊપર ધુલ નાખી એ જગોથી બાહેર નીકલી જાઊં. એવો અંદેશો કરી નાહસતો હતો. પણ તેહેનું પેટ ભુખું હતું તેથી દમબદમ તેની આંખમાં તમર આવતાં. આથી તે ખાણું ખાવાને તથા ખોઆબ કરવાને ઇનતેજાર હતો. જેવારે તે જગોથી કેટલોએક આગલ નીકલી ગયો, તેવારે એક જંગલ નજર આવીઊં. તીઆં કેટલાંએક ટોલાં હરણનાં ચરતાં હતાં; તેમાંથી એક હરણ તીરે કરી મારી આતશ રોશન કરી તેના કબાબ કરવા મેલીઆ. પોતે ચાર દાહાડાનો ભુખો હતો તેથી તે હરણ અરધું ચરીઊં તેવુંજ તેનો નાશતો કરી ગયો. પછે અંદેશો કરી કેહવા લાગો કે, "હું એ જગોથી બાહેર જાઊં નહી. મને એવાં ફરબે હરણના શેકાર તથા મીઠાં પાણી અને આરામથી ખોઆબ કરવાની જગો હાથમાં આવીઆં છે, વાસતે હવે કંઈ જાવું નહી, ને એ જગો બલાજોય સવારભી લડાઇ કરવા આવશે નહી. જેવારે મારી મોરાદનું ઝાડ સુકાયું, ઇઆને હું નામોરાદ થયો, તેવારે એ જગે રહીને મરૂં તીઆં લગી જમાનો ગુજારૂં. પણ અફસોસ કે મારા દુશમન લોકો ખુશી થાશે, ને હેરેમનની મોરાદ હાંસેલ થશે, તથા કીરવાનનો ગમ મારા દેલમાંથી કમ નહી થશે! એ દરાહમાં આવીઆથી મેં કાંઇ ખુશી દીઠી નહી." એ રવેશ સો બેકરારીથી તે ચશમાતાં સર ઉપર બેસી અંદેશો કરતો હતો; એવામાં તેની આંખમાં ખોઆબ આવીઓ.

હેકાયત લખીછે કે, ખોઆબ કીધો નામદાર ફરામરજે અને તરણ મુરગોએ આવી એક એક સાથે ગોફતેગો કીધી તે તરફ.

હજુતો તે દેલાવરને પુરો ખોઆબ આવીઓ નહી, તેવામાં તરણ મુરગ, ઘણાં મોટાં, આસમાનની હવા ઉપરથી આવી, જે ઝાડની નીચે ફરામરજ સુતેલો હતો, તે ઊપર બેઠાં. તે મુરગનાં તન જોકે મુરગની સુરતનાં હતાં, તોપણ તેમની ખસલત આદમીની મીસાલની હતી. એમ કરતાં તે તરણે મુરગ બેસીને ખુશીથી એકએક સાથે વાત કરવા લાગાં. જેવારે ફરામરજે તેમને વાત કરતાં દીઠાં, તેવારે તે નામદારે મકરે કરી પોતાની આંખ મીચી, કે તેને જાગતો જોયાથી તે મુરગો પોતાના દીલની વાત છુપાવે નહી. તેથી આંખ મીચી મસત આદમીની મીસાલ તે સુતો અને પોતાના બેહુ કાન તે મુરગોની વાત ઊપર ધરેઆ, કે અગર પેલા દરાહના ભેદની કંઇ વાત કરે તો તે સાંભલીઆમાં આવે, ને પોતે તે ઊપર અમલ કરે, શા વાસતે કે, તે મુરગો પરીની મીસાલ ખુબસુરત હતાં, ને આદમીની મીસાલ જુબાનથી બોલતાં હતાં.

પછે તે મુરગોએ હર તરેહેથી વાતો કરવા માંડી. તેમાં એક મુરગે એમ કહી કહયું કે, "અય મારી બેહનો, તમો નેકીમાં તથા ખુબીમાં ગોયા આફતાબની મીસાલ મશાહુર છો. આ નવજવાન મરદ આ જાહડ નીચે સુતોછે, તે ઊપર તમામ જેહાન બતંગ આવીછે; તેથી અવલ એને પીછાનીઓ જોઈએ, કે એ મરદ કોણની બુનીઆદનો છે, ને એ એકાએક આ માતમ પાહડ ઊપર શાવાસતે આવીઓછે." તેવારે તેને બીજાં બે મુરગે જવાબ દીધો કે, "અય બેહન, હમો એ મરદને પીછાનીએ છઈએ, ને એની તમામ ખબર હમોને માલુમ છે. આપણી પરીઓથી એ ઉપર આફત પડીછે છે. એક પરીએ એ નવજવાનને લાવી આ આફતમાં નાખીઓછે, કેમકે તેની બેહન માતમ દરાહમાં બંદ પડેલી છે, તેને છોડવવાને બની આવે. એ મરદ તો જેહાનપેહલવાન રૂસતમનો બેટો ફરામરજ છે. તું જોતી નથી,

એનુ તન બખતરની નીચે ગોયા એક પાહડની મીસાલનું નજર આવેછે? અલાજોય સેપેહસાલારે એ ઉપર કાલ રોજે સખતી કીધીછે, અને બલાજોયની લડાઇથી એ પેહલવાન આજેજ આવીઓ છે. તું જાણતી નથી, એ નેકબખત પેહલવાને હીંદુસતાનમાં આપણી સાથે તથા આપણાં દોસત લોકો સાથે શીરવેશ ખુબી કીધીછે? આપણાં લોકો ઊપર હેરાસ દેવથી શું આફત હતું? તેની વાતની ઇઆદભી કરવી સજાવાર નથી, એ રવેશ આપણાં ઉપર તેની સખતી હતી. તે રીમન દેવના જીવથી એ નામદારે ગરદ કાહડી નાખીને આપણને બેપરવાહ કીધાં હતાં. તે વગેરે બીજા દેવો તથા જાદુગરોનાં સરને એણે પોતાના ભારી ગુરજે કરી કુટી નાખીઆં હતાં; તેથી આપણા દોસત લોકોનાં દીલ ગમથી છુટાં હતાં. એવી નેકી એ નામદારે આપણી સાથે કીધીછે; તેનું હેસાન હજી આપણી ગરદન ઊપર રહી ગયુંછે. આપણાં સર મુદઈ લોકોના હાથમાં ગયલાં છોડાવીને આપણને સલામત રાખીઆં છે; વાસતે આપણે તરણ બેહનોને લાજમ છે કે, આ વખત એની મદદ મદદ કરી એનાં આગલાં હેસાનનો બદલો વાલી દેખાડીએ. એ નવજવાન મરદ કીરવાન હબસીથી ઘણો દરદ ભરેલો છે. તેમાં વલી આ માતમ પાહડના દરદમાં આવી પડીઓ છે. તેથી એ દરદમાંથી એને છોડવીને ખુશી કરીએ, તો આપણા ઊપરથી એનાં હેસાનનો જુમો છુટે. કીરવાન હબસી તે સોહરાબનો બેટો બરજો છે, પણ કોઇ હકીમ તેને મલીઓ, તે હકીમની માજુમ ખાઇને તેણે પોતાની સુરત બદલ કીધીછે."

પછી બીજાં મુરગે કહયું કે, "એ બલાના ફાંધામા પડેલા પેહલવાનને એ જગોના ફાંધામાંથી હું છોડવું; પણ એ સવાર ખોઆબમાંથી જાગીને મારી તમામ વાત સાંભલે ને તે ઉપર અમલ કરે, તો એ બલાના ફાંધાથી છુટે, ને પોતાની મોરાદને પોંહચે; અગર નહી સાંભલે તો એનું બખત એવું ઊઘાએ કે, ફરીથી જાગે નહી, ઇઆને એ મારીઓ જાય. જેવારે એ ફરામરજ ખોઆબમાથી જાગે તેવારે ઊઠી પોતાના ગોરાબ ઘોડા ઉપર સવાર થઇને છુપો એ કોહે સફેત ઉપર જાઇ સાએત એક કરાર પકડી ઉભો રહે. તેવામાં એક સુરાખદાર પથર ઉપર

એની નજર પડે. તે પથરની સુરાખમાં પોતાના ઘોડાની બાગદોર બાંધે. એમ કરતાં એક ચીતો તે જગો ચશમાંની નજદીક આવી પાણી પીએ; તે ચીતાની નજર ફ્રામરજના ઘોડા ઊપર પડે, તેથી તે ગોરાબ ઘોડાનો શેકાર કરવા શેતાબી કરતો આવે. અગર તે વખત ઘોડો પોતાની બાગ-દોર તોડાવીને નાહાસી જાય તો એ નવજવાનને તે ચીતો મારે. વાસતે એ દેલેરને નેક સુજે તો પોતાના ગોરાબ ઘોડાનો તે ચીતાને શેકાર કરવા દે તો બેહતર છે. અગર એ ફ્રામરજ ઘોડા ઊપર નજર રાખશે, તો પોતે મુફત મારીઓ જાશે, કેમકે તેનાં તનને તે ફાડી નાખશે. વાસતે અવલ શેતાબી કરી તે જગો જાઈ ગોરાબને ઉસતવારીથી પથર સાથે બાંધે, ને ફ્રામરજ પોતે કમાન ઉપર તીર ખેંચી બીજા પથરની પછવાડે કમીગાહ કરી બેસે, અને જેવો તે ચીતો ચશમાની તરફથી પોકાર કરતો ગોરાબ ઘોડાની તરફ આવે તેજ વખત તે જગેથી ઊઠી એક તીર તેની આંખમાં મારે, તો તે ચીતો પોતાનું મોહ ફેરવી એ નામદારની નજદીકથી નાહઠો જાય. તેજ વખત ફ્રામરજ ઘોડા ઊપર સવાર થઈ તે ચીતાની તરફ દોડે, ને આગલ જતાં ઘોડા ઊપરથી જમીન ઉપર નીચે પડે તીઆં શેતાબ પાંઊપીઆદો થઈ શમશેર ખેંચી તેના સર ઊપર મારે, ને જે જગે તે ચીતાનું તન પડે તે જગો ખનજરે કરી ખણે. તેમાંથી એક સંદુક (યાને પેટી) નીકલે; તે પેટીને પોલાદનાં લોહનું તાલું દીધેલું છે. તે પેટીમાં તરણ મોહરા છે. એ તરણ મોહરા સોનાની સાંકલીમાં પરોવેલા છે, અને તે ઉપર હકતાલાનું નામ લખેલું છે. તેના હરફ કોઈથી વાંચી શકાય નહી. અગર ઘણોભી દાના નવીસંદો હોય પણ તેથીભી તે દસખત વાંચી શકાય નહી. પણ તે અજમતી નામ લખેલા મોહરા જે કોઇના હાથમાં હોય તે ઉપર કોઈ પેહલવાન ગાલેબ આવી શકે નહી, ને તે શખસ ઘણો નામદાર થાય. એ તરણ મોહરામાથી એક મોહરો ગલાંમાં બાંધે, જેથી તેને કોઈની નજર લાગે નહી. તથા બીજો મોહરો જમણી બાજુએ બાંધે, તેથી કોઇ પેહલવાન તે ઊપર ગાલેબ આવી શકે નહી. અને તીજો મોહરો ડાબી બાજુએ બાંધે, તેથી તેને કોઇ બલાનો આસેબ પોહચે નહી. તે મોહરા, પેલી સંદુકનું તાલું ભાંજીને લીએ. અય બેહનો, મેં તો એ તમામ વાતથા

એને વાકેફ કરી તે મોહરા એનાં આગલાં હેસાનમાં એને બખશીઆ; હવે તમો બેહુ બેહનો હું કરતાંને વડીઓ છો, તેથી મારા કરતાંને કોઈ નવો હદીઓ એ નેક બખતને તમો બખશો."

તેવારે તેઓ મધેની વચલી બેહને એ રવેશે કહયું કે, "એ નામદાર ફરામરજ અગર તે તરણ મોહરા પોતાનાં તન ઊપર બાંધે, તો એના તનમાં એટલો તો જોર આવે કે, તેજ વખત એ પેહલવાન બલા જોયની લડાઈમાં જાય. જેવારે તે બલાજોય પોકાર કરતો પાહાડની મીસાલ એની નજદીક લડાઈ કરવા આવે, તેવારે એને લાયક છે કે, તે બલાજોયથી પોતાનાં દેલમાં દેહશત લાવે નહી, ને પોતાની તેજ તલવાર ઊઠાવી કીનાથી તે સાથે લડે. એમ થયાથી તેજ વખત બલા-જોય એની તલવારથી જખમી થાય ને એની નજદીકથી નાહઠો જાય; પણ પેલા કીલાની તથા દીવારની તરફ જાય નહી; આસપાસ નીકલી જાય. તેવારે ફરામરજ હીંમત પકડી પોતાનો ઘોડો દોડાવી આજર ગોશાસપની મીસાલ તેની પછેવાડે જાય, અને તેને પછવાડે આવતો જોઈ તે બલાજોય પોતાના ઘોડા સાથે એક કુઆમાં પડે. ફરામરજ, જેવો તે કુઆનાં સર ઊપર જઈ પોંહચે તેજ વખત એક અજદહા તે કુઆમાંથી બાહેર નીકલે. બેહનો, મેંતો એ નવજવાન ફરામરજને તે અજદાહાનું ઠેકાણું દેખાડી તે જગો લઇ જાઇ મેલીઓ; હવેતો તું વડી બેહન છે માટે વધુ વાત તું જણાવ." જેવારે વચલી બેહને એ રવેશ કહીઊં તેવારે વડી બેહને હસીને તેને કહયું કે, "તું સરવ જાણેછે કે એ વગેરે એની ઊપર હવે પછે બીજી સખતી ઘણી પડશે, અને તેથી જે વાત ઘણી નાખુશ રહી તે વાત તમો મારે મોહડે એ નવજવાનને કેહવાડોછો; તો તેનો કસો મુજાકો નથી. જેવારે તે અજદહા કુવામાંથી બાહેર નીકલી કુવામાંથી અતશના શોલા વરસાવશે તેવારે એ લડાએક પેહલવાન ફરામરોજનો ઘોડો પાછો હટીને નાહસશે, તેથી ફરામરજ પોતે પાઊંપીઆદો થઇ લડાઈ કરવા જાશે. તીઆં તે અજદહાની જેહરી ફુંકથી એ નામદાર પેહલવાન બેહોશ થઈ પડશે, અને તેણે કરી દુશ-મન લોકોના હાથમાં કેદ પકડાશે. જેવારે એ દેવબંધ પેહલવાન પોતાના હોશમાં આવશે તેવારે પોતાના તનને બલાના ફાંધામાં દેખશે.

પછે એને મુશકે બાંધીને મસત હાથીની મીસાલ ખેંચતા મુનીરાએજીની ની નજદીક લઇ જશે, તેથી મુનીરાય હોકમ કરી એ નામદારનું સર તનથી કાપવાનો કસદ કરશે. અઊવલ તો એ ઊપર તરેહવાર ડર ને દેહશત નાખશે; પણ એ નામવર તે જગે પોતાની દાનાઈથી કામ લેશે, અને પોતાની જુબાનને ખામોશ કરી કસો સખુન તે જગે બોલશે નહી. અગરજો એ ફ્રામરજ તે અનજુમનમાં કસો સખુન બોલશે, તો તરત એની જીંદગાની આખેર આવશે. જો તે જગે એનું દેલ સબર સાથે આશના થાશે, ઇઆને સબર કરી ખામોશ રેહેશે, તો હુરાએ જીનીથી પોતાનો તમામ ભેદ જાણશે. અને તે હુરાય જીની એક તખની ફીરેજાની આપીને એનાંકામને સરંજામ પોંહચાડશે. જે વારે તે તખતીથી એનું કામ તમામ થશે, તેવારે એની મોરદ મુઆફ્રીક ગંજ તથા ગોહરને પોંહચશે, ને તે પાહડમાંથી ગુંબજની તરફ આવી તે જગેના ચશામાંમા પોતાના તનને ઢોશે, ને વાસતે રેનાં મેદાનમાં ઘણાંએક લશકર સાથે જશે. તીઆં એ નામદારને કોઈ ફ્રામરજ કરી જાણશે નહી, ને એ નામદાર સરવ કોઇને જાણશે, ને બરજો જે તમામ પેહલવાનેમાં સરદારી કરેછે, તેની ઊપર એ સરફરાજ પેહલવાન ગાલેબ આવશે. અગરચે તે બરજો કીરવાન થઈ ને ઘણી દેલેરી કરશે, પણ એની બરાબરી કરી શકશે નહી."

એ રવેશ તે તરણ બેહનોએ માહોમાહે વાત કીધી; તે સાંભલીને ફ્રામરજ જગેથી રોશન સેતારાની મીસાલ તલુ ભરેલો ઊઠીઓ. તેજ વખત પેલાં મુરગભી ઊડી ને તે જંગલની તરફ ખુશી થતાં ગયાં. પણ તે રાતના ફ્રામરજ ખુશીએ કરી એકદમ સુતો નહી; તું કહે ગોયા તેજ રાતનાં ફ્રામરજ પોતાની મોરાદને પોંહચીઓ હતો. તે પોતાનાં દેલમાં એમ કરી કેહતો હતો કે, "કાલ રોજે લડાઇમાં બલાજોય ઊપર જેહાન બતંગ કરૂં, કે અવલ તેના ગમથી મારૂં દીલ ખલાસ થાય. તેના જુલમથી મારાં દીલમાં લોહી બંધાઈ ગયુંછે. જે મીસાલ કીરવાનથી મારૂં દીલ ગમગીન તથા શરમીંદું થયુંછે, તેજ મીસાલ એ બલાજોયથી પણ મારી ઊપર ગમ તથા આફ્રત પોંહચીઊંછે."

હેકાયત લખીછે કે, ગયો નામદાર ફરામરજ કોહેસફેદ ઊપર, અને તીઆં ચીતાને મારીઓ, તે વગેરે.

બીજે દીને જેવારે આફતાબ નીકલીઓ, તેવારે ફરામરજ ગોરાબ ઘોડાનો તંગ ઊસતવાર ખેંચી તે ઉપર સવાર થઈ જોલાન દઈ લડાઇને વાસતે તઇઆર થયો. પણ તેનું દીલ અઉવલ પેલા ચીતા સાથે લડાઈ કરવાની ખાહેશ કરવા લાગું. તેથી ખોદાનું નામ લઇ કોહેસફેદની તરફ ચાલીઓ, કેમકે તે પાહડથી તેને ઘણી ઉમેદ હતી. તીઆં એક પથર પેલાં મુરગોના કહયા મુજબ સુરાખદાર તેને નજર આવીઓ. તે પથર સાથે ગોરાબ ઘોડાને બાંધીઓ. પછે બાજુ ઉપરથી કમાન ઉતારી તેના ગોશા ખેંચી જોઈ એક તીર ભાઠરામાથી કાહાડી કમાન ઉપર ચહડાવી એક પથરની પછવાડે કમીગાહ કરી બેઠો, ને પોતાની નજર પેલા પાણીના ચશમાની તરફ તેજ રાખી, કે પેલો ચીતો આવે તેની ખબર લીએ.

એમ કરતાં જેવારે આફતાબ માથે આવીઓ, તેવારે તે પાહાડમાથી ફરામરજે એક પોકાર સાંભલીઓ. તેની પછવાડે એક ચીતો ઘણી તુંદીથી ભરેલો બાહેર નીકલી આવીઓ. તે ચીતાના જોવાથી પેહલવાન ફરામરજની આંખમા ચકર આવવા લાગાં. તે ચીતો લંબાઇમાં એકસો સાહાઠ વામને આસરે હતો, ને તેનું સર એક ગુંબજની મીસાલનું હતું, તથા તેની બેહુ આંખ ગોયા બે મશાલ રોશન કીધેલી હતી. ને તેની ચુંગાલથી આસમાનની હવા ગરદ ભરેલી થયલી તથા તેનાં મોહમાં દાંતની જગો ગોયા તમામ ખંજર ચોહડેલાં હતાં. તેનાં તન ઊપર ઘણાએક દાગ, સફેદ તથા સીહા, નજર આવતા, ઇઆને તેનું તન ખાજલાંદાર હતું. એ રવેશના એક ડરામણા ચીતાએ તે ચશમાની નજદીક આવી પોતાની મોહતાજ મોઆફેક પાણી પીધું, ને આસાએશને વાસતે તે ચશમાના કીનારા ઊપર ઉભો, ને પોતાનું પુછડું હલાવવા લાગો ને હર તરફ નજર કરી જોવા લાગો. એવામાં તેની નજર તકાવર ગોરાબ ઊપર પડી; તેજ વખત પોકાર કરતો તેની ઉપર દોડીઓ. તેને જોઈ ગોરાબ ઘોડાએ નાહાસવા ચાહીયું; પણ તેને તે

ઘણી ઊસતવારીથી બાંધેલો, તેથી નાહસતાં જમીન ઉપર પડીઓ, ને હાથ તથા પાઊં પછાડવા લાગો. તેનાં તન ઊપરથી જીન નીસરી ગયું, ને તે ઘણો ગભરાઈ ગયો, તેથી બેઅખતીઆર ખંખારવા લાગો. તેને જોઈ ફરામરજનું દીલ બલવા લાગું; તેથી દરદ ભરેલો થઈ દીલ સાથે કેહવા લાગો કે, "અફસોસ! હું મારા જાનને સલામત રાખવા ચાહુંછુ તો એ મારો ઘોડો જાયા જાયછે." એવામાં પેલા ચીતાએ પોતાની ચુંગાલ ખોલી ગોરાબની નજદીક આવી ચાહયું કે, તેને મારી અ-ઊવલ લોહી પીને પોતાનાં તનને આસુદે કરે. એવો અંદેશો કરી ગોરાબ ઉપર ચુંગાલ મારવા કીધી; તેવામાં ફરામરજે એક તીર નીશાન કરીને જોરથી મારીઓ; તે તીર તેની ડાભી આખમાં લાગી નીકલી ગયો. આથી તે ચીતો બરાડીને બે નેજાને અંદાજે ઊંચો કુદીઓ, ને પાછો નીચે પડીઓ, અને તુરતજ પોકાર કરતો નાહસવા લાગો. પછે ફરામ-રજ શેતાબ ગોરાબની પીઠ ઉપર જીન બાંધી આજર ગોશસપની મી-સાલ સવાર થઈ તે ચીતાની પછવાડે દોડીઓ. પણ તેનો ઘોડો રાહામાં જતાં ઠોકરાયો, તેથી ફરામરજ પીઆદો થઇ તેની પછવાડે વાની મીસાલ શેતાબ દોડીઓ, ને તેજ તલવારના એક જખમે કરી તે ચીતાને જીવ-થી મારીઓ, જેથી તે ચીતો ખાકમાં પડીઓ.

તે જગે ખંજરે કરી કેટલીક જમીન ફરામરજે ખોદી, ને પેલી સંદુક બાહેર કાહડી, ને પેલું પોલાદનાં લોહડાનું તાલું ભાજીઊં, ને તે મધેના પેલા તરણ મોહરા પોતાને હસતક કીધા. તે મોહરા કબી તો સબજ (લીલા) નજર આવતા, ને કબીતો આબદાર ગોહરની મીસાલ ચલકતા. તું કહે તે મોહરા સાંપના હતા, કેમકે હરદમ તે તરેહવાર રંગના નજર આવતા હતા. તે મોહરા ઉપર સોનાના હરફ લખીને નુક-તાની જગો નાધલાં બેકીતમ ગોહર મઢી લીધેલાં હતાં, અને તે ઉપર હકતાલાનું નામ લખેલું હતું. તેથી તેમાંથી આફતાબની મીસાલ રોશનીના શોલા નીકલતા હતા. તે તરણે મોહરાને નામદાર ફરામરજે બોસા દેઈ પોતાની આંખ સાથે લગાડીઆ, અને તેમાંથી એક મોહરો પોતાની ગરદનમાં નાખીઓ, ઇઆને ગલાંમાં પેહેરીઓ; ને બીજા બે મોહરા રહયા તે બેહુ બાજુએ બાંધીઆ. તેજ વખત તે જે કાંઇ મો-

રાદ માગતો તે બર આવતી. પછે ગોરાબની પીઠ ઉપર સવાર થઇ આ ગલ રાહ માપી, ને પોતે પેલા બલાજોયના કાંધામાં ગયો.

હેકાયત લખીછે કે, ગયો નામદાર ફરામરજ તલેસમની અંદર, અને તીઆં કેદ પડીઆ.

હવે નામદાર ફરામરજ પેલા કીલાના દરવાજા ઉપર આવી પોહચીઓ, ને તે બુરજ ઉપર એક મુરગ દીઠું; તેથી ફરામરજે એક પોકાર મારી તે મુરગને કહયું કે, " અય બુરી ફાલનાં ને નાખુશ આવાજનાં મુરગ, જેવો તારાં મુરગની જાતનો આવાજ હોય તેવો આવાજ તું કાહડ. અય બદસુરત મુરગ, પેલા બલાજોયને કહેકે, માહરી લડાઇમાં આવે. ગઈ કાલની લડાઈથી મને ઘણી શરમ આવેછે, પણ કાલ રોજે તો હું ભુખો હતો. માટે આજ રોજે તે નાપાક સવારનાં તનને ગેરદાપેચ કરી નાખું." એ રવેશે ફરામરજની જુબાનથી સખુન સાંભલી તે મુરગે બલાજોય ઉપર અવાજ મારી કહયું કે, "અય કીનાના લેનાર સવાર, તું આસાએશથી બેસ મા, ને ફરામરજની લડાઇમાં જા, અને હવેની લડાઈમાં એ જાબુલીનું સર ખંજરે કરી કાપી નાખ."

એવો અવાજ તે મુરગનો સાંભલીને બલાજોએ તે કીલામાંથી પોતાનું સર ઉઠાવીઉં, ને જોય શું કે ફરામરજતો પાહાડની મીસાલના ઘોડા ઊપર સવાર થયલોછે. તેવારે એક સખત પોકાર મારીને કહ્યુ કે, "અય નોજવાન સવાર, હવે આજ રાજે તારી અજલ આવીછે, કે તું તીજી મરતબે મારી લડાઇમાં આવીઓછે. પણ તું આ વખત સલામત જવાનો નથી. હમણાં તારાં તનમાંથી જીવ કાહડી નાખી લોહીએ તારાં બખ્તરને લાલ રંગનું કરૂં છું." તેવારે ફરામરજે તેને કહયું કે, " હવે મને મારવુ ઘણું કામ રાખેછે. તું જાણતો નથી કે, હરરોજ એકજ શખસને ફતેહમંદી હોય નહી. વાસતે હું જાણુછુ કે, આજરોજે તારી અજલે શેતાબી કીધીછે." ફરામરજનું એટલું કેહવું કે, બલાજોએ ત-

લવાર ઊઠાવી અને કહયું કે, "તુને મારીઆથી હવે મને કસો અંદેશો છે નહી." એટલું કહી તે ઉપર ધસીઓ; પણ જેવો નજદીક આવી પોંહચેઓ તેજ વખત તેનો પંજો ફરામરજે તલવાર સાથે પકડી લીધો. બલાજોએ તેની આ હીમત તથા કઊવત જોઈ અજબ રહી તેને પુછવા લાગો કે, "આજ રોજે તુને એવડી કઉવત કીઆંથી આવી? મારી નજદીક એ ભેદ રાસત કેહે" તેવારે ફરામરજે કહયું કે, "કાલરોજે મારા જીવની બલા તું બલાજોય હતો, ને હવે આજરોજે તું બલાજોયની બલા હું છું!"

એવામાં બલાજોયની નજર પેલા મોહરા ઉપર પડી, તેથી નેતરનાં ઝાડની મીસાલ ધુજીઓ, ને કેહવા લાગો કે, "અય બદનસલ, તુને એ તમામ જેહાનના સાંપોના પાદશાહોના જેહરી મોહરા કોણે બતાવીઆ? જે કોઈએ તુને એ પાવજેહરના કરનારા મોહરાની નીશાન બતાવી હોય, તે હરગેજ ખુશીનું મોહ દેખતુ મા, ને તેનો રોશન રોજ શેતાબ સીહા થજો!" એટલું કહી જોશમા આવી પોતાનો પંજો ફરામરજના હાથમાંથી છોડવી શેતાબ લગામ ફેરવીને ફરામરજની નજદીકથી નાહસવા લાગો. પણ પેહલવાન ફરામરજે તેની પછવાડે ગોરાબને દોડાવી તલવારના જખમે કરી તેનો એક હાથ જખમી કીધો. આથી બલાજોય ગાભરો પડી પાહડની તરફ ઊગટ રસતે ઘોડો દોડાવવા લાગો; તેની પછવાડે ફરામરજ આજરગોશાસપની મીસાલ તેજીથી ઘોડો નખાવતો ગયો. એવામાં બલાજોયનો ઘોડો એક કુઆમાં પડીઓ, ને જેવો ફરામરજ તે કુઆનાં સર ઊપર જાઈ પોંહચીઓ તેવોજ તે કુઆમાથી શોર ઊઠીઓ, ને એક મસત અજદહા બાહેર નીકલી આવીઓ. તે અજદહા નહી હતો, ગોયા એક હેરેમન હતો. તેના તન ઉપર માથા બે હતાં. તેનો રંગ સીહા કીરની મીસાલનો હતો. તેના મોહડાંમાંથી જેહરી ફુક નીકલતી, તે ગોયા એક પંજાવો લગાડેલો હોય તે મીસાલ દેખાતી હતી. એવો અજદહા તે કુઆમાંથી એકાએક નીકલીને ફરામરજને જવાનો રસતો બંધ કરી બેઠો, ને ફરામરજ ઉપર જેહરી ફુકના આતશની મીસાલના ગરમ શોલા વરસાવવા લાગો. તેની જેહરની ગરમીથી ફરામરજ આજેજ આવીઓ; ને ગોરાબ ઘોડાથી તો તે જેહરી ફુકની

બરદાશત થઇ નહી તેથી પાછો ફરી નાહસવા લાગો. ફરામરજે તેની લગામ ઘણી ભી ખેંચી, પણ તેને તે બદીઓ નહી. તેવારે શેતાબ પોતે ઘોડા ઊપરથી ઊતરી તેની લગામ જીનના હરણ સાથે બાંધીને છુટો મેલીઓ. એવામાં તે અજદહા દોડતો આવી ફરામરજને દમે કરી ખેંચવા લાગો ફરામરજને કોઇ બીજો શખસ મદદનો કરનાર હતો નહી. તેનાં જેહરથી ફરામરજને લેર આવવા લાગી, પણ જુબાને કરી કસો સખુન બોલીઓ નહી. તો પણ તે અજદહાએ તેને દંમે કરી ખેંચો લીધો. તે વખત ફરામરજ જેહરે કરી બેહોશ થઇ ગયો, ને પરી તથા જીન લોકોએ તેને એ રવેશ બંદ કીધો.

કેટલીએકવાર પછે નામદાર ફરામરજ હોશમાં આવીઓ, તો જોય શું કે, પેલો અજદહાતો પાછો કુઆમાં ગુમ થયલો ને પોતેતો કેદ પડેલો લોહાંની સાંકલે બંધાયલો! તેથી અં દેશો કરવા લાગો. એવામાં હેરેમંની પરીઓ તથા જીન લોકોનાં ટોલાં તે નામદારની નજદીક આવી ઉભાં; તેમાથી એક પરીએ કહયું કે, "અય બેઅકલ, તુ પોતાનાં બુરાં ફેલથી હવે હમારા હાથમાં કેદ પકડાયો. તેં હમારા પાદશાહના સેપેહેસાલારને એકાએક તલવારે કરી મારી નાખીઓ, તો હવે તારાં મોતથી કોણને અફસોસ આવે? જેવારે તે પાદશાહ પોતાના સેપેહસાલારની ખબર સાંભલશે, તેવાર હોકમ કરી તુને જીવથી મરાવશે." એ રવેશ તે પરી ફરામરજને કેહતી હતી. એવામાં એક શોર ઉઠીઓ; તેથી જમીન તથા જમાનો જોશમા આવીઓ ને બેશુમાર હેરેમની પરી તથા જીન લોકો ફરામરજની નજદીક થઈ જાવા લાગાં. પણ તે સરવનાં દીલ ગમગીન તથા મોહ માતમ ભરેલાં હતાં, ને જાર જાર રોતાં હતાં, ને તેઓમાં એક કામલમાં કોઇનું મુરદું બાંધીને તે ચેઆર શખસોએ પોતાની ખાંધ ઉપર ઊઠાવેલું હતું. તેની આગલ પછવાડે ખલક દોડતી હતી. તેમાનો એક એક શખસ ફરામરજની નજદીક આવતો અને એમ કરી કેહતો કે "અય ઊંધે બખતના, હવે તારાં મોતના બાગમાં ફુલ ખીલીઆંછે, તેથી હમણાં તું ફના થાઇ જશે; જીનની પાદશાહ તુને મારવાનો હુકમ કરશે."

હેકાયત લખીછે કે મુનીરાએજીનીની નજદીક લાવીઆ નામદાર ફરામરજને હાથ બાંધીને તથા ગોફતેગો થઈ તેઓ દરમેઆન.

એ રવેશ એક એક શખ્સ ફરામરજને દબકાવી આગલ જતો; પણ તે નામદાર પેહલવાને સબર પકડીને સરવ કોઈના સખુન સાંભલીઆ કીધા, ને કોઈને પાછો જવાબ દીધો નહી—ગોયા તે મુગો થઈ બેઠો હતો. એવામાં પાદશાહના જલલાદ લોકો ધર પકડ સાથે આવી ફરામરજને ભારી બંધ સાથે ખેંચતા પાદશાહની નજદીક લઈ ગયા. તે પાદશાહની દરગાહમાં જવાનો રસતો એક કુઆમાં થઇને હતો. તે કુઆમાં ઉતરીને આગલ જાય તેવારે પાદશાહનો મકાન આવે. તે રાહે થઈ ફરામરજનેભી આગલ લઈ ગયા. તે કીલામાં મરદ તથા ઓરતો પોકાર કરી જાર જાર રોતાં હતાં, ને માતમથી પોતાના રોશનરોજને સીહારાતની મીસાલ કરી નાખતાં. એમ કરતાં તે તમામ લોકો પોકાર તથા જારી કરતાં ફરામરજની પછવાડે ચાલવા લાગાં. તે પેહલવાન સખત બંધે બંધેલો આગલ ચાલતો, અને પોતાનાં દેલમાં ભાતભાતના અંદેશા કરતો. તે પેહલવાને એવો આફત ભરેલો દાહડો પોતા ઉપર જોયો હતો નહી, તેના સબબથી પોતાનાં દીલથી નાઓમેદ થઈ જીંદેગાનીથી હાથ ઊઠાવીઓ, ને દેલમાં પશેમાન થઈ એમ કરી કેહવા લાગો કે, "અફસોસ! મારી ઊપર આ આફત કીઆંથી આવી પડીઓ? મને એ માતમ દહરાની એવડી ખબર હતે તો હું હરગેજ એ જગે આવતે નહી." એમ કરતાં સરવ કોઈ ફરામરજની સાથે પાદશાહની દરગાહની તરફ ગયાં.

તીઆં પેહલવાન ફરામરજે એક ભારી શેહર દીઠું. તે શેહરમાં એક મેહલ બુલંદ બાંધેલો હતો. તે મેહલમાં ફરામરજને મુનીરાય પાદશાહની નજદીક લઇ જવામાં આવીઓ. મુનીરાએજીનીની દરગાહમાં ફરામરજ જોય શું કે, તમામ જરી બીછાણાં બીછાવેલાં છે. તે ઊપર ૭૦૦

પરી તથા જીન લોકો પાદશાહની મીસાલ મજલેસ કરી બેઠેલાં છે. એક જરી તખ્ત માંડેલુંછે, અને તે ઊપર પરીની પાદશાહ (રાણી) મુનીરાય તથા તેની બેટી હુરાય એ બેહુ સાથે બેઠેલાંછે, ને બીજી બેશુમાર પરીઓ હાથ બકશ કરી તેમની ખીદમતમાં બાંદીઓની મીસાલ સફ ખેંચી ઊભીછે. તીઆં પાદશાહ મુનીરાયનાં તખ્તની નજદીક બલાજોયના તનને કામલમાં બાંધીને ઊંધું નાખેલુંછે, ને તેના તન ઉપરથી એક હાથ જુદો પડેલો છે; તેથી તે બલાજોય મુએલો દેખાયછે. તેની માતમથી તમામ મજલેસમાં લોકોની આંખમાંથી આંજુ ગરેછે, શા વાસતે કે બલાજોય હરેક સખત કામમાં તે લોકોને રાહ બતાવનાર હતો. તેથી તેનું મરણ મુનીરાય પરીને ઘણી આજોરદે કરનાર થઇ પડીઊં હતું.

જેવારે ફરામરજે તે દબદબા ભરેલી મજલેસ દીઠી, તેવારે સલામ બોલવાને વાસતે પોતાના હોટ ખોલીઆ, ને સલામ કીધી; પણ તેની સલામ કોઇએ લીધી નહી. પછી મુનીરાએ જીનીએ પોતાની જુબાન ખોલીને કહીઊં કે, "અય ઊંધે બખતના, તેં મારાં લશકર વગેરે તમામ અમીરોને માતમ ભરેલા શા વાસતે કીધા? તેં એકાએક આ જગો આવી અમારા સેપેહેસાલાર બલાજોયને જીવથી મારીઓ. તમો સામે સવારની ઓલાદના એવા ખુની લોકો છો? તમો કોઇ જબરદસત પાદશાહોથીભી ડરતા નથી; પણ હમણાં તુને તારા જાલનાં તમામ ખાનદાન સાથે એ જગે આજાર દઇને જીવથી મારૂંછું, તે તું નજરે જોશે. એ જેહાનને તમારાં ફેસાદખોર ખાનદાનથી પાક કરૂંછું." એવા સખુન મુનીરાયની જુબાનથી સાંભલી ફરામરજ ખામોશ ઊભો, ને તેને કસો જવાબ દીધો નહી. તેવારે મુનીરાએ ગુસામાં આવીને પરીઓને હોકમ કીધો કે, "કેટલીએક પરી તથા જીન લોકો શેતાબ રેનાં મેદાનની તરફ જાએ, ને બુઢા જાલને તેનાં તમામ ખાનદાનનાં લોકો સાથે હાથ બાંધી મારી નજદીક લાવે–તેમાં જેહાનબખશ તથા સામ, તોખારે તથા બરજો, જવારેહ તથા મરજબાન, જાલ તથા રૂસતમ, વગેરે જે કોઈ સામે સવારનાં ખાનદાનના હોય તે સરવે આવે–કે તેમનાં સર હું મારે હાથે તલવારે કરી કાપી નાખું. હવે મને એ ખાનદાનને દુનીઆમાંથી ઊખાડી નાખવાને કસો અફસોસ છે નહી." એવો હોકમ સાંભલીને, જેમ

કે કમાનમાંથી તીર શેતાબ નીકલી જાય તેમ કેટલાએક બદસુરત જીની લોકો રેનાં મેદાનની તરફ ગયા.

એ વાત ઊપર સાઅત એક ગુજરી નહી તેટલામાં તમામ જાબુલી લોકોને પેલા જીન લોકો મુશકા બાંધીને લાવીઆ,—તેમાં જાલ તથા રૂસતમ, બરજો તથા તમુર, જેહાનબખશ તથા જવારેહ, સામ તથા તોખારે, વગેરે તમામ જાબુલી પેહલવાનો હતા,—તેમને બરેહને સરે (ઇઆને ઓડે માથે) પછવાડે હાથ બાંધીને ખોહારીથી લાવી મુનીરાયની નજદીક, જીઆં ફ્રામરજને બાંધેલો હતો તીઆં હાજેર કીધા. તેજ વખત મુનીરાએજીનીએ જલાદને બોલાવી હોકમ કીધો કે, " એ તમામ જાબુલીઓના સર તલવારે કરી પાઊં નીચે નાખે." જેવારે ફ્રામરજે તે અજાયબ તમાશો દીઠો, કે તમામ જાબુલી સરદારોને એ રવેશ ખોહારીથી બાંધેલાછે, તેથી તેના ચેહરા ઊપરનું પાણી તરત ઊડી ગયું, ને તેનું તમામ તન નેતરનાં જાહડની મીસાલ હેબતથી ધુજવા લાગું ને પોતાના દીલ સાથે તે કેહવા લાગો કે, "હું પોતાનું કામ કરવા આવીઓ છું તીઆં એકાએક આ આફ્ત કીઆંથી મારાં સર ઊપર પડી ઊં ! મારા બેટા તથા બાપ વગેરે તમામ કુટંબ કબીલો બગેર તકસીરે મારીઆ જાયછે. જેવારે એ સરવ કોઈ મારીઆ જાય તેવારે મને એકદમ જીવવું નાદોરસત છે. વાસતે અગર જો એ વખત મારા હાથમાં ખંજર હોય તો હું પોતાને હાથે કરી પોતાનું સર કાપી નાખું; બાકી એ જુલમની બરદાશત હું થકી એકદમ થવાની નહી." એવો અંદેશો કરતો હતો, તેવામાં બરજો, જેને પણ તે લોકોની સાથે બાંધેલો હતો, તેની નજર ફ્રામરજ ઉપર પડી. તેવારે તેણે બુલંદ આવાજે કહયું કે, "અય ફ્રેસાદ ભરેલા બદસુરત કાકા, તારી નાપાક તબીએતની સુમીઅતથી સામેસવારનું ખાનદાન તમામ જેહાનમાંથી ગુમ થાયછે, ને તેના નામ નીશાનને વાસતે એક સવારભી જેહાનમાં ઈઆદગારીને વાસતે રહેતો નથી. હવે તો હમો તમામ પેહલવાનો મારીઆ જઇએછે; તેનો કાંઇ એલાજ તારા હાથમાં છે ? અફ્સોસ કે તું જેવો બેટો નાપાક કદમનો જેહાનમાં કોઇને પેદા થતોજ મા ! કે પોતાની બુરી ખસલતે કરી તમામ પોતાના બાપદાદાનાં નામ શરમમાં નાખીને

તે નામદારનુ ખાનદાન ખરાબ કરી નખાવેછે." એવા તાનાજનીના સખુન બરજોની જુબાનથી સાંભલીને ફ્રામરજ પેચોતાબમા પડીઓ, પણ તેને પેલાં મુરગોની મને હતી તેથી તથા પોતાના ગમથી, બરજોને કસો જવાબ તેણે દીધો નહી, બલકે તેની તરફ જોયુંભી નહી. એવામાં નાતરસ જલાદે પોતાની પાદશાહ મુનીરાયના હોકમથી દેહશત ભરેલાં ચામડાં બીછાવીઆં. એવાં ગાયનાં ચામડાં જેવારે પાદશાહ લોકો પોતાની દરગાહમાં કોઇને ગરદન મરાવે તેવારે તે જગો બીછાવેછે, કે તે જગો લોહી નહી પડે. તેને વાસતે દરગાહમાં ચામડાં બીછાવીઆં, કે તે જાબુલી લોકોના ખુનથી જમીન ખરાબ નહી થાય. પછે જલાદ લોકોએ હોકમ માગીઓ કે, તે લોકોના સર તનથી દુર કરે. તેને પાદશાહે રજા આપી, અને તેથી તે નાપાક બદસુરત જલાદ જાલની તરફ ગયો, કે અઊવલ તે સરફ્રાજનું સર તનથી દુર કરે, અને તેવાર પછે રૂસતમ વગેરે બીજા તમામ પેહલવાનોના સર કાપી નાખે.

એવામાં હુરાએજીની, જે મુનીરાએજીની બેટી થાએ, તથા જેણી આ વેલા પોતાની માની પાસે તખત ઊપર બેઠેલી હતી, તે પોતાની જગેથી ઊઠી પોતાની મા મુનીરાએજીની નજદીક પોતાનું સર જમીન ઊપર મેલી સેજદો કરી ને કેહવાગી કે, "અય મેહરબાન માદર, તું જેહાનના દરમેઆનમાં હમેશ ખુશી સાથે જીવજો! આ રવેશ દોઆ કરી હું માગી લઊંછું કે, આજ રોજે આ લોકોને ગરદન ના મરાવ. હમણાં તો ફ્રામરજની સાથે એ સરવ કોઇ પેહલવાનોને લોહાંની સાંકલોએ ભારી બંધે બંધાવી બંદીખાનામા કેદ કરાવ; અને કાલરોજે જેવારે આફતાબ નીકલે તેવારે આપણી દરગાહના દરવાજા ઊપર કેટલીએક સુલી ચોહડાવીને એ તમામ જાબુલીઓને તથા ફ્રામરજને તે સજા દઇને માર, કે ફરીથી કોઈ બીજો શખસ એવી શોખી તથા બેઅદબી આપણ લોકો સાથે કરે નહી." જેવારે મુનીરાએ પોતાની બેટી હુરાયથી એવા સખુન સાંભલીઆ તેવારે તેની તરફ નેગાહ કરી કહયું કે, "અય મારી નામદાર પેઆરી બેટી, એ તમામ જાબુલી બંદીવાનોને મે તારે હવાલે કીધા. પણ એમાંથી રદ એકને જુદા જુદા

બંધ કરજો, ને એવું કરજો કે એ કીનો જુનો નહી થાય, ઇઆને એ લોકો ઊપર મેહરબાની મા લાવશો." એટલું કહી સઘલા જાબુલીઓને પોતાની બેટીને હવાલે કીધા. તેવારે હુરાએ પોતાની માને સેજદો કરીઓ, અને ફરમાન બરદારોને હોકમ કીધો કે, "એ બંદીવાનોને બાહેર લઇ જાઓ." તેથી જલાદ લોકો તે બંદીવાનોની રસી પકડી ખોહારાથી ખેંચતા દરગાહમાથી બાહેર લઈ ગયા. ફરામરજ પોતાના તમામ કબીલાને એ રવેશ બાંધેલા જોઈ ઘણો સોગ તથા દરદ ભરેલો થયો હતો તેથી તમામ રાત તેને અંદેશાએ કરી ખોઆબ નહી આવીઓ.

હેકાયત લખીછે કે, મુનીરાએજીનીએ પોતાની જાદુઈ નજરબંદી કરી તમામ જાબુલી પેહલવાનોને ખોહારીથી બાંધેલા ફરામરજને દેખાડીઆ, તથા તે પછી તેણીએ નામદાર ફરામરજ ઊપર ઘણી એક મોહબત બતાવી.

જેવારે આફતાબે પાહડનાં સર ઊપર સવારી કીધી, તથા તમામ દરીઆવ અને ખુશકી રોશની ભરેલાં થયાં, યાને બામદાદનો વખત થયો, તેવારે અમીર લોકો મુનીરાયની નજદીક જાઈ કેહવા લાગા કે, "આપણા ઊપર સામે સવારની અઓલાદથી ઘણી બદી પોંહચી છે, વાસતે આપણા સેપેહેસાલાર બલાજોયના કીનામાં ફરામરજ વગેરે તમામ પેહલવાનોને સુલી ઊપર ચહડાવવા જોઇએ." તેવારે મુનીરાએ તમામ પેહલવાનોને બંદીખાનાંમાંથી પોતાની નજદીક મંગાવીઆ, ને બીજી મરતબે ફરામરજ ઊપર તુંદી કરી કેહવા લાગી કે, "મારી તલવાર એવડી શું બુઠી થાઇછે, કે તુ જેવો સગજી એ જગો આવી એવડો ફેસાદ કરે, ને દેવ તથા પરી તથા જીની લોકોનાં ખુન જમીન ઊપર નાખે? વાસતે હમણાં તેના બદલામાં તારી ઊપર તીરનો વરસાદ વરસાવી

તારાં તનને સીસોલીઆં જાનવરનાં તનની મીસાલ કાંટા ભરેલું કરૂં છું. તું એખલાનેજ નહી પણ તારા બુઢા જાલ તથા રૂસતમ વગેરે તમામ જાબુલીઓ, જે મારા બંદીખાનામાં છે તેઓ ઉપર પણ એવો હાદેસો નાખુંછું." પણ ફરામરજને પેલાં જાનવરોએ મને કીધો હતો તેથી ખામોશજ બેઠો ને કાંઇ સખુન બોલીઓ નહી.

એવામાં જલાદ લોકોએ મુનીરાયને કહયું કે, "બંદીવાન લોકોને મારવાનો સામાન તઈઆર છે; વાસતે તું હોકમ આપેતો તેમને સુલી ઊપર ચહડાવવા માડીએ." તેવારે મુનીરાએ હોકમ કીધો કે, "એ સામે-સવારની બુનીઆદના તમામ પેહલવાનોને શેતાબ જીવથી મારો." મુની-રાયનું એટલું કેહવું કે, તે પેહલવાનોને દરગાહાના દરવાજા આગલ લઈ ગયા. આથી પેહલવાન ફરામરજના દીદામાંથી આંસુની જગો લોહીના કતરા ગરતા થયા. એવામાં પોતે મુનીરાય પાદશાહી દરગાહામાંથી બાહેર આવી દરવાજા ઊપર ઊભી. તેને જોઈ ફરામરજ હેરાન રહયો. પછે મુનીરાય શેતાબો કરવા લાગી કે "હજુ એમને મારીઆ કેમ નથી ? ચાલો તાકીદ કરો." તેવારે જલાદ લોકોએ પેહલી રસી બુઢા જાલની ગરદનમાં નાખી, કે તેને સુલી ઊપર ઊંચો ખેંચે. આ જુલમની બર-દાશત ફરામરજથી નહી કરી શકાઇ, તેથી પોતાની આંખ વીચીને સર નીચું નાખી ખામોશ ઊભો. મુનીરાય પરી હરેક તદબીરથી ફરામરજને બોલાવા ચાહતી હતી, કે હરેક ચારો કરી તેને દેહશત દેખાડે, તો એ પેહલવાન બોલે. પણ હોશ ભરેલો ફરામરજ પેલાં મુરગોની નસીહત યાદ કરી ખાંમોશીથી જુબાન બાંધી ઊભો હતો. પછે બીજી મરતબે હુરાએ-જીનીએ જુબાંન ખોલીને પોતાની મા મુનીરાએજીની પાસે માગી લઈ કહયું કે, "અય મેહરબાન મા, આજ રોજેભી એમને મેહતલ આપ, ને મારવા ના દે; કાલ રોજે હોકમ કરજે. કાલરોજે સરવ કોઇ એકએક તુકડો કાઠી લાવે, અને પછે તે કાઠીની ચાહ સીચી તેની આગમાં એ તમામ જાબુલીઓને બાલી નખાવશું. એ લોકોને તે સજા દઈ મારજે, જેથી બીજા લોકોને નસીહત થાય, કે સામે સવારની ઓલાદના એક છોકરાએ જીન તથા પરીના મુલકમાં જાઈ તેમના પાદશાહા સાથે શોખી કીધી, તેથી જીનની પાદશાહે સામના ખાનદાનના તમામ પેહલવાનોને

પકડી મંગાવી આતશમાં બાલી નાખીઆ". એ રવેશ હુરાય બેટીએ પોતાની મા મુનીરાયને સમજાવીને તે દાહડેબી તે લોકોને બચાવી પાછા બંદીખાનામાં કેદ કરાવીઆ.

જેવારે તે દાહડો ગુજરી ગયો, ને બીજે દાહડે આફતાબ નીકલીઓ, તેવારે મુનીરાય પાદશાહાના હોકમથી એક ચાહે ઘણી ભારી આતશની તઈઆર કીધી, ને ફરામરજને તથા તમામ જાબુલી પેહલવાનોને તે આતશની ચાહની નજદીક લઈ ગયા. તીહાં મુનીરાએ આવીને ફરામરજને દેહશત દેખાડવાને વાસતે ગોસાથી જલાદ લોકોને કેહેવા લાગી કે, "હજુ એ બંદીવાનોને આતશમાં નાખીઆ નથી તે શું છે? અગર કાંઇ તમો લોકોને એ જાબુલીઓ સાથે સાજેશ (બનતું) છે? શેતાબ કરો, ને એ તમામ પેહલવાનોને એક બીજાની પછવાડે આતશમાં નાખો, ને તમામોને બાલી રહયા પછે એ ફરામરજનેભી આતશે કરી બાલી નાખજો." એવી દેહશત ફરામરજને દેખાડવા લાગી, કે તેમ કરતાં ફરામરજ મોહડેથી કાંઈબી બોલે, તો તેણી મોરાદ મુઆફેક તેની ઊપર કામ લે. પણ તે છતાંબી તેને ફરામરજે કસો જવાબ દીધો નહી. તેવારે મુનીરાએ ફરામરજને તાનો મારી કહયું કે, "તમો જાબુલી લોકોતો પોતાને ઘણા દલેર ને નામીચા પેહલવાનો કેહવાડતા હતા, અને હવે એ રવેશ બરેહને સર બીચારા લોકની મીસાલ થઈ તું શા વાસતે ઊભો છે? ને એ રવેશ તારી જુબાન સાથી બંધ થઇ છે?" એવી તરદેદ તથા હોનરથી મુનીરાએ ફરામરજને બોલાવવાનો ઘણોભી ચારો કીધો, પણ તે હોશભરેલો હતો, તેથી કસો પણ જવાબ દીધો નહી.

આ મામલાથી અંતે મુનીરાએજીની ઠાકી, અને મીઠી વાતો કરવા ઉપર પોતાની જુબાન ખોલી, તથા દોડતી આવી મોહબતથી પેહલવાન ફરામરજના હાથને બોસા દઇ ખુશીથી તેની સાથે વાત કરવા લાગી, એટલુંજ નહી પણ ફરામરજનો હાથ પકડી લાવીને તેને પોતાનાં જરી તખત ઊપર બેસાડીઓ, તથા પોતે તેની ખેદમતમાં હાથ બકશ કરી ઊભી ને ઘણીએક મોદારત કરી તેને કેહવા લાગી કે, "અય નેકબખત ફરામરજ! જેહાન પેહલવાન રૂસતમ ખરેજ બખતાવર છે, કે દાદગર દાવરે તે નામદારને તુંજ સરીખો નામદાર બેટો આ-

પીઓછે. અય ફરામરજ, મેં તુને હાથ પાઓંમાં લોહાંની શાંકલ નાખી કેદ કીધો, તથા તારે ઊપર ગોસો કરી તુને હું બદસખુન બોલી, તથા આ તમામ જાબુલી લોકોને મંગાવીને તુને દેહશત દેખાડી,—તે સરવ વાત કરીને મેં તારૂં માજણું જોયું હતું, ને તારી અજમાયશ કીધી કે, તું કસો સખુન બોલે. તેમાં અગરજો તું ગોસો કરી મારી સાથે કંઈ બોલતે તો તું તરત મરી જતે. અય નામદાર પેહલવાન—નેક ખાનદાનના ફરામરજ—તારે ઊપર હજારો હજાર આફરીન હોજો, કે તું દાનાઈથી એવી સબર પકડી શકીઓ છે! હવેતો જે કાંઈ મારેથી તારા બાબમાં તકસીર થઈ હોય તે મને માફ કર, ને એક હેરેમની દેવ, જે હેરાસ નામનો છે, તથા જેને જોહાક પાદશાહે આ જગો મકાન આપી રખેલો છે, તથા જેની બરાબર કોઈ બીજા જાદુગરો આવી શકતા નથી, તેને તું માર. પાદશાહ જોહાકનો ખજાનો એ જગેના તલેસમમાં છે અને તે ખજાના ઉપર તે દેવ ચોકી છે, અને તેથી તે રાત દીન તેની ચોકી કરેછે. જેવારે જોહાક તેને મલીઓ તેવારે તેથી ઘણીએક જાદુઈ શીખીઓ. એ દેવની જાદુઈએ કરી કેટલીએક પરી બેઅખ્તીઆર થઈ ને તે દાહડેથી તે આજલગી જીન નથા પરીઓમાં કસી સરકશી રહી નથી. પાદશાહ જોહાકે પોતાની જાદુઈને જોરે મને એ જગે લાવી બંધ કીધેલી છે. તે પછે નવસો પેટી ખાસ સુનાની ભરેલી તથા બીજી બસો પેટી મોતી તથા ગોહરે ભરેલી. કે જેમાનુ એક એક મોતી આફતાબ કરતાંભી રોશન છે, તે એ કીલામા બંદ કરી તેની કુંચી મારે હવાલે કીધીછે. તે વગેરે બીજાં એક હજાર બખ્તર તથા કોલાહ, ગોહર તથા મોતીના જડાવ સાથેનાં, એ જગે એલાહેદાં છે તથા બેમુલાં ભારી હથીઆરો, જે અસલ પાદશાહા જમશેદનાં, પણ જોહાકના હાથમાં આવેલા, તે હથીઆરોભી એ જગે છે. તે અસલનાં હથીઆરો એવા તો ભારી છે કે, હમણાના હથીઆર તો તેની આગલ નકલ સરખાં છે. વલી તેની ઉપર તમામ કીમતી મોતીઓ તથા લાલ તથા ગોહરનો જડાવ છે. એ તમામ ગંજ તથા હથીઆર જેવારે તું તે હેરાસ દેવને મારે તેવારે તારા હાથમાં આવે, અને તેથી તું જેહાનનાં દરમેઆન સરવ કોઈ ઊપર સરફરાજ થાય. એ તલેસમની કુંચી તે બલાજોય;

સવાર હતો, તે તો મારીઓ ગયોછે, જેથી હવે કેટલીક મુશકેલી ઓછી થઇછે."

એ તમામ સખુન સાંભલીને ફરામરજે મુનીરાયને કહયું કે, "તું જે કાંઇ બોલેછે તે તમામ રાસત છે, ને તારા એવા રાસત બોલવાથી તારૂં ભી કામ ઘણું સમરશે. પણ અગરજો તું મારી સાથે દીલથી દોસતી રાખતી હોય, તો આ મારા બાપ તથા બપાવાને તથા મારા બેટાઓ અને ભતરીજાઓને અને તે વગેરે જે કોઇ મારા ખેશીઓ તારાં બંદીખાનામાં બેઆબરૂથી બાંધેલાછે તેમને, છોડી દઇ ઘણીએક આબરૂ આપીને પાછા વેદા કર." એ સખુન ફરામરજની જુબાનથી સાંભલીને મુનીરાય પરી હસવા લાગી, ને કહયું કે, "અય દલેર ફરામરજ, તારા નામદાર બાપ જેહાનપેહલવાન રૂસતમને કેદ પકડવો ઘણું કામ રાખે છે. કોણની તાકાતછે કે જીઆં લગી જેહાનપેહલવાન રૂસતમની જાત સલામતછે તીઆં લગી સરફરાજી તથા બજોરગી ભરેલા જાલની આબરૂ ઊપર હાથ નાખે! તે કરતાં જેહાનબખશ તથા બરજોઅને તમુર તથા સામ વગેરે તમો જાબુલી પેહલવાનોની ઉપર, એવો કોણ છે કે ગાલેબ આવે? દુનીઆમાં કોઇએ એવું સાંભલીઉં છે કે એક શખસ જાઇને સામેસવારનાં તમામ ખાનદાનને બાંધી લાવે? પણ એ તો હમારો દબદબો તથા દેહશત તુને દેખાડવો હતો, તેથી મેં જીન લોકો પાસે તારી નજરબંદી કરાવી તુને એવો તમાશો દેખાડીઓ. તે કરતાં હમોએ જોહાક સાથે કોલ કીધો હતો તે કોલ બજા લાવીઆં, પણ જેવારે તારૂ દેલ દેહશત ખાઇને જગોથી ફરીઉં નહી, તેથી હમો નામોરાદ થયાં ને તારી જે કાંઇ મોરાદ હતી તે બર આવી. પણ હવે પછે તું પોતાનું મોહ પેલા હેરાસ દેવની તરફ કરી તેને મારવા માટે કીનાની કમર બાંધ."

એ તમામ સખુન સાંભલી નામદાર ફરામરજ ખુશી થયો. તે પછે તે હેરાસ જાદુનો તમામ ભેદ પુછીઓ, જેથી મુનીરાએજીનીએ કહયું કે, "અય નામદાર, અગર તારી પાસે પેલા મોહરા છે તો તું બેદેહશત જા, ને તે દેવની સાથે કીનાથી લડાઇ કર. અગર તારા હાથમાં તે તરણ મોહરા આવીઆ નહી હોય, તો તું એ જોહાકના ખજાનાથી હાથ ઊઠાવી ગોરાબ ઊપર સવાર થઇ ફારીઆબ શેહરની તરફ જા,

નહી તો તું બીજી મરતબે દેવોના ફાંધામાં પડશે, અને તેથી તું મારીઓ જાશે." એ સખુન સાંભલીને નામના ઊઠાવનાર ફરામરજે મુનીશયને જવાબ દીધો કે, "અગર એ મોહરા મારી પાસે નહી હતે તો તે બલાજોય સવાર મારો શેકાર કેમ થતે ?" એ પછે મુનીશએ ફરામરજને નીશાન દેખાડી, કે પેલો હેશસ દેવ ફલાની જગોના ગારમાં છે, તેથી ફરામરજે લડાઈનાં હથીઆર બાંધીને પાક યજદાનનુ નામ લીધું, તથા તે ગારની તરફ મોહ કરી ચાલીઓ.

હેકાયત લખીછે કે, નામદાર ફરામરજે સોગાદશાહને તથા પરીને બંદમાથી છોડવીઆં અને બુઢા મરદની નજદીક દીવાર નીચે દેવને મારીઓ.

જેવારે તે નામદાર પેહલવાન તે ગારનાં સર ઊપર જાઈ પોંહચીઓ તેવારે શેરની મીસાલ તે ગારમાં દાખલ થાયો. એ વેલા એક આવાજ જારી સાથેનો આવીઓ કે, "અય દાદગર, તું મને એ નર દેવના દહશમાંથી ખલાસી આપ, કેમકે મારો જીવ તનના રંજથી હવે હોટ ઊપર આવીઓછે. વાસતે અય દાદના લેનાર સાહેબ, મારે ઊપર કરમ બખશેશ કર અને મારી નજદીક નામદાર ફરામરજને મોકલ." એવો આવાજ સાંભલીઓ, તેથી ફરામરજ અજબ રહી તે ગારમાં પોતે દાખલ થયો, અને હર તરફ નેગાહ કરવા લાગો. એવામા તેણે બે માહતાબને મોહની બાનુઓ તે જગે બંદમાં દીઠી. તેણીઓ પોતાની ચોટીની મીસાલ મોહ નીચાં નાખી બેઠેલી હતી. જેવારે તે પરીજાદે પોતાનાં સર ઊઠાવીઆં, તેવારે લડાયક ફરામરજને તેઓએ જોયો, અને તેને પીછાનીઓ. એ વખત ફરામરજે તેણીઓને પુછીઉં કે, "તમો એ બંદમાં શીરવેશ પડીઆં છો ? હું એવું બંદીખાનુ તમારે લાએક જોતો નથી." તેવારે તેઓમાંથી એક પરીએ તેને જવાબ દીધો કે, "જેવાર તું એ દહશની તરફ શેરની મીસાલ આવીઓ, તેવારે પેલા હેશસદેવે મને હવા ઊપર ઉડતી દીઠી, અને તેજ

વખત મારી નજદીક આવી મને પકડી લઈ મારી બેહનની સાથે મને અહીં બંદ કરી બેસાડી. હું કેદ પકડાયાથી તે ઘણો ખુશી થાયછે." તેવારે નામવર ફરામરજે તેને પુછીઊં કે, "અઊવલ તો મને સોગાદશાહની નીશાન બતાવો, કે તે નામદાર પાદશાહાથી મારૂં દીલ દરદમાં પડીઊં છે." તેવારે પેલીએ જવાબ દીધો કે, "તે સોગાદશાહ તો પોતાના બેટા તથા બેટી સાથે એક જગો બીજે ઠેકાણે બંદમાં પડેલો છે." તેજ વખત ફરામરજે તે પરીઓને બંદથી છોડવી ને પછે સોગાદશાહ તથા તેના બેટા સીહાલની તરફ ગયો, અને તે પાદશાહને તેનાં બંને ફરજંદ સાથે બંદમાંથી છોડીઓ. તીઆરબાદ તે પાદશાહ તથા તેનાં ફરજંદ અને પેલી પરીઓ સાથે પેહલવાન ફરામરજ ખુશી થાતો ગારમાંથી બાહેર નીકલીઓ.

પણ એવામાં એક વાદલ આવાજ મારતું જાહેર થયું! તે વાદલ નહી હતું, મગર હેરાસદેવ આવી પોહચીઓ હતો. તેનો પોકાર ફરતા આસમાન લગી જાઈ પોહુચીઓ હતો. તેણે જેવા ફરામરજને તે જગોના બંદીવાનો સાથે બાહેર નીકલી જાતો દીઠો, તેવારે તુરત જમીન ઉપરથી એક ભારી પથર ઉઠાવી શેતાબીથી દોડતો આવી તે પથર ફરામરજ ઉપર મારીઓ. પણ ફરામરજે શેતાબ પોતાનું સર ચોરાવી લીધું, ને વીજલીની મીસાલની તેજ તલવાર ખેંચી. એવામાં તે દેવે પોતાની ચુંગાલ ફરામરજ ઉપર લાંબી કીધી, કે તેને ઊઠાવી લઈ સોહા ગારમાં બંદીખાને નાખે; અને જેટલો જોર હતો તેટલો અજમાવી ફરામરજને ઉઠાવવા ચાહયું. પણ તે ફરામરજને જગેથી ઉઠાવી શકીઓ નહી. તેથી અજબ રહી તેનાં તન ઊપર નેગાહ કરી, તો જોય શું કે પેલા અજમતી મોહરા તે ઉપર છે! એથી તેજ વખત ફરામરજનો કમરબંદ મેલીને તે નાહાઠો. પણ ફરામરજ તેજ વાની મીસાલ તેની પછવાડે લાગો, અને દોડતો જાઈ એક જખમ તલવારનો એવોતો સાફ તેની ઉપર મારીઓ કે, તે નાપાક દેવના બે તુકડા કરી નાખીઆ.

પછે તે દેવનું સર તનથી કાપીને મુનીરાયની નજદીક લઈ ગયો, જેથી તે નામદારનું સર ગોયા આસમાન સાથે લાગું. એ બનાવ જોઈ મુનીરાએ તે તલેસમમાંના તમામ ગંજની કુંચી લાવી ને ફતેહમંદ ફરામ-

રજને કહયું કે, "અય રંજ દીઠેલા પેહલવાન, જે તમામ ખજાનો પાદશાહ જોહાકે એ તલેસમમાં મેલીઓછે તે તારો છે. કુલ નામદાર લોકોમાં આ વાત જણાયાથી તુને સરફરાજી હાસેલ થાશે. એ ખજાનો જે તારા હાથમાં આવીઓછે તેવો ખજાનો કોઈ બીજા પાદશાહ પાસે નથી." પછે તેણીએ વધારે એ કહીઉં કે, "અય મુબારક કદમના પેહલવાન, મને આ જગોથી રેનાં મેદાનમાં જાવુંછે, કેમકે મારો ભાઈ સરાએજીની, માહરૂખ નામની મેહબુબ સાથે લશકર લઈ તીઆં જઈ પડીઓછે, અને ઘણાંએક વરસ થયાં હમો બેહુ ભાઈ બેહને એકમેકના દીદાર દીઠા નથી." તેવારે ફરામરજે કહયું કે, "તું તથા સોગાદશાહ પોતાની સાથે ઘણુંએક લશકર લઈ નગારાં તથા કરરેહનાએ સાથે દબદબાથી મારી સાથે તે જગો (રેનાં મેદાન તરફ) આવો. તે જગો ઘણા પાદશાહ એકઠા મલીઆછે. હું મારી સુરત બદલ કરૂં અને તેમાના હરેક પેહલવાનો સાથે લડું. તેમાં અઊવલતો બરજો સાથે એક લડાઈ એવી કરૂં કે તેની દેલેરીનું નામ જે આલમમાં મશહુર થાયુંછે તે શરમમા પડે. અગર તે નામદાર પોતાની તરતીબે કરી કીરવાન થશે, તોભી તેના બેહુ હાથ મારાં જોરની બાજુએ હું બાંધશ. જેમ તેણે મારા બેટા સામના હાથ બાંધીઆછે, તેમ હું તેના બાંધીને તેને શરમંદો કરીશ." એટલું કહી પછે સોગાદશાહાને કહયું કે, "અગર તારી મરજીમાં આવતું હોય તો ફારીઆબ શેહરમાં ચાલ; તીઆં આપણે એક હફતો ખુશીથી મજલેસ કરી એકઠા બેસી જોક કરીએ. પછે આઠમે દન આપણે ફારીઆબ શેહરમાંથી બાહેર નીસરી શેતાબ રાહ માપતા રેનાં મેદાનની તરફ જઈ શું. પણ આપણી સાથે એક ભારી લશકર લેવું જોઇએ, અને આ તલેસમમા જોહાકનો જે ખજાનો છે તે ઊંટો ઊપર લાઢીને લડાઈના કરનારા દશહજાર સવારો સેવાએ વધતા સાથે રાખીએ નહીં, અને તે તમામ સવારોને જરી બખતરો તથા જડાવદાર ટોપો સાથે સમારીને આપણી નામદારીને વાસતે આપણી સાથે રાખીએ. પણ હું પોતે તો પેલા ચશમામાં ગોસલ કરી બરજોરના કીનામાં પોતાની સુરત બદલીને કલંદર ફકીર થાવશ, ને મારી સાથે બીજા એકહજાર સવારનેભી કલંદર કરશ, અને તે લોકો ઊપર હું સરદાર કેહેવાવશ, અને તેઓ મારા ચેલા

કેહવાશે. એવે ફરેબે કરી હું બરજોની લડાઇનો સામાન કરૂં. જાહેરમાં ફકીર કેહેવાઊં, પણ દીલમાં પાદશાહીનો કસદ રાખું. મારી દલેરીથી કીરવાનના બખતના ચાંદને ઘરણમાં નાખું, ઇઆને તેને રોસવા કરૂં."

એટલુ કહી સોગાદશાહા તથા પેલી પરીઓ સાથે પેલા કીલાની દીવારની નજદીક ગયો. તીઆં પેલો પીરમરદ, જે સફીલ ઊપર ઊભો રહી આદમીઓને મને કરતો, તે નીચે ઊતરી દોડતો આવીઓ, ને ખુશીએ કરી ફરામરજ ઊપર જાન ફેદા કરવા ચાહતો હતો. પણ તે બુઢો તલેસમમાંનો માણસ હતો, તેથી તેને ફરામરજે શેતાબ મારી નાખીઓ. જેવાર મજીદ ફકીરને ફરામરજની તલેસમ ફતેહ કીધાની ખબર થઈ, તે વારે ખુશી થાતો તેને એસતેકબાલ ગયો. એમ કરતાં પાદશાહાની તથા ફરામરજની નજદીક જાઈ પોંહોચીઓ, અને દોઆ કરી કેહવા લાગો કે, "અમો ફકીર લોકોને મુરીદ હોય તે તું જેવા હોજો !" એ સખુન સાંભલી ફરામરજ હસીઓ અને મજીદની રજા લઈ પાદશાહા સાથે ફારીઆબ શેહરની તરફ ચાલીઓ, ને તે શેહરનો તમાશો જોવાને વાસતે જાબ જા ફરીઓ. તીઆં ઘણીએક પાકીજેહ એમારતો તથા પાણીની નેહેરો દીઠી. તું કેહે તે ફારીઆબ શેહર નહી હતું, ગોયા એક રોશન બેહશત હતું. પછે સોગાદશાહના બાગમાં જાઈ એક મજલેસ સમારી બેઠા, અને જુના શરાબ પીધાથી દીલમાંનો તમામ ગમ બરતરફ કીધો.

જેવારે એક હફતો તમામ થાયો, તેવારે સોગાદશાહે હરતરફથી પોતાનાં લશકરને બોલાવીઊં, અને તેનો હોકમ થાયો તેથી એક સવાર બીજી જગે રહયો નહી, ને સરવ કોઈ આવી હાજર થયા. એમ કરતાં સોગાદશાહની દરગાહના દરવાજા ઊપર બે લાખ સવાર જમે થયા. તે લશકરમાંથી ફરામરજે દશ હજાર સવાર, જે ઘણા નામીચા હતા તેમને એલાહેદા કાહડીઆ. તે સવારોને સાથે લઇ પાછા માતમ પાહાડની તરફ ગયા. તીઆં તલેસમમાં જેહાકનાં ખજાંનાની સાથે જે બે કીમત જોહરના જડાવદાર બખતર તથા હથીઆર હતાં તે આ સવારોને બખશીઆં, અને તેમનાં તન તમામ પાદશાહી લાયકનાં મોતી તથા ગોહરે કરી સમારીઆં. તેમની પીઠ ઊપર જરી ઢાલો આફતાબની મીસાલ ચલકવા લાગી. સરવે કોઇએ હાથમા જરી દશતાઓના ગુરજ પકડીઆ. ઘોડા-

એો ઊપરભી મોતી તથા જવાહેરના જડાવની પાખરો નાખી. તે તમામ લશકર ગોયા આફતાબનીમીસાલ ચલકવા લાગુ. તે લશકરની સરદારી સોગાદશાહના બેટા સીહાલને આપી, ને અગીઆર હજાર ઊંઠ જોહાકના ખજાનાની પેટીએોથી ભરીઆં. પછી તેજ જગો લશકરી દેહેરા મારીઆ. તેમની દોડધામની ગરદે કરી આફતાબ ઢંકાઇ ગયો. એ પછે સોગાદશાહાને કેહેવાડીઊં કે, "બાકી લશકર જે હોય તે સાથે લઈ તું ભી એ જગો આવ." તેજ વખત સોગાદશાહ પેલાં બાકીના લશકર સાથે ફારીઆબ શેહરમાંથી બાહેર નીકલીઓ. તે લશકરની ગરદે કરી આસમાનનો દેહરો બેમાલુમ થાઈ ગયો, ઇઆને આસમાન નજર આવીઓ નહી. તેની પછવાડે મુનીરાય તથા હુરાય પરીઓ પોતાની સાથે જીનનું તથા પરીનું લશકર લઈ આવી પોંહોચી. તેની ચાલ જોઈ આફતાબ તથા માહતાબ પોતાની ચાલ ભુલી ગયા. એ રવેશ જેવારે તે લશકર આવી ફરામરજનાં લશકર સાથે મલીઆં, તેવારે એક જરી તખત ચેઆર હાથીની પીઠ ઊપર બંધાવી તે ઉપર ફારીઆબનો પાદશાહ, તથા મુનીરાએપરી પોતાની બેટીઓને લઇ, બેઠાં. એ રવેશ તે લશકર આદમીઓનું તથા જીન પરીઓનું એકઠું થઈ ફરામરજના તાબામાં આવીઊં, અને ફરામરજના હોકમથી કુચ કરી રેના મુલકની તરફ ચાલીઊં. રેનાં મેદાનની તરફ, તે લશકર નહી જાતું હતું, ગોયા એક કીનાં ભરેલી બલા જાતી હતી.

પછે નામદાર ફરમરજ પોતે મુનીરાએપરીને સાથે લઈ તે દહરાની તરફ ગયો. તીઆં એક ભારી ગુંબજ સંગેમરમરના પથરનો દીઠો. તેનો દરવાજો પોલાદનાં લોહાંનો ને તેનું કોલફ સોનાનું હતું. તે ગુંબજમાં એક ચશમો એજમત ભરેલો હતો. તે ચશમાને પથર તથા ઇંટની જગે ગોહર તથા પરવાલાં હતાં, તથા તેની અંદર એક હોજ સંગેમરમરની બનાવેલી હતી. તે ચશમાનાં પાણી સફેદ, તથા સીહા, અને સુરખ તથા સબજ, અને જરદ તથા આબનુસી, એવા ભાંત ભાંતના રંગનાં નજર આવતાં હતાં. વલી તે પાણીમાંથી ઘણી એક પાકીજેહ ખુશબો આવતી હતી. તે ચશમામાં જે કોઈ પોતાનાં દીલમાં નઇએત ધારવીને ગોતું મારે, ઇઆંને ગોસલ કરે, તે શખસ પોતાને જે કોઈની સુરતનો બનાવવા ચાહે તેવી સુરતનો તે બને.

હેકાયત લખીછે કે, ફ્રામરજે અજમતી પાણીના ચશમામાં ગોસલ કીધું અને પોતાની સુરત બદલીને કલંદર ફકીર થયો તથા લશકર સાથે રેનાં મેદાનની તરફ નીકલીઓ.

એ રવેશ જવારે ફ્રામરજે ચશમો તથા હોજ દીઠાં તેવારે તુરત બહરેને તન થઈ તે ચશમાની અંદર ઊતરીઓ, અને દીલમાં નઈઅત ધારીને કહયું કે, "અય કામના સમારનાર ચશમા! મારી સુરત નવી તરેહની બનાવ ને મારાં તનમાં એટલી કઊવત આપ, કે હું દુશમન ઊપર ગાલેબ આવું, ને મેદાનના દરમેઆનમાં કીરવાનને જેર કરૂ. મારી જે કાંઈ સુરત જાહેર છે તેને એવી બદલી નાખ કે, મને મારો બાપ તથા બેટો વઝીર પીછાને નહી; ને એક બીજી સુરત મને બખશ, કે તેનો ભેદ પરીને ભી એકાએક માલુમ થાય નહી, ને મારો ભરમ જેહાનનાં દરમેઆનમાં એકાએક કોઇને માલુમ પડે નહી."

એટલું કહી નામદાર ફ્રામરજે તે પાણીમા ગોતું મારીઊં. જેવારે તે સરફ્રાજ પાણીમાં ઊતરીઓ તેવારે ખુબસુરતી તથા દાનાઈમાં જાલેજરની મીસાલ લાગતો હતો; ને જેવારે તે પાણીમાથી બાહેર નીકલીઓ તેવારે બદસુરત તથા દીવાનાં આદમીની મીસાલનો થઈ ઊભો! પણ બાજુ તથા ગરદનમાં ગોયા મસતી ભરેલા હાથીની મીસાલનો લાગીઓ. તેની સુરત જે પાદશાહ સીઆવખશની મીસાલ પાકીજેહ હતી તે બદલાઇને બદસુરત થઇ, ને તેનાં સર ઊપર લાંબા બાલ ઊગી નીકલીઆ. તેની બંને આંખ ખુમાર ભરેલી થઈ ને પાપણ આબદાર ખંજરની મીસાલનાં થયાં. એ રવેશ ફ્રામરજ સુરત બદલી ખુશી થતો ચશમામાંથી બાહેર નીકલીઓ, અને તેજ વખત આરસી મંગાવીને તેમાં પોતાનો ચેહરો જોયો, તો તેમાં પોતાની સુરત મકર ભરેલી દીઠી. એવી અજમત તે ચશમામાંથી તેને થઈ. એ રવેશ પોતાને બીજી સુરતનો જોઈ તેણે ઘણો ખુશી થાઇ અજબ રહી હસીને પોતાના

હોટ દાંતમાં પકડીઆ. એવામાં મજીદ ફકીર તે ગુંબજમાં આવીઓ. તે ફકીર ફરામરજ પર મેહબાન બાપની મીસાલ દીલથી મોહબત રાખતો હતો, ને ફરામરજ તેના ચેલાની મીસાલ ફરમાનબરદાર હતો. તે ફકીરે ફરામરજની નજદીક તમામ પોશાક કલંદરી ફકીરીનો લાવી હાજેર કીધો; અને ફરામરજે તે ફકીરી લેબાસ પોતાનાં તનમાં પેહરીઓ. પછે મજીદ ફકીરે તેને કહયું કે, "લડાઇને વખત તું ને પોતાનું નામ જે કાંઈ પસંદ આવે તે રાખજે અને એ વગેરે બીજો જે કાંઈ ભેદ રાખતો હોય તે ઊપર પોતાની દીલ ખુશીથી અમલ કરજે." એ રવેશ ગોફતેગો કરી ફકીરનો લેબાસ પેહરી ફકીરની મીસલનો થઈ ફરામરજે પોતાના ગોરાબ ઘોડા ઊપર સવારી કીધી. મુનીરાએપરીએ તે ગુંબજનો દરવાજો બંદ કરી તેને સુનાનુ તાલું દીધું, કે કોઈ બીજો એકાએક તે ગુંબજમાં જાય નહી. એ રવેશ ફરામરજ પોતે કલંદર થાઈ લશકર સાથે રેનાં મેદાનની તરફ ચાલીઓ.

હવે આ નામાનો શાએર કેહછે કે, "નામદાર ફરામરજ રેનાં મેદાનમાં કેવારે જાઈ પોહચશે, ને તીઆં હકતાલાનાં નામની કઉવતે બીજા પેહલવાનો સાથે શું શું કામ કરશે તે હવે પછી જણાશે."

રેનાં મેદાનની દાસતાન પાછી ચાલુ—શેહનશાહ કએખોસરોની દલગીરી—તમુરને જાલેજરે આપેલો ચાનાક—અને તુસનું કેઆનશાહને હાથે પકડાવું.

હવે આ દાસતાનનો કેહેનાર અતાઇ શાયર કેઆનશાહને વાસતે એમ કરી લખેછે કે, જેવારે તે પાદશાહજાદાના હાથથી નોજરશાહનો ગસતેહમ જખમી થાયો, તેવારે તુસ પોતાના ભાઇની મદદને વાસતે કેઆનશાહ સાથે લડવા આવીઓ. એ ખબર તમુરને થઈ કે, એ રવેશ ફરેદના બેટા કેઆનશાહે ઇરાનીઓ ઉપર હાદેસો નાખીઓછે, તે સાંભલીને તેણે ગોસામાં આવી શેતાબ લડાઇનાં હથીઆર બાંધી

કેઆનશાહની લડાઇમાં જવાનો કસદ કીધો. એ તમામ ખબર પાદશાહ કએખોસરોને થાઈ; તેથી તેણે ઘણો દલગીર થાઈ બુઢા જાલને ફરમાવીઊં કે, "અય સરફરાજ જાલ, તું શેતાબ જા, ને તમુરને મને કર, કે તે નામનો ઊઠાવનાર પેહલવાન ફરેદના બેટા કેઆનશાહની લડાઇમાં જાય નહી. અગર તે પેહલવાન મારો હુકમ માને નહી ને પોતાની હટે કરી કીનાની કમર બાંધી કેઆનશાહની લડાઇમાં જશે, તો હું એ તખત તથા તાજથી બેકરાર થઈ બેસશ. જેવારે માહરા પેહલવાનો મારો હોકમ માને નહી તેવારે મને એવી પાદશાહીની ખાહેશ નથી. તુ જો કે ગસતેહેમે રાહનાં દરમેઆનમાં એકાએક કેઆનશાહ સાથે લડાઇ ઊઠાવી. તે અગર પોતે પેહલવાની બાજુ રાખતો હતો તો તે નવજવાન ને હાથનો જખમ શાવાસતે ખાધો? અને એ તુસે મારા પુછીઆ વગર કમર શાવાસતે બાંધી? પોતાની સેપેહસાલારીનો કસો અંદેશો કીધો નાહી, ને એકાએક બેવકુફ થાઇને તેની તરફ લડવા ગયો, ને પોતાનાં લશકરને નાહક જેરેજબર કરી નાખીઊં. વલી મારી ઘણી નરમીભરેલી તબીઅત જોઈ હવે તમુર મને પુછીઆ બગેર મેદાનમાં જવા નીકલીઓછે; તો સુખે જાય, પણ જેવારે કેઆનશાહના જીવ ઊપર કસી નુકસાન પોહચશે તેવારે એમ કરી જાણજો કે, એના દેવ તથા પરીનાં લશકરે કરી તમામ જેહાન આફતભરેલી થાશે, ઇઆ અગર કેઆનશાહના હાથ ઊપર કેરશાસપને જલકાટનો નામદાર તમુર મારીઓ જાશે, તો જેહાનપેહેલવાન રૂસતમ વાએવેલામાં પડશે, અને તેનો શોર આસમાનલગી જાશે. એમ કરતાં આપણા બંદમાંથી કેરશાસપશાની છુટશે તો કોણની તાકાત છે કે તે નરઅજદહાની નજદીક જાઈ શકે? એ કેઆનશાહનો એલાજ હુ હેકમતથી કરવા ચાહુછું ને તમો લોકો ઉપરથી કજીઓ વધારતા ફરોછે; તેથી હવે મારી ખાતેર નીશાન થઈ કે તમો લોકો મારી દોલત દેખી શકતા નથી, તેથી હરેકવાતે કીનો તથા ફેસાદ ઊઠાવી મારૂં કામ બરહમ મારોછો."

જેવારે જાલેજરે પાદશાહાને ઘણો આજુરદે દીઠો તેવારે પાદશાહી દરગાહામાંથી બાહેર નીકલી પોતાના ઘોડા ઊપર સવાર થાઈ લડાયક તમુરની પછવાડે ઘોડો નાખીઓ, ને તેજ વાની મીસાલ શેતાબ ગયો. પેલી

તરફ પેહેલવાન તમુર કેટલાએક દેલાવર સવારો સાથે કેઆનશાહાની તરફ લડાઇને વાસતે જાતો હતો; તેને જોઇ જાલે ઊગટ રસતે ઘોડો દોડાવી શેતાબ તેનો રસતો બંધ કરી ઊભો, ને આવાજ મારી કહયું કે, "અય બેટા, તું એવડી શેતાબી કરી કીઆં જાયછે?" તેવારે તમુરે પોતાના એ નયાને એમ કરી જવાબ દીધો કે, "આજ રોજે મારો જીવ ઘણો દરદ ભરેલો થયોછે. બીજન જેવો દેલેર કેઆનશાહાના હાથમાં કેદ પડીઓ, ને નોજરશાહાનો ગસતેહમ એ શાહાજાદાના હાથથી જખમી થયો. નોજરી તોબમના ઘણાએક સવાર જીવથી મારીઆ ગયા, અને તેના ખુનથી જમીન લાલાના ચમન મીસાલની થાઈ. એ ઉપરથી તુસ સેપેહેસાલાર લડાઇનો કસદ કરી કેઆનશાહની તરફ ગયો, એવી નાખુશ ખબર મેં સાંભલી, તેથી હું તુસની મદદે લડાઈમાં જાઊં છું, કે તેની મદદ કરીને કેઆનશાહના હાથ બાંધું." એવો જવાબ તમુરની જુબાનથી સાંભલીને જાલે તેને કહયું કે, "અય બેટા, તું ઘણું ગલત કરેછે; વાસતે તું પાછો ફર. તમોને પાદશાહે લડવા જવાનો હોકમ આપીઓ નથી, ને તમો બગેર રજાએ લડાઈમાં કેમ જાઓછો? તમો પોતાનાં સરમાં મગરૂરીનો પવન રાખી કોઇનો અદબ તથા કાયદો રાખતા નથી; તો હવે એવી આપણામાં માહોમાહેની ફુટ જોઈ મુદઈ લોકો પોતાનું ચાહીઊં કરી લેશે, ને એમ કરી કેહેશે કે, 'પાદશાહ કએખોસરોને આબરૂ કીઆં છે? તેના હોકમમાં તેના પેહલવાનો નથી, તેથી એ પાદશાહી ઊપર નફરીન હોજો.' એ રવેશ મુદઈ લોકો હસી કરશે. તે કરતાં એ કેઆનશાહા પાદશાહા કએખોસરોનો ભતરીજો છે, તેથી પાદશાહને ગોસો આવીઓ છે. વાસતે, અય તમુર, આપણને તો પાદશાહની મરજી ઊપર ચાલવું જોઇએ, તેથી તું એ વાતથી હાથ ઊઠાવ, ને પાછો ફરી મારી સાથે પાદશાહની નજદીક આવ." તેવારે તમુરે જાલને કહયું કે, "પાદશાહા કએખોસરોના ભતરીજાના હાથથી નોજરશાહનું તમામ ખાનદાન ખરાબ થઈ ગયું. અગર તે કેઆનશાહ પાદશાહ છે તો આપણ કોણ છઈએ? આપણે પાદશાહ કએખોસરોના પેહલવાન કેહવાઇએ ને એવા બુજોરગ પાદશાહની ખીદમતમાં કમર બાંધી ઊભા છઇએ, તેથી આપણેભી ગોયા પાદશાહજ છઇએ, ને જે કોઈ આપણા પાદશાહના

બદખાહ હોય તેને જીવથી મારીએ. એ કેઆનશાહ ઇરાનીઓનો મુદઇ થઇ આવી એવડી જબરદસતી કરેછે, ને એને પાદશાહ કએખોસરોએ પોતાનાં તખત ઊપર આબરૂ આપીને પોતાની પાસે બેસાડીઓ, ને સરે મજલેસ એ પાસે માફ માગી ને એની નજદીક ઘણીએક ઓ-જરખાહી કીધી, તે છતાં એણે પાદશાહનો સખુન સાંભલીઓ નહી, ને પોતા ઊપર મગરૂર થાઇને એવડી શોખી કરેછે; તો હવે શું આપણને બેસીને જોયા કરવું લાયક છે? આપણે હમણા લગી કએ-ખોસરોની ઘણી શરમ કીધી, પણ હવે કોઈની શરમ રખાતી નથી. આપણે જાબુલી પેહલવાનો પાદશાહની ખેદમતમાં હાજેર બેઠેલા ને એ છોકરો એવડું ચહડીઊં બોલે, ને વલી હમણાં શમશેરનો હાથ ઊઠાવી આપણાં લશકર ઊપર રસતાખેજ ગુજારે; તો શું આપણે સામેસવારનાં ખાનદાનનાં તમામ પેહલવાનો જેહાનમાંથી મરી ગયા છઇએ? એ પાદશાહ કએખોસરો ઊપર આપણો જીવ ફેદા કરીએ છઇએ, પણ દુશમન આપણાં લશકરમાં આવી આપણને બેઆબરૂ કરી જીવથી મારવા ચાહેછે તે કેમ થવા દીજીએ? વાસંતે હું જાઊં, ને એ કેઆનશાહાનું સર કાપું. એવા બદખાહને જીવતો કેમ રેહવા દેઊં? આપણેતો પાદશાહ કએખોસરોને દાના તથા દુરબીન જાણતા હતા, પણ એતો પોતાની હટે કરી આગલ રહી બીજાઓના જીવ લેવાડતો દેખું."

એવા સખુન તમુરની જુબાનથી સાંભલી ને તેને બુઢા જાલે કહયું કે, "અય મારી આંખની કીકી, તુંને એવું બોલવું ઘટે નહી, ને એ વાતની પાસે મા જા. અગર તું મારી સાથે નથી આવતો તો ખેર, પણ હમણાં મારૂં કહયું માની ને પાછો ફરી પોતાના દેહરામાં જાઇ બેસ, ને પાદશાહનો સખુન બજાલાવ, કે આખેર એ નેક બખત પાદશાહ છે. અ-ગરચે એને આપણાં ખાનદાને બુજોરગી આપીને પાદશાહી તખત ઊ-પર બેસાડીઓ છે, તો શું થાયું? પણ જેને હકતાલાએ મેહરબાન થાઈ પાદશાહી તાજ બખશીઊં તે મોટો છે, ને આપણે તે એનાં ફરમાબર-દાર ચાકર છઇએ. એ પાદશાહ હમણાં કેહછે કે, કોઈ મારો હોકમ બજા લાવતા નથી, તેથી મને એ તખત તથા તાજની ખાહેશ નથી.

એવા છેલા સખુન પાદશાહા પોતાની જુબાનથી બોલેછે, ને તુસ તથા ગસતેહમ તથા તારે ઊપર ઘણી ઇનતેજારી કરેછે." એ રવેશ જાલે ઘણું કહયું, પણ તમુરે તેની વાત સાંભલી નહી, ને પીઠ ફેરવી કેઆનશાહાને બદજુબાને બોલતો લડાઇ કરવા ચાલીઓ. તેને એવડો બેકેદ જોઈ જાલ ગોસામાં આવીઓ, અને બે તરણ કોરડા તમુરનાં તન ઊપર મારીઆ, ને કહયું કે, "અય નાદાન, આપણા ખાનદાને આજ લગી પાદશાહોના સખુનથી સર ફેરવીઊં નથી, ને તું એવો કોણ, કે આમારા ખાનદાનને નામોસી લગાડીને બુજોરગ પાદશાહથી નાફરમાન થાય?" જેવાર તમુરે એ રવેશ જાલને ગોસો કરતો દીઠો, તેથી તેજ વખત ઘોડાની લગામ ફેરવીને પાછો આવી પોતાના દેહરામાં બેઠો, ને ગોસા ભરેલું મોહ કરી દીલમાં કેહવા લાગો કે, "મારો નયા જાલ બુઢો થઇને મારી આબરૂ લે, તેવારે એ લશકરમાં મુજથી રેહવાય કેમ? ને એવી બદખસલતના પાદશાહાની ચાકરી શાવાસતે કરૂં? ને એનું મોહ શાવાસતે જોઊં?" એવો બુરો અંદેશો પોતાના દેલમાં કીધો.

હવે પેલી તરફ સેપેહસાલાર તુસ કીનાએ પોતાનું મોહ જરદ કરી કેઆનશાહાની તરફ ઘોડો ડપતાવતો ગયો, ને એક પોકાર મારી ને કેઆનશાહાને કહયું કે, "અય નાગનાં બચાં, તારાં દીલમાંથી હજુ કીનો જતો નથી, કે તેં ઘણાએક ઇરાનીઓને કીનાથી મારીઆ, ને હમારા પાદશાહાનો મુલક તું પોતાના બાપના ખુનમાં ખરાબ કરવા ચાહેછે? પણ તે લડાઈ મારા હોકમથી થઈ હતી. તારા બાપ ફરોદે અઊવલ મારાં લશકર ઊપર રસતાખેજ ઊઠાવી હતી. તેવારે મેં હોકમ કરી ફરોદને ગેરદાપેચ કરી નખાવીઓ હતો. એ વાતમાં કોઈ બીજાની તકસીર નથી. ફરોદને તો મેં મરાવીઓછે, ને તું નાહક ઇરાની લશકરને મારેછે, તો તુમે લડાઇ તથા તલવાર મારવાનો હોનર બતાઊં." એટલું કહી પોતાનાં મગજમાં ગોસો લાવી ભારી ગુરજ ઉઠાવીઓ. તેવારે કેઆનશાહે પોતાના સર ઊપર ધાલ પકડી. પછી તુશ શેરની મીસાલ પોકારીને કેઆનશાહાની ઢાલ ઊપર ગુરજ મારી ઘોડો ડપતાવી આગલ નીકલી ગયો. તે બુધા તુસના ગુરજથી જવાન કેઆનશાહની ખાતરનીશા થઈ. પછે જેમકે પાહડ ઊપર વાદલ ગાજે તે

મીસાલ પોકાર કરી ફરેદના બેટાએ પોતાનો ગુરજ ઊઠાવીઓ, ને પોકાર મારી કહયું કે, "અય તુસ, હવે નોજવાન શાહાજાદાઓના હાથના ગુરજના જરબ જો, કે તું એ લડાઈ શી રવેશ ભુલી જાયછે." તેજ વખત સેપેહસાલાર તુસે સર ઊપર ઢાલ પકડી, પણ કેઆનશાહે એવોતો ગુરજ જોરથી મારીઓ કે, તેના ધકાથી જમીન લરજી, ને નોજરશાહાનો તુસ પોતા ઊપર પેચ ખાવા લાગો. વલી ઘોડાની કમર તુટી ગઈ, તેથી જરીકોલાહનો રાખનાર તુસ ખાકમાં પડીઓ. પણ તેજ વખત હીંમત પકડી શેતાબ ઊઠી તલવાર ખેંચી, ને શેરની મીસાલ હુમલો કરી કેઆનશાહા ઊપર ધસીઓ. તેને જોઈ કેઆનશાહભી નજદીક ગયો ને તે નામદાર ઊપર કમંદ નાખી ને તેને ખેંચીઓ. તેથી સેપેહસાલાર તુસ ખોહારીથી ખાક ઊપર પડીઓ. તેજ વખત કેઆનાહે પીઆદો થઇ તુસની બેહુ બાજુ બાંધી ને કહયું કે, "સરફરાજ ફરેદને મારનાર એ તુસ છે, વાસતે એભી આપણો ખુનીજ છે." એટલું કહી તેને દેવોને હવાલે કીધો. તેને દેવલોકો બેઆબરૂથી ખેંચતા પોતાનાં લશકરની તરફ લઇ ગયા. તેની પછવાડે કેઆશાહભી લડાઈ ગાહમાંથી ચાલીઓ, ને કોઈ બીજા સાથે લડીઓ નહી.

હેકાયત લખીછે કે, ગોફતેગો કીધી પાદશાહ કએખોસરોએ જેહાનપેહલવાન રૂસતમ તથા બુઢા ગોદરજ સાથે.

જેવારે એ ખબર પાદશાહ કએખોસરોને થઇ કે, નોજરશાહના તુસ તથા ગસતેહેમ ઉપર આફતાબ સીહા થયો—ઇઆને તુસ કેઆનશાહની લડાઈમાં પકડાયો ગયો અને ગસતેહમ જખમી થયો—તેવારે તેની વધુ ખાતરી થઈ કે ફરેદનો બેટો ઘણો લડાએક સવાર છે, અને આ જમાનામાં કોઇ શાહજાદો એવો દેલાવર પેદા થાય નહી, બલકે તે જોવામાં લડાયક ફરેદ કરતાં જોરાવર છે, અને તેના ગોર-

જથી અલબુરજ પાહડભી નરમ થઇ જાયછે, અને ઘણાંએક નોજરી લોકો એ કેઆનશાહાની લડાઇમાં જેરેજબર થઇ ગયા. એથી પાદશાહા કએખોસરોએ ઘણો ગમગીન થઇ અનદેશાથી પોતાનું સર નીચું કરી જુબાન ઉપર યજદાનું નામ લેઇ કહયું કે, "અય નુર ને જલકાટના સાહેબ! સરવ કોઇના છુપા ભેદનો જાણનાર તું છે, ને તમામ જેહાનને પેદાનો કરનારભી તુંજ સખી સાહેબ છે, ને સરવ કોઇની ફરમાન બરદારીની રસી તારા હાથમાં છે. વાસતે, એ નવજવાનને હું મારો દોસત કરી શકું એવી તોફીક મને આપ." એ રવેશ અરજ કરી પછી જેહાન પેહલવાન રૂસતમને કેહવા લાગો કે, "અય નામદાર, સરફરાજ ફરેદના બેટાનું દેલ કસી વાતે નરમ પડતું નથી. એણેતો પોતાના બાપનાં ખુનમાં મારી સાથે કમર બાંધીછે; એવો એ કેઆની તોખમનો ફરેદનો બેટો છે. એક તરફ અફરાસીઆબ તથા હોજબરે અફકને મારી સાથે લડાઇની કમર કીનાથી બાંધીછે, બીજી તરફ ફગકુરચીન તથા દેલેર અરજંગે લડાઇનો સામાન તઇઆર કીધોછે, તરીજી તરફ સમીલાસ લડવા તઇઆર થયોછે, ચોથી તરફ કમજાદ કલાઓજ તથા પાંચમી તરફ કેહેકેહાસ કીના ભરેલા શેરની મીસાલ ઇરાનીઓનાં ખુનનો પેઆસો થઇ ઊભોછે. એ રવેશ સરવ કોઇ પોતપોતાના લશકર સાથે મારે ઊપર આવી પડીઆછે, તેવામાં એ મારા ભાઇનો બેટો ફરેદ મારી ઊપર કીનાથી કમર બાંધીને કીઆંથી આવી લાગો? પણ એ કેઆનશાહ તથા હું બંને એક તોખમના છઇએ. અગર હું એને પકડી એના પાઊંમાં લોહાંની જંજીર ઇઆને બેડી નાખું, તો મને શરમ પેદા થાય. તીઆરે હવે હું એને જીવથી કેમ મારી નખાઊં? તે કરતાં એ કેઆનશાહ પોતે લડાઇને વખત મગરમછની મીસાલનો છે; તો એ લડાયક શેરને એકાએક મારીભી કોણ શકે? એનો બાપ નામદાર ફરેદ બગેર તકસીરે મારીઓ ગયોછે, ને એ બેટો જેવારે મારા હાથ ઊપર મારીઓ જાય, તેવારે હરતરફના પાદશાહો મારી ઊપર સખુન મારે, કે કએખોસરો હેરેમનની પછાવાડે ચાલેછે, ઇઆને હેરેમન મીસાલના કામ કરે છે. એ મીસાલ મને બુરા સખુન બોલે. ઇઆ અગર હું ખામોશ બેસુંછું તે-

એ કેઆનશાહ મારાં લશકરને જીવથી મારેછે. એ નાદાનને મુલક તથા ગંજ અને કોલાહ તથા તાજ અને કમરબંદ તથા લશકર, વગેરે બીજી નાદેર ચીજો આપવા કરૂંછું, તેભી તે લેતો નથી; તો હવે એનો ચારો શું કરૂં ? એની લડાઈથી હું બતંગ આવીઓછું." જેવ રે તાજબખશ રૂસતમે પાદશાહની જુબાનથી એવા સખુન સાંભલીઆ, તેવારે કહયું કે, "અય ખુરશેદને મરતબેના પાદશાહ, તું કેઆનશાહને વાસતે પોતાનું દેલ ગમગીન મા કર, કેમકે હું એ જેહરની મીસાલના હાદેસાને શરબતની મીસાલ મીઠો કરશ—ઈઆને એનો એલાજ હું કરશ. જેહાનના દરમેઆનમાં જે ચીજ પેદા થાઈછે તે સરવના રસતા હકતાલાએ કરી મેલીઆછે; વાસતે એની લડાઈમાં હું મારા જેહાનબખશને શેરની મીસાલ મોકલું, કે એ દેલેર કેઆનશાહની બેહુ બાજુ કમંદે કરી બાંધીને એને અરગના કીલામાં બંદ કરે, કે તેથી એ તમામ ફેસાદ એક મરતબે બરતરફ થઇ જાય." જેહાનપેહલવાનનું એટલું કેહવું કે, એકાએક ગોદરજ ઊઠી ઊભો થઇ કેહવા લાગો કે, "અય પાદશાહ, જેહાનના દરમેઆનમાં તારી જે કાંઇ મોરાદ હોય તે શેતાબ બર આવજો! તું જાણેછે કે, ગેવ તથા બીજન કેઆનશાહનાં બંદીખાનામાં પડેલા છે, ને હું બુઢો બાપ બેવારેસ થાઈને બેસી રહયો છું. વાસતે અગર તારો હોકમ હોય તો હું એ નવજવાન શાહજાદાની લડાઈમાં કમર બાધું, ને હરેક તદબીરે કરી તારી નજદીક બાંધી લાઊં, કે તું પાદશાહ ખુશી થાય. તેવાર પછે મારા સરફરાજ બેટાઓને એના બંદમાંથી છોડવું. તે બેટાઓના કેદ પકડાયાથી મારાં દીલમાં ખુન જમે થયું છે." તેવારે પાદશાહે ગોદરેજને કહયું કે, "અય બુઢા પેહલવાન, તું એ નવજવાન કેઆનશાહની લડાઇને બીજા પેહલવાનોની મીસાલની આસાન મા જાણ. મને એ વાતનો અંદેશોછે. અગરજો તમો પેહલવાન લોકોને મને કરૂંછું કે કેઆનશાહ સાથે લડાઇ મા કરો, તો સરવ કોઇ મારી પછવાડે બોલે છે કે, કએખોસરો પોતાના ભતરીજાની શરમ રાખવાને વાસતે આપણને તેની સાથે લડવાની રજા આપતો નથી, ને તેથી કેઆનશાહ આપણા પેહલવાનોને કેદ પકડી લઇ જાએછે, ને પોતાની તલવારે કરી આપણા લશકરને ગેરદાપેચ કરી

નાખેછે, તે છતાં તે કાંઇ કેહવાડતો નથી, ને એ પાદશાહ તો આગલ રહીને આપણા જીવ લેવાડવા બેઠો છે. એ રવેશ તમો મારી પછવાડે બોલોછો, તેની મને ખબર છે. વાસતે હવે તો મેં તમોને રજા આપી કે તમો તે સાથે લડો, પણ તમો સાથે એક શરત કરૂછું કે લડાઇગાહમાં મારા ભતરીજાને જીવતો પકડીને તેના બેહુ હાથ બાંધવા, અને તેને એકાએક જીવથી મારવો નહી કેમકે એ કેઆનશાહા મારા નામદાર ભાઇની જગો ઊપર એક યાદગારીની નીશાન છે. અય બુઢા ગોદરજ, તેં જોયું નહી કે જેવારે ફરોદ મારીઓ ગયો તેવારે તારાં સર ઉપર શી મુસીબત આવી પડી હતી. પાદશાહા લોકોને એકાએક જીવથી મારવા આસાન નથી. એ કામથી તો ગોયા પોતાના જીવને બલાના ફાંધામાં નાખવો છે. અગર જો આ વખત કેઆનશાહા મારીઓ જશે તો એ જેહાન નવેસરથી ફેસાદ ભરેલી થશે. તે કરતાં એ કામ હકતાલાભી પસંદ નહી કરશે, ને એ કીનાના અવેજમાં તખત તથા તાજ કશા હીસાબમાં નથી."

એ રવેશ ગોદરજને જવાબ દઈ પાદશાહ કએખોસરો ઘણોએક અંદેશો કરવા લાગો, શાવાસતે કે, હરવખત જે કાંઈ કામ કરતો તે પોતાનાં દીલ સાથે દાનાઇથી અંદેશો કરી પછે કરતો, એવો તે પાદશાહાનો રવઇઓ હતો. તેથી તેનાં દીલમાં તરેહતરેહવાર અંદેશા પેદા થયા. તે ઘણા અંદેશાથી પોતાનું સર નીચું કરી બેઠો, ને દેલમાં પાક યજદાનને યાદ કરી કેહતો કે, "અય દાદગર દાવર! તું મારી શરમને રાખનાર છે, તેથી હરેક વાતે મારી આબરૂ રાખજે." એ રવેશ હાજત માંગતો હતો. પછે ગોદરજે પીલતન રૂસતમને કહયું કે, "લશકરને તોડનાર લડાયક જેહાનબખશ એ લડાઈમાં નહી જાય તો ઘણું ખુબ છે, શાવાસતે કે, એ નોજવાન ઘણો આકલો છે, તેથી તેના હાથથી વખતે કેઆનશાહાના જીવ ઊપર નુકસાન પોંહચશે, વાસતે હું મકરથી તે કેઆનશાહની લડાઈમાં જાઉં તો બસ છે."

હેકાયત લખીછે કે, લડાઈની સફ સમારી પાદશાહ કએખોસરોનાં તથા કેઆનશાહનાં લશકરોએ એક બીજા સામે.

એ રવેશ કહી બુઢા ગોદરજે પાદશાહની દરગાહમાંથી બાહેર આવી નગારાંનો આવાજ કરાવી લડાઈનો સરનજામ તઈઆર કીધો. તેથી તમામ લશકરે ઘોડાઓના તોબરા ઊતારી મોહમાં લગામ આપી, ને શેતાબ જીન બાંધી તેમની પીથ ઊપર સવાર થયા. જે કોઈ કીનાના લેનાર ગોદરજીઆની દેલેરો હતા તેઓએભી લડાઈની કમર બાંધી-તેમાં બેહરામ તથા શાપુર, રેહામ તથા ખરાદ, સેંદોસ તથા ફરહાદ, અને હજીર વગેરે તમામ ગોદરજીઆની નામદારો તલવારના મારનાર હતા. વલી પાદશાહની ખાસ ફોજમાંથી ૧૧૦૦૦૦ સવારોએ કેઆનશાહની લડાઈમાં કમર બાંધીને ગાવીઆની જુંડો ઊઠાવીઓ, ને જેહાનબખશભી કીનાની કમર બાંધીને મેદાનમાં આવીઓ. તેની સાથે દરીઆવની મોજની મીશાલની ફોજ બાહેર નીકલી. તેની સાથે બાજે સેપેહસાલારો હતા-તેમાં દેલેરો કેઆનનોશ, કેઆનશેહેર, કેઅરસ, જરદાદ, જરમેહર તથા શેહરોએ, એ વગેરે બીજા પેહલવાનો હતા. સીહાદેવ તો જોહનબખશના હાથીની ગરદન ઉપર, માહવતની જગો હાથમાં ગોરજ પકડી બેઠો હતો. એ રવેશ કેઆનશાહ સામે લડાઈ કરવાને વાસતે ઈરાની લશકર મેદાનમાં નીકલીને પોતપોતાની મીસાલ ઉપર સફ ખેંચી ઉભું. એ વેલા આફતાબ માથે આવીઓ હતો.

જેવારે કેઆનશાહે ઈરાની લશકરમાં લડાઈનાં નગારાંના આવાજ સાંભલીઆ, ને હવા આબનુસની મીસાલની દીઠી, તેવારે જાસુસ લોકોને ખબર લેવા મોકલીઆ. તે જાસુસો ખબર લાવીઆ કે, "આજ રોજે પાદશાહ કએખોસરોએ ગોદરજને લડાઈની રજા આપીછે. તેણે ઘણીએક મીનત કરીને પાદશાહ પાસે તારી લડાઈ માંગી; તેથી ઘણીએક આનાકાનીથી તેને રજા આપીછે. હમણા ગોદરજ એ મેદાનમાં આવવાને વાસતે તઈઆર છે, અને સરવ કોઈએ પો-

તપોતાના લશકરની સફ સમારીછે—તેમાં ફગકુરચીન તથા અરજંગ, કેહકેઆસ તથા કલાઓજ, સમીલાસ તથા હોજબરેઅફકન વગેરે બીજા સરવ કોઇ પોત પોતાના લશકર સમારી તઇઆર ઊભા છે—કે આજ રોજે તારી લડાઇનો તમાશો જોય, અને જાણે કે, જવાન કેઆનશાહા બુઢા ગોદરજ સાથે શી રવેશ લડેછે." જેવારે એ ખબર કેઆનશાહે સાંભલી તેવારે શેતાબ શેરની મીસાલ જગેથી ઊઠી લડાઇનુ બખતર પેહરીને જરી કમરબંદ બાંધીઓ. પછે તે નામદારે કલમાકને કહયું કે, "આજ રોજે હું લડાઇમાં જાઊંછું. અગર એમાં મારૂં મોત આવે તેનો મને કસો ગમ નથી, પણ નામદારીને વાસતે ગોદરજીઆની ટોલાના કાનમાં હલકો તો પેહરાઊં, ઇઆને તે લોકોને મારા ફરમાનબરદાર કરૂં ને તેમને ફાયદાની 'જગો નુકસાન પોંહચાડું. વાસતે તુ એ મેદાનમાં લશકર સમાર, કે જેણે કરી ગોદરજીઆંની લોકોનો રોસન રોજ સીહા થાય. હું આજની લડાઇમાં ચીતાની મીસાલ ચુંગાલ ખોલી ગોદરજીઆની લોકોને બુનબેખથી ઊખાડી નાખું, ને જેવારે ગોદરજીઆંની લોકોથી ફારેગ થાઊં તેવાર પછે અઊવલ જેહાનબખશની લડાઇમાં કમર બાંધુ, ને તેનેભી મોતના ખોઆબમાં આરામ કરાઊં, કે ફરીથી જાબુલી રૂસતમ કએખોસરોની નજદીક બેસી અરગના કીલાની ઇઆદ નહી કરે. વાસતે અય કલમાક, તું લશકર સમારવામાં ઘણો દાના છે, તેથી શેતાબ લશકર સમારીને આ રેનું મેદાન જોશ ભરેલું કર, ને હું મેદાનમાં જાઈ લડાઇ કરૂ તે નજરે જો."

એટલું કહી લડાઈનાં હથીઆર, જે લાલ તથા ગોહરનાં જડાવદાર હતાં, તે પોતાનાં તન ઉપર બાંધીઆં, ને એક પીરોજાની કોલાહ સર ઊપર મેલી, ને દેવજાદ અબલક ઉપર સવાર થઈ લશકરની કલબ ગાહમાં આવી ઊભો. તેને જોઇ લશકરમાં જે કોઇ બુઢા તથા જવાન હતા તે સરવ શરમાયા. તેનાં લશકરની એક બાજુ સરાએજીની પોતાનું દેવ તથા પરી તથા જીનનું લશકર લઈ ઉભો હતો. તે લશકરની હરોલ અફરીત દેવ તથા કેહકામ દેવ ઉભા હતા. એ રવેશ લડાઇનાં મેદાનમાં આદમી તથા દેવ અને પરી તથા જીન અને હાથી તથા ઘોડા અને સાહાણસી સવારો વગેરે હતાં, તથા ભાતભાતના જુંડાઓ ઊડતા

હતા, તેથી તું કેહ ગોયા જમીન અને જમાનોભી જોશમાં આવીઓ હતો, ને લડાયક સવારોના તથા દેવના પોકારના ગોલબાંગે ને તકાવર ઘોડાઓના હરણવાના આવાજે તથા નગારાં, કરરેહનાય ને ઘાંટના આવાજે આસમાન જમીન ઉપર પડવા ચાહતો હતો. જેવારે તમામ લશકર આવી મેદાનમાં ઊભાં, તેવારે તે લશકરના દેલેરો મેદાનમાં નજર કરી જોવા લાગા, કે અઉવલ એ લડાઈગાહમાં કોણ દેલેર શેરની મીસાલ બાહેર નીકલેછે.

હેકાયત લખીછે કે, આવીઓ બેહરામ બીન બેહરામ લડાઈનાં મેદાનમાં અને બોલાવીઓ કેઆનશા હને લડાઈમાં પોતાનો હમનબરદ.

એ રવેશ તમામ લશકરો મેદાનમાં તઈઆર થઈ ઊભાં હતાં, તેવામાં ગોદરજનાં લશકરમાંથી એક સવાર મેદાનમાં ઘોડો નખાવતો આવીઓ. તે સવાર ઘણો જબરદસત હતો અને તેથી મસત શેર ધુજતા હતા. તે નામદારનાં સર ઉપર એક જરી કોલાહ મેલેલી હતી ને એક પાહડની મીસાલનો ઘોડો તેની રાન નીચે હતો. તે હાથમાં પેચદાર અજદહાની મીસાલનો નેજો પકડી ચીતાની મીસાલ પોકાર કરવા લાગો. તેણે કેઆનશાહ ઉપર આવાજ મારી કહયું કે, "હું ગોરરજીઆની સવાર છું. જો તેં પેહલવાન લોકોની લડાઈમાં કમર બાંધીછે, તો તુને લાયક છે કે, તું એ મેદાનમાં મારી મોકાબેલ આવે, અને હું તુને ગોદરજીઆની લોકોનો હોનર દેખાડું." જેવારે કેઆનશાહે બેહરામથી એવા સખુન સાંભલીઆ, તેવારે તે પોતાનો ઘોડો મસત હાથીની મીસાલ મેદાનમાં ડપટાવતો આવીઓ. તેના હાથમાં સીહા નાગની મીસાલનો નેજો તથા રાન નીચે મગરમછની મીસાલનો ઘોડો હતો, ને કીનાંને વાસતે તેણે લગામ ઘોડાને હવાલે કરી કેટલો એક વાર ઘોડાને જોલાન દીધી. પછે પુછીઊં કે,

"અય પેહલવાન, તારૂં નામ મને કેહ. જેઆરે હું તારૂં નામ સાંભલું તેઆરે તારી સાથે લડાઇ કરૂં. મને ગુમાન આવેછે કે, તું ગોદરજીઆની લોકોમાંનો છે, તેથી એ રવેશ હીમત પકડીને લડાઈમાં આવીઓ છે."

જેવારે નામદાર બેહરામે કેઆનશાહાનું મોહ દીઠુ ને એ રવેશ તેની જુબાનથી સખુન સાંભલીઆ, તેવારે જવાબ દીધો કે, "અય શાહજાદા, તું બાપે દાદે પાદશાહોની અઓલાદનો કેહવાય છે, ને તું કોબાદ પાદશાહાને તોખમનો છે તથા કેઆની સરદારોનું મગજ છે—ઈઅને તું નામનો ઊઠાવનાર બુજોરગ બુનીઆદનો પાદશાહ છે; તો ચાકર લોકો સાથે શાવાસતે લડવા આવીઓ છે? તુને લાયક નહી કે એકાએક લડાઇનાં મેદાનમાં આવે. પાદશાહ લોકોને મેદાનમાં નીકલી લડવું સજાવાર નથી. જે કોઈ સરદાર થાઇને મેદાનમાં બીજા સવારો સાથે લડવા આવે તેને મોટી એબ છે. ખસુસન હમો ગોદરજીઆની તો તમારાં ખાનદાનના કદીમ નોકરો છઇએ. તેની સાથે લડવું એ તું સારૂ નથી કરતો. તું પાદશાહ થઇને હું ચાકરની મુકાબેલ લડવા આવીઓ છે પણ પોતાની ઊપર રોશન રોજને સીહા કરશે. અય નામદાર, આફતાબના ચેહરાના પાદશાહ, તું એ જગે લડવા આવીઓ છે, પણ તુને એ લડાઈથી પાંચ વાતની નામોસી લાગશેઃ—અઉવલતો તું પાદશાહા થઇને ચાકરીના કરનાર મરદ સાથે લડીને પોતાના બાપ દાદાના નામને શરમમાં નાખશે. બીજુ તો તું પોતાના બાપ બરાબરના કાકા સાથે કીનાની કમર બાંધીને લડવા આવીઓ છે તે ખોટું છે. તીજું એ કે બુઢો ગોદરજ ઘણે દેલેર છે, તેના હાથ ઊપર તું પાદશાહજાદો ખોહારીથી પકડાયો જાશે. ગોદરજનો દરજજો તું પાદશાહની બરાબરનો નથી ને તે તુંને પકડીને બાંધે તે તુને સારૂં લાગે નહી. ચોથુ એ કે તુને પોતાના કાકા કએખોસરો સાથે લડતો જોઈ અફરાસીઆબ તથા સમીલાસ વગેરે બીજા મુદઈ લોકો ખુશી થાશે. તથા પાંચમું એ કે જેવાર તું પોતાની હટ પકડીને ઘણી નાદાની કરશે તેવારે ઇરાની લોકો તુનેભી બીજા મુદઇઓની મીસાલ મેદાનમાં જીવથી મારશે. અય જરી કોલાહાના તથા જરી કબાના રાખનાર પદશાહ, તુ નવજવાન શાહાજાદો તથા પેહલવાન છે, ને તારા દીદાર જોઇ બુઢો મરદ હોય

તે જવાન થાય એવો તું જોવાને લાયક છે. હું ગોદરજનો બેટો છું; મારૂં નામભી બેહરામ છે. હું તારાં ખાનદાનનો કમીનો ચાકર છું. તેથી મારૂં દેલ તારા ઊપર બલે છે. તેના સબબથી હું તુને કેટલાએક સખુન નસીહતના કેહવા આવીઓ છું. મારો બાપ બેહરામભી તારા બાપ નામદાર ફરોદનો દીલથી આશના હતો. તે બુજોરગોની દોસતીની રસમથી હું તારી નજદીક કેટલાએક સખુન સમજાવવા આવીઓ છુ. મારા બાપને ફરોદ ઊપર ઘણી મોહબત હતી; પણ ફરોદ કેટલાંએક વરસ ઈરાનમાં આવી છોટી ઊમરમાં ગુજરીઓ. જેવારે જેહાનના પાદશાહ કએખોસરોના હોકમથી મારો બાપ તેની ઉપર કીનો લેવા ગયો, તેવારે રાહમાં ચેરમકોહ ઉપર તેને બેહરામે દીઠો. તેથી તેણે ચાહયું કે, એને પોતાના દીદાની કીકીની મીસાલ જતનથી રાખે. એવો અંદેશો કરી ફરોદની નજદીક જાઈ તેને ઘણી નસીહત કધી. તે નસીહત સાંભલીઆથી દેલાવર ફરોદ ઘણો ખુશી થયો. તેવારે બેહરામે કહયું કે, 'હવે તું લડાઈ તથા કીનાથી મોહ ફેરવ, ને ઇરાન જમીનમાં આવી તારા વડા ભાઈ પાદશાહ કએખોસરોની ખેદમતમાં રહી ઈરાન જમીનના તમામ પેહલવાનો ઊપર સેપેહેસાલારી કરી પોતાના બાપ પાદશાહા સીઆવખશનો કીનો અફરાસીઆબ ઊપર લે, ને તુને નોજરશાહનો તુસ કાંઈ કેહશે નહી, અગરચે તેં તેના લશકરને મારી પરાગંદે કરી નાખીઊ છે, પણ તે તુસ દાનાવ છે, તેથી તારી લડાઈથી ગુજરી જશે.' એ વગેરે બેહરામે ઘીણીએક નસીહત કીધી; પણ ફરોદે કાંઈ સાંભલીઊં નહી, ને મગરૂરીથી ચેરમકોહ ઊપર ઉભો રહયો ને તોખારેના કહયાથી નાહક મારીઓ ગયો. તેનુ ખુન જમીન ઊપર પડીઊં તેના અવેજમાં ઘણુંએક ઈરાની લશકર મારીઊં ગયું, અને ગોદરજીઆની લોકોનાં દીલ ઊપર ઘણોએક ગમ પેદા થયો ને તેના ગુજરીઆથી ગોદરજનું ખાનદાન ઘણું આજોરદે થયું. તે ઊપરતો ઘણાએક વરસ ગુજરી ગયાં છે, ને હમણાં તું નવો કીનો ઊઠાવીને પોતાના તનને લડાઈનાં હથીઆરે કરી સમારી આવીઓ છે. પણ મારી નસીહત સાંભલીને પોતાના દેલમાથી કીનો કહાડી નાખ, ને એ વાતથી ગુજરી જા, ને પોતાના બાપ બરાબરના કાકાની જરા શરમ કર. પાદશાહા કએખોસરોનું દેલ

તારે વાસતે ઘણું બલે છે, ને તે નામદાર પાદશાહા તારી લડાઇથી ઘણો આજુરદે દીલ થાયછે. તે પાદશાહાની ઊપર બે વાતનુ દરદ આવી પડીછે;—એક એ કે, તારી લડાઇમાં આવવાનો એકાએક કોઇ નામીચા પેહલવાનને તે હોકમ આપતો નથી, કે મબાદા તુંભી તારા બાપની મીસાલ મારીઓ જાય; ને બીજું એ કે, તું નાદાનીથી અમારાં લશકર ઉપર દમબદમ આવી સખતીથી જુલમ ગુજારેંછે તેના સબબથી પેહલવાન લોકો પાદશાહનાં મોહ ઊપર ચહડીને બોલેછે કે, 'તું પોતાના ભતરીજાની મોહબતને વાસતે હમોને તેની સાથે લડવાની રજા આપતો નથી ને તેનાથી હમોને જીવથી મરાવેછે, તો હવે તું હમારો પાદશાહા શાનો.' એ રવેશથી લશકરના લોકો પાદશાહને મોહ ઉપર બોલેછે, તેની બરદાશત થતી નથી. તેથી તે પાદશાહાતો ઘણોએક અંદેશામાં પડીઓછે, ને એમ કરી કેહછે કે, 'હું એ પાદશાહતથી આજેજ થયોછું.' વાસતે, અય કેઆનશાહા, તું એવડી બેઅદબી મા કર; અગર નહીતો પાદશાહા કએબોસરો ગોસામાં આવશે ને તુને શેતાબ એ મેદાનમાં જીવથી મરાવશે."

હેકાયત લખીછે કે, લડાઇ કીધી બેહરામે કેઆન શાહ સાથે.

જેવારે બેહરામે એ રવેશ નસીહતના સખુન કહેઆ, તેવારે કેઆનશાહે તેને જવાબ દીધોકે, "હું જાણુંછું કે જે વખત મારો બાપ નામદાર ફ્રેરોદ મારીઓ ગયો તે વખતે કોઇએ તકસીર કીધી નથી. તમામ ગોદરજીઆની ટોલામાં તું દાના છે, અને તે કીનાની લડાઇમાં તું હતો નહી, ને તુને કાંઇ ખબરભી નથી. પણ જે ખુનીએ મારા બાપને મારીઓછે તેઓને તો મેં મારી મરદાનગીથી પકડીને બાંધીઆ છે, તેથી તે લોકો જખમી દેલ થઇ મારાં બંદીખાનામાં બેઠાછે. હવે મને તુસ તથા રેહામ સેવાએ કોઇ બીજા સાથે લડાઇ લડવી નથી, બલકે બીજા પેહલવાનો સાથે તે કીનાની વાતભી નહી કરૂં. પણ મેં ઊપર કહયા તે પેહલવાનોએ મારા બાપને હીલો કરી મારીઓ હતો, તેથી હું સરગરદાન

થઈને ફરૂંછું, અને લડાયક ગેવ, જે મારાં બંદીખાનામાં છે, તેતો મારા બાપના ખુનથી બેગુનાહ છે. પણ તે બેહુદાપણાથી મારી સાથે લડવાને વાંસતે આવીઓ તેથી મારા હાથમાં કેદ પકડાયોછે. વાસતે પાદશાહા કએખોસરોને તે નામદાર ગેવને મંગાવીઆની ખાહેશ હોય તો કેરશાસપશાનીને શેતાબ મારી નજદીક મોકલી દીએ, અને પછે હું ગેવને કએખોસરોને હવાલે કરૂં. એ કેરશાસપશાનીને આજલગી કોઇએ લડાઈમાં પોતાની બાજુને જોરે બાંધીઓ નથી; પણ તમારી જાદુઇએ કરી તમો લોકોએ ફરેબ કરી તે નામદાર પેહલવાનને પકડીઓછે. વાસતે યજદાનના કસમથી હું કહુંછું કે, એ સીવાએ કાંઈ બીજો ચારો તમારા ગેવને છોડવીઆનો છે નહી."

જેવારે બેહરામ બીન બેહરામે એવો સખત જવાબ કેઆનશાહની જુબાનથી સાંભલીઓ, તેવારે ગોસાથી પેચ ખાઈ કેઆનશાહાને કહ્યું કે, "હું જાણુંછું કે તું પોતાની નાદાનીએ કરી જીવથી મારીઓ જશે, કાં કે અમારી વાતને તું ખાતરમાં લાવતોજ નથી, ને તારી મરજી તલવાર તથા ગુરજ તથા તીર સેવાએ કાંઈ બીજી નજર આવતી નથી. પણ તું એમ કરી જાણ કે હું જાલેજરની બેટીનો બેટો બેહરામ તારી લડાઈથી પાછો ફરવાનો નથી, અને ડરવાનોબી નથી. અગર લડવાની ખાહેશ રાખતો હોયતો મારી નજદીક આવ, કે તારી લાફ ભરેલી જુબાન છે તે બંધ કરી નાખું. તેં ગોદરજીઆની લોકોની લડાઇ દીઠી નથી, તેના સબબથી તું કમર બાંધી આવી એવડું ડમર કરેછે." એટલું કહી નેજો ઊઠાવી ચીતાની મીસાલ પોકાર કરતો હુમલો કરી આવીઓ. એમ કરતાં તે બેહુ દેલાવરો અજદહાની મીસાલ એકએક ઊપર નેજા મારવા લાગા. તેમના ઘોડાઓનાં નાલની ગરદ આસમાન ઊપર ગઇ, ને જમાનો લાજવરદી રંગનો થયો. તે ગરદમાં બેહુ સવારો ગોયા ગુમ થઈ ગયા ને હર તરફથી કરરેહનાએના તથા નગારાના આવાજ નીકલવા લાગા. તે બેહુ નામદાર પેહેલવાનોએ લડાઇનાં મેદાનમાં ઘણીએક કોશેશ કીધી, ને તેમની લડાઈ ઊપર હર તરફનાં લશકરો નેજારા કરતાં હતાં. એવામાં કેઆનશાહે પોતાના અબલકને એડ મારીને એક નેજો બેહરામ ઊપર એવો તો જોરથી મારીઓ કે, તે પેહલવાન

પોતાના ઘોડાની ગરદન ઉપર વાંકો થઈ ગયો. તો પણ જીન ઊપરથી નીચે પડીઓ નહી. તેવારે કેઆનશાહે બીજો નેજો ઊઠાવી ફરીથી હોમલો કીધો. તેનો ધોકો જોઈ બેહરામનો ઘોડો ચોંકીને નાહઠો. એવામાં તેનાં પાઊં સુરાખમાં ગરી ગયાં, તેથી તે ઘોડો સવાર સાથે જમીન ઊપર પડીઓ. તું કહે ગોયા તે વખત તેની આખમાં રસતાખેજ થઈ ગઈ. તેણે હોશીઆરી પકડી શેતાબ ઊઠવા ચાહયું, પણ તેની એક રાન ઘોડાનાં તન નીચે ચંપાઈ હતી, તેથી તે પાઊં ગુઠણમાંથી ઊતરી ગયો. આથી કેઆનશાહે પોતાનો ઘોડો પાછો ફેરવીઓ. એ જોઈ હરતરફનાં લશકરમાંથી શોર ઊઠીઓ અને તેનો ગોલબાંગ માહતાબ લગી જાઈ પોંહચીઓ. પછે ગોદરજીઆની લશકરમાંથી કેટલાએક પેહેલવાનો ઘોડા નખાવતા મેદાનમાં આવી બેહરામને ઊઠાવી લઈ ગયા, ને શેતાબ તબીબને બોલાવી તેનાં પાઊંને પાટો બંધાવીઓ.

એવામાં કેઆનશાહે ઘોડાને જોલાન દેતા બીજી મરતબે મેદાનમાં આવી ઇરાની લશકરમાંથી પોતનો હમનબરદ માગીઓ, ને એવોતો પોકારવા લાગો કે, તેથી શેરનાં દેલ ગાભરાં પડી ગયાં. તેનો ઘેડો ઊભો રહી નાલે કરી જમીન ખોદવા લાગો. એવામાં એક ગોદરજીઆની સવારે કીના ભરેલો થઈ પોતાનો ઘોડો મેદાનમાં જોંહકીઓ, ને આજરગોશસપની મીસાલ તેજીથી કેઆનશાહાની નજદીક આવી એક પોકાર બહારનાં વાદલની મીસાલ કેઆનશાહા ઉપર મારીઓ, ને કહયું કે, "હું લડાઇને વખત ફતેહમંદીનો પામનાર સવાર છું, ને ચાહું તો ચીનના દરીઆવમાંથી મગરમછને ખેંચી બાહેર લાઊં. ગાવેની ઓલાદના પેહલવાન કોબાદનો બેટો જે ગોશજે કેહવાયછે તેનો બેટો લડાયક ફીરોજ તે હું છું. તીરના પેકાને કરી ઓકાબ જાનવરને હવા ઊપરથી જમીન ઊપર લાવનાર દેલાવર સવાર તે હું છું." એટલું કહી એક ખેદંગી તીર કમાન ઊપર ખેંચી કેઆનશાહ ઊપર મારીઓ. તે તીર કેઆનશાહાની ઢાલ વીધી પાર નીકલી કેઆનશાહાની બાજુ ઊપર લાગો; તેથી કેઆનશાહાની બાજુમાંથી લોહી જારી થયું. પણ તે શાહજાદાએ નેજો ઊઠાવી એવોતો જોરથી ફીરોજની કમર ઊપર મારીઓ, કે તેથી તે ગોદરજી સવારનો કમરબંદ તથા બખતરની કરી તુટી ગયાં. આથી તે

નામનો ઊઠાવનાર ફીરોજ ઘોડા ઊપરથી ખાકમાં પડીઓ, ને તેનું બખતર ચાક થઈ ગયું. પણ તેણે શેતાબ ચીતાની મીસાલ કુદીને તલવાર ખેંચી, કે કેઆનશાહાના ઘોડાના પાઊ કાપી નાખે, ને તેનેબી પેઆદો કરે.

હેકાયત લખીછે કે, મારીઓ ગયો ફીરોજ તથા લડાઈ કીધી કેઆનશાહે ઇરાની લશકર સાથે અને ગોફતેગો કીધી જેહાનબખશની નજદીક.

એવો અંદેશો કરી ફીરોજ પેહલવાને તલવાર ખેંચી, પણ તે શાહજાદાની રાન નીચે ઘોડો દેવને તાખમનો હતો, તેથી તે ઘોડાએ ખંખારી પોતાની દુમ ઊભી કરી કુદી આવી ફીરોજની ગરદન મોંહડામાં પકડી એક પાઊં તે નામદારના સીના ઊપર મેલીને તેને ગેરદાપેચ કરી નાખીઓ. જેવારે ઘોડાએ એ રવેશ લડાએક સવારને દાતમાં પકડી ચીરી નાખીઓ તેવારે તે અજાએબી જોઇ સરવ કોઈ હેરત થયા ને ગોદરજીઆની ટોલો ફીરોજના મુવાથી માતમ ભરેલો થયો.

તેજ વખત કેઆનશાહ નેજો ઊઠાવી શેરની મીસાલ ઈરાની લશકર ઊપર જઈ પડીઓ, ને જેમકે એક ભુખીઓ ચીતો ગોસપંદનાં ગોવાલામાં જઈ પડીને એક દમમાં તમામ ગોવાલું પરાગંદે કરી નાખે તે મીસાલ ઈરાની લશકરમાં ડાવી તથા જમણી તરફ હોમલો કરવા લાગો. તેને એ રવેશ લડાઇ કરતો જોઈ ઈરાની લશકરે પોતાની લગામ ફેરવી; પણ તે શાહજાદો નેજાએ કરી સવારોને જીવતા જવાદેતો નહી, ને એક લેહજામાં ઇરાની લશકર પરાગંદે કરી નાખીઊં. એમ કરતાં કેઆનશાહાના હાથથી ૧૬૦ સવાર જખમી થયા ને ઘણાએક સવાર જીવથી મારીઆ ગયા. પણ તે શાહજાદો ઇરાની લશકરને જીવથી મારતો નહી, ને જખમી ઘણાંને કરતો, કાંકે તેને પોતાના કાકાનાં લશકર ઊપર મોહોબ્બત ઘણી આવતી હતી. એમ કરતાં કેઆનશાહા બુઢા ગોદરજની નજદીક જઈ પોંહચીઓ, અને તેને કહીઊં કે, "અય ધરપકડ ભરેલા ગોદરજ, તેં મારી લડાઈ દીઠી? તેં કાંસેરોદ ઊપર મારા બા-

પની લડાઈને વખ્ત ઘણાં સવાલો જવાબ કરી તે ને લડવાથી ઘણો મને કીધો હતો, બલકે જેવારે મારો બાપ તુસની લડાઈથી ઘણો બતંગ આવીઓ તેવારે તું તુસ સાથે સરબસર લડીઓ હતો, ને તે ફરૂદની લડાઈથી પોતાનુ સર ફેરવીઊં હતું, તે તમામ વાતની મને ખબર છે. વાસતે, અય નામદાર, બુઢા ગોદરજ, હમણાં મને તારી સાથે લડાઈ નથી, ને તારો બેટો બેહરામ આજરગોશાસપની મીસાલ ગરમી કરતો માહારી લડાઈમાં આવીઓ, પણ મેં તારી આગલી ખુબી ઊપર નેગાહ કરીને તેને જીવથી મારીઓ નહી, ને તારા નામદાર ગેવનેભી મે જીવતો પકડીને કેદ કીધો. વાસતે, અય હોશભરેલા ગોદરજ, તારી અકલ ઘણી નેક છે. તું પાદશાહાનો સેપેહેસાલાર ને લશકરને પુશતીનો કરનાર છે. વાસતે તું શેતાબ ઘોડાની લગામ ફેરવીને કએખોસરોની નજદીક જા, ને કેરશાસપશાની જે તમારા બંદમાં છે, તેના તન ઊપરથી ભારી બંદ છોડાવી નખાવી મારી નજદીક મોકલ, કે હુંભી તારા બેટા ગેવને આબરૂથી સરપાવ આપી કેટલુંએક લશકર તેની સાથે જલેબમાં આપી તમારાં લશકરમાં પોંહચાડવા મોકલું, કે તેથી તું તથા તારા દોસત લોકો ખુશી થાય, ને તારો બેટો ગેવ ઘણી આબરૂ પામે. અગર આ મારી વાત તારી મરજીમાં નહી ઊતરતી હોય તો મારી સાથે લડવાની તઈઆરી કર." તેવાર ગોદરજે તેને કહ્યું કે, "અય પાદશાહા, એવી એબ ભરેલી લડાઈ તુંથી જાહેર થાયછે. તું પાદશાહા કેકોબાદને તાખમનો થઈ ને ઈરાનના સરદારો સાથે લડાઈ મા કર, કે આખરે તું એ લડાઈમાં પોતાના બાપની મીસાલ મારીઓ જશે. તે કરતાં પાદશાહા કએખોસરોનુ દેલ તુંથી દરદ ભરેલું રેહેછે. વાસતે, અય નોજવાન, તું પાક દાદારથી ડર. તું પોતાની જવાનીના તોરથી મુદઈ લોકોની હજુર પાદશાહા કએખોસરોને દુખી કરેછે, તે કરવું તુને સજાવાર નથી."

એ રવેશ બુઢો ગોદરજ કેઆનશાહાને કેહતો હતો તેવામાં શેરનર જેહાનબખશ ગોસા ભરેલું મોહ કરી તે જગો આવી પોંહચીઓ. તે હીંદુસતાનનો સરદાર એક સફેદ હાથીપર રોશન માહતાબની મીસાલ સવાર થયલો હતો. તેણે આવતાં વાર એક પોકાર મારી કેઆનશાહાને કહ્યું કે, "અય લડાએક ફરેદના બેટા, તું હજુ પોતાની નાદાનીની

જેહલ મેલતો નથી, બલકે તુને આંખમાં કસી વાતની શરમ છે નહી, ને તારી નજદીક નેકી તથા બદી સરવ એકસાન છે. તું કોઈની વાત તથા નસીહત શાંભલતોજ નથી, ને કીનાંએ કરી જેહલની લગામ પકડી બેઠોછે, એ સારૂં નથી કરતો. તારી નજરમાં નાધલા તથા મોટા કોઈ આવતા નથી, ને વરૂની મીસાલ આવી એકાએક તું હોમલો કરે છે. જોવામાં આવીઊં કે, તારી આંખમાં શરમ નથી, તેથી તુને પોતાના કાકાની કસી મરવત આવતી નથી. અય સરદાર, તુને પોતાનાં દેલમાં એવું ગુમાન આવતું હશે, કે તારા જેવો કોઈ જેહાનમાં દેલેર નથી, પણ એવો અંદેશો તું ગલત કરેછે. તેં લડાએક પેહેલવાનની લડાઈ કીઆં દીઠી છે ? મને પાદશાહા સીઆવખશના રવાનની શરમ આવેછે, તથા નામદાર ફરેદનાં રૂહની શરમ કરવી પડેછે. તેમને ઈઆદ કીધાથી મારા દીદા આંજુ ભરેલા થાયછે; તેનાં સબબથી હું એકાએક તારી સાથે લડતો નથી. મબાદા તારા જીવને કસી નુકશાન પોંહચેતો પાદશાહા કએખોસરોનું દેલ ગમ ભરેલું થાય, ને તે નેકનામ પાદશાહાની તમામ મજલેસ તારા સોગથી માતમ ભરેલી થાય. એવો અંદેશો કરી હું લડાઈનો હાથ ઊઠાવતો નથી. વાસતે તુંભી અંદેશો કરી અમારા બુજોરગોની શરમ કર. અગર તું મારી સાથે બેમરૂઅત થાયછે તો જેહાંપેલવાન રૂસતમની તો શરમ કર, કે જેની તલવારથી તમામ જેહાન લરજેછે, ને જેની કઊવતથી દુશમન લોકોની પીઠ વાંકી થઈ ગઈ છે. તું જાણતો નથી, કે તેની દેહશતથી દેવ લોકોને રાતને વખતભી ખોઆબ આવતો નથી, તથા તેના દબદબાથી મગર મછભી દરીઆવમાં લરજેછે. વાસતે, અય પાદશાહા, તું એખલાસથી પોતાના કાકાની નજદીક આવ, ને આ કીના તથા ફેસાદને બરતરફ કર ને પોતાની નેકનામીને વાસતે, જે કોઇ તારા કેદમાં બંદીવાનો છે, તેમને ખલાસ કર, ને પોતાના બાપદાદાના કદીમ ચાકરો સાથે એવી બેહુદી લડાઈ મા કર, ને એ નાસેપાસીનો લેબાસ પોતાનાં તનમાં મા પેહેર. તું આગલ અંદેશો કરીને જો, કે મારા બુજોરગોએ તારા બુજોરગો સાથે શીરવેશ ખુબી તથા નેકી કીધીછે. તેથી હમણાં હું તું સાથે લડાઈ કરી તારા હાથની બેહુ બાજુ બાંધું, તો તમામ જેહાનના લોકો મને

સામેસવારનાં તોખમનો કરી કહે નહી. અગર જેહાનબખશ સામના દાસતાનની અઓલાદનો હતો તો તેણે પોતાના પાદશાહાના બેટાને લડાઈમાં બાંધીઓ કેમ, એવા તાનાજનીના સખુન મારી પછવાડે લોકો બોલે. વાસતે, અય, પાદશાહ, દેલમાં અંદેશો કરી અકલથી કામ કર."

એવી વાત જેહાનબખશથી શાંભલીને કેઆનસાહે જવાબ દીધો કે, "અય સરફરાજ પેહલવાન, મને હવે પછે કોઈ બીજા સાથે કીનો તથા લડાઈ છે નહી, પણ તમો લોકો મારી સામે લડવા આવોછો તેથી હું નાચાર થઈ પોતાની શરમને વાસતે તમો સાથે લડુંછું. અગર હું લડું નહીતો તમો લોકો એક લેહજામાં મારા લશકરની ગરદ કાહાડી નાખો. તું જો કે મેં ઇરાની લશકરના કોઈ સેપેહેસાલારને ઇઆ નામીચા સવારને હજુ જીવથી મારીઓ નથી, પણ હરેક કોઈ સાથે નામીચી લડાઈ કરી તમો લોકોની ખાતરનીશાનો કરૂછું, કે તમો નામદાર કેરશાસપસાંનીને બંદીખાનેથી છોડી મેલો. કસમ પાક યજદાનના તથા ફરેદના રવાનના, કે કેરશાસપસાનીને મેલવીઆ પછે હું આ મેદાનમાં તમો સાથે લડવાનો નથી, ને હું પોતાના મુલકની તરફ પાછો નીકલી જાવશ. જે મારા બાપને મારનાર ખુની છે, તેમને મેં પકડીઆછે. તેથી તેમને મારી સાથે લઈ જઈ મારી ખાહેશ મુઆફેક તેમનાં સર કાપી નખાવશ, ને કોઈ ઊપર મેહરબાન થાવશ તો તેને જીવતદાન બખશશ. તમો લોકો હવે પછે ગેવના બેટા બીજનને, તથા રેહામને નજરે દેખશો નહી. એ તરણે ખુનીઓને મારા બાપના કીનામાં જીવથી મારૂં, તેવાર પછે કીનાથી હાથ ઊઠાઊં." એ સાંભલી નામદાર જેહાંબખશે તેને કહીઊં કે, "અય કેઆની પાદશાહા, નવજવાન બીજનતો જેહાનપેહલવાન રૂસતમની બેટી, જે શમશેર તથા ગુરજની મારનાર તમામ બાનુઓની બાનુ બાનુગોશાસપછે, તેનો બેટો થાય, અને તેમ એ કેખોસરો પાદશાહાના તમામ ઇરાની પેહલવાનોમાં દેલેર છે. તે બાનુની લડાઇની બરાબર માજદરાનના દેવો આવી શકતા નથી. અગર તે બાનુ ગોશાસપ પોતાના બેટાને કેદ પકડાયાની ખબર શાંભલશે, તો શેતાબ રેલનાં પાણીની મીસાલ આવી પોંહચીને તારી બેહુ બાજુ સખત પથરની મીસાલ બાંધશે. તેવારે તમામ પાદશાહો

તારી ઊપર હસશે, ને કેહેશે કે, કેઆનશાહાને આખરે એક ઓરતે બાંધીઓ. એ રવેશ તારી મસખરી થશે, તેથી તારી તમામ દેલેરી તથા નેકનામી ધુલમાં મલી જશે, ને એ બદીમાંથી આકેબત તારે ઊપરભી બદી પોહચશે. તું એમ રખે જાણતો, કે શેરના ટોલામાં એક લોકડી ઇઆને કોહલી શેકાર કરી દેલેરીથી શેરના બચાંને લઇ જાય. વાસતે તું એ ફેસાદથી હાથ ઊઠાવ. અગર નહી તો જેવારે હમો જાબુલી પેહુલવાનો ગોસામાં આવશુ તેવારે તું પોતાના પેઆરા જીવથી જશે. વાસતે જે કરે તે વીચારીને કર."

હેકાયત લખીછે કે, લડાઇ કીધી કેઆનશાહનાં લશકરે પાદશાહ કએખોસરોનાં દગની લશકર સાથે.

એવા સખુન કેઆનશાહે જેહાનબખશની જુબાનથી શાંભલીઆ તેવાર તેની વાતથી સર ફેરવીને નવેસરથી લડાઇ ભરેલો થયો ને તે આપ રંગીલો શાહુજાદો પોકાર કરી કેહવા લાગો કે, "નામદાર પાદશાહ ફરોદનો બેટો દેલેર કેઆનશાહ તે હું છુ. મારી તલવારની નજદીક કોઇની તાકાત રેહતી નથી. મેં હવે જુનો કીનો ઊઠાવીઓછે, ને એ કીનાથી હરગેજ પોતાના સીનાને હું ખાલી નહી કરશ. જે કોઇ મારી લડાઇમાં આવે તેને નેજાએ કરી જીન ઊપરથી જમીન ઊપર ઊંધો નાખું. હું નથી જાણતો કે ગરદન ઊઠાવેલો જેહાનબખશ તે કોણ છે, ને શેરને પીતેનો રૂસતમ તે કોણ છે. જે કોઇ ફરોદનાં ખુનથી બેતકસીર છે તે શખસ મારા હાથથી કસો રંજ દેખશે નહી. અગર પાદશાહા ઇઆ પેહલવાન જે કોઇ બેતકસીર હશે તે સાથે હું ખુબી કરશ. તે છતાં જે કોઇ શખશ પોતાની હટે કરી મારી લડાઇમાં આવશે, તેને હું મારી લોહાની વરસાવનાર તલવારે કરી જીવથી મારશ." એ વાત કેઆનશાહાની જુબાથી સાંભલતાં વાર જેહાનબખશ ગોસામાં આવીઓ અને દેલ સાથે કેહવા લાગો કે, "હમો લોકો એક મરતબે જેહાનમાંથી મરી નથી ગયા કે એ કેઆનશાહા હમારાં ખાનદાનને એવડું બેહુકીગી બોલેછે. અગર

શુ થયું એ શાહાજાદો છે તો ? હમોભી પાહદશાહા લોકોની પાસે બે સનાર છઈએ, અને તાજ ને તખત બીજા પાદશાહોને બખશીએ છઈએ" એવો અંદેશો કરી ઈરાની લશકરને હોકમ કીધો કે, "એક લડાઈ રસતા બેજની મીસાલની કરો, અને કેઆનશાહાને એક મરતબે જીવતો પકડી પોતાની ચુંગાલમાં લાવો. અગરચે એ ફરેદ પાદશાહાનો બેટો છે તો શું થાયું ? જેવાર એ પોતાનાં દેલમાંથી કીનો કાહાડતો નથી અને હરદમ શમશેર પકડવાની વાત કરેછે તેહારે હવે આપણે જોયા શાવાસતે કરીએ ? એને આપણે મીનત તથા આજેજી કીધામાં તો કાંઈ બાકી રાખીઊં નહી; પણ જેવાર એ સમજતોજ નથી, તો હવે એને જીવતો પકડી લો, કે જેહાનના દરમેઆનમાં બંદ સેવાએ એનો કસો એલાજ નથી. એ પોતાની ખુશીથી પોતાના મોતને ચાહેછે, તો એમાં આપણી કસી તકસીર નથી. તમો પાદશાહા કએખોસરોથી તથા કેઆનશાહાથી કસો ડર રાખતા મા. અગર એ બાબતમાં પાદશાહા કએખોસરો ગોસો કરશે તો હું પાદશાહાને જવાબ દઈશ. પણ હવે તમો એની સાથે લડવાની કસી ઢીલ કરો મા."

જેહાનબખશાનું એટલું કેહવું કે, તમામ લશકરે કેઆનશાહાની તરફ એક મરતબે મોહોડું કીધું, ને ગુરજ તથા નેજા ઊઠાવી તેની તરફ હોમલો કરી ગયા. તેથી બીજી મરતબે કરેહનાએ ને નગારાંના અવાજ નીકલીઆ. લડાઇના સવારોની ધરપકડનો પોકાર એટલોતો ઉઠીઓ કે ગોયા તે વખત આસમાનભી જમીન ઊપર પડવા ચાહાતો હતો, એક લડાઈ બેહુ લશકરને એવી જબરદસત થઈ કે, તેથી આફતાબના રોખસારાનો રંગ ઊઠી ગયો. એ રવેશ દેલેર કેઆનશાહા ઊપર તમામ લશકર જાઈ પોંહચીને તેમાંથી બાજે સવારોએ તીર નાખીઆ ને બાજે લોકોએ નેજા મારીઆ, તથા કીનાની તલવારનો તો શુમારજ નહી હતો. તે લશકરની ધરપકડનો શોરસાર આસમાનના ફરેશતાઓના કાનમાં જાઈ પોંહચીઓ. કેઆનશાહ એખલો તે લડાઈમાં મુદઈના લશકર ઊપર જાઈ પડીઓ. તેના હાથમાં જીવનો લેનાર નેજો હતો, તેથી સવારોને ઘોડાની પીઠ ઊપરથી ખાક ઊપર ઊઘા નાખતો. એમ કરતાં ઘણાએક પેહલવાનોને જીવથી મારીઆ, એવામાં તે નોજવાન શાહાજાદાનો ઘોડો

ઠોકરાયો, તેથી તે ઘોડા ઉપરથી નીચે પડીઓ, ને ઇરાની લશકરે તેને હ-રમેઆન ઘેરી લીધો.

હવે પેલી તરફથી તુરાનનો પાદશાહ તથા ફગફુરચીન તથા કલા-ઓજશાહા વગેરે હરેક લશકરના પેહલવાનો કેઆનશાહાની લડાઈ જોઇને અજબ્ય રહી એક એક સાથે વાત કરવા લાગા કે, "એવો શાહાજાદો લ-ડાઇને વખત દેલાવર કોઇએ દીઠો નથી." એ રવેશ વાત કરતા હતા, ને પોતાની આંગલી દાંતમાં પકડતા હતા. જેવારે સરાએજીનીએ કેઆ-નશાહને જમીનઊપર પડેલો દીઠો, તેવારે એક પોકાર મારીને અફરીત દેવને તથા મોરજાન દેવને તથા કેહકામ દેવને કહ્યું કે, "શેતાબીથી કે-આનશાહની મદદે આપણાં લશકર સાથે જાઓ, ને ઇરાની લશકરને બ-રહમ મારો." સરાએજીનીનું એટલું કેહવું કે દેવ તથા જીન તથા પરીનું લશકર લડાઈનાં મેદાનમા જઈ પોંહચેગીં, ને અવલ પથરનો વરસાત શુરૂ કીધો, તેથી જેમકે પોતાના હીગામઊપર વરસાદ વરશે તે મીસાલ હવા ઊપરથી ઇરાની લશકરનાં સર ઊપર પથર વરસવા લાગા. જેવારે જેહાનબખશે લશકર ઊપર વરસાદની મીસાલ પથર વરસતા દીઠા અને તેણે કરી હર તરફથી ઇરાની લશકર શેકસત પામતું દીઠું, તેવારે આવાજ મારી સીહાદેવને કહ્યું કે, "અય નામના ઊઠાવનાર શોરભરેલા દેવ, જેવારે તું ભી દેવ છે તેવારે જોયા શું કરેછે? એ દેવનાં લશકર સાથે લડાઈ કર." એટલું કહી પોતાનો ભારી ગુરજ ઊઠાવી સર ઊપર ઢાલ પકડીને પેલા સુમીઅન ભરેલા દેવનાં લશકર ઉપર જઇ પડીઓ ને હર તરફથી દેવોનાં સર ગુરજે કરી કુટી નાખીઆં, ને આસમાન લગી શોર ઊઠાવીઓ. એમ કરતાં તે જીનના તથા દેવનાં લશકરમાંથી એક હજાર દેવને જીવથી મારીઆ. તે લડાઇના બેશુમાર પોકારે કરી આસમાનના કાન બેહરા થયા, ને મારેલાં આદમીઓ તથા ઘોડાઓ તથા દેવોની લો-થના ટેકડા ઊઠીઆ, ને નદીનાં પાણીની મીસાલનુ લોહી જારી થયું. તું કહે ગોયા તે મેદાન દરીઆવની મીસાલનું હતું, ને સેપેહેસાલાર જેહાનબખશ મગરમછની મીસાલનો હતો.

હેકાયત લખીછે કે, લડાઇનો જોશ વધી પડીઓ, અને તે દરમેઆન જેહાનબખશે કેહકામને જવાનો રસતો બંધ કીધો, વગેરે.

એવામાં કેહકામદેવ દોડતા વાની મીસાલ જેહાનબખશની નજદીક આવી પોંહચીઓ. તીઆં સીહેદેવને હાથીની સવારી ઉપર બેઠેલો દીઠો, ને તમામ મેદાન, મારેલાં આદમીઓની લોથોથી ભરેલું દીઠું. તે સીહાદેવ હર તરફ હાથી રેલવીને દેવોનાં સર ઉપર ગોરજ મારતો, અને ફરોદના બેટાની લડાઇનો કસદ રાખતો હતો. તેને જોઇ કેહકામદેવે પોકાર મારી કહયું કે, “અય ગુમ કીધેલાં નામના નાપાક દેવ, હવે તારી લડાઇ ને કીનાને વાસતે હું આવી પોંહચીઓછું, કે તારા ગરમ બાજારને સોસત કરી નાખું. તેં સરાએજીનીનાં લશકરના ઘણાએક દેવોને મારીઆ, પણ હું જેવો તારી લડાઇમાં આવી પોંહચીઓ નથી, તેથી તેં એવડી ખરાબી કીધી. અય કમબખત, તું દેવ થઇને ઇરાનીઓની મદદ કરી બીજા દેવોને મારેછે. એ લડાઇગાહમાં તું મારાથીભી ડરતો નથી, બલકે તે તમામ દેવોનાં નામને શરમ પોંહચાડીછે. પણ તારી ગરદન તથા બાજુ એ લડાઇમાં હું ભાંજી નાંખુ. અય લેઆનત ભરેલા ઊંધી અકલના દેવ, હમારો તમામ દેવોનો સરદાર સફેદ દેવ, કે જેથી તમામ માજંદરાનને જેબ તથા જીનત હતી, તે નામદાર દેવને રૂસતમ જાબુલીએ મારીઓ, ને તેના મુઆથી તમામ માજંદરાનના દેવો પોકારમાં પડીઆ, એવો તે નામદાર દેવ હતો. તેની ઇઆદગારી જેહાનના દરમેઆનમાં એક તું રહયોછે; પણ તું તો એવું નાલાયક કામ કરેછે કે, જેથી તારા બાપનુ નામ ધુલ મલી જાયછે, ને તુંથી તમામ જેહાનના દેવોને શરમંદગી પેદા થઇછે. જે ખુનીએ તારા બાપનું પીરૂ ફાડી નાખીઊં, તેના બેટાની ખેદમતમાં તું ગોલામની મીસાલ ફરમાનબરદાર થઇ આપણા દેવો સાથે લડેછે. તુંને બીજા દેવોની નજદીક શરમ નથી આવતી, કે આદમજાદનાં ફરમાનમાં રહી પોતાના દેવ લોકો સાથે લડેછે? મગર શું તારા દેલમાં પોતાના બાપનાં ખુનની ઇઆદ નથી આવતી? અય કમબખત,

તું જેવો નાલાયક બેટો, પોતાના બાપદાદાનાં નામને નામોસી લગાડનાર, જેહાનના દરમેઆનમાં કોઈને પેટે પેદા થતોજ મા!" તેવાર સીહાદેવે તેને કહ્યું કે, "અય બુરી ખસલતના તથા બદ અંદેશાના દેવ, તું જાલેજરનાં ફરજંદને બદ જુબાને મા બોલ. તેમની બરાબર મેદાનમાં કોઈ દેલાવર આવી શકતા નથી. તેમને દેવ લોકોએભી ઘણા અજમાવી મેલીઆછે. જેહાપેહલવાન રૂસતમ શું, બલકે સામેસવારનું તમામ ખાનદાનજ લડાયક છે. મેં જે દાહાડેથી એ ખાનદાનની ખીદમતમાં ફરમાનબરદારીની કમર બાંધીછે, તે દાહાડેથી હું જેહાનનાં દરમેઆનમાં આબરૂમાં આવીઓછું. ને મેં તમામ જેહાનની સેર કીધીછે. ઇઆને તમામ જેહાનમાં હું ફરીઓછું તીઆં કેયે એ ખાનદાનના પેહલવાનો બરાબરનો પેહલવાન દીઠો નથી. તેથી હું જેહાન તેહલવાન રૂસતમના બેટા ફરામરજનો ગોલામ થઈ રહયો છું, અને કીનાને વખત સામનાં ખાનદાનનો હું બંદો છું."

જેવારે કેહકામદેવે સામેસવારનાં ખાનદાનનું નામ સાંભલીઊં તેવારે ગોસામાં આવી સીહાદેવ ઊપર ચુંગાલ લાંબી કીધી, કે તેનું સર તનથી ઊખાડી નાખે, પણ તેના સર ઊપર કાબુ નહી પામીઓ. તેથી સીહાદેવનાં તન ઉપર ચુંગાલ મારી તેનું બખતર ફાડી નાખીઊં. તેના ડરથી સીહાદેવે પોતાનું સર પાછું ખેંચીઊં. તેણે જોયું કે, એ કેહકામથી છુટકો પામવાનો નથી, તેથી પોતે હાથી ઊપરથી નીચે ઊતરીઓ. જેવારે તે લડાયક દેવે સીહાદેવને જમીન ઊપર પડેલો દીઠો, તેવાર તેનાં હાથીની તરફ જાઇ પોહચી તે હાથીના પાઊં પકડી તેને ઊઠાવીઓ, ને પોતાનાં સર ઊપર ફેરવી પાછો જમીન ઊપર મારીઓ. તેના જરબથી તમામ મેદાન ધ્રુજીઊ, ને તે હાથીનું તન પુરજે પુરજા થઈ ગયું. તેવારપછે સીહાદેવ ઊપર દોડીઓ, ને પોતાનાં જેહરી નખ તેજ કીધાં, કે તેણે કરી તેનો સીનો ફાડી નાખે. એ તમામ મામલો જેહાનબખશે દુરથી દીઠો, તેજ વખત પોતાનો હાથી તે ઊપર રેલવીઓ, ને જોશથી આવી કેહકામદેવનો રસતો બંદ કીધો, ને તે દેવ ઉપર એક પોકાર મારી કહ્યું કે, "અય બદનસલના રીમન દેવ, હવે તારા જીવને સંભાલ, કે તારૂં મોત આવી પોંહચીઊંછે. હું જેહાનબખશ, નામદાર ફરામરજનો

બેટો છું. તે મારા નામદાર બાપે લડાઇનાં મેદાનમાં હેરાસદેવને મારી-
ઓછે. તે લડાયક પેહલવાન મારો બાપ છે, ને તેનો હું બેટો છું. મેં
મગરેબજમીનમાં જઈ તે જગોના તમામ જાદુગર લોકોનાં સર ખાકમાં
નાખીઆંછે, ને તેમનો મોલક દરહમબરહમ કરી નાખીઓછે. તે જગો
તું જેવા હજારો દેવને મારી તેજ તલવારે કરી જીવથી મારીઆછે, ને
જેમકે પાદશાહા કએબોસરોથી અફરાસીઆબનો જીવ લરજેછે તેમ
મારી તલવારથી દરીઆવનાં દરમેઆનમાં મગરમછનાં દેલ ધુજેછે." જે
વારે કેહકામદેવે જેહાનબખશથી એવા સખુન સાંભલીઆ તેવારે તેનાં
બુલંદ કદ ઊપર નેગાહ કરી જોયું. તો ગોયા એક લડાઈનો શેર
હાથીની પીઠ ઊપર બેઠેલો દીઠો. તેના હાથ તથા પાઊંએ કરી નીલના
દરીઆવની મીસાલ જમીન હલતી હતી. પછે કેહકામે કહીઊ કે,
"અય દેવલોકોની લડાઈથી નાવાકેફ આપરંગીલા છોકરા, હું તમામ દે-
વોમાં હમણાં પાદશાહા કેહવાઊંછું. મારી મીસાલનો દેવ આજે જેહા-
નના દરમેઆનમાં છે નહી. હેરાસ જેવા હજારો દેવ મારી ખેદમતમાં
કમર બાંધેલા રહેછે. હું પોતાના બુજોરગવાર તજાનુ દેવ, કે જેને કેર-
શાસપે મારીઓ, તે દેવની બરાબરનો છુ, ને મારૂ વતન જરનેગાર શેહ-
રમાં છે. તે મારાં શેહરની પાસે આફતાબ ગુરબ થાયછે; એટલો મારો
મુલક દુર છે. મારાં લશકરની ગરદથી જમાનો સીહા થઈ જાયછે, ને મારી
નજદીક ચીનનો દરીઆવ ગોયા એક પાણીના ચશમાંની મીસાલ ક-
સા હીસાબમાં નથી. તું હમણા મને વગર લશકરે એ રવેશ બોહાર દે-
ખેછે તેનુ કારણ એ કે હું એખલો એ લડાઈગાહામાં આવી
એક બલાના ફાંધામા પઢેઓછું તે બલા તે સરાયજીનીની બેટી મુ-
શકફામ નામની છે, જેણે પોતાની સીહાચોટીનાં ફાંધામાં મારૂ દેલ
ખેંચી લીધુંછે, ઇઆને તે પરી ઊપર હું આશક છું. પણ અગરજો
મારૂ બખત રોશન થાય તો એકુ રાતે તે મુશકફાંમને ચોરી લઈ હું
મારા જરનેગાર શેહેરની તરફ જતો રહું. પણ હમણાં તો ફનથી એ
સરાએજીનીના તાબામાં રહી લડાઈ કરવી પડેછે, તેથી એ જગે-
ની ગરદ આસમાન લગી પોંહચાડુંછું." એ સાંભલી જેહાનબખશે તેને
કહયું કે, "અય સુશ્ર દેવ, તારી વાત કબી પથરની મીસાલ સખત

તથા કબી મોમ મીસાલ નરમ સાંભલુંછું. ઇઆને કબી તું કીનાથી ગોસા ભરેલી વાત કરેછે, ને કબી મોહબતથી નરમીએ કરી સખુન બોલેછે. પણ તું એવી મોહડાં તથા માથાં વગરની વાતથી મને શું ડર દેખાડેછે? તું એ લડાઇમાંથી પોતાનો જીવ સલામત લઈ જશે તેવારે સરાએજીનીની બેટી મુશકફામને ચોરી લઇ જશે કે?" એટલું કહીને ગાયની સુરતનો ગુરજ ઊઠાવીઓ કે જે ગુરજથી અલબુરજ પાહાડબી બોહાર હતો, ને જેણે ધણાએક દેવોનાં મગજ તોડીઆં હતાં. તે ગુરજ જેહાનબખશે કેહેકામ દેવના સર ઊપર મારીઓ, તેના જરબથી કેહેકામ દેવ ધણો નાખુશ થયો, ને તે ગુરજનો અવાજ તમામ લશકરોએ શાંભલીઓ, ને તેથી આસમાન ઊપર આફતાબ ધુંજીઓ, ને જમીન જેરોજબર થઈ ગઈ, પણ તે દેવને કસો આજાર પોંહોચીઓ નહી.

હેકાયત લખોછે કે, લડાઈ કીધી જેહાનબખશે કેહકામદેવ સાથે અને પાછો ફરીઓ લડાઇનાં મેદાનમાંથી.

તે ગુરજના જરબથી જેહાનબખશની મસખરી કરીને કેહકામ દેવ હસીઓ, ને કહયું કે, "અય લાફના મારનાર હીંદુસતાની સવાર, તું પોતાના બાપ દાદાથી કીનાંની ડંમર શા વાસતે કરેછે? જેવારે તારા હાથનો કીનાનો ગુરજ એ રવેશ કસા હીસાબમાં નથી તેવારે પોતાના બાપ દાદાની એવડી તારીફ શા વાસતે કરેછે? તુતો કેહતો હતો કે, લડાઈનો કરનાર નરેશેર છું, તેથી મરદીએ કરી દરીઆવમાંથી મગરમછને બાહર ખેંચી કાહાડુંછું અને જેવારે મારા પાહાડના કુટનારા ભારી ગોરજ ઊપર હું હાથ નાંખુંછું તેવારે હેરેમન લોકોનાં તનને શેકસત પોંહચાડું છુ. પણ જે કોઇને તેં મારીઆછે તે લોકો પોતાને મોતે મુવા હશે; બાકી તારા એવા જરબથીતો એક મછરબી જીવથી મરે નહી. તેને વાસતે તું કેટલોએક વાર થયો મારી સામે ઊભો રહી ડમર કરી ગપ હાંકેછે. પણ તું મને પીછાનતો નથી, કે હું નામનો ઊઠાવનાર કેહકામ દેવ છું. કીનાંને વખત મસત અજદહાને જેર કરૂંછું ને તું જેવા હજારો જેહાન-

બખશને મેં લડાઈમાં ખાકસાથે બરહમ મારીઆછે. વાસ્તે હમણાં તાહરાં તનને મારાં જેહરી નખે કરી ફાડી નાખુંછું." તે ફાડનારા દેવથી એવા સખુન સાંભલીને જેહાનબખશ પોતે દેલમાં લરજીઓ, ને મનસાથે કેહવા લાગો કે, "એ દેવછે તે ગોયા આદમીઓની અજલ છે." એવો અંદેશો કરી બીજી મરતબે ગુરજ ઊઠાવીને તેનાં સર ઊપર મારીઓ. પણ કહેકામ દેવને કાંઈ ખબર પડી નહી કે તેનાં સર ઉપર ગોરજ મારીઓછે ઇઆ નથી મારીઓ! એ રવેશ તે જેહાનબખશના ગુરજને ખાતરમાં લાવીઓ નહી. એમ કરતાં તે પેહલવાને કહેકામ દેવનાં સર તથા બાજુ ઊપર ઘણાંએક જરબ ગુરજના મારીઆ, પણ તે હેરેમનનાં તનને કશું દરદ પોંહચીઊં નહી, ને તેનાં સુમીઅત ભરેલાં મોહનો રંગભી જરદ થયો નહી. તેવારે સેપેહેસાલાર જેહાનબખશ તેથી ઘણો અજબ રહી દીલમાં કેહવાલાગો કે, "આ દેવ પથર તથા લોહાંનો છે. મેં મગરેબ જમીનમાં ઘણાએક દેવો સાથે લડાઈ કીધી તથ ઘણાએક હેરેમનોને મારીઆછે. તે વગેરે એહેશન નામનો દેવ મારી લડાઈમાં મારીઓ ગયોછે, કે જેવો દેવ જેહાનમાં પેદા થાયજ નહી. પણ-આ નાપાક કેહકામ જેવો દેવ મેં દીઠો નથી. વાસતે હું ડર ખાઊંછું કે, એ નાપાક મારી ખુશીનાં શરબતને જેહરની મીસાલ નાખુશ કરી નાખશે."

એવો અંદેશો જેહાનબખશ કરતો હતો એવામાં તે દેવે ચુંગાલ મારીને તેનુ બખતર ફાડી નાખીઊં ને તે છતાં તેનાં જેહરી નખ જેહાનબખશનાં તનમાં દાખેલ થયા. તેવારે જેહાનબખશે શેતાબ તલવાર ખેંચીને તે રીમન દેવનાં સર ઊપર મારી. તેવારે કેહકામે બીજી ચુંગાલ લાંબી કરીને જેહાનબખશના હાથમાંથી તલવાર છીનવી લઈ પોતાનાં મોહડાંમાં દાંતે કરી ચાવીને તુકડે તુકડા કરીનાખીઆ! તે અજાયબ તમાશો જોઈ જેહાનબખશે અજબ રહી જુબાન ઊપર યજદાનનુ નામ પોતાની મદદને વાસતે લીધું, ને એમ કરી કહયું કે, "અય પાક પરવરદેગાર! તું આદમીનાં તથા જાનવરોનાં તનનો તથા જીવનો પેદા કરનારો છે. મેં દુનીઆના દરમેઆનમાં એવો દેવ દીઠો નથી, કે જેહરી પાણી પાયલી પોલાદનાં લોહાંની તલવારને દાંતેકરી ચાવીનાખે. વાસતે

આ વખત તારી મેહરબાનીથી મારો હાથ પકડ. તેવારેજ હું સોરખરૂ રહુ; અગર નહીતો આ દેવ મને જીવથી મારશે." એટલું કહી ખંજર ઉપર હાથ નાખી ખેચીઊં, ને શેતાબ કેહકામ દેવ ઊપર મારીઊં, ને ચાહયું કે, એ વખતે દેવને બેજાન કરી નાખે, પણ તે દેવે જેહાનબખશના હાથમાંથી તે ખંજરબી છીનવી લઇને દાંતમાં પકડી ચાવી નાખીખીઊં. તેથી દેલાવર જેહાનબખશની નજરમાં જેહાન સીહા થઈ ગઈ. પછી તે દેવે બીજી મરતબે જેહાનબખશનાં તન ઊપર ચુંગાલ મારીને તેનુ બખતર ફાડી નાખીઊં, ને તેનાં તનમાં નખ દાખેલ કીધાં. તેથી તે પેહલવાનના તનમાંથી લોહી જારી થયું. એમ કરતાં તે નાપાકે પોતાનાં નખેકરી જેહાનબખશનાં તન ઊપરનું ગોશત ઊખાડીઊં. તેવારે જેહાનબખશ ઘણો દરદમંદ થયો. તેનાં તનમાથી એટલું તો લોહી જારી થયું કે, તે લોહીએ કરી તેનો હાથ તથા જમીન લાલાને રંગનાં થઈ ગયાં. બેશુમાર લોહી ગયાથી જેહાનબખશનું તન સુસત થઈ ગયું. તેવાર કેહકામે તેને કહયું કે, "અય જાબુલી પેહલવાન, મને એ જગે તારી સાથે લડાઈ હતી નહી, ને તેં એકાએક મારી ઉપર કીનાનો હાથી શાવાસતે રેલવીઓ? તેથી જોવામાં આવીઊં કે, તું પોતાને હાથે પોતાના જીવનો દુશમન થયો, કે પોતાના પાઊંએ ચાલીને મારી નજદીક આવીઓ. હું જે વખત કીનામાં આઊં તે વખત મારી બરાબરીનો કોઈ પેહલવાન છેજ નહી. તેથી સામ તથા બરજો અને જાલ વગેરે બીજા પેહલવાનોને હું ખાતરમાં લાવતો નથી. હું દુનીઆનાં દરમેઆનમાં કોઈને મોજુદ ગણતો નથી, ને જાલના લડાયક બેટા જેહાનપેહલવાન રૂસતમથી પણ ડરતો નથી. તેના સબબથી મારી માએ મારૂં નામ કેહકામ કરી રાખીઊંછે. દેવ તથા જાદુગરો વગેરે કોઈને મારી નજદીક ઊભા રેહેવાની તાકત છે નહી, તથા તું જેહાનબખશભી મારી લડાઈથી આજેજ આવીઓછે. બુઢી લોકડી લડાયક ચીતાની લડાઈમાં કીઆ બર આવે? અગર તું પોતાના જાબુલી ટોલામાં પેહલવાન કેહવાડેછે, પણ બેહુદાપણાંથી મારી લડાઇમાં શાવાસતે આવીઓ?"

એ રવેશ કેહતો ને જેહાનબખશનાં તન ઊપર ચુંગાલ મારતો હતો, ને પોતાના દાંતે તેહનાં તનને જાબજા કરડતો હતો. તેથી જેહાન-

ખખશ ઊપર જેહાન બતંગ આવી. એક તરફથી તે દેવની ચુંગાલનાં જેહરી નખથી તથા બીજી તરફથી તે દેવ દાંતે કરડતો તેના દરદથી જેહાનબખશ આજેજ આવી ગયો. તેથી તે દેવની લડાઈથી હાથ ઊઠાવીને પાછો ફરી જખમી તથા લોહી ભરેલાં તન સાથે પોતાના લશકરની તરફ આવીઓ. તેની પાછલ કહેકામ દેવ ખરખર હસીઓ, ને એમ કરી કહયું કે, "ઇરાની લશકરનો દેલેર પેહલવાન તો જુવો—નાહસી ગયો !"

હેકાયત લખીછે કે, પાછો ફરીઓ કેઆનશાહ લડાઇગાહમાંથી અને ઇરાની બંદીવાનોને પોતાની નજદીક મંગાવીઆ.

એ રવેશ મસકરી કરીને કેહકામદેવ પોતાનાં લશકરની તરફ ગયો, કે પોતાની માશુક મુશકફામનો ચેહરો જોય. તેને પાછો ફરેલો જોઈ કેઆનસાહ પોતેભી લગામ ફેરવીને પાછો ફરીઓ. પણ પોતાની મરદાનગીએ કરી પોતાનું નામ આસમાન લગી તેણે ઊઠાવીઉં હતું. જેવાર તે શાહાજાદો પોતાના ખાસ દેહરામાં દાખેલ થયો, તેવારે લશકરના તમામ સરદારો તેની નજદીક આવીઆ, ને ગોહર તથા મોતીનો વધાવો તેના સર ઊપર કીધો. પછે સરાએજીનીએ કહયું કે, "અય શાહાજાદા કેઆનશાહ, આજ રોજે લડાઈનાં મેદાનમાં તેં ઘણી સારી બાહાદુરી કીધી, ને પોતાની પેહલવાની બાજુએ કરી દુશમન લોકોની ખાતેર નીશાન કીધી." એ રવેશ સરાએજીની કેહતો હતો, એવામાં દરવાજાની અંદરથી કેહકામ આવી પોહચીઓ, ને નેકખાનદાનના પાદશાહ કયાનશાહ ઊપર દોઆ કીધી. પછે પોતાની લડાઇની તમામ વાત કહી, જે શાંભલેઆથી કેઆન શાહ તથા સરાએજીની વગેરે તમામ પેહલવાનો અજબ રહયા. પછે કેઆનશાહે ફરમાવીઉં કે, "પેલા ઈરાની પેહલવાનો જેઓ આપણા બંદીખાનામાં છે, તેઓને ખોહારીથી લાવો." એવો હોકમ સાંભલીને અફરીતદેવે જઈને ગેવને, બીજનને, રેહાને, તથા તુસને ગમગીન દીલ સાથે બાંધેલા લાવી હાજેર કીધા. જેવારે તે ઇરાનીઓએ કેઆનશાહને સરાએ-

જીની તથા પરી તથા દેવ લોકો સાથે મજલેસ સમારી બેઠેલો દીઠો તેવારે તેમનાં દેલ ધુજવા લાગાં, ને નાઊમેદ થઈ તેઓ પોતાના દેલથી સરદ હાય મારવા લાગા. પછે કેઆનશાહે બીજનને પુછીઊં કે, "અય દેલેર ગેવના લડાયક બેટા, તેં સરફરાજ ફરોદ સાથે શી રવેશ લડાઈ કીધી, ને તે પાદશાહને શી મુશીબતે મારીઓ! અય કમબખત, તુંને એવું કામ કરતાં કસો અફસોસ આવીઓ નહી, કે એવા બીલોરી સીસાની મીશાલના પાદશાહાને તે જમીન ઉપર મારી ભાંજી નાખીઓ! તુંને તે વખત કોઈએ કહયુંભી નહી, કે એ પાદશાહાના ખુનથી જમાનો તારા ઊપર સીહા થાશે. તે કરતાં તેં પોતાના દેલ સાથેભી કસો અંદેશો કીધો નહી, કે એ પાદશાહા સીઆવખશના બેટ્રાને હું કીનાની તલવારે નાહક બગેર તકસીરે મારૂં છું, તો જેહાનનો પેદા કરનાર દાદગર દાવર એ બેગુનાહ પાદશાહાનાં ખુનનો જવાબ મને પુછશે? એવો અંદેશો તેં કશી વાતને કીધોજ નહી. તું જો કે તે તાજદાર પાદશાહના કીનામાં હમણાં કેટલે લોકોના જીવ જાયછે! અય નાદાન, તુને પાદશાહ કએખોસરોથી શરમા નથી આવતી, કે તે પાદશાહના વડા ભાઈને તેં મારીઓ, ને વલી તેની મજલેસમાં સાથે બેસીને શરાબ પીએછે? અને તે પાદશાહે એ બાબતમાં તુંને કાંઈ પુછીઊંભી નહી? પણ એવો સબર ભરેલો પાદશાહ કોઈબી જોવામાં આવીઓ નહી, કે તમોએ ખુદી કરી તેના ભાઈને મારીઓ, ને તે સબર કરી તમોને પુછતો નથી. એ ઘણું અજબ છે. પણ હવે તું મારા હાથથી તે ખુનની સજાને પોંહચશે. તું જોકે હવે તારૂં તન લોહીના દરીઆવમાં શી રવેશ ગરક થાયછે. તુને એક એવી જગો મોકલી દેઊં કે, તારા નામની ખબર પણ જેહાનમાં કોઈને રહે નહી, ને તે જગે તું રંજ તથા ગમથી ભુખ તથા પેઆસે કરી સખતી દેખીને મરે."

એ સાંભલીને બીજને તેને કહયું કે, "અય ઈરાન જમીનના પાદશાહોની ઈઆદગારીની ચેરાગ! તું એવડો ગોસો મારે ઊપર શાવાસતે કરેછે? એતો જે કાંઇ બનાવ બનવાનો હતો, તે બનીઓ. હકતાલાનો હોકમ એવોજ હશે કે નેકખાનદાનના ફરોદનું મોત બેજનના હાથનુ બાહાનુ પકડશે, તેથી તે ચીજ બની. તે કરતાં તું જાણતો નથી, કે રોશન રવાનના સોહરાબનું મોત તેના બાપ તાજબખશ રૂસતમના હાથ ઊપર

હોશે તો તે નવજવાન જેહાનપેહેલવાન પોતાના બાપના હાથ ઊપર શીરવેસ મારીઓ ગયો? તેના ગમથી આજલગી રૂસતમના દીદામાંથી આંસુની જગો લોહીના કતરા વરસેછે. વાસતે, અય દાદગર પાદશાહા, એમાં મારી તકસીર નથી. તેકરતાં હમો હમણાં તારા હાથમાં કેદ પકડાયલા છઇએ; તેથી જે કાંઇ તારાં દેલને પસંદ આવે તે કર. જે ચીજ હક્તાલાના હોકમથી બની આવે તે વાતથી અમો જીવ તથા તનનો કસો અંદેશો કરતા નથી. જેવારે હમારો દાહાડો બરગશતે થયોછે, તેવારે હમોને જીવથી તથા બંદથી તથા લોહાંની સાંકલોની જંજીરથી તથા મરવાથી કશાંથી ગમ નથી. એ બનાવ તથા હોકમ યજદાનનો હોશે તેથી એ વાતમાં તારીભી તકસીર હમો ગણતા નથી." એવા સખુન બીજનની જુબાનથી સાંભલી કેઆન શાહા ગોસામાં આવીઓ. પછે ગેવને એમ કરી કહયું કે, "એ બીજન તો નાદાન બચું છે, તેથી એણે પોતાની નાદાનીથી એવું કાચું કામ કીધું, અને તેના બદલાથી એવી સખતીમાં પડીઓ છે; પણ તું હમારાં કેઆની ખાનદાનનો દોસત હતો, ને એ ફરેદનાં ખુનમાંભી તારી કસી તકસીર હતી નહી, ને આ વખતમાં તું એકાએક કીનાની કમર બાંધીને મારી લડાઇમાં મારૂં ખુન રેડવાનો કસદ કરી શાવાસતે આવીઓ? ને તેં આગલા કીનાને વખત પોતાના બેટાને મને કેમ નહી કીધો, કે બીજાઓના કહયાથી એવા પાદશાહા ઊપર તે હાથ નહી ઘાલતે? પણ જોવામાં એવું આવેછે કે, ફરેદશાહાને મારવાનો હોકમ એખલા તુસે નથી આપીઓ, પણ સાથે તુંભી શામેલ હશે. તમારા બેહુનો હોકમ થાયો તેવારે એ નાદાને એવુ કામ કીધું. પણ હવે તમો સરવ કોઈ ઊપર એવું કામ નાખું કે તમારા જીવ ઊપર આફતાબ તથા માહતાબ જારી કરે."

એવી ચુનોચરાઈ ભરેલી વાત સાંભલીને સેપેહેસાલાર તુસ કેઆનશાહા ઊપર ગોસામાં આવી કેહવા લાગો કે, "અય કેઆનશાહા, તું કીનાની કમર બાંધીને એવડી તુંદી તથા તેજી ઇશનીઓ ઊપર શાવાસતે કરેછે? તારો બાપ ફરેદ કાંઇ આસમાનનો ફરેશતો નહી હતો, કે તું એવડી દેલેરીથી નાલાયક સખુન બોલીને હમો સાથે વાત કરેછે. તે ફરેદતો એક બેહુદાં મગજનો છોકરો હતો, ને તેણે જેહાનના દરમે

આનમાં સરવે ઊપર એવો ગમ નાખીઓછે. તેણે મારા બેટા જરસપને તીરે કરી મારીઓછે. તે જરસપ, પાદશાહા ફરેદુનની અઓલાદનો, પાદશાહા મીનોચહરના બેટા નોજરશાહાનો નબીરો થાય, કે જેની મીસાલનો અને બરાબરીનો કોઈ બીજો પેહલવાન દુનીઆમાં પેદા થાય નહી. તે નામદાર મારો બેટો અઊવલ ફરેદના હાથથી મારીઓ ગયો, તેથી પછે મે તારા બાપને મારવાની રજા આપી તેનાં તનને ખાક સાથે બરાબર કરી નખાવીઊં. તેકરતાં હમણાં હમો તારાં બંદીખાનામાં કેદ પકડાયા છઈએ, તો જેકાંઈ તુને પસંદ આવે તે હમારાં સર ઊપર કર. હમોએતો હમારા પેઆરા જીવથી ઊમેદ કાપીને હાથ ઊઠાવીઓછે; તેથી તારી વાતનો કસો અંદેશો રાખતા નથી.”

એ રવેશ તુસની જુબાનથી શોખી ભરેલા સખુન સાંભલીને ફરેદનો બેટો કેઆનશાહ ગોસામાં આવીઓ; તેથી તેનુ મોહ જરદ રંગનુ થઈ ગયું. એવામાં મોરજાનદેવ કીનાએ કરી પોકાર મારી તલવાર ઊઠાવીને આવીઓ, કે તે ઇરાની સરદારોનાં સર તનથી કાપે, શાવાસતે કે, તે મોરજાનદેવ કેઆનશાહાનાં લશકરના જલાદ લોકોનો સરદાર હતો. જેવારે સરાએજીનીએ તેને એ રવેશ તલવાર ઊઠાવેલો દીઠો, તેવારે શેતાબ ઊઠી ઊભો થઈ કેઆનશાહ ઊપર દોઆ કરી કેહવા લાગો કે, “અય કેઆનશાહા પાદશાહા, તું અઊવલ અકલથી અંદેશો કર, ને એકાએક એ ઇરાનીઓને ગરદન ના મરાવ, કેમકે એ લોકો ઇરાની લશકરની સરદારીના કરનાર છે, ને પાદશાહી તોખમના છે. વાસતે એકાએક એમનાં સર તનથી દુર કીધાં નહી જોઇએ. એ લોકોતો કએખોસરોનાં લશકરના થાંભ છે, ને કીનાને વખત તલવારના મારનાર દેલેરો છે. અય કેઆનશાહ, આદમીજાદને હરેક કામમાં અઊવલ તદબીરથી અંદેશો કીધો જોઇએ. અગરજો બગેર તદબીરે કામ કરેતો પછવાડે પશેમાન થાવું પડે, ને જેકોઈ પોતાનું મન જાણીઊં કામ કરે ને કોઇ દાના આદમીના સખુન સાંભલે નહી, તે પછવાડે દલદેસરી તથા બદી દેખે, ને પોતાનાં કામ કીધાથી પોતાનું દેલ જખમી કરે. અય કેઆની પાદશાહા, તું અંદેશો કર, કે આપણો પેહલવાન કેરશાસપશાની ઇરાની પાદશાહનાં લશકરમાં બંદીખાને પડીઓછે. તેથી અઊવલ એ

ગેવને તારા કાકા કએખોસરો પાસે મોકલીને કેરશાસપને આપણાં લશકરમાં મંગાવ અને તેવાર પછે એ તુસ તથા રેહામ અને બીજનના સર બાકમાં નખાવ."

એ રવેશ સરાએજીનીના કેહવાથી કેઆનશાહે દેલમાં અંદેશો કરી મોરજાન દેવને મને કીધો, ને સરાએજીનીની વાત તેને ઘણી પસંદ આવી, તેથી પાછો હોકમ કીધો કે, "એ ઇરાની સરદારોને પાછા બંદીખાનામાં કેદ કર." એ રવેશ તેમને બંદ કરાવીઆ પછે પોતે કેરશાસશાનીને છોડવવાની તદબીરમાં મશગુલ થયો ને મજલેસ કરી કેરશાસપશાનીની ઇઆદમાં શરાબની જામ ઊઠાવવા લાગો. નામદાર કેઆનશાહે કહયું કે, "અય મજલેસના નામદાર લોકો, આપણને કેરશાસપ બગેર શરાબ પીવો હરામ છે. તે નામદારને બંદ પકડીઆ પછે મારા દીદામાં એકદમ ખોઆબ આવતો નથી. આપણો નામદાર પેહલવાન બંદમાં બેસે, ને આપણે શરાબ પી મસત થઇએ, એ વાત મને પસંદ આવતી નથી." તેવારે મોરજાનદેવે કહયું કે, "અય પાદશાહ, અગર તારો હોકમ હોયતો હું મારાં જોરે કરી કેરશાસપશાનીનાં તન ઉપરથી ભારી બંદ તોડી નાખી આ મજલેસમાં રોશન આફતાબની મીસાલ લાવી હાજેર કરૂં, ને એવું કરૂં કે તેના તન ઊપરનો એક બાલ હલે નહી. એવી તરદેદથી તેને મજલેસમાં લાઊં. તે વગેરે તું જે કોઈ ઇરાનીઓના સર મંગાવે તે લાઊં, ને તારાં નામને આસમાન લગી ઊઠાઊં." તેવારે સરાએજીનીએ કહયું કે, "અય મોરજાનદેવ, અગર તું એ કામ કરે તો તારાં સરને બુજોરગીથી આસમાન સાથે પોંહચાડું, ને તું એ લશકરમાંની મેહબુબોમાંથી જે કોઇને માગે તે તારે હવાલે કરૂં. અગર જો આપણે ફરીને કેરશાસપનું મોહો જોઇએ, તો ગોયા નવેસરથી હયાતી પામીઆ એવા ખુશી થઇએ." જેવારે એ વધાઈ મોરજાનદેવે સાંભલી તેવારે તુરત બાહેર નીકલીઓ, કે કેરશાસપને છોડવી લાવે.

હેકાયત લખીછે કે, ગોફ્તેગો કીધી પાદશાહ અફ્રાસીઆબે પોતાના પેહલવાનો સાથે અને દેલાસો દીધો તેઓએ તે પાદશાહને.

આ નામાનો જોડનાર શાયર એમ કરી કહેછે કે, હવે તું હીલા ભરેલા મોરજાનદેવને રાહમાં રેહવા દઈને પાદશાહ અફ્રાસીઆબ તથા ફગફુરચીનીથી મોહબ્બત તથા કીનાના સખુન કેહ. પેલી તરફ તુરાનનો પાદશાહ અફ્રાસીઆબ ઘણો ગમગીન હતો તે ગમને દુર કરવા તેણે એક મજલેસ સમારી, ને તમામ અમીરોને બોલાવી તેઓ સાથે શરાબ પીવા બેઠો. તે મજલેસના ચંગ તથા દફના આવાજ માહતાબ લગી ગયા. તે મજલેસમાં જે પેહલવાન તથા પાદશાહો બેઠા હતા, તેમાં ફગફુરચીન તથા ફોલાદની ચુંગાલનો અરજંગ, અને હોજબરઅફકન તથા કેહકેઆસ વગેરે બીજા ઘણાએક પેહલવાનો હતા.

જેવારે અફ્રાસીઆબ પાદશાહ શરાબ પીધાથી મસ્ત થયો, તેવારે આંખમાંથી આંજુ પાડીને ફગફુરચીનને કહ્યું કે, "મારે ઊપર બદબખ્તીએ ઘણો જોર કીધોછે. તું જોકે હું ઘણાંએક લશકર તથા શેરની ચુંગાલના દેલેર પેહલવાનો સાથે લઈ લડાઇને વાસતે આવીઓછું પણ એક દન હુ લડાઇગાહમાં ગાલેબ આવીઓ નથી. એ રવેશ આસમાનના જુલમથી મારૂં દેલ જખમી થયુંછે. હું એક રૂસતમથી રાત દન દરદમાં પડેલો હતો, પણ જેવારે તેનો રખશ ચોરાયો તેવારે હું ખુશી થઈ હરદમ એમ કેહતો હતો કે, 'હવે મારાં બખતે જોર કીધો, કેમકે રૂસતમ પોતાના રખશના ગમમાં પડીઓછે તેના સબબથી લડાઈમાં આવતો નથી; વાસતે હવે હું મારાં બખતની મદદથી કએખોસરોનુ તાજ છીનવી લઈ તે બગેર બાપના છોકરાને સલામત જવા દેવશ નહી.' એવો ખેઆલ હું હરદમ કરતો હતો, પણ એ કએખોસરોને તો હરરોજ લડાઈમાં એક એક નવી મદદ પોહચેછે, ને તે લશકરથી મને હરદમ નવી મેહનત ખેંચવી પડેછે. કબીતો જેહાનબખશ લશકર સાથે આવે છે, ને કબી લડાયક કેરશાસપ રાહના દરમે-

આનથી આવી પોંહચે છે, ને હરએક લડાઈમાં મારા નામીચા પેહલવાનો મારીઆ જાય છે. તેથી હુ નથી જાણતો કે એ જમાનો મારી સાથે શું દાવો રાખેછે. તુ જોકે કીરવાત હયસી રૂમના પાદશાહ સાથે એ મેદાનમાં આવી મારી સાથે લડાઇ કરેછે. તેથી હું હવે ઘણો બતંગ આવીઓછું; તો બેહતર એ છે કે એ પાદશાહતથી હાથ ઉઠાઊં ને એક ગોસો પકડી બેસું, કેમકે હું મારા બખતથી મદદ દેખતો નથી."

તેવારે ફગફુરચીને કહયું કે, "અય નામદાર પાદશાહ, તુ પોતાનાં દેલને ખુશી રાખ, ને એવા બુરા અંદેશાથી તારા જીવને ખલાસ કર. તારી ખેદમતમાં લડાયક મરદો ઘણા છે; તે નામદારો સરવ કોઈ ઊપર ગાલેબ આવશે. તેમાં લડાયક હોજબરઅફ્કન, કે જેની લડાઈથી જમાનો શોરસારમાં પડે છે, તથા પુલાદની ચુંગાલનો અરજંગ, જે લડાઇને વખત એકદસત કરતાં ઘણો જબરદસત છે, તથા પેહલવાન લોકોનો સરદાર કેહકેઆસ, જે બસો મુનહેરાસ કરતાં જોરાવર છે, તથા દેલેર સમીલાસ, જે જાલના રૂસાંમ કરતાં જોરેમંદ છે, તે વગેરે પેહલવાનો તારી ખેદમતમાં હાજેર છે, ને તું એકાએક નામોરાદ થઇને પોતાનું દેલ ગમગીન શાવાસતે કરેછે? એવાં કામને તું મુશકેલ કરી મ જાણ. તું રોશન સેતારેના પાદશાહનાં બખતની મદદે તારા બદખાહ મુદઇઓનું દેમાર કાહાડી નાખશું. તેથી અંદેશાએ કરી તારા દેલ ઊપર ગમ હોતોજ મા; શા વાસતે કે જેવારે પાદશાહની ખાતેર આજુરદે થાય તેવારે આલમની ખાતેર પરેશાન થાય."

એ પછે લડાયક હેરેમનની ખસલતના કેહકેઆસે એમ કરી કહયુ કે, "અય પાદશાહ, તું પોતાનાં દેલમાં કસો ગમ મા લાવ. હું ઘણા દાહડા થાયા ભારી લશકર સાથે તારી મદદને વાસતે આવીઓ છું. મેં તારી ખેદમતમાં લડાયક પેહેલવાનો ઘણાએક દીઠા છે, પણ તે લોકો લડાઇને વખત તમામ ડંમરખોરા નજર આવીઆ છે. તેવા જુઠા ને નાહીમત લોકોને જોઇને મેં આજલગી કમર બાંધીને ઇરાનીઓ સાથે લડાઇ કીધી નથી, અને તે એટલા વાસતે કે, હું ભી જોઊં કે એ તમામ પેહલવાનો મુદઈ લોકોને પોતાના હોનર શી રવેશ બતાવેછે. પણ મેં તારા તમામ દેલેરોને લડાઇને વખત હમનબરદનો દબદબો જોઇને નેતરનાં

જાહુડની મીસાલ ધુજતા ને મજલેસનાં દરમેઆનમાં મોહડે કરી દલેરી દેખાડતા દીઠા. એ લોકો પાસે એક હોનર ઘણો સારો હું જાણુંછું, કે મોહડે ડંમરકરીને પોતાને મરદ કેહેવા ને હરીફને શમશેર ઊઠાવેલા દેખતાંજ લગામ ફેરવીને નાહાસવું. એ સેવાએ એ લોકોમાં બીજુ કાંઈ છે નાહી. માટે હવે આજરોજે મારાં નામે લડાઈનાં નગારાંનો આવાજ કહડાવ, કે કાલ રોજે હું એ મેદાનમાં મારી તેજ ચુંગાલ ખોલું, ને ઈરાની પેહલવાનોને જીવથી મારૂં, બલકે કએખોસરોનાં લશકરમાંથી એક સવારને સલામત જવા દેઊં નાહી, ને દુશમનોની આંખમાં રોશનરોજ સીહા કરી નાખુ, ને એકાએક કએખોસરોનાં સરને જમીન ઊપર નાખી રૂસતંમના સરને સુલી ઊપર ઊંચું કરૂં."

એવામાં પુલાદની ચુંગાલના અરજંગે પાદશાહને કહયું કે, "અય ફતેહમંદી ભરેલા પાદશાહ અફરાસીઆબ, અગરચે આ કેહકાસ ઘણો એક લડાયક છે, પણ હમો લોકો જે લડાઈને વખત કીનાથી દુશમન લોકો ઉપર કમીગાહ કરીએ છઈએ, તેની બરાબરી એથી થઈ શકે નહી. હમો લોકોમાં જે લડાઇનો પીતો ને હીમત છે, તેથી હરદમ દુશમનોની લડાઈનો કસદ રાખીએ છઈએ. તે કરતાં કલાઓજ તથા પેહલવાન સમીલાસ એ બેહુ સપેહેસાલારો બીજા પેહલવાનો કરતાં કમ નથી, તથા દલેર હોજબરઅફકન કીનાને દાહડે દુશમનોની આંખમાં ખાકનો નાખનાર છે. તે છતાં એ કેહકાસ એવી દોડધામ કરે છે; પણ તે ઈરાનના પેહલવાનોથી આજેજ આવશે. તું જાણેછે કે, ઈરાની લશકરમાંના એક એક પેહલવાનો કીનાને વખત આતશને પીતેના ગરમ થાય છે, તેથી આપણાં લશકરના સવારો, જે ઘાસ તથા કચરાની મીસાલના છે, તેમને બાલી નાખેછે. આપણી લડાઇને તો તે લોકો બચાંઓના ખેલ કરી કહેછે. એવા ઈરાની પેહલવાનો જબરદસત છે. તેમાં જેહાનબખશ તથા સામ અને લડાએક ફરામરજ તથા નામદાર બરજો અને સરફરાજ તમુર તથા બુઢો જાલ—એ તમામ પેહલવાનો લડાઇને વખત ગોયા કીનાની રેલ છે. અગર તેહમતન રૂસતમની રાન નીચે હમણાં તકાવર રખશ નથી તો શું થયું? પણ જેવારે કામ પડે તેવારે તે કીનાનું બબરેં બેઆન પેહરે, અને આપણી ખાતેરનીશાન કરી પેહલવાનોના રો-

શન રોજને સીહા કરી નાખે. વાસતે હું ભી જોઊં, કે કાલ રોજે કેહકાસ, ઇરાની શેરો સાથે લડાઈ શી રવેશ કરે છે."

જેવારે કેહકાસે અરજંગની જુબાનથી એવા સખુન સાંભલીઆ, તેવારે ગોસામાં આવી તેને કહયું કે, "એવો સખુન તુને બોલવો લાજેમ નહી. જે કોઈ બુજોરગી ભરેલા પેહલવાનો હોય તે પાદશાહાના મોહા ઊપર એવું બોલે નહી. અગર તું એ રાસત બોલતો હોય, તે કાલ રોજે તું નામકર ના જતો, કે હું તો મસત હુતો તેથી એવા સખુન બોલાયા. પછી હું તથા તું એકએક પછે ઇરાનના પેહલવાનો સાથે મગરમછની મીસાલ લડીએ. પેહલે દીને તું લડાઈમાં લડવા જા, ને દુશમનો ઊપર જેહાન તંગ કર, અને બીજે દન હું મેદાનમં જાઊ ને તું કહે તે મુજબ કામ કરી આઊં, ને તું જે ઇરાનીને વાસતે કહે તે પેહલવાન સાથે લડાઈ કરી તેને બાંધી લાઊં."

તેવારે પુલાદની ચુંગાલના અરજંગે કેહકાસને કહયું કે, "તું કહેછે તે વાતથી હું પોતાનું દેલ તંગ નથી કરતો. મગર તેં શું આ દાસતાન સાંભલી નથી? આગલા બુઢા દાના લોકો ફરમાવી ગયા છે કે, અગર એક ખર (ગધેડો) બીજા ખર કરતાં લાત મારવામાં તથા કરડવામાં કમ કઊઅત હોય, તો તે ગધેડાના કાન તથા દુમ (પુછડું) કાપી નાખવાં જોઇએ."

એ સખુનથી કેહકાસને ચકુનમ લાગી. પછી એકએક સાથે બેહુએ કોલકરાર કીધા, કે આપણે લડાઈનાં મેદાનમાંથી ફતેહ સાથે પાછા ફરીએ તેવારે આસાએશથી બેસીને શરાબ પીજીએ. એ રવેશ એતેફાક કરીને લડાઇનાં નગારાંના આવાજ કરાવીઆ. તે આવાજ સાંભલીઆથી હરતરફ લશકર શુરમાં આવીઊ. એ ખબર પાદશાહા કએખોસરોને થઈ, કે કેહકાસ તથા અરજંગે આજ રોજે એ રવેશો એકએક સાથે કોલ કીધો છે. તે સાંભલીઆથી તે પાકજાદ પાદશાહને નવો ગમ પેદા થયો કે તે બેહુ સવારમાં એક સવાર મગરમછની મીસાલનો તથા બીજો અજદહાની મીસાલનો છે. તેથી ઘણો અંદેશો કરી એમ કહયું કે, "પેહલવાન બરજોતો લડાઇમાં બાજુ તુટાથી આજુરદે થાયલોછે, ને જેહાનબખશ એકલો તે કેટલાએક પેહલવાનો સાથે પુરો

પડે ? એ દુશમન લોકો તો કીડીના પોરાની મીસાલ ટોલેટોલાં છે, ને જેહાનપેહલવાન રૂસતમતો પોતાના તકાવર રખશ બગેર બીચારો થઈ બેશી ને જોયા કરેછે. વાસતે આ વખત દાદગર દાવર જો આપણી દસતગીરી કરે, તો આપણને ફતેહમંદી હાંસેલ થાય." એવા નાઊમેદીના બોલ પાદશાહની જુબાનથી સાંભલીને દેલેર તમુર તથા જેહાનબખશ જગોથી ઊઠી પાદશાહનાં તખતનાં પાઊંને બોસા દઈ હાથબકશ કરી ઊભા, ને દોઆ કરી કેહવાલાગા કે, "અય પાદશાહા, જીઆં લગી જમીન તથા જમાનો બરકરાર છે, તીઆં લગી તું પાદશાહી તખત ઊપર ખુશીથી સલામત રેહેજો! અય પાદશાહા, તું અરજંગ તથા કેહકાસથી પોતાના દેલને શાવાસતે ગમગીન કરેછે? તે બેહુ નાપાકોની લડાઈ તું મેહરબાન થઈને હમો બેહુ પેહલવાનોને બખશ, કે તે નાપાકોનાં સર લડાઈનાં મેદાનમાં હમો કાપી નાખીએ, શાવાસતે કે હમારૂ દેલબી તેમનાં લોહીને વાસતે પોકાર કરેછે." પછે તમુરે જેહાનબખશને કહયું કે, "એ બેહુ તુરકીઓમાંથી તુને પસંદ પડે તેની લડાઈ તું માગીલે." તેથી જેહાનબખશે તેને કહયું કે, "અવલ તું એકની લડાઈ પસંદ કર, કે આપણે પોતે પોતાના હમનબરદ ઊપર તઈઆર રહીએ."

એનો ચુકાદો પાદશાહે એવો કીધો કે, "અરજંગ સાથે દેલાવર તમુર લડે, અને લડાયક જેહાનબખશ કીનાથી કેહકાસ સાથે લડે." તેવારે તે બેહુ પેહલવાનોએ પાદશાહાનો હોકમ કબુલ કરી તેની ઊપર દોઆ કીધી. પછે પાદશાહે ફરીબોરજને હોકમ કીધો કે, "લડાઈનું નગારૂં કીનાને વાસતે વજડાવે." તેજ વખત ફરીબોરજે સેપેહેસાલાર તુસની જગો ઊપર સીહા રાતને વખતે કીનાનાં નગારાંનો આવાજ ઉઠાવીઓ. એમ કરતાં છએ લશકરમાંથી લડાઈનાં નગારાં ને કરરેહનાએના આવાજ બેશુમાર નીકલીઆ, અને તે આવાજ સબજરંગના આસમાન લગી ગયા.

હેકાયત લખીછે કે, આવીઓ અરજંગ લડાઇનાં મેદાનમાં, અને મેદાનમાં નીકલીઓ તેનો હમનબરદ દેલાવર તમુર.

તે તમામ રાત છએ લશકરમાં કોઇએ ખોઆબ કીધો નહી, ને સરવ કોઈ લડાઇનો સામાન કરવા મશગુલ થયા. એમ કરતાં બામદાદની રોશનીએ પાહડમાંથી પોતાનું મોહ બાહેર કાડીઊં, અને આફતાબે દબદબાથી પોતાની તલવાર ઊઠાવી. તેવારે હરતરફનાં લશકરોએ લડાઇનાં હથીઆર બાંધીઆં, ને ઘોડાઓ ઊપર જીન સમારી તેઊપર લોહાંની પાખરો નાખી. તે લશકરના ગોલબાંગનો આવાજ આસમાન લગી પોહચીઓ. એક તરફ દબદબા તથા બુજોરગી ભરેલા પાદશાહ કએખોસરોએ પોતાનાં લશકરની સફ અલબોરજ પાહડની મીસાલ સમારી. તે લશકરના ડાભા તથા જમણા હાથ ઉપર ઇરાની સરદારો નરશેરની મીસાલ ઊભા. બીજી તરફ તુરકી લશકરમાંથી સમીલાસ પોતાનાં લશકર સાથે લડાઇની સફ ખેંચી ઊભો. તેમને જોઈ છએ લશકર સવાર થઈ મેદાનમાં આવી પોતપોતાની મીસલ ઉપર તઇઆરીથી ઊભાં. તે લશકરોની ગરદે કરી આફતાબ ઢંકાઈ ગયો, ને હરતરફથી કરરેહનાએ, ગાંટ તથા નગારાંના આવાજ બેશુમાર નીકલવા લાગા. તેણે કરી તમામ જેહાન જોશ ભરેલી થઈ ગાભરી પડી હતી. તમામ લશકરના દીદા લડાઇનાં મેદાનમાં હતા, કે કોણ પેહલવાન અઉવલ મેદાનમાં આવેછે.

એમ કરતાં અરજંગે શરમ તથા નામને વાસતે કેહકાસની તરફ નેગાહ કરીને કહયું કે, "અય નામદાર, આજ રોજે મેદાનમાં તું જાય છે કે હું જાઊં?" તેવારે કેહકાસે કહયું કે, "દુશમન લોકોથી હું કસો ડર રાખતો નથી; પણ રાતનાં હુંથી ઘણો શરાબ પીવાયોછે તેની ખુમારીથી હમણાં મારૂં માથું તંગી કરેછે, બલકે મારૂં મગજ નીસરી પડવા ચાહેછે, એવું મારૂં માથું દુખેછે; તેથી મારી તબીએત બીગડી આવીછે. તે છતાં અગર તારી મરજી એ મેદાનમાં જવા ઉપર હોય નહી, તો તું સુખે રેહ; હું એક જામ શરાબની પીઊં, કે તેથી મારી ખુમાર ઊતરી જાય, અને

પછી હું એ મેદાનમાં જઈ મસત હાથીની મીસાલ દોડધામ કરૂં, ને બીજા પેહલવાનો ઉપર સરફરાજી પામુ. જેવારે અરજંગે કેહકાસથી એવા સખુન સાંભલીઆ તેવારે તે હસીઓ, ને કહયું કે, "અય લડાએક મગરમછની મીસાલના પેહલવાન, તું પોતાના કોલથી ફરેછે, અને ઇરાની લોકોની લડાઇથી ડર ખાઇને એવાં જુઠાં બાહનાં કાહાડે છે. મેં તુંને અઉવલ કહીઊં હતું કે, હમણાં શરાબની કેફમાં તું ઇરાની પેહલવાનોની લડાઇને આસાન ગણેછે, પણ જેવાર તે શમશેરના મારનારા પેહલવાનોને પાહડની મીસાલના ઘોડાઓની પીઠ ઊપર સવાર થયલો દેખશે, તેવાર તું હરેક બાહાનું કાહાડશે. હમણા તેજ નજર આવીઊં, કેમકે હમણાં તારી શરાબની કેફ ઉતરી તેથી તું ખુમારીનું બાહાનું લાવીઓ" તેવારે લડાઇના કરનાર કેહકાસે કહયું કે, "હું એકાએક કોઈથી ડરતો નથી. હમણાં એક જામ શરાબની પીઊં, ને શેતાબ મેદાનમાં જાઊ, ને જીવનો લેનાર ગુરજ તથા ખંજરે કરી એવું કામ કરૂં કે એ મેદાનની ખાક ઇરાનીઓનાં લોહીએ કરી પરવાલાંની મીસાલ થાય અને કએખોસરો માતમમાં બેસે. વાસતે એવા તાનાના સખુન તું શાવાસતે બોલેછે? તું મરદ છે ને હું કાંઇ ઓરત નથી. કે તારા એવા સખુન સાંભલું. મારે તારી સાથે કોલકરાર થયો છે તે કોલ ઊપર હું અમલ કરશ." એવી વાત કેહકાસની સાંભલીને અરજંગ હસીઓ; તેથી કેહકાસ ઘણો શરમીંદો થયો.

એ પછી અરજંગે પોતાનો પાહડની મીસાલનો ઘોડો ડપટાવી કીનાની તરફ મોહ ધરીઊં. અને છેડાયલા શેરની મીસાલ મેદાનમાં આવીને કએખોસરોને કહીઊં કે, "અય તાજના રાખનાર પાદશાહ, તું એકાએક પોતાની અકલથી ગુમ થઇને પોતાના મમાવા પાદશાહ અફરાસીઆબ સાથે કીનો ઊઠાવી લડવા આવીઓછે. હું કીનાનો લેનાર તેજ ચુંગાલનો અરજંગ "પોલાદ ચુંગ"કરી કેહવાઊં છું. તારાં લશકરમાં જે કોઇ સવાર દલેર કેહવાતો હોય, તેને મારી મોકાબેલ મોકલ, કે મારી સાથે તે કીનાથી લડાઈ કરે." જેવારે પાદશાહ કએખોસરોએ તેનો આવાજ એ રવેશે સાંભલીઓ, તેવારે જંગી તમુરની તરફ મોહ કરીને ઇશારતમાં તેને કહીઊં કે, "આજ રોજે મેદાનમાં તારો હમનબરદ આવીઓ છે, વાસતે હું જોઊં કે એ બુરા અંદેશાના અરજંગ સાથે તું શી રવેશ

લડાઈ કરેછે." જેવારે તમુરે પાદશાહનો એવો હોકમ બીજા પેહલવાનો નજદીક એ રેવેશ સાંભલીઓ તેવારે શેતાબ પોતાના ગુલરંગ ઘોડા ઉપરથી નીચે ઊતરી રોશન તાલેના પાદશાહ કએખોસરોની નજદીક જમીનને બોસા દીધા, અને કહીઊં કે, "અય બેદારબતખના પાદશાહ, તું જેહાનનાં દરમેઆનમાં આફતાબ ને માહાતાબની મીસાલ ખુબી તથા પાકીમા મશાહુર છે; વાસતે તારા એકબાલની મદદથી એ અરજંગની લડાઈમા હું જાઊં, ને તેનાં સરને નેજા ઊપર ચહડાવીને તારી નજદીક લાઊં, કે તેથી ફગકુરચીનનો દાહડો બરગશતે થાય." તેવારે નેક ફાલના પાદશાહે તે ઉપર દોઆ કીધી કે, "ફતેહમનદી તારી ઇઆર હોજો! ને તારા દુશમનનું બખત ઉધું પડજો!"

પાદશાહનું એટલુ કેહવુ કે દેલાવર તમુર પાછો ઘોડા પર સવાર થઈ આજરગોશાસપની મીસાલ તેજીથી દોડતો શેરની મીસાલ મેદાનમાં આવીઓ, અને અરજંગ ઊપર શાહ બાંધી. તે નામદારના હાથમાં એક નેજો જીવનો લેનાર અજદહાની મીસાલનો હતો. પછે આવાજ મારી અરજંગને કહીઊં કે, "અય બેઅકલ તુરકી, તું આ કીનાના મેદાનમાં આવી એવડો શોર શાવાસતે કરેછે? ને પોતાને મોડે પોતાને એવડો શાવાસતે વખાણે છે? તુ પોતાની આંખ ખોલીને જો, કે તું જેવા હજારો પેહલવાનો ઇરાનનાં લશકરમાં મીસલ પકડી ઉભા છે. તે દેલાવર પેહલવાનોમાં હું તો એક કમજોર સવાર છું; પણ તે છતાં બીજા નામદારોની લડાઇથી વાકેફ છું. જેવારે તું મારી સાથે લડાઈ કરશે, તેવારે મારો જોર તથા હોનર નજરે જોશે."

એવા સખુન સાંભલીને અરજંગે તેઊપર નેગાહ કરી તેને સરથીતે પાઊં લગી જોયો. તેથી દેહેશતે કરી તેનાં પેટમાં કલેજું લરજવા લાગું. પોતાની નજરે કરી તેણે એક રોશન ચેહરેનો પેહલવાન સામે સવારના બાપ નરીમાનની મીસાલનો લડાયક દીઠો, કે જાલના રૂસતમની મીસાલ ભારી હથીઆરો તેણે પોતાનાં તન ઊપર બાંધેલાં છે ને તે તમામ હથીઆરો તથા બખતર સરવ ગોહરના જડાવે કરી આફતાબની મીસાલ ચલકતાં છે. તું કહે ગોયા એક પાદશાહીનો ખજાંનો તેનાં તન ઊપર હતો. એવો દબદબો જોઈ અરજંગે તેને પુછીઊં કે, "કીનાના લેનાર પેહલવાનોમાં

તારૂં નામ શું છે?" તેવારે તેણે જવાબ દીધો કે, "અય નામોરાદ તુરકી! મારૂં નામ મેદાનમાં અરજંગનું મોત કરીને છે?"

હેકાયત લખીછે કે, લડાઇ કીધી નામવર તમુરે અરજંગ સાથે, અને આવી પોંહચીઓ તેવામાં નામનો ઊઠાવનાર ફરામરજ કલનદર ફકીરને વેસે ફારીઆબ જમીનના પાદશાહ સોગાદશાહ સાથે ભારી લશકર લઇને રેનાં મેદાનમાં

જેવારે તુરકી અરજંગે પેહલવાન તમુરથી એવો સખુન સાંભલીઓ, તેવારે ગોસામાં આવી હોમલો કીધો. પણ તમુરે શેતાબ ગુલગુને ઘોડાને ઉપટાવી હાથમાં નેજો ઉઠાવીઓ. એમ કરતાં બેહુ દલેરો હાથમાં નેજા પકડી ડાભા જમણી એક એક ઉપર દોડવા લાગા. એ જોઈ તમામ લશકરોમાંથી નગારા ને કરરેહનાએના આવાજ ઉઠીઆ, જે આસમાનના કાનમાં જઈ પોંહચીઆ. તે બેહું લડાયક પેહલવાનોએ એક બીજા ઉપર નેજાના જખમ મારવાએ કરી તેમનાં તનમાંથી પસીનો તથા લોહી જારી થયું. ઘણીએક સખ્ત લડાઈ કરતાં બેહુ પેહલવાનોની બાજુ સુસત થઈ ગઈ. પણ નામને વાસતે મસત હાથીની મીસાલ પોકાર કરી એક ; એક ઊપર તેઓ દોડતા હતા.

એવામાં જંગલની તરફથી બે ગરદ ઘણી ભારે ઊઠી. તેમાં એક ગરદ આગલ તથા બીજી પછવાડે નજર આવી, પણ તે બેહુ ગરદ શાની છે તેથી કોઈ વાકેફ હતું નહી. તે ગરદમાંથી બેશુમાર નગારાં તથા કરરેહનાએના આવાજ નીકલીઆ, અને તે ગરદેકરી તમામ જંગલ સીહાકીરની મીસાલ થઇ ગયું. હવે આગલી ગરદ, જે થોડી નજર આવતી તેમાંથી અરબી તોખમના ઘોડાઓના આવાજ આવવા લાગા, અને તે સાથે તે ગરદમાથી ફકીર લોકો જે કોડા કુકેછે, તેનો આવાજ નીકલતો

હતો. તે લશકરની ગોલબાંગનો આવાજ આસમાનલગી જઈ પોંહુચીઓ ને તે ગરદેકરી રેનું મેદાન તમામ સીહા થઈ ગયું.

તે ગરદને જોઈ આપણા બેહુ કેઆની સરદારો, ઈઆને કએખોસરો તથા કેઆનશાહા, અજબ રહયા. પછે કએખોસરોએ જાલેજરને કહયું કે, "આ ગરદ જોયાથી મારૂ દેલ દેહશતભરેલું થયું છે. હું ધારૂ છુ કે કોઈ પાદશાહ ઘણાંએક લશકર સાથે અફરાસીઆબની મદદે આવીઓ હશે." એટલું કહી એક જાસુસ જે મેહરવંદ નામનો હતો, તેને હોકમ કીધો કે, "તે લશકરની ખબર કાહડે, અને જો કે એ લશકર કોણનુ છે, ને શુમારમાં તે કેટલું છે." હવે પેલી તરફથી અફરાસીઆબે તે ગરદ દીઠી, તેથી તે નેતરના જાહાડની મીસાલ ધુજીઓ, ને પીરાનને એમ કરી કહીયું કે, "હું મોટા અંદેશામાં પડીઓછું. આ કોઈ નવો પાદશાહ દુરદરાજ રાહથી કએખોસરોની મદદે આવીઓ હોશે." એટલું કહી શેતાબ હલકારા લોકોને દોડાવીઆ, કે તે બલાની રેલની મેસાલનાં લશકરની ખબર લાવે. એમ કરતાં હરતરફનાં છએ લશકરમાંથી હલકારા દોડીઆ, કે એવું જોશભરેલું લશકર કોણનું આવેછે તેની ખબર લાવે.

પેલી ગરદોમાંની આગલી ગરદ ઘણી ઊંચી જતી હતી, ને તેમાંનું લશકર ભુખીઆ શેરની મીસાલ કીનાની તરફ દોડતું હતું. તે ગરદમાંથી દશહજાર સવાર, ફકીરનો લેબાસ પેહરેલા બાહેર નીકલીઆ. તેમનાં સર ઉપર ઊનની ટોપો હતી, ને તનમાં પશમની શાલની કુરતીઓ પેહરેલી હતી; પણ તે તમામ પોશાક બેકીમત ગોહર તથા મોતી તથા લાલના જડાવમાં ગરક હતો. તેમના હાથમાં, ફુંકવાના કોડા પકડેલા હતા. તે કોડાઓની ઊપર તમામ ગોહર તથા હીરાનો જડાવ જડેલો હતો તથા તમામ સવારોએ સુનેરી સાંકલીની કમર બાંધેલી હતી, ને રેશમી સેલીઓ ગલાંમાં નાખેલી હતી ને ખામોશીથી તેઓ ઘોડાઓ ઉપર સવાર થયલા હતા. તેમના ઘોડાઓનેભી તમામ જંરી સાજ હતો, ને તે ઊપર પાખરો સુનેરી નાખેલી હતી. તેમના ગાંટના આવાજે કરી તમામ જેહાન જોશમાં આવતી હતી. તે તમામ સવારોના હાથમાં કુટકા હતાં; તે કુટકાંભી તમામ બેકીમતી મોતી તથા ગોહર-

ના જડાવનાં હતાં. તે ફકીરનાં લશકરને હરોલ એક નવજવાન ફકીર સીહા ગલીની મીસાલના કાલા ઘોડા ઊપર સવાર થાયલો અને એક ઉનની ટોપ સરપર મેલીને બેઠેલો હતો. તે ટોપ પાદશાહોનાં તાજકરતાં ઘણી બેકીમત હતી; તે ઊપર એટલો તો ગોહરનો જડાવ હતો કે, રોશન આફતાબની મીસાલ તે ચલકતી હતી. તેનાં તનમાંની કુરતી સફેદ ઊનની હતી, ને ગલામાં સેલી નાખેલી હતી. તમામ પાદશાહી કીમતનાં મોતી તથા જવાહેર તથા લાલમાં તે પોતે ગરક થયલો હતો. એક ભારી કુટકું જે જડાવદાર હતું, તે હાથમાં પકડેલું હતું. તેની રાન નીચેનો પેલો સીહા ઘોડો પાહડની મીસાલનો હતો, અને તે ઘોડાનો તમામ સાજ સોનેરી તથા જડાવનો હતો, ને તેની પાખરની જગે મોતી તથા પરવાલાં તથા ગોહરની જાલ ગુંથી નાખેલી હતી, ને તેની જરી જીન ઉપર એક ભારી ગુરજ ગાવની સુરતનો મેલેલો હતો. લડાઇનાં જે હથીઆર તેનાં તન ઊપર બાંધેલાં હતાં તે તમામ જડાવે કરી એટલાંતો રોશની વાલાં હતાં કે જે રવેશ આદમજાદની આંખ આફતાબના જોવાથી આજેજ આવે તેમ તેને જોઈ શકાતું નહી હતું. તે સવારનું મોહ તાજાં ગોલાબનાં ફુલની મીસાલનું ખીલેલું હતું ને તેના રોખસારા આરસીની મીસાલ ચલકતા હતા. તે ઊપર સીહા નાગની મીસાલ જુલફ લટકતાં હતાં. એ રવેશનો ખુબસુરત તે ફકીર, પેહલવાન લોકોની રસમ મુઆફૂક રેકાબમાં પાઉં ધરીને શેરની મીસાલ ગરદન ઊઠાવી બેઠેલો હતો. તેણે મેહબુબ લોકોની મીસાલ નખરાંથી એક પાઉં રેકાબમાંથી બાહેર કાહાડી ઘોડાની પીઠ ઊપર જીનપર ધરેલું હતું, ને માથાં ઊપરની ટોપ જરા વાંકી મેલેલી હતી, તથા એક હાથ કમર ઊપર રાખીને બીજા હાથમાં કુટકું લટકતું પકડેલું હતું. તેણે મગરૂરીથી બેદેહશત ઘોડાની લગામ તેની ગરદન ઊપર છુટી મેલી હતી, અને પોતે જમણી ડાબી તરફ નેગાહ કરતો હતો.

તેનો દબદબો જોઇ છએ લશકર અજબ રહયાં, ને તેની ખુબસુરતીથી પોતાના હોટ દાંતમાં કડવા લાગાં; ને એક બીજા સાથે સરવ કોઈ વાત કરી કેહવા લાગા કે, "એ ફકીર કોઇ પરીની નસલનો છે, કેમકે જોવામાં ઘણો ખુબસુરત છે." તે ફકીરની આગલ એક ચરવાદાર ચાલતો

હતો; તેણેભી પોતાના સરદારની મીસાલ ફકીરી લેબાસ પેહરેલો હતો, જે તમામ જડાવનો હતો. એવા દબદબા સાથે તે કલનદર ફકીર, પોતાના બીજા ફકીરો સાથે આવી પોંહચીઓ. તેણે મેદાનમાં તમામ લશકરોને સફમારી ઊભેલાં દીઠાં, ને બે સવારોને મસત હાથીની મીસાલ જોશભરેલા એક એક ઊપર હોમલા કરી જેહરી પેકાનના નેજા મારતા દીઠા. તે જોતાં વારજ કલનદરે પોતાના ચરવેદારને મેદાનની તરફ દોડાવીઓ, કે તે સવારોની ખબર લાવે, કે એ બેહુ સવાર કોણ છે, ને કોણને તાબમના છે. તે ચરવાદાર શેતાબ જાઇને ખબર લાવીઓ કે, "એતો પોલાદની ચુંગાલનો દેલેર અરજંગ, જંગી તમુરની સાથે શેર તથા બબરની મીસાલ લડે છે." એ ખબર સાંભલીને કલંદર ઘોડો ઊભો રાખી તે દેલેર સવારોની લડાઇનો તમાશો જોવા ઊપર નજર કરવા લાગો.

હવે હરેક લશકરના જાસુસો જે ખબર લેવા ગયા હતા તેઓ ખબર લઇ પાછા ફરી પોતપોતાઓના પાદશાહોની નજદીક ગયા. તેમાં અઉવલતો મેહરવંદ જાસુસ પાદશાહા કએખોસરોની નજદીક ખબર લઇ ગયો, ને પાદશાહા ઊપર દોઆ કરી કેહવા લાગો કે, "અય બુલંદ મરતબેના પાદશાહા, એ લશકરતો ફારીઆબ શેહરથી અવેછે. એ લશકરની ગરદેકરી આફતાબ સીહા થઇ ગયોછે. એ લશકરમાં સોગાદશાહા સરદાર છે. ખુદ લશકર આસમાનના સેતારાઓ કરતાંભી જીઆદે છે, ને તેના સીપાઇઓ લડાયક પેહલવાનો છે, તથા તેમની સાથે મુનીરાએ-જીની પોતાના દેવ તથા પરીનાં લશકરસાથે છે. લશકરની સેપેહસાલારીમાં સોગાદશાહાનો બેટો સીહાલ નામનો છે. તેની આસપાસ જીની લોકોનું લશકર 30000 કરતાંબી જીઆદે છે. પણ તે તમામના પોશાક લાલરંગના છે. તથા એક ટોલો ફકીરી લેબાસ પેહરેલોછે; તેઓનાં તન તમામ બેકીમત મોતી તથા ઇઆકુતમાં ગરક છે, ને તેમના તમામ ઘોડા અરબી તાબમના ને નોજવાન છે. તે ઘોડાઓનેભી ગોહરના જડાવદાર સાજેકરી સમારેલા છે, તથા તેઓની આગલ પછવાડે સોનાની સાંકલોએ બાંધેલા ચીતાઓ તથા સગો દોડતા ચાલેછે. તે લશકરને હરોલ એક ફકીર સીહા રંગના ઘોડા ઉપર સવાર છે. તે સવાર નથી; કદમાં તે ગોયા નરીમાનનો બેટો સામેસવાર છે, તથા રોશન ચેહરામાં ગોયા પાદશાહ જમશેદ પો-

તે છે, ને તેનાં તન ઉપર એક પાદશાહીનો ગંજ ખરચ કીધેલો છે. એ રવેશ એક અજાયબ તરેહનું લશકર ફારીઆબ શેહરની તરફથી આવીઊછે. એવું લશકર કોઈએ જોયું નહી હશે, બલકે આગલ પાદશાહોના વખતમાં કોઈએ સાંભલીઊભી નહી હશે." જેવારે પાદશાહા કએખોસરોએ એ ખબર સાંભલી, તેવારે બુજોરગ ખાનદાનના જાલેજરને એમ કરી કહીઊ કે, "એ લશકર ફારીઆબ શેહરથી અફરાસીઆબની મદદે આવીઊ હશે. હું નથી જાણતો કે એ લશકરમાં પેહલવાન કોણ હશે, કે તેની હીમત ઉપર એવુંભી લશકર જોશ તથા દબદબાથી આવેછે." એ રવેશ ગોફતેગોમાં પાદશાહ કએખોસરો હતો, એવામાં તે લશકરે આવી તમામ મેદાન ગેહરી લીધું, ને તેનાં નગારાં તથા કરરેહનાએના આવાજે તમામ જેહાન બરહમ મલી ગઈ. એવામાં પેલી બીજી પછવાડેની ગરદમાંથી એક લશકર નીકલી આવીઊ. તેમાં ચેઆર હાથીની પીઠ ઉપર એક ફીરોજાનું તખત માડેલું હતું. તે જડાવદાર તખતઉપર મુનીરાએજીની તથા સોગાદશાહા સાથે બેઠેલાં હતાં. એક છતર ઘણાંએક ઊંચી કીમતનાં મોતીએ મડી લીધેલું તેમનાં સર ઊપર ફરતું હતું. તે લશકર આગલ રેનાં મેદાનમાંનાં છએ લશકર કસા હેસાબમાં રહયાં નહી. તેઓ પોતાની સાથે બેશુમાર ખજાનો લાવેલા હતા; તેના ભારના હાથીઓ તથા ઊંટોનોતો શુમાર હતો નહી. તે બેશુમાર ગંજ ખજાનાના ભારથી જમીનભી રંજમાં પડી હતી. તેમાની કેટલીએક ફોજ લાલ તથા યાકુતના જડાવમાં ગરક હતી; તેના ચલકાટથી તમામ જેહાન શોલા ભરેલી થયલી હતી. તેમાં બાજે લશકર સુરખ રંગનો પોશાક પેહરેલું, ને બાજે સફેદરંગના પોશાક વાલું હતું રંગ બેરંગ પોસાકના સવારો તે લશકરમાં હતા. એવી ફોજ જેહાંનમાં કોઈએ દીઠી હતી નહી. તે ભારી લશકરભી જેવું આવીઊ તેવું પેલા કલનદરની ખીદમતમાં સફ મારી ઉભું, ને ફેસાદ ઉઠાવવાનો એરાદો કીધો. તેની ધરપકડ જોઈ બીજાં તમામ લશાક અજબ રહયાં, ને તુરકી લશકરના સવારો એક એક સાથે ગોફતેગો કરવા લાગા, કે "એ ફારીઆબ શેહેરતો આપણા પાદશાહ અફરાસીઆબના તાબામાં છે, ને એ સોગાદશાહા એ રવેશ દબદબાથી આવીઓ છે, ને પાદશાહ અફરાસીઆબની કદમ બોસીને વાસતે આવતો નથી, તે ઘણી અજબ વા-

ત છે. તેથી જોવામાં એવું આવેછે કે, મબાદા એ લશકર આપણી સાથે કીનાની કમર બાંધી લડવાને વાસતે આવીઊં છે. તેણે આવતાંને-વાર પોતાના લશકરની સફ જુદી સમારી છે, ને કોઇને મોજુદમાં લાવતુ નથી." તેવારે બાજે સવારો કેહેવા લાગા કે, "એ સોગાદશાહ ફરીઆબનાં લશકરનો સરદાર છે, પણ તેતો કલનદર ફકીરનો ફરમાંબરદાર થઇને આવીઓ છે. એ નોજવાન કલનદર જોવામાં ઘણોજ જબરદસતી નજર આવેછે, કે એવો ભારી પાદશાહ તથા મુનીરાએછની એના તાબામાં ફરમાનબરદાર થઇ આવીઆં છે. પણ આપણે નથી જાણુતા કે, એ કલનદર ફકીર તે કોણ છે. બાજુ તથા ગરદનમાં તો તે કોઇ પેહલવાન જેવો નજર આવેછે. એવી ખુબી તથા જલકાટ સાધ આવીઓ છે, તો તે કોઈ બુર્જોરગ ખાનદાનનો ખુબસુરત શાહાજાદો હશે."

હેકાયત લખીછે કે, તમુરના ઘોડાનાં આગલાં પાઊં એક સુરાખમાં ગરી ગયાં, અને તેથી તે ઘોડા સાથે જમીન ઊપર પડીઓ, તથા તે જોઇ શેતાબ કલનદર મેદાનમાં આવીઓ.

આ તરફ કીનાનાં મેદાનમાં લડાયક તમુર કીનાથી શોર ઊઠાવીને કીના ભરેલા અરજંગ સાથે નેજાની લડાઇ કરતો હતો. જેવારે નેજાનલડાઇમાં કોઈ સવાર ગાલેબ આવીઓ નહી, તેવારે તેઓએ ભારી ગોરજ ઉઠાવીઓ, ને મરદાંને મરદની લડાઇ કરવા લાગા. એક એક જણ હાથમાં ઢાલ પકડીને કીનાથી એકએકનાં સર ઊપર ગોરજ મારતા હુતા. તેમની લડાઈનો તમાશો જોવા સોતો લશકરમાંથી સરદાર લોકો પોતાના ઘોડા ચલાવી લશકરની સફની આગલ આવી ઊભા હતા. તે દેલાવર પેહલવાનોનાં ભારી ગોરજના જરબે કરી જમીન લરજામાં પડી હતી; પણ તેમાંથી એક સવાર આજેજ આવીઓ નહી. એમ કરતાં તેમના ગોરજ

ના દરાતા વાંકા કમાનની મીસાલ થઇ ગયા. તેવારે બેહુ પેહલવાનોની આંખમાં જેહાન કબુદ રંગની થઈ ગઇ. એવામાં અરજંગ ઘણોએક ગોસામાં આવી પોતાના હાથમાંથી લડાઇનો ગોરજ ફૂંકી દેઇ વાની મીસાલ ઘોડો દપટાવી જરાક દુર થયો ને મનમાં કહીઊં કે, “એ ગુમ નામના મરદ સાથે કીઆં લગી એ લડાઇનાં મેદાનમાં મેહનત કરૂં! બેહતર કે હરેક વાતે એની લડાઈ આખેર આવે તે કામ કરૂં. એ દલેર સવાર પોતાનું નામ તથા નસલ મને કેહતો નથી, બલકે એ પોતે પોતાના બાપનું નામ જાણતોજ નથી. એની લડાઇથી, ને એના જોરથી હું ઘણો આજેજ આવીઓ છું. વાસતે હવેતો હું જીવથી મરૂં ઇઆ એ લડાઇના શેરને જીવથી મારૂં.” એવો અંદેશો કરી ગોસાથી ઘોડો દપટાવી પોતાના તનમાં જે કાંઈ જોર હતો તે એકઠો કરી દમ બાંધીને લડાયક તમુરનો કમરબંદ પકડીઓ. તેવારે નામદાર તમુરેભી હાથમાંથી ગોરજ ફૂકી દીધો, ને ચીતાની મીસાલ ચુંગાલ મારી અરજંગનો કમરબંદ ઉસતાવાર પકડીઓ, ને જોર કરી તે પાહાડને વજનના અરજંગને ઘોડાની પીઠ ઉપરથી ઉઠાવીઓ, ને પોતાના ગુલરંગ ઘોડાને એડમારીને ચાહીઊં કે, તે અરજંગને પાદશાહા કએખોસરોની નજદીક લઇ જાય. એવામાં શાહામાં દોડતાં તમુરના ઘોડાનાં આગલાં પાઊં એક સુરાખમાં ઇઆને દરમાં ગરી ગયાં: તેથી આંચકો ખાઇ તે ગુલરંગની પીઠ ઉપરથી જમીન ઉપર પડીઓ. આસમાનની ચાલથી એવો મામેલો બનીઓ કે, પેલો અરજંગ, જે તમુરના હાથમાં કેદ પકડાયલો હતો, તે તમુર ઊપર પડીઓ, ને તેનાં ભારી તનની નીચે તમુર ચંપાયો, તેથી અજંગ તમુર ઊપર ગાલેબ આવીઓ. તે તમાશો જોઇ જાલેજરનો ચેહરો જરદ થઇ ગયો, ને હાથ ઊપર હાથ મારી તે કેહવા લાગો કે, “અફસોસ! તમુર જેવા નોજવાનનો રોશન માહતાબ વાદલમાં ગયો, ઇઆને તમુર મારીઓ જશે. હમણાં અગર હું ઘોડો દપટાવતો જઇ તમુરની મદદ કરૂંછું તો નાપાક અરજંગ શેતાબ બનજરે કરી તેનું પેટ ફાડી નાખે છે; ઇઆ અગર હું એની મદદે જતો નથી, તો એ અંરજગ તે નોજવાન બેટાના હાથ બાંધી પોતાના લશકરમાં લઇ જાય છે. એ ફરતા આસમાને શું કામ કીધુ છે, કે અરજંગ, તમુરના હાથમાં બેચારો હતો, તીઆં ત-

મુરને તેના હાથમાં દગાબાજીથી કેદ કીધો." એ રવેશ બુઢો જાલ પોતાના ફરજંદનાં દરદથી અંદેશામાં હતો, બલકે પાદશાહ કએખોસરો તથા ઇરાની લશકરના તમામ પેહલવાનોનાં દેલ તમુરના ગમથી દરદ ભરેલાં થયા હતાં, ને જાબુલી સરદારો ગમે કરી દેલથી સરદ હાએ મારતા હતા.

એવામાં લડાઇનાં મેદાનમાં દેલેર કલનદર પોતાનો પાહડની શેકલનો ને વાની ચાલનો સીહા ઘોડો ડપટાવતો આવી પોંહોંચીઓ. તુ કહે તેનો ઘોડો ગોયા પરદું જાનવર હતું, કે તે તેજીથી ઊડતો હતો. એ રવેશ શેતાબીથી મેદાનમાં અરજંગની નજદીક ગયો. તેણે હાથમાં તેજ નેજો પકડેલો હતો. અરજંગ તમુરના તન ઊપર પથરની મીસાલ પડીને ચાહાતો હતો કે, કોઈ કાબુ પાંમેતો કમંદે કરી તેના હાથ-બાંધે. પણ નામદાર તમુર નીચે પડેલો એટલોતો જોર કરતો હતો કે, પોતાનાં તન ઉપરથી તે નાપાક તુરકીને ઊઠલાવી નાખે. અરજંગ તે બાજી સંભાલતાં તમુરની બાજુ બાંધી શકતો નહી, તેથી ગોસાનો ઇઆર થઈ બેઠો હતો. એવામા કલનદર ગોસા ભરેલા શેરની મીસાલ તેનાં સર ઉપર આવી પોંહોંચીઓ ને નેજો ઊઠાવી પોકાર મારીને કહીઉં કે, "અય નાપાક તુરકી, તું પોતાના જાનની સલામતી ચાહતો હોયતો એ પાકજાદ પેહલવાનનાં તન ઊપરથી ઉઠ; અગર નહી તો હમણાં એક નેજાએ કરી તારાં નાપાક તનમાંથી પલીદ જીવને કાહાડી નાખશ. અય દેવબચા મુજી, શું તેં એ નામદાર પેહલવાનને પોતાના જોરે તથા હોનરે કરી જમીન ઊપર નાખીઓ છે, કે તું એ રવેશ એ પેહલવાનની બાજુ બાંધવા ચાહેછે ? અય નાપાક ગંજાલા તુરકી, તુને એ સાતો લશકરની નજદીક શરમ નથી આવતી, કે એ પેહલવાન તુને એક મોગની મેસાલ આસાનીથી ઘોડા ઊપરથી ઊઠાવી પોતાનાં સર ઊપર પકડી પોતાના લશકરની તરફ લઇ જતો હતો, તેવામાં એના ઘોડાએ ખતા ખાધી, તેથી એ નોજવાન જમીન ઊપર ઊંધો પડીઓ, અને તું એની પીઠ ઉપર ચહડી બેસીને એના હાથ બાંધવા ચાહે છે? પણ એ રવેશ દગાથી પેહલવાન લોકો ઉપર ગાલેબ આવવું, તે મોટી એબછે. વાસતે શેતાબ ઊઠ, અગર નહી તો હમણાં તુને ગેરદાપેચ કરી નાખશ."

જેવારે અરજંગે જોયું કે એ કલનદરના હાથથી એકાએક સલામત જઈ શકશ નહી, તેવારે તે રીમન તુરકીનાં મોહો ઉપરથી રંગ ઉડી ગંયો, ને ચાહીઊં કે એ ફકીર સાથે નરમીથી ગોફતેગો કરે, કે જેથી એ કલનદર ફકીર તેની ઉપર જે તુંદી કરેછે તેથી ગુજરી જાય. એવો અંદેશો કરી નરમ જોબાનથી બોલાવા લાગો. એવામાં દેલેર તમુરે એક જોર મસત હાથીની મેસાલ કીધો, તેથી અરજંગને પોતાનાં તન ઊપરથી દુર ઉશડી નાખીઓ. તે જોઈ દેલેર કલનદરે તમુર ઉપર દોઆ કરી શાબાશ કહીઊં, ને પછી ફરીથી બોલીઓ કે, “ અય શેરનાં બચાં, લડાયક બરજોના બેટા તમુર, તું પોતાના ગુલગુને ઘોડા ઉપર સવાર થઇ શેતાબ તારાં લશકરની તરફ જા, કે તારા આ હમનબરદ સાથે લડાઇ કરી કીનાથી તેના તનને હું સીહા ખાકમાં નાખું.” તેવારે સરફરાજ તમુરે તેને કહીઊં કે, “ અય નોજવાન ફકીર, તુતો કોઈ અંજાણો મરદ છે. પણ જાણ, કે એ તુરકી ઘણો જોરેમંદ છે. વાસતે તું એકાએક એની લડાઇમાં બર આવી શકશે નહી, ને તું એના હાથ ઉપર બેએખતીઆર મારીઓ જશે. તું ફકીર, તારી કઉવત તે કેટલી, કે તું એવા જબરદસત પેહલવાન સાથે લડશે ? વાસતે, અય હકતાલાની ઇબાદના કરનાર ફકીર, તું પોતાના મકાન ઉપર જા, ને એ લડાયક તુરકીની લડાઇની ઇઆદભી મા કર.” તેવારે કલનદરે તેને કહીઊં કે, “અય બુજોરગ ખાનદાનના પેહલવાન, તું હમણાંતો ઊંઓ રેહે. જેવાર એ તુરકી લડાઇમાં મારે ઉપર ગાલેબ આવે તેવારે શેતાબ તું મારી મદદે આવી મને એ અરજંગના હાથથી છોડવજે.” એ રવેશ કલનદરે તમુરને કેટલાએક સખુન કહયા, તેથી આકેબત તમુરે તેને કહીઊં કે, “ અગર એ વખત તું અરજંગ સાથે લડાઈ કરશે, તો તેથી મને ઘણી શરમ પોંહોંચશે. તે છતાં, અય પાક રાહાના ચાલનારા ફકીર, મને તારી મરજી ઘણી રાખવી પડેછે, વાસતે મે તુને એ લડાઇની રજા આપી. તું એ સાથે લડ, ને હું સાએત એક લગામ ખેંચી ઉભો રહું, ને જોઊં, ને જો એ નાપાક તારી ઉપર ગલબો કરે, તો તુને એના હાથથી છોડવી તારાં લશકરમાં પોંહચતો કરૂં, ને તેવાર પછે હું પાછો એની લડાઇમાં ઉતરૂં.” એવો કરાર કીધો, તેવાર કલનદરે તમુરનો ઘો-

ડો પકડીઓ. તમુર તે ઉપર શેરની મીસાલ સવાર થયો, અને તે કલનદરના ચેહરા ઉપર નજર કરી સારી તરેહ જોયું, તો તેને ગરદન તથા બાજુઆ ઘણો કવી દીઠો. તેથી દેલ સાથે કેહવા લાગો કે "એની મી: સાલનો કલનદર કોણે દીઠોછે? એનુ મોહ તો આફતાબની મીસાલનુંછે."

હેકાયત લખીછે કે, ગોફ્તેગો કીધી કલનદરે અરજંગ તુરકી સાથે લડાઇનાં મેદાનમાં, તે વગેરે.

જેવારે એ તરફ અરજંગ તમુરનાં તન ઊપરથી પડીઓ, તેવારે તુરત ઉઠીને ચીતાની મીસાલે જીન ઉપર સવાર થયો, ને દેલ સાથે કેહવા લાગો કે, "હું ઘણાએક પેહેલવાનો સાથે લડીઓ છું, પણ આજ રોજે એ તમુરે મારી ખાતર નીશાન કીધી. એ ફરતા આસમાને શુ કીધું, કે એક સહીં જાનવર મારા ફાંધામાં આવીઊં તે મારી ચુંગાલમાંથી છુટી ગયું, ને એક મુદઇ હતો તીઆં બે મુદઇ મારી છાતી ઊપર આવી ઊભા." એ રવેશ તે લડાઇથી આજુરદે થઈ દેલેર કલનદરની તરફ ગોસાથી દોડીઓ, ને પોકાર મારી કહીઊં કે, "અય અજાણેઆ ફકીર, તું ભાંગનો પીનારો લાલ શરાબના પીનારા પેહલવાનો સાથે બાથ લીએછે, પણ કીનાને વખત ગોશતના ખાનાર તથા શરાબના પીનારા મરદાને મરદો સાથે ભાજીનો ખાનારો તથા ભાંગનો પીનાર ફકીર કીઆં બર આવી શકે? ગોરજનો મારનાર તથા શેરનો પકડનાર લડાયક તમુર ઓરતની મીસાલ મારાં તન નીચે દબાયલો હતો, તે તારી સુમીઅતથી મારી ચુંગાલથી છુટી ગયો, પણ જોવામાં આવીઊં કે, તેનું તાલે રોશન, તેથી તે પેહલવાન મારા હાથમાંથી છુટો, ને તું ભંગી પોતાની નાદાનીથી મારી નજદીક આવી બલાના ફાંધામાં પડીઓ." એવા સખુન સાંભલીને દેલાવર કલનદર હસીઓ, ને તેને કહીઊં કે, "આજલગી બાજ જાનવર કબુતરનું શેકાર થયું નથી, તેમ બરજોનો બેટો તારો શેકાર થાયજ નહી; ઇઆ અગર થાયતો એકદમમાં તારીભી અજલ

આવે, કે ઇરાનના જવાન મરદ પેહલવાનો તેજ તલવારે કરી તરાં તનથી રસતાખેજ ઊઠાવે. તે કરતાં નામદાર બરજો તથા જેહાનબખશ એ બેહુ નર અજદહાની ચુંગાલથી તું ખલાસી પામવાનો નથી, તથા સામ, ફરામરજ અને જાલેજર, એ તરણે પેહલવાનોથી તારી ઊમર આખેર આવશે. વાસતે, અરજંગ, તું મારી મીનત કર, કે એવા બબર તથા શેરની મીસાલના પેહલવાનોની ચુંગાલથી તુને છોડવું. તું જા, ને આજની રાતે પોતાનાં દેલની ખુશી સાથે બેસી શરાબ પી, ને બામદાદને વખત પોતાનાં લશકર સાથે ચીનની તરફ રવાને થા. અગર તારાં દેલમાં મારી લડાઇની ખાહેશ હોયતો હું એમ નથી કેહતો કે હું તારી સાથે લડતો નથી; હું તો લડાઇને વાસતે તઇઆર ઊભોછું. વાસતે હમણાંતો પાછો ફર, ને કાલે બામદાદને વખત મેદાનમાં આવજે, કે તું લડાયક પેહલવાનછે, ને હું તો ફકીર છું, તે છતાં આપણે એકએકનો જોર તથા હોનર અજમાવીએ. હુંબી હમણાં રાહાનો ચાલીઓ આવીઓછું, તેથી મારા પાદશાહાની દરગાહામાં જાઊંછું. મને તારી સાથે લડવું ખુબ નથી, કેમકે અગરજો તું મારા હાથ ઊપર મારીઓ જાય તો તારાં ખુનથી એક ભારી લડાઈ ઊઠી ઊભી થાય ને ઘણાએક પેહલવાનો આજાર પામે." એવા સખુન કલનદરની જુબાનથી સાંભલી અરજંગે હસીને કહીઊં કે, "સરવે માલુમ પડીઊં, કે તું પોતાને મારી ચુંગાલથી છોડવીઆનો ચારો કરેછે. પણ હમણાં તારાં પકડાં લોહીએ કરી આતશની મીસાલ સુરખ રંગનાં કરી નાખુછું. તું ફકીર મારા હાથ ઉપર મારીઓ જવાનો તેનીતો તુને ખબર નથી. તારા સરને નેજા ઉપર ચહડાવીને મારા પાદશાહાની નજદીક લઇ જાઊં, ને તારાં તનને એ મેદાનમાં ખોહારોથી પડતું મેલું, કે તારૂ તન લડાઇના સવારોના ઘોડાઓની ઠોકરે કરી પાએમાલ થઇ જાય."

એટલું કહી ભારી ગોરજ ઊપર હાથ નાખીઓ, કે કીનાએ કરી તે કલનદરને મરદાનગી દેખાડે. જેવારે કલનદરે અરજંગનું કામ એવું દીઠું, તેવારે પોતાના ચરવેદાર ઊપર નેગાહા કીધી. તેથી તે ચરવેદારે કલનદરનાં લશકર ઉપર આવાજ મારીને કહીઊં કે, "એ જગે ભારી ગોરજની લડાઈ શુરૂ થાયછે, તેથી નામદાર કલનદર પોતાનો ભારી ગો-

રજ માગેછે." તેજ વખત કેટલાએક ફકીરો એક મસત હાથી દોડાવતા મેદાનની તરફ લાવીઆ. તે હાથી ઊપર એક ભારી કુટકું મેલેલું હતું તે કુટકાંને બેહુ માથે પોલાદનાં લોહાના દડા કીધેલા હતા, ને તે ઊપર તમામ જડાવ બેકીમત ગોહરનો જડેલો હતો. તે કુટકુ નોજવાન કલનદરે એક હાથે ઊઠાવી લીધું. જેવારે તમુરે એ રવેશ દીઠું તેવારે અંદેશાએ કરી તેનો ચેહેરો જરદ મેથીની મીસાલનો થાયો, ને તે દેલસાથે કેહવા લાગો કે, " એ નોજવાન કલનદર લડાઈમાં અરજંગનો દાહાડો સીહા કરી નાખશે. મનેતો એવું ગુમાન હતું કે, એ ફકીર કોઇ ભંગી મરદ હશે, પણ મેં એ ગલત અંદેશો કીધો. એતો કોઇ લડાયક મરદાને મરદ દેખું."

હવે જેવારે કલંદરે પેલુ કુટકું પોતાની ખાંધઊપર મુકીઊં, તેવાર અરજંગનો જીવ અંદેશાથી આજુરદે થયો. તેથી ઘોડો તેની સાંમે લઇ જઈ તેને પુછીઊં કે, "તારી ઓલાદ કોણથી છે, ને તારૂં નામ શું છે ? અવલ તારૂં નામ કહીને પછે તું મારી સાથે લડ. મનેતો એવું ગુમાન આવેછે કે, તું કોઈ બુજોરગ ખાનદાનનો છે. બુજારગ લોકોમાં હોનર હોય તે રેહે નહી. જેવારે મે તારા કીના ઊપર કમર બાંધીછે તેવારે તુને મારીઆ પછે હું ભીતો જાણું, કે મેં ફલાના નામદારને મારીઓછે. વાસતે તારૂં નામ તથા બુનીઆદ મને કેહે." જેવારે અરજંગે એ રવેશ પુછીઊં તેવારે કલંદરે તેને કહીઊં કે, "મારી બુનીઆદ નેકબખત પાદશાહોથી છે. તેથી જાબજાના પાદશાહોના મોલક તથા તખત તાજ મને પોંહોંચે છે. અગરજો મારા બાપદાદનું નામ તારી આગલ કહું તો પાદશાહા ફરેદુન લગી મારી નસલ જાઇ પોંહચે છે. પણ પાદશાહી કરવાથી હું એકદમ ખુશ નહી હતો, તેથી મારે પાસે જરખજાનો રહયો નહી, અને તખત તથા તાજ મેલી એ રવેશ ફકીરી દાવો લઇ ફરૂંછું. પણ મેં એકસદ રાખીઓછે કે, તમામ આલમમાં ફરૂં, ને જે કોઇ બેદાદીથી ચાલે તેમનાં સરને ખાકમાં નાખું. મારી ખેદમતમાં એક હજાર ચેલા હાજર રહેછે. તેમને સાથે લેઇ હરેક મોલકમાં ફરૂંછું, ને જે કોઈ સેતમના કરનારને દેખુંછું, તેને શેતાબ મારૂં છું. મારાં દેલમાં એવો અંદેશો છે. મેં પાદશાહા અફરાસીઆબનો તથા નામદાર બરજોનો ઘણો સેતમ સાં-

ભલીઓ, તેથી હું શેતાબી કરી રેનાં મેદાનમાં આવી પોહોચીઓછુ. તે હોનર ભરેલા બરજોએ ઘણીએક બેઅદબી કીધી દેખું, તેથી તેહમતનનો સરફરાજ બેટો નામદાર ફરામરજ તેના જુલમથી તેજ વખત લશકરમાંથી ગમગીન મોંહો કરી બાહાર નીકલી ગયો. પણ હમણાં હું તેના બદલામા કીનાની કમર બાંધી આવીઓ છું. આ ભારી કુટકું જે તું મારા હાથમાં જોય છે, તેણે કરી કીનાને વખત તે બેઅદબ બરજોને હું અદબમાં લાવશ. તે વખત જે કોઈ બરજોની મદદ કરશે તે પોતાને હાથે પોતાના જીવઉપર સેતમ કરશે. આજરોજે હું જેવો એ જગોરાહુનાં દરમેઆનથી આવી પોંહોંચેઓ, તેવો અવલતો એ લડાઇ ગાહામાં મેં તુંથી સેતમ ને બેદાદી દીઠી, કે આફતાબ તથા માહાતાબની ચાલથી તુંને દેલાવર તમુરે ઘોડાની પીઠ ઉપરથી ઉઠાવીઓ, તેવામાં તેના ઘોડાનાં આગલાં પાઊં સુરાખમાં ગરી ગયાં, તેથી તે ઘોડો આગલાં પાંઊએ બેસી ગયો, જેથી આંચકો ખાઇને તમુર જમીન ઊપર પડીઓ, તેનો લાભ લઇને તેં નામરદીએ કરી ચાહીઊં કે, ફરીથી એવો ... ફૂરસતનો મલશે નહી, તેથી તું તે નામદારના હાથ ...
તારી બેદાદીથી મારૂં દેલ જખમી થયું. તેજ ...
મેદાનની તરફ દોડાવીઓ, ને નોજવાન તમુર ...
વાસતે, અય જંગી અરજંગ, હવે તો હું ...
તુમાં જે કાંઇ મરદી તથા હોનર હોય ...
હુંભી જોઊં કે આપણામાંથી ફતેહ ...
ખાકમાં પડે છે." તે ફકીરને ...
દેલાવર તમુરે દીઠો, તેવારે પો...
ફકીરનું બોલવું બેપરવાહીનું ...
કીનો લેશે. હું તો જાણતો ...
બેહોશ છે, પણ એ તો ...
રેલો મરદ દેખું. પણ ...
કેટલીક પોતાની બદ...
એવો અંદેશ...
પોતાનો ભારી ગો...

અને કેહવા લાગો કે, " અય ભંગી, ભીખના માગનાર, બેહોશ, મેં તા-
રી નાદાની ભરેલી તમામ વાત સાંભલી, કે તું જેવાર ભાંગની કેફમાં
આવેછે, તેવારે તુને પાદશાહી કરવાની ખાહેશ થાયછે, કે દબદબાથી
પાદશાહી કરે. તો જેવારે તું ગાંજો પીતો હશે તેવારે તો તું પોતાને તમાં-
મ હફતે કેશવર જમીનનો પાદશાહ કેહેવાડતો હશે. અય ટુકડાના મા-
ગનાર ને તકીઆમાં બેસનાર ફકીર, તું દુરદરાજ રાહથી આવી પોતાને
હાથે પોતાનાં તન ઉપર જુલમ શા માટે કરેછે ? ફકીર લોકોને પાદશાહી
ની ખાહેશ કીધી જોઇએ નહી. તારો એ ખેઆલ ઘણો કાચોછે. વા-
સતે, જા, ફકીરના તકીઆમાં બેસી વખતે વખત ભાંગ પીને હમેશાં
પાદશાહી કરતો રેહે. તું ભાજી તથા સુકી રોટીનો પાદશાહ શું એવડી
મોટી ઊમેદથી મને કહેછે કે, 'મારી ઓલાદ પાદશાહ ફરેદુનથી છે.'
પણ મને સરવ ચીજ રોશન છે, ઇઆંને હું સરવે વાત સમજું છું, કે
જે કોઈ ફકીરનો બેટો થઇ પોતાનાં જોરની ઉમેદથી પાદશાહી કરવાનો
ખેઆ[illegible] તે ગોયા પોતાની ઉમરના માહાતાબને પોતાને હાથે વાદલ-
[illegible]ને ફકીર લોકોને એવો ખેઆલ કરવો તે ખતા ખા-
તુને પાદશાહી કરવાની ખાહેશ હોય, તો આવ
ગોરજનુ તાજ મેલું, ને તુને સીહા બાકના
મોલકની પાદશાહી બખશું. " એટલું ક-
તાવરોની મીસાલ ઘોડો ડપટાવતો આ-
[illegible]. તું પોતાનું નામ મને કેહે. જેવારે
[illegible]લથી તે આખેર લગી મારી નજ-
[illegible]ી મને કેહે. " એ સાંભલી ક-
[illegible] સાહેબ છું, ને મારૂં નામ